# કર્મગ્રંથ-૪

લેખક-સંપાદક

પરમ પૂજય આચાર્ય શ્રી નરવાહનસૂરિશ્વરજી મ.

## વિવેચન



પદાર્થ દર્શન ગ્રંથમાળા પ્રકાશન નં-૨૧

# કર્મગ્રંથ-૪

## વિવેચન

લેખક-સંપાદક

પ.પૂ. આચાર્ય વિ. નરવાહનસૂરિ મ.

પ્રકાશક

પદાર્થ-દર્શન ટ્રસ્ટ

આશ્રમરોડ - અમદાવાદ.

પુસ્તક-૨૧ મું
**કર્મગ્રંથ-૪**
વિવેચન

વીર સં. ૨૫૨૩
સને ૧૯૯૭

સંવત ૨૦૫૩
ફાગણ સુદી-૧૫

કિંમત
રૂા. ૩૨-૦૦

સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન

ટાઈપ સેટીંગ
**ભવાની ગ્રાફિકસ**
અમદાવાદ-૩૮૦ ૦૦૯
ફોન : પી.પી. ૭૪૧૫૬૩૬ (ઘર)

મુદ્રક
**શીવકૃપા ઓફસેટ**
દૂધેશ્વર
અમદાવાદ-૩૮૦ ૦૦૪.

# સંપાદક

કર્મ સાહિત્ય નિષ્ણાત સિદ્ધાંત મહોદધિ, સચ્ચારિત્ર ચૂડામણિ સ્વ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય પ્રેમસૂરિશ્વરજી મહારાજાના પટ્ટધર, પરમશાસન પ્રભાવક પરમ તારક, સૂરિચક્ર ચક્રવર્તિ, સુવિશાળ ગચ્છાધિપતિ, પ્રચંડ પૂણ્ય અને પ્રૌઢ પ્રતિભાના સ્વામી, વ્યાખ્યાન વાચસ્પતિ દિક્ષાના દાનવીર સ્વ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરિશ્વરજી મહારાજાના પરમ વિનેય શિષ્યરત્ન કર્મ સાહિત્યજ્ઞાતા *પરમપૂજ્ય આચાર્ય વિ. નરવાહનસૂરિશ્વરજી મહારાજ સાહેબ.*

# નિવેદન

વિવેચન વિભાગના ૨૧ મા પુસ્તક તરીકે કર્મગ્રંથ-૪ અમે આજે આપની સમક્ષ રજુ કરી રહ્યા છીએ કે જેમાં જીવાદિ દસ દ્વારોનું સુંદર રીતે વર્ણન કરવા ઉપરાંત જેનો અભ્યાસ કરવાથી જીવો પોતાના ક્ષયોપશમ ભાવને પેદા કરી શકે તેમજ આગળ કર્મગ્રંથ ૬ માં આ વિષય ઉપયોગી હોઈને ખૂબ કાળજીપૂર્વક વાંચન મનન કરે એ હેતુ છે.

આ પુસ્તકનું લખાણ તો પરમ પૂજ્ય **આચાર્ય વિજય નરવાહનસૂરિ મ.** પાસેથી અમને વહેલું પ્રાપ્ત થયેલ પરંતુ સંજોગવશાત્ તેનું પ્રકાશન થઈ શક્યું ન હતું તો તે બદલ અમો પૂજ્યશ્રીની ક્ષમા માંગીએ છીએ.

આ પુસ્તક પ્રકાશનનો સંપૂર્ણ ખર્ચ આપનાર ભાગ્યશાળી સદ્ગૃહસ્થ પરિવારનો અમે ખૂબ ખૂબ આભાર માનીએ છીએ અને અમને ભવિષ્યમાં પણ તેઓનો સહકાર મળતો રહેશે એવી આશા રાખીએ છીએ.

એજ લી.

**પદાર્થ દર્શન ટ્રસ્ટના**

**ટ્રસ્ટીઓ**

# : પ્રાપ્તિ સ્થાનો :

**પદાર્થ દર્શન ટ્રસ્ટ**
C/o. ભરતભાઈ બી. શાહ
એ/સરિતા દર્શન
જયહિંદ પ્રેસ સામે, આશ્રમ રોડ
અમદાવાદ-૩૮૦૦૦૯
ટે. નં.- ૬૫૬૨૩૩૭

**અશ્વિનભાઈ એસ શાહ**
C/o. નવિનચંદ્ર નગીનદાસ
ઠે. પાંચકુવા દરવાજા બહાર
અમદાવાદ-૩૮૦૦૦૧
ટે. નં.- ૨૧૪૪૩૧૪

**જયંતિલાલ પી. શાહ**
ઠે. ૬૯૬, નવા દરવાજા રોડ
મયાભાઈની બારી પાસે
ડી.-વાડીલાલ એન્ડ કાં ના મેડા ઉપર
ખાડિયા ચાર રસ્તા, અમદાવાદ- ૩૮૦૦૦૧
ટે. નં.-૩૮૦૩૧૫

**સુરેશભાઈ એચ. વખારીયા**
ઠે. ડી/૫૩, - સર્વોદયનગર
૫ મે માળે-પાંજરાપોળ રોડ
મુંબઈ-નં.-૪૦૦૦૦૪
ટે.નં.-૩૭૫૩૮૪૮

**સુનીલભાઈ કે. શાહ**

**શ્રાવિકા બહેનોના મંડળ માલેગાંવના સૂત્રોની બોલીની ઉપજ માંથી (શ્રી જ્ઞાન ખાતાના) સાદર અર્પણ.**

**અશોકભાઈ એમ. મહેતા**
૩૦૪/એ, શ્રીપાળનગર
૧૨, હાર્કનેસ રોડ,
મુંબઈ-નં.-૪૦૦૦૦૬

**રવીન્દ્રભાઈ સી. શાહ**
બી-આઈ-ટી ચાલ,
પહેલા માળે, રૂમ નં. ૫૭
લવલેન-ભાયખલા, મુંબઈ.

આર્થિક સહયોગ

એક સદ્‌ગૃહસ્થ પરિવાર
તરફથી....

# કર્મગ્રંથ-૪

•

વિવેચન

# કર્મગ્રંથ - ૪ વિવેચન

# ષડ્શીતિ નામા કર્મગ્રંથ વિવેચન

શ્રી જિનેશ્વર પરમાત્માને નમસ્કાર કરીને આ કર્મગ્રંથને વિષે સંક્ષેપથી એટલે કે ટૂંકાણથી દસ દ્વારોને વિષે હું કાંઈક કહીશ.

દસ દ્વારોનાં નામો આ પ્રમાણે જાણવા; ૧. જીવભેદ ૨. માર્ગણા ૩. ગુણસ્થાનક ૪. ઉપયોગ ૫. યોગ ૬. લેશ્યા ૭. બંધહેતુ ૮. અલ્પબહુત્વ ૯. ભાવ ૧૦. સંખ્યાતુ. આગળ પહેલા, બીજા અને ત્રીજા કર્મગ્રંથને વિષે પ્રકૃતિઓનું બંધ, ઉદય, ઉદીરણા અને સત્તાને આશ્રયીને ચૌદ ગુણસ્થાનકમાં. તેમ જ બંધ પ્રકૃતિઓનું વર્ણન બાસઠ માર્ગણાને વિષે જે રીતે જણાવ્યું છે તે રીતે પ્રકૃતિઓને આશ્રયીને વર્ણન અત્રે કરવાનું નથી, પણ જ્ઞાનનો વિષય ક્ષમોપશમભાવ પેદા કરવાના હેતુથી, ત્યાં આગળ છઠ્ઠા કર્મગ્રંથને વિષે આ કર્મગ્રંથના પદાર્થો વિશેષરીતે ઉપયોગી થતા હોવાથી અત્રે જ્ઞાની ભગવંતોએ તેની સમજણ આપેલી છે. અત્રે જે દસ દ્વાર કહેલા છે તેને વિશેષ રીતે સમજવા માટે ચૌદ જીવભેદને વિષે, બાસઠ માર્ગણાને વિષે અને ચૌદ ગુણસ્થાનકને વિષે જુદા જુદા દ્વારોનું નિરૂપણ કરવામાં આવેલું છે.

૧. જીવસ્થાનક - જીવે છે તે જીવ કહેવાય છે. પ્રાણોને ધારણ કરે છે તે જીવ કહેવાય છે. જ્ઞાન અને દર્શનના ઉપયોગ રૂપે જે રહેલો છે, અને

તેના કારણે કર્મનો કર્તા, કર્મનો જે ભોકતા છે, અને સંસારમાં પરિભ્રમણ કરે છે, તથા કર્મથી રહિત થઈને સિધ્ધિગતિ પામે છે તે જીવ કહેવાય છે, સંસારી જીવોની અપેક્ષાએ જીવ્રના ચૌદ ભેદ થાય છે.

૨. માર્ગણા - અનાદિ કાળથી ભટકતો એવો જીવ જ્યાં જ્યાં જે જે ગતિને વિષે જે જે જાતિને વિષે અને જે જે કાયને વિષે સંખ્યાત, અસંખ્યાત કે અનંતકાળ સુધી સુખની શોધ માટે પરિભ્રમણ કરી રહેલો છે તેમજ સુખને વિષે ઝંખના કરતો, દુઃખને વિશેષ પ્રામ કરતો પરિભ્રમણ કરે છે તે માર્ગણા કહેવાય છે. માર્ગણા એટલે શોધવું. તે શોધવા માટેના સ્થાનો તેનું નામ માર્ગણાસ્થાન. આ માર્ગણાના મૂળ ચૌદ ભેદ છે અને તેના ઉત્તરભેદ બાસઠ થાય છે તેનું વર્ણન આગળ કહેવાશે.

૩. ગુણસ્થાનક - આત્માના ગુણોનો ઉત્કર્ષ કરવો, વિકાસ કરવો અથવા ગુણો પ્રામ કરવા, તેમજ તે ગુણોનો વીકાસ કરતાં કરતાં કર્મના ઉદયથી અપકર્ષ કરવો, એટલે કે ગુણોનો હ્રાસ કરવો અથવા દબાવી દેવા તે અશુધ્ધિરૂપે ગણાતાં હોવાથી જ્યાં જ્યાં જે જે સ્થાનમાં જે રીતે આ પ્રક્રિયા બનતી હોય તે તે સ્થાનને ગુણસ્થાનક કહેવાય છે. તેના ચૌદ ભેદ હોય છે.

૪. ઉપયોગ - આત્માને જ્ઞાન પ્રામ કરવા માટે અથવા પદાર્થનો બોધ પ્રામ કરવા માટે જે વ્યાપાર થાય, સામાંન્ય બોધ રૂપે કે વિશેષ બોધ રૂપે જે વ્યાપાર પેદા થાય તેને ઉપયોગ કહેવાય છે. આ ઉપયોગનાં બે ભેદ અથવા બાર ભેદ હોય છે.

૫. યોગ - વીર્યાંતરાય કર્મને ક્ષયોપશમભાવથી તથા મન, વચન અને કાયાના યોગનો જે વ્યાપાર તેનું જે હલનચલન થવું તેના ત્રણ ભેદ તથા પંદર ભેદ થાય છે.

૬. લેશ્યા - જેના વડે આત્મા લેપાય તે લેશ્યા કહેવાય છે. કૃષ્ણ, નીલ, પીત વર્ણવાળાઆદિ પુદ્‌ગલોને આત્માની સાથે એટલે આત્મપ્રદેશોની સાથે સંબંધિત કરવા અર્થાત એકમેક કરવા તે લેશ્યા કહેવાય છે. આ લેશ્યા કેટલાક આચાર્યો કષાય હોય ત્યાં સુધી માને છે. લેશ્યાના પુદ્‌ગલો ઔદારિકાદિ ગ્રહણ યોગ્ય એટલે કે શરીરને ગ્રહણ યોગ્ય જે વર્ગણાના

પુદ્ગલો જગતમાં રહેલા છે, તેની અંતર્ગત એ વર્ગણાઓની વચમાં વચમાં છએ વર્ણવાળા લેશ્યાઓના પુદ્ગલો જગતમાં ઠાંસી ઠાંસીને ભરેલા છે. લેશ્યાનાં પુદ્ગલો યુક્ત આત્માનો જે અધ્યવસાય એટલે કે પરિણામ તે ભાવ લેશ્યા કહેવાય છે. આ લેશ્યાના છ ભેદ હોય છે.

૭. બંધહેતુ - જગતમાં રહેલા કાર્મણ વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરીને કર્મરૂપે પરિણમન કરવાના કારણભૂત એટલે કે જે કારણો હોય છે. તે બંધહેતુ કહેવાય છે. આ બંધહેતુના મૂળભેદ ચાર હોય છે. અને ઉત્તરભેદ સત્તાવાન હોય છે.

૮. અલ્પબહુત્વ - માર્ગણા અને ગુણસ્થાનકને વિષે તથા જીવભેદને વિષે ક્યા ક્યા જીવો કોણ કોનાથી કેટલા કેટલા વધારે ઓછા કે સરખા હોય છે તેનું જે વર્ણન, તે અલ્પબહુત્વ કહેવાય છે. આ અલ્પબહુત્વ મૂળ ચૌદ માર્ગણાને વિષે અને ચૌદ ગુણસ્થાનકને વિષે કહેવાશે.

૯. ભાવ - જીવો તથા અજીવોને વિષે તે તે રૂપે પરિણમન પામવું એટલે કે સમયે સમયે જીવ અને પુદ્ગલને વિષે પરિવર્તન થયા કરવું તે ભાવ કહેવાય છે. તેના મૂળ ભેદ પાંચ અને ઉત્તરભેદ ત્રેપન થાય છે.

૧૦. સંખ્યાતાદિ - જે આંક ગણી શકાય તે સંખ્યા કહેવાય. તથા પ્યાલાઓના માપ વડે માપી શકાય તે સંખ્યા કહેવાય. તથા ઉત્કૃષ્ટ સંખ્યામાં એકની સંખ્યા અધિક કરતાં જે ગણી ન શકાય અને માપી ન શકાય તે અસંખ્યાતુ કહેવાય છે. આના સંખ્યાત, અસંખ્યાત અને અનંતરૂપ એમ ત્રણ ભેદ અને તેના ઉતરભેદ એકવીસ થાય છે. આ રીતે સંક્ષેપમાં આ દસ દ્વારોનું વર્ણન કહેવાશે.

આ દસ દ્વારોનાં વિભાગો કરીને જીવભેદ, માર્ગણા અને ગુણસ્થાનકને વિષે કુલ છવ્વીસ દ્વાર કહેવાશે. તે આ પ્રમાણે

ચૌદ જીવભેદને વિષે આઠ દ્વાર કહેવાશે તેના નામો

૧. ગુણસ્થાનક ૨. યોગ ૩. ઉપયોગ ૪ લેશ્યા ૫. મૂળ કર્મના બંધસ્થાન ૬. મૂળ કર્મના ઉદયસ્થાન ૭. મૂળ કર્મના ઉદીરણાસ્થાન અને ૮. મૂળ કર્મના સત્તા સ્થાનો

બાસઠ માર્ગણાને વિષે છ દ્વાર કહેવાશે.

૧. જીવસ્થાનક ૨. ગુણસ્થાનક ૩. યોગ ૪. ઉપયોગ ૫. લેશ્યા ૬. અલ્પબહુત્વ

ચૌદ ગુણસ્થાનકને વિષે બાર દ્વાર કહેવાશે.

૧. જીવસ્થાનક ૨. યોગ ૩. ઉપયોગ ૪. લેશ્યા ૫. બંધહેતુ ૬. મૂળ કર્મના બંધસ્થાનો ૭. મૂળ કર્મના ઉદયસ્થાનો ૮. મૂળ કર્મના ઉદીરણા સ્થાનો ૯. મૂળ કર્મના સત્તા સ્થાનો ૧૦. ભાવ ૧૧. અલ્પબહુત્વ ૧૨. સંખ્યાદિનું વર્ણન.

ચૌદ જીવસ્થાનકનાં નામ - ૧. સૂક્ષ્મ અપર્યાપ્ત એકેન્દ્રિય ૨. બાદર અપર્યાપ્તા એકેન્દ્રિય ૩. અપર્યાપ્ત બેઈન્દ્રિય ૪. અપર્યાપ્ત તેઈન્દ્રિય ૫. અપર્યાપ્ત ચઉરીન્દ્રિય ૬. અપર્યાપ્ત અસંજ્ઞીપંચેન્દ્રિય ૭. અપર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય ૮. સૂક્ષ્મ પર્યાપ્ત એકેન્દ્રિય ૯. બાદર પર્યાપ્ત એકેન્દ્રિય ૧૦. પર્યાપ્ત બેઈન્દ્રિય ૧૧. પર્યાપ્ત તેઈન્દ્રિય ૧૨. પર્યાપ્ત ચઉરીન્દ્રિય ૧૩. પર્યાપ્ત અસંજ્ઞીપંચન્દ્રિય ૧૪. પર્યાપ્ત સંજ્ઞીપંચેન્દ્રિય

૨. મૂળ ચૌદ માર્ગણા અને ઉત્તર બાસઠ માર્ગણાના નામો

૧. ગતિ ૨. જાતિ ૩. કાય ૪. યોગ ૫. વેદ ૬. કષાય ૭. જ્ઞાન ૮. સંયમ ૯. દર્શન ૧૦. લેશ્યા ૧૧. ભવ્ય ૧૨. સમક્તિ ૧૩. સંજ્ઞી ૧૪. આહારી.

૧. ગતિ ૪ - નરકગતિ, તિર્યંચગતિ, મનુષ્યગતિ, દેવગતિ

૨. જાતિ ૫ - એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરીન્દ્રિય, પંચેન્દ્રિય

૩. કાય ૬- પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય, ત્રસકાય

૪. યોગ ૩ - મનયોગ, વચનયોગ, કાયયોગ.

યોગના ઉત્તરભેદ પંદર હોય છે.

મનયોગના ૪ - ૧. સત્યમનયોગ ૨. અસત્યમનયોગ ૩. સત્યાસત્યમનયોગ ૪. અસત્યામૃષામનયોગ.

વચન યોગના ૪ - ૧. સત્યવચનયોગ ૨. અસત્યવચનયોગ ૩.

સત્યાસત્ય વચનયોગ ૪. અસત્યામૃષાવચનયોગ.

કાય યોગના ૭ - ૧. ઔદારિકકાયયોગ ૨. ઔદારિકમિશ્રકાયયોગ ૩. વૈક્રિયકાયયોગ ૪. વૈક્રિયમિશ્રકાયયોગ ૫. આહારકકાયયોગ ૬. આહારકમિશ્રકાયયોગ અને ૭. કાર્મણકાયયોગ.

૫. વેદ - ૩ - ૧. પુરૂષવેદ ૨. સ્ત્રીવેદ ૩. નપુંસકવેદ.

૬. કષાય - ૪ - ૧. ક્રોધકષાય ૨. માનકષાય ૩. માયાકષાય ૪. લોભકષાય

૭. જ્ઞાન - ૧. મતિજ્ઞાન ૨. શ્રુતજ્ઞાન ૩. અવધિજ્ઞાન ૪. મનઃ પર્યવજ્ઞાન ૫. કેવલજ્ઞાન ૬. મતિઅજ્ઞાન ૭. શ્રુતઅજ્ઞાન ૮. વિભંગજ્ઞાન

૮. સંયમ ૭ - ૧. સામાયિક સંયમ ૨. છેદોપસ્થાપનીય સંયમ ૩. પરિહારિવિશુદ્ધિ સંયમ ૪. સૂક્ષ્મસંપરાયસંયમ ૫. યથાખ્યાત સંયમ ૬. દેશવિરતિ સંયમ ૭. અવિરતિસંયમ.

૯. દર્શન ૪ - ૧. ચક્ષુદર્શન ૨. અચક્ષુદર્શન ૩. અવધિદર્શન ૪. કેવલદર્શન.

૧૦. લેશ્યા ૬ -૧. કૃષ્ણલેશ્યા ૨. નીલલેશ્યા ૩. કાપોતલેશ્યા ૪. તેજોલેશ્યા ૫. પદ્મલેશ્યા ૬. શુક્લલેશ્યા.

૧૧. ભવ્ય - ૨ - ૧. ભવ્ય ૨. અભવ્ય.

૧૨. સમકિત ૬ - ૧. ઉપશમસમકિત ૨. ક્ષાયિકસમકિત ૩. ક્ષમોપશમસમકિત ૪. મિશ્રસમકિત ૫. સાસ્વાદનસમકિત ૬. મિથ્યાત્વ સમકિત.

૧૩. સંજ્ઞી - ૨ - ૧. સંજ્ઞી ૨. અસંજ્ઞી.

૧૪. આહારી - ૨ - ૧. આહારી ૨. અણાહારી

૩. ચૌદ ગુણસ્થાનકનાં નામો

૧. મિથ્યાત્વ ૨. સાસ્વાદન ૩. મિશ્ર ૪. અવિરતિ સમ્યદ્રષ્ટિ ૫. દેશવિરતિ ૬. પ્રમત્તસર્વવિરતિ ૭. અપ્રમત્તસર્વવિરતિ ૮. અપૂર્વકરણ અથવા નિવૃત્તિકરણ ૯. અનિવૃતિકરણ અથવા બાદરસંપરાય ૧૦. સૂક્ષ્મસંપરાય ૧૧. ઉપશાંતમોહ ૧૨. ક્ષીણમોહ ૧૩. સયોગિકેવલી ૧૪.

અયોગિકેવલી.

૪. ઉપયોગના નામો - મુખ્ય બે ભેદ છે - ૧. સાકાર ઉપયોગ ૨. નિરાકાર ઉપયોગ.

૧. સાકાર ઉપયોગના આઠ ભેદ છે. ૧. મતિજ્ઞાન ૨. શ્રુતજ્ઞાન ૩. અવધિજ્ઞાન ૪. મનઃપર્યવજ્ઞાન ૫. કેવલજ્ઞાન ૬. મતિઅજ્ઞાન ૭. શ્રુતઅજ્ઞાન ૮. વિભંગજ્ઞાન. સાકાર ઉપયોગ એટલે જ્યારે જ્યારે જીવ જગતમાં રહેલા પદાર્થોનું જ્ઞાન કરતો હોય ત્યારે આકાર પૂર્વક એટલે કે વિશેષ રીતે પદાર્થોનો બોધ કરવો તે સાકાર ઉપયોગ કહેવાય છે.

નિરાકાર ઉપયોગ એટલે જ્યારે જ્યારે જગતમાં રહેલા પદાર્થોનું જ્ઞાન આકાર વગર પેદા થાય એટલે કે સામાન્યથી બોધ થાય તે નિરાકાર ઉપયોગ કહેવાય છે. તેના ચાર ભેદ છે. ૧. ચક્ષુદર્શન ૨. અચક્ષુદર્શન ૩. અવધિદર્શન ૪. કેવલદર્શન

૫. યોગનાં ભેદ ૧૫ છે. તેના નામો

ચાર મનનાં, ચાર વચનનાં, સાત કાયાનાં ભેદો = પંદર થાય છે.

ચાર મનનાં ભેદનાં નામ - ૧. સત્યમનયોગ ૨. અસત્યમનયોગ ૩. સત્યાસત્યમનયોગ ૪. અસત્યામૃષામનયોગ.

ચાર વચનનાં ભેદનાં નામ - ૧. સત્યવચનયોગ ૨. અસત્યવચન યોગ ૩. સત્યાસત્યવચનયોગ ૪. અસત્યામૃષાવચનયોગ.

કાયાના સાત ભેદનાં નામ ૧. ઔદારિકકાયયોગ ૨. ઔદારિકમિશ્રકાયયોગ ૩. વૈક્રિયકાયયોગ ૪. વૈક્રિયમિશ્રકાયયોગ ૫. આહારકકાયયોગ ૬. આહારકમિશ્રકાયયોગ ૭. કાર્મણકાયયોગ.

૬. મૂળ કર્મનાં બંધસ્થાનો - સામાન્ય રીતે કર્મ આઠ પ્રકારનાં છે. સમયે સમયે જીવો આયુષ્ય કર્મ સિવાય સાત કર્મનો બંધ કર્યા કરે છે. તેમાં જ્યારે આયુષ્યનો બંધ કરતા હોય છે. ત્યારે એક અંતર્મુહૂર્ત કાળ સુધી આઠ કર્મનો બંધ કરે છે. પછી પાછો આઠ કર્મનો બંધ પૂર્ણ થયાં બાદ સાત કર્મનો બંધ કર્યા કરે છે. આ કારણથી જ્યારે જીવો આયુષ્ય કર્મ સાથે બંધ કરે ત્યારે પહેલું આઠ કર્મનું બંધસ્થાન કહેવાય છે અને જ્યારે આયુષ્ય

કર્મ બાંધતો ન હોય ત્યારે અથવા આયુષ્ય કર્મ બાંધ્યા પહેલા જીવ જેટલા કર્મનો બંધ કરે છે તે બીજું સાત કર્મનું બંધસ્થાન કહેવાય છે. જ્યારે જીવ સાત કર્મનો બંધ કરતાં કરતાં મોહનીય કર્મ બંધમાંથી વિચ્છેદ કરશે ત્યારે આયુષ્ય અને મોહનીય સિવાય ત્રીજુ છ કર્મનું બંધસ્થાન ગણાય છે. અને જ્યારે જીવ વીતરાગ અવસ્થાને પ્રાપ્ત કરેશ ત્યારે ચોથું એક પ્રકૃતિનું બંધસ્થાન વેદનીય કર્મનો બંધ કરે છે. તે એક પ્રકૃતિનું બંધસ્થાન કહેવાય છે.

૭. મૂળ કર્મના ઉદયસ્થાનો - ઉદય સ્થાનો ત્રણ હોય છે. જ્યારે જીવોને જ્યાં સુધી આઠે કર્મનો ઉદય ચાલતો હોય છે એટલે કે સંપૂર્ણ કર્મનો ઉદય ચાલતો હોય છે ત્યારે તે પહેલું આઠ કર્મનું ઉદયસ્થાન ગણાય છે. જ્યારે જીવ ઉદયમાંથી મોહનીય કર્મનો નાશ કરશે ત્યારે, તે કર્મ સિવાય બીજું સાત કર્મનું ઉદયસ્થાન ગણાય છે. અને જ્યારે જીવો જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય એ ત્રણ કર્મનો સાત કર્મમાંથી ઉદય વિચ્છેદ કરશે ત્યારે, ત્રીજું ચાર કર્મનું ઉદયસ્થાન ગણાય છે. ત્યારે જીવને ચાર અઘાતિ કર્મનો (વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર) ઉદય હોય છે.

૮. મૂળ કર્મનાં ઉદ્દીરણા સ્થાનો - ઉદ્દીરણા સ્થાનો પાંચ હોય છે. તે આ પ્રમાણે - જ્યારે જીવોને જ્યાં સુધી આઠ કર્મનો ઉદય હોય છે ત્યાં સુધી તે ઉદયની સાથે ને સાથે આઠે કર્મની ઉદ્દીરણા ચાલતી હોય છે. તેમાં વિશેષતા એ છે કે આયુષ્ય કર્મ પૂર્ણ થવા આવે ત્યારે છેલ્લી આવલિકા કાળમાં ઉદ્દીરણા હોતી નથી માત્ર ઉદય જ હોય છે. તે વખતે જીવોને બીજું સાત કર્મનું ઉદ્દીરણા સ્થાન હોય છે. જ્યારે જીવો આયુષ્ય અને વેદનીય કર્મની ઉદ્દીરણા કરતાં હોતા નથી, તેની એક આવલિકા કાળ પહેલાથી આયુષ્ય અને વેદનીય કર્મ સિવાય છ કર્મની ઉદ્દીરણા સ્થાન ત્રીજું ગણાય છે. જ્યારે જીવો છ કર્મની ઉદ્દીરણામાંથી મોહનીય કર્મની ઉદ્દીરણા વિચ્છેદ કરશે ત્યારે મોહનીય કર્મ ઉદયમાંથી વિચ્છેદ થવાની એક આવલિકા કાળ પહેલા મોહનીય કર્મની ઉદ્દીરણા વિચ્છેદ થાય છે. તેથી ચોથું પાંચ કર્મનું ઉદ્દીરણા સ્થાન ગણાય છે. અને જ્યારે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય એ ત્રણ કર્મો ઉદયમાંથી વિચ્છેદ થતાં હોય તેની એક આવલિકા

કાળ પહેલાં આ ત્રણે કર્મની ઉદ્દીરણા વિચ્છેદ થાય છે તેથી તે કાળથી પાંચમું નામ અને ગોત્ર એમ બે કર્મનું ઉદ્દીરણા સ્થાન ગણાય છે : આ રીતે પાંચ ઉદ્દીરણા સ્થાનો થાય છે.

૯. મૂળ કર્મનાં સત્તા સ્થાન - સત્તાસ્થાનો ત્રણ હોય છે. જ્યાં સુધી જીવોને સઘળાયે કર્મોની સત્તા હોય છે. ત્યાં સુધી પહેલુ આઠ કર્મું સત્તાસ્થાન ગણાય છે. જ્યારે જીવો સત્તામાંથી મોહનીય કર્મનો નાશ કરશે ત્યારે મોહનીય કર્મ સિવાય બીજું સાત કર્મનું સત્તા સ્થાન ગણાય છે. અને જ્યારે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય એ ત્રણે કર્મનો સત્તામાંથી નાશ કરશે ત્યારે ત્રીજું ચાર અઘાતિ કર્મનું ચાર પ્રકૃતિનું સત્તા સ્થાન ગણાય છે.

૧૦. લેશ્યાનાં નામો - તેનાં છ ભેદ છે.

૧. કૃષ્ણલેશ્યા ૨. નીલલેશ્યા ૩. કાપોતલેશ્યા ૪. તેજોલેશ્યા ૫. પદ્મલેશ્યા ૬. શુક્લલેશ્યા.

૧૧. બંધ હેતઓનું વર્ણન - તેના મૂળ ભેદ ચાર અને ઉત્તર ભેદ સત્તાવન હોય છે.

મૂળભેદ - ૧. મિથ્યાત્વ ૨. અવિરતિ ૩. કષાય ૪. યોગ

૧. મિથ્યાત્વનાં પાંચ ભેદ - ૧. અભિગ્રહિક ૨. અનઅભિગ્રહિક ૩. અભિનિવેષિક ૪. સાંશયિક ૫. અનાભોગિક.

૨. અવિરતિનાં બાર ભેદ - ૧. સ્પર્શન ૨. રસન ૩. ઘ્રાણ ૪. ચક્ષુ ૫. શ્રોત. આ પાંચ ઈન્દ્રિયોનાં અનુકૂળ વિષયોમાં ઈન્દ્રિયોને જોડવી અને પ્રતિકૂળ વિષયોથી ઈન્દ્રિયોને પાછી ખસેડવી તે પાંચ પ્રકારની અવિરતિ કહેવાય છે અને તે દરેકમાં મનને જોડવું તે છઠ્ઠી અવિરતિ. તેને માટે પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય અને ત્રસકાય. આ છ કાયનો વધ કરવો તે છ પ્રકારની અવિરતિ. એમ કુલ બાર ભેદ થાય છે.

૩. કષાયનાં પચ્ચીશ ભેદ - ૧ થી ૪ અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ. ૫ થી ૮ અપ્રત્યાખ્યાનીય ક્રોધ, માન, માયા; લોભ. ૯ થી ૧૨ પ્રત્યાખ્યાનીય ક્રોધ, માન, માયા, લોભ. ૧૩ થી ૧૬ સંજવલન ક્રોધ, માન, માયા, લોભ. ૧૭. હાસ્ય, ૧૮. રતિ, ૧૯. અરતિ, ૨૦. શોક,

૨૧. ભય, ૨૨. જુગુપ્સા, ૨૩. પુરુષવેદ, ૨૪. સ્ત્રીવેદ અને ૨૫. નપુંસકવેદ.

૪. યોગનાં પંદર નામો - ૧. સત્યમનયોગ ૨. અસત્યમનયોગ ૩. સત્યાસત્યમનયોગ ૪. અસત્યામૃષામનયોગ, ૫. સત્યવચનયોગ, ૬. અસત્ય વચનયોગ, ૭. સત્યાસત્યવચનયોગ ૮. અસત્યામૃષાવચનયોગ, ૯. ઔદારિકકાયયોગ, ૧૦. ઔદારિકમિશ્રકાયયોગ, ૧૧. વૈક્રિયકાયયોગ, ૧૨. વૈક્રિયમિશ્રકાયયોગ, ૧૩. આહારકકાયયોગ, ૧૪. આહારકમિશ્રકાયયોગ. , ૧૫. કાર્મણકાયયોગ.

૧૨. મૂળ ભાવ પાંચ અને ઉત્તરભાવ ત્રેપનનાં નામો

મૂળ ભાવ - ૧. ઉપશમભાવ ૨. ક્ષાયિકભાવ ૩. ક્ષયોપશમભાવ ૪. ઔદયિકભાવ ૫. પારિણામિકભાવ.

૧. ઉપશમભાવનાં બે ભેદ - ૧. ઉપશમસમકિત ૨. ઉપશમચારિત્ર.

૨. ક્ષાયિકભાવનાં નવ ભેદ - ૧. કેવલજ્ઞાન ૨. કેવલદર્શન ૩. ક્ષાયિકસમકિત ૪. ક્ષાયિકચારિત્ર ૫. ક્ષાયિકભાવે દાનલબ્ધિ ૬. ક્ષાયિકભાવે લાભલબ્ધિ ૭. ક્ષાયિકભાવે ભોગ લબ્ધિ ૮. ક્ષાયિકભાવે ઉપભોગલબ્ધિ ૯. ક્ષાયિકભાવે વીર્યલબ્ધિ.

૩. ક્ષયોપશમભાવનાં અઢાર ભેદ - ૧. ચક્ષુદર્શન ૨. અચક્ષુદર્શન ૩. અવધિદર્શન ૪. મતિજ્ઞાન ૫. શ્રુતજ્ઞાન ૬. અવધિજ્ઞાન ૭. મનઃ પર્યવજ્ઞાન ૮. મતિઅજ્ઞાન ૯. શ્રુતઅજ્ઞાન ૧૦. વિભંગજ્ઞાન ૧૧. ક્ષયોપશમભાવે દાનલબ્ધિ ૧૨. ક્ષયોપશમભાવે લાભલબ્ધિ ૧૩. શ્રયોપશમભાવે ભોગલબ્ધિ ૧૪. ક્ષયોપશમભાવે ઉપભોગલબ્ધિ ૧૫. ક્ષયોપશમભાવે વીર્યલબ્ધિ ૧૬. ક્ષયોપશમ સમકિત ૧૭. દેશવિરતિ ૧૮. સર્વવિરતિ.

૪. ઔદયિકભાવનાં એકવીસ ભેદ - ૧. અજ્ઞાન ૨. અસંયમ ૩. અસિદ્ધપણું ૪. નરકગતિ ૫. તિર્યંચગતિ ૬. મનુષ્યગતિ ૭. દેવગતિ ૮. ક્રોધકષાય ૯. માનકષાય ૧૦. માયાકષાય ૧૧. લોભકષાય ૧૨. કૃષ્ણલેશ્યા ૧૩. નીલલેશ્યા ૧૪. કાપોતલેશ્યા ૧૫. તેજોલેશ્યા ૧૬. પદ્મલેશ્યા ૧૭.

શુક્લલેશ્યા ૧૮. પુરુષવેદ ૧૯. સ્ત્રીવેદ ૨૦. નપુંસકવેદ ૨૧. મિથ્યાત્વ.

૫. પારિણામિકભાવના ત્રણ ભેદ - ૧. જીવત્વ ૨. ભવ્યત્વ ૩. અભવ્યત્વ.

૬. સંખ્યાતાદિનાં નામો - સંખ્યાતા ત્રણ છે. ૧. જઘન્ય સંખ્યાતુ ૨. મધ્યમ સંખ્યાતુ ૩. ઉત્કૃષ્ટ સંખ્યાતુ. અસંખ્યાતા નવ છે - ૧. જઘન્ય પરિત્ત અસંખ્યાતુ ૨. મધ્યમ પરિત્ત અસંખ્યાતુ ૩. ઉત્કૃષ્ટ પરિત્ત અસંખ્યાતુ ૪. જઘન્ય યુક્ત અસંખ્યાતુ ૫. મધ્યમ યુક્ત અસંખ્યાતુ ૬. ઉત્કૃષ્ટ યુક્ત અસંખ્યાતુ ૭. જઘન્ય અસંખ્યાતુ અસંખ્યાતુ ૮. મધ્યમ અસંખ્યાતુ અસંખ્યાતુ ૯. ઉત્કૃષ્ટ અસંખ્યાતુ અસંખ્યાતુ. અનંતાનાં નવ ભેદ - ૧. જઘન્ય પરિત્ત અનંતુ ૨. મધ્યમ પરિત્ત અનંતુ ૩. ઉત્કૃષ્ટ પરિત્ત અનંતુ ૪. જઘન્ય યુક્ત અનંતુ ૫. મધ્યમ યુક્ત અનંતુ ૬. ઉત્કૃષ્ટ યુક્ત અનંતુ ૭. જઘન્ય અનંતા અનંતુ ૮. મધ્યમ અનંતા અનંતુ ૯. ઉત્કૃષ્ટ અનંતા અનંતુ.

## (૧) ચૌદ જીવસ્થાનકને વિષે ગુણસ્થાનકનું વર્ણન

(૧) સુક્ષ્મ અપર્યાપ્તા એકેન્દ્રિય, સૂક્ષ્મ પર્યાપ્તા એકેન્દ્રિય, બાદર પર્યાપ્તા એકન્દ્રિય, બેઈન્દ્રિયપર્યાપ્તા, તેઈન્દ્રિયપર્યાપ્તા, ચઉરીન્દ્રિય પર્યાપ્તા, અસંજ્ઞીપંચેન્દ્રિય પર્યાપ્તા, આ સાત જીવભેદને વિષે પહેલું મિથ્યાત્વ ગુણસ્થાનક હોય છે.

(૨) બાદર અપર્યાપ્તા એકેન્દ્રિય, બેઈન્દ્રિય અપર્યાપ્તા, તેઈન્દ્રિય અપર્યાપ્તા, ચઉરીન્દ્રિય અપર્યાપ્તા, અસંજ્ઞીપંચેન્દ્રિય અપર્યાપ્તા આ પાંચ જીવભેદને વિષે પહેલું મિથ્યાત્વ ગુણસ્થાનક અને બીજું સાસ્વાદન ગુણસ્થાનક એમ બે ગુણસ્થાનક હોય છે.

બીજું સાસ્વાદન ગુણસ્થાનક કરણ અપર્યાપ્તા જીવોને જ હોય છે. અને તે બીજી ગતિમાંથી બીજું ગુણસ્થાનક લઈને કાળ કરીને આમાં ઉત્પન્ન થતો હોય ત્યારે શરીર પર્યાપ્તિથી પર્યાપ્તો ન થાય ત્યાં સુધી જ આ ગુણસ્થાનક હોય છે. ત્યાર પછીના કાળમાં એટલે કે શરીર પર્યાપ્ત પછીના કાળમાં નિયમા પહેલું ગુણસ્થાન જ હોય છે. તથા લબ્ધિ અપર્યાપ્તા જીવોને નિયમા પહેલું ગુણસ્તાનક જ હોય છે.

(૩) સંજ્ઞીઅપર્યાપ્તા જીવોને પહેલું મિથ્યાત્વ ગુણસ્થાનક, બીજું સાસ્વાદન ગુણસ્થાનક અને ચોથું અવિરતિ સમ્યગ્દ્રષ્ટિ ગુણસ્થાનક એમ ત્રણ ગુણસ્થાનક હોય છે.

પહેલા મિથ્યાત્વ ગુણસ્થાનકે લબ્ધિ અપર્યાપ્તા તિર્યંચ અને મનુષ્યનાં જીવો હોય છે. તથા કરણ અપર્યાપ્તા રૂપે ચારે ગતિનાં જીવો હોય છે.

બીજું સાસ્વાદન ગુણસ્થાનક નિયમા કરણ અપર્યાપ્તા તિર્યંચ, મનુષ્ય અને દેવને હોય છે. અને આ ગુણસ્થાનક શરીર પર્યાપ્તિથી પર્યાપ્ત થાય ત્યાં સુધી જ હોય છે પછી નિયમા પહેલું ગુણસ્થાનક જ હોય છે.

ચોથું અવિરતિ સમ્યગ્દ્રષ્ટિ ગુણસ્થાનક નિયમા કરણ અપર્યાપ્તા જીવોને સિદ્ધાંતના મતે ચારે ગતિના જીવોને હોઈ શકે, અને કર્મગ્રંથના મતે વૈમાનિક દેવોને જ હોય છે. આથી અપર્યાપ્તા કાળ સુધી આ ગુણસ્થાનક હોય છે. આ ક્ષયોપશમ સમકિતને આશ્રયીને જાણવું. ક્ષાયિકસમકિતને આશ્રયીને નરકગતિમાં એક થી ત્રણ નરક, તિર્યંચગતિમાં અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા તિર્યંચોને વિષે, મનુષ્યગતિમાં સંખ્યાત અને અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા મનુષ્યોને વિષે અને દેવગતિમાં વૈમાનિક દેવોને વિષે કરણ અપર્યાપ્તા અવસ્થામાં ક્ષાયિક સમકિત હોય છે.

(૪) સંજ્ઞીપર્યાપ્તા જીવોને ચૌદે ચૌદ ગુણસ્થાનક હોય છે.

## (૨) ચૌદ જીવસ્થાનકને વિષે પંદર યોગનું વર્ણન

(૧) સૂક્ષ્મ અપર્યાપ્તા એકેન્દ્રિય અને બાદર અપર્યાપ્તા એકેન્દ્રિય આ બે જીવભેદને વિષે બે અથવા ત્રણ યોગ હોય છે.

બે યોગ - કાર્મણકાયયોગ અને ઔદારિકમિશ્રકાયયોગ.

જ્યારે જીવો મનુષ્ય અને તિર્યંચમાંથી મરીને એકેનદ્રિયમાં ઉત્પન્ન થતાં હોય ત્યારે વિગ્રહ ગતિમાં એક કાર્મણકાયયોગ હોય છે. અને જ્યારે આહાર પર્યાપ્તિ શરૂ કરે એટલે કે કાર્મણ શરીરથી આહારનાં પુદ્ગલોને લઈને ખલ અને રસ રૂપે પરિણામ પમાડવાની શરૂઆત કરે ત્યારથી ઔદારિકમિશ્રકાયયોગની શરૂઆત થાય છે. આ કાયયોગ ચોથી શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિપૂર્ણ ન કરે ત્યાં સુધી હોય છે. એમ કેટલાક આચાર્યો માને છે.

ત્રણ યોગ - કાર્મણકાયયોગ, ઔદારિકમિશ્રકાયયોગ અને ઔદારિકકાયયોગ.

જ્યારે તિર્યંચ અને મનુષ્યોમાંથી મરીને જીવ એકેન્દ્રિયમાં ઉત્પન્ન થાય ત્યારે વિગ્રહ ગતિમાં અને ઉત્પત્તિનાં પહેલા સમયે એક કાર્મણકાયયોગ હોય છે. જ્યારે જીવ આહાર પર્યાપ્તિ વખતે આહારનાં પુદ્ગલોને ગ્રહણ કરીને ખલ અને રસ રૂપે પરિણામ પમાડે ત્યારથી ઔદારિકમિશ્રકાયયોગની શરૂઆત થાય છે. આ કાયયોગ શરીર પર્યાપ્તિથી પર્યાપ્ત જીવ ન બને ત્યાં સુધી હોય છે. એમ કેટલાક આચાર્યો માને છે. શરીર પર્યાપ્તિથી પર્યાપ્ત થયા બાદ ઔદારિક કાયયોગની શરૂઆત થાય છે. તેથી અપર્યાપ્ત અવસ્થામાં ત્રણ યોગ મનાય છે.

(૨) બેઈન્દ્રિય અપર્યાપ્તા, તેઈન્દ્રિય અપર્યાપ્તા, ચઉરીન્દ્રિય અપર્યાપ્તા, અસંજ્ઞીપંચેન્દ્રિય અપર્યાપ્તા આ ચાર જીવભેદને વિષે - એક મતે ત્રણ અથવા ચાર અને બીજા મતે બે અથવા ત્રણ યોગ હોય છે. ત્રણ અથવા ચાર યોગને વિષે કાર્મણકાયયોગ, ઔદારિકમિશ્રકાયયોગ, ઔદારિકકાયયોગ અથવા અસત્યામૃષાવચનયોગ.

કોઈ તિર્યંચ અને મનુષ્ય અપર્યાપ્તા વિકલેન્દ્રિય આદિમાં ઉત્પન્ન થાય ત્યારે, વિગ્રહ ગતિમાં અને ઉત્પત્તિના પહેલા સમયે કાર્મણકાયયોગ હોય છે. ત્યાર પછી આહારના પુદ્ગલો ગ્રહણ કરે, ખલ રસ રૂપે પરિણામ પમાડે ત્યારથી, ઔદારિકમિશ્રકાયયોગની શરૂઆત થાય છે તે શરીર પર્યાપ્તિથી પર્યાપ્તો ન થાય ત્યાં સુધી આ યોગ હોય છે. શરીર પર્યાપ્તિથી પર્યાપ્ત થયા બાદ ઔદારિકકાયયોગ શરૂ થાય છે. જ્યારે જીવ ભાષા પર્યાપ્તિની શરૂઆત કરે ત્યારથી, અસત્યામૃષાવચનયોગ પણ ગણાય છે. આ કારણથી ત્રણ અથવા ચાર યોગ ઘટે છે.

બે અથવા ત્રણ યોગ - ૧. કાર્મણકાયયોગ ૨. ઔદારિકમિશ્રકાયયોગ ૩. અસત્યામૃષાવચનયોગ.

જ્યારે કોઈ તિર્યંચ કે મનુષ્ય કાળ કરીને વિકલેન્દ્રિયમાં ઉત્પન્ન થાય ત્યારે વિગ્રહ ગતિમાં કાર્મણકાયયોગ હોય છે. અને ઉત્પત્તિના સમયથી

આહારના પુદ્ગલો ગ્રહણ કરે, ખલ રસ રૂપે પરિણામ પમાડે ત્યારથી ઔદારિકમિશ્રકાયયોગની શરૂઆત થાય છે. તે જ્યાં સુધી સંપૂર્ણ પર્યાપ્તિથી પર્યાપ્તો ન થાય ત્યાં સુધી ઔદારિકમિશ્રકાયયોગ હોય છે. તથા ભાષા પર્યાપ્તિ શરૂ કરે ત્યારે, અસત્યામૃષાવચનયોગ પણ શરૂ થાય છે. આ કારણથી ત્રણ યોગ ગણાય છે.

(૩) સંજ્ઞીઅપર્યાપ્તા જીવોને વિષે ત્રણ અથવા ચાર અથવા પાંચ યોગ હોય છે.

૧. ત્રણ યોગ - કાર્મણકાયયોગ, ઔદારિકમિશ્રકાયયોગ અને અસત્યામૃષાવચનયોગ.

જે જીવો મરીને મનુષ્ય અને તિર્યંચમાં ઉત્પન્ન થયેલા હોય તે જીવોને ઉત્પત્તિના પહેલા સમયે કાર્મણકાયયોગ હોય છે. ત્યારબાદ આહાર ગ્રહણ કરી સંપૂર્ણ પર્યાપ્તિથી પર્યાપ્તો ન થાય ત્યાં સુધી, ઔદારિકમિશ્રકાયયોગ હોય છે. આ જીવો ભાષા પર્યાપ્તિ શરૂ કરે ત્યારે, અસત્યામૃષાવચનયોગની શરૂઆત થાય છે તેથી ત્રણ યોગ ગણાય છે.

(૧) ત્રણ યોગ - કાર્મણકાયયોગ, ઔદારિકમિશ્રકાયયોગ, વૈક્રિયમિશ્રકાયયોગ.

જીવો મરીને તિર્યંચ અને મનુષ્યોમાં ઉત્પન્ન થાય ત્યારે કાર્મણ અને ઔદારિકમિશ્રકાયયોગ હોય છે. દેવતા અને નારકીમાં જીવ ઉત્પન્ન થાય ત્યારે કાર્મણ અને વૈક્રિયમિશ્રકાય યોગ હોય છે. આ જીવોને સંપૂર્ણ પર્યાપ્તિથી પર્યાપ્તો ન થાય ત્યાં સુધી મિશ્રકાયયોગ જાણવો.

(૨) ચાર યોગ - કાર્મણકાયયોગ, ઔદારિકમિશ્રકાયયોગ, ઔદારિકકાયયોગ, વૈક્રિયમિશ્રકાયયોગ.

જ્યારે જીવો તિર્યંચ અને મનુષ્યોમાં ઉત્પન્ન થાય ત્યારે શરીર પર્યાપ્તિથી પર્યાપ્તો ન થાય ત્યાં સુધી કાર્મણકાયયોગ અને ઔદારિકમિશ્રકાયયોગ હોય છે. લબ્ધિ અપર્યાપ્તા જીવોને શરીર પર્યાપ્તિથી પર્યાપ્તો થાય ત્યારે ઔદારિક કાયયોગ હોય છે. આથી ત્રણ યોગ થયા. તથા દેવતા અને નારકીને અપર્યાપ્તા અવસ્થામાં કાર્મણ અને વૈક્રિય મિશ્ર બે યોગ હોય છે. આ કારણે

બંનેનો સરવાળો કરતાં ચાર યોગ થાય છે. અત્રે જે ચાર યોગ કહ્યા છે તેમાં મનુષ્ય અને તિર્યંચ વિષે લબ્ધિ અપર્યાપ્તા અને કરણ અપર્યાપ્તા બંને પ્રકારના જીવો હોય છે. તેમાં કરણ અપર્યાપ્તા જીવો સંપૂર્ણ પર્યાપ્તિથી પર્યાપ્તા ન થાય ત્યાં સુધી ઔદારિકમિશ્રકાયયોગ હોય છે જ્યારે લબ્ધિ અપર્યાપ્તા જીવોને શરીર પર્યાપ્તિથી પર્યાપ્તો થાય ત્યારે ઔદારિકકાયયોગ શરૂ થાય છે. દેવતા અને નારકીનાં જીવો નિયમા કરણ અપર્યાપ્તા હોવાથી તે જીવો સંપૂર્ણ પર્યાપ્તિથી પર્યાપ્તા ન થાય ત્યાં સુધી કાર્મણ અને વૈક્રિયમિશ્રકાયયોગ હોય છે. આથી ચાર યોગ કહેલ છે.

(૩) પાંચ યોગ - કાર્મણકાયયોગ, ઔદારિકમિશ્રકાયયોગ, ઔદારિકકાયયોગ, વૈક્રિયમિશ્રકાયયોગ, વૈક્રિયકાયયોગ.

તિર્યંચ અને મનુષ્યને ઉત્પત્તિ વખતે કાર્મણકાયયોગ, આહાર શરૂ કરે ત્યારથી ઔદારિકમિશ્રકાયયોગ, શરીર પર્યાપ્તિથી પર્યાપ્તો થાય ત્યારથી ઔદારિકકાયયોગ. દેવતા અને નારકીને ઉત્પત્તિ સમયે કાર્મણકાયયોગ, આહાર શરૂ કરે તે સમયથી વૈક્રિયમિશ્રકાયયોગ, અને શરીર પર્યાપ્તિથી પર્યાપ્તો થાય ત્યારથી વૈક્રિયકાયયોગ હોય છે. આથી સંજ્ઞી પંચેન્દ્રિય અપર્યાપ્તા જીવોને કેટલાક આચાર્યોના મતે પાંચ યોગ હોય છે.

૪. સૂક્ષ્મ પર્યાપ્તા એકેન્દ્રિય જીવોને એક ઔદારિકકાયયોગ હોય છે. ઔદારિક શરીર હોય છે. તેથી ઔદારિકકાયયોગ ગણાય છે.

૫. બાદર પર્યાપ્તા એકેન્દ્રિય જીવોને ત્રણ યોગ હોય છે. ૧. ઔદારિકકાયયોગ ૨. વૈક્રિયમિશ્રકાયયોગ ૩. વૈક્રિયકાયયોગ.

બાદર પર્યાપ્તા પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય અને વનસ્પતિકાય જીવોને એક ઔદારિકકાયયોગ હોય છે.

બાદર પર્યાપ્તા વાઉકાય મોટા ભાગના જીવોને ઔદારિકકાયયોગ હોય છે. અને જે જીવો વૈક્રિય શરીર કરતાં હોય એટલે કે, સ્વાભાવિક રીતે વૈક્રિય શરીર થતું હોય તે જીવોને ઔદારિકકાયયોગ, વૈક્રિય શરીર કરતાં હોય ત્યારે વૈક્રિયમિશ્રકાયયોગ અને વૈક્રિય શરીર બને ત્યારે વૈક્રિયકાયયોગ હોય છે. આથી ત્રણ યોગ કહેલા છે.

૬. બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરીન્દ્રિય અને અસંજ્ઞીપંચેન્દ્રિય પર્યાપ્તા આ ચાર પ્રકારના જીવોને બે યોગ હોય છે. ૧. ઔદારિકકાયયોગ અને ૨. અસત્યામૃષાવચનયોગ. આ જીવોને ઔદારિક શરીર હોવાથી ઔદારિકકાયયોગ હોય છે અને ભાષા પર્યાપ્તિ પૂર્ણ થતાં વ્યવહારુ ભાષા તરીકે અસત્યામૃષાવચનયોગ હોય છે.

૭. સંજ્ઞીપર્યાપ્તા જીવોને પંદરે પંદર યોગ હોય છે તેમાં ઔદારિકમિશ્ર અને કાર્મણકાયયોગ તેરમા ગુણસ્થાનકે રહેલા કેવલી ભગવંતોને જ જ્યારે કેવલી સમુદ્‌ઘાત કરતા હોય ત્યારે ત્રીજા, ચોથા અને પાંચમા સમયે કાર્મણકાયયોગ હોય છે. બીજા અને છઠ્ઠા, સાતમા સમયે ઔદારિકમિશ્ર કાયયોગ હોય છે. આ કારણથી પંદર યોગ હોય છે. આહારકમિશ્ર અને વૈક્રિયમિશ્રકાયયોગ આહારકલબ્ધિ અને વૈક્રિયલબ્ધિ ફોરવતાં આ બે કાયયોગ હોય છે.

## (3) ચૌદ જીવસ્થાનકને વિષે ઉપયોગનું વર્ણન

૧. સૂક્ષ્મ અપર્યાપ્તા - પર્યાપ્તા એકેન્દ્રિય, બાદર પર્યાપ્તા - અપર્યાપ્તા એકેન્દ્રિય, અપર્યાપ્તા - પર્યાપ્તા બે ઈન્દ્રિય, અપર્યાપ્યા - પર્યાપ્તા તેઈન્દ્રિય આ આઠ જીવભેદને વિષે ત્રણ ઉપયોગ હોય છે. ૧. મતિઅજ્ઞાન ૨. શ્રુતઅજ્ઞાન ૩. અચક્ષુદર્શન. સિદ્ધાંતના મતે બાદર અપર્યાપ્તા એકેન્દ્રિયને બીજુ ગુણસ્થાનક હોતું નથી. સિદ્ધાંતના મતે બેઈન્દ્રિય, તેઈન્દ્રિય અપર્યાપ્તા જીવોને બીજા ગુણસ્થાનકે જ્ઞાન માનેલું હોવાથી પાંચ ઉપયોગ ગણાય છે. ૧. મતિઅજ્ઞાન ૨. શ્રુતઅજ્ઞાન ૩. મતિજ્ઞાન ૪. શ્રુતજ્ઞાન ૫. અચક્ષુદર્શન.

૨. ચઉરીન્દ્રિય અપર્યાપ્તા અને અસંજ્ઞીપંચેન્દ્રિય અપર્યાપ્તા આ બે જીવભેદને વિષે ત્રણ અથવા ચાર ઉપયોગ હોય છે. ૧. મતિઅજ્ઞાન ૨. શ્રુતઅજ્ઞાન ૩. અચક્ષુદર્શન અથવા ૪. ચક્ષુદર્શન.

સિદ્ધાંતના મતે આ જીવોને બીજા ગુણસ્થાનકે જ્ઞાન માનેલું હોવાથી પાંચ અથવા છ ઉપયોગ ઘટે છે. ૧. મતિઅજ્ઞાન ૨. શ્રુતઅજ્ઞાન ૩. મતિજ્ઞાન ૪. શ્રુતજ્ઞાન ૫. અચક્ષુદર્શન અથવા ૬. ચક્ષુદર્શન.

બંને આચાર્યોનાં મતે ઈન્દ્રિય પર્યાપ્તિ પૂર્ણ થયા બાદ ચક્ષુદર્શન માને છે. માટે તે ઉપયોગની ગણતરી અપર્યાપ્તા અવસ્થામાં ગણાય છે.

૩. સંજ્ઞીઅપર્યાપ્તા જીવોને આઠ અથવા નવ ઉપયોગ હોય છે.

૧. મતિજ્ઞાન ૨. શ્રુતજ્ઞાન ૩. અવધિજ્ઞાન ૪. મતિઅજ્ઞાન ૫. શ્રુત અજ્ઞાન ૬. વિભંગજ્ઞાન ૭. અચક્ષુદર્શન ૮. અવધિદર્શન અથવા ૯. ચક્ષુદર્શન.

કોઈ જીવ સમકિત લઈને અને સાથે અવધિજ્ઞાન લઈને આવતો હોય ત્યારે તે જીવોને ત્રણજ્ઞાન અને અચક્ષુદર્શન એમ ચાર ઉપયોગ હોય છે. તથા કોઈ જીવ અવધિદર્શનનાં ઉપયોગમાં કાળ કરીને સમકિત સાથે આવતો હોય ત્યારે તેને અવધિદર્શનનો ઉપયોગ હોય છે. કેટલાંક જીવો મિથ્યાત્વ ગુણસ્થાનક લઈને આવતા હોય ત્યારે વિભંગજ્ઞાન પણ સાથે લઈને આવી શકે છે તેથી તે જીવોને ત્રણઅજ્ઞાન અને અચક્ષુદર્શન ઘટે છે.

કેટલાક આચાર્યોના મતે ઈન્દ્રિય પર્યાપ્તિ પૂર્ણ થયા બાદ ચક્ષુદર્શન માનેલું હોવાથી આ દરેક જીવોને ઈન્દ્રિય પર્યાપ્તિ પૂર્ણ થયે ચક્ષુદર્શનનો ઉપયોગ ગણાય છે તેથી નવ ઉપયોગ થાય છે.

૪. ચઉરીન્દ્રિય પર્યાપ્તા અને અસંજ્ઞીપંચેન્દ્રિય પર્યાપ્તા આ બે જીવોને ચાર ઉપયોગ હોય છે. ૧. મતિઅજ્ઞાન ૨. શ્રુતઅજ્ઞાન ૩. ચક્ષુદર્શન ૪. અચક્ષુદર્શન. આ જીવોને ચક્ષુ પ્રાપ્ત થતાં હોવાથી ચાર ઉપયોગ કહેલાં છે.

૫. સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા જીવોને બારે બાર ઉપયોગ હોય છે.

## (૪) ચૌદ જીવસ્થાનકને વિષે લેશ્યા દ્વારનું વર્ણન

૧. સૂક્ષ્મ પર્યાપ્તા - અપર્યાપ્તા એકેન્દ્રિય, બાદર પર્યાપ્તા એકેન્દ્રિય, બેઈન્દ્રિયપર્યાપ્તા - અપર્યાપ્તા, તેઈન્દ્રિયપર્યાપ્તા - અપર્યાપ્તા ચઉરીન્દ્રિય પર્યાપ્તા - અપર્યાપ્તા, અસંજ્ઞીપંચેન્દ્રિય પર્યાપ્તા - અપર્યાપ્તા આ અગ્યાર જીવભેદને વિષે ત્રણ લેશ્યા હોય છે. ૧. કૃષ્ણલેશ્યા ૨. નીલલેશ્યા ૩. કાપોતલેશ્યા.

૨. બાદર અપર્યાપ્તા એકેન્દ્રિય જીવોને ચાર લેશ્યા હોય છે. ૧. કૃષ્ણલેશ્યા ૨. નીલલેશ્યા ૩. કાપોતલેશ્યા ૪. તેજોલેશ્યા.

આ જીવોને તેજોલેશ્યા જે કહેલી છે તે જ્યોતિષી વિમાનમાં રહેલા

દેવો અને વૈમાનિકના પહેલા બીજા દેવલોકમાં રહેલાં દેવો તેજોલેશ્યાવાળા હોવાથી તે જીવો મરીને એકેન્દ્રિયપણમાં ઉત્પન્ન થાય ત્યારે પહેલા અને બીજા ગુણસ્થાનકે અપર્યાપ્ત અવસ્થામાં એટલે કે શરીર પર્યાપ્તિથી પર્યાપ્તો જીવ ન થાય ત્યાં સુધી તેજોલેશ્યા હોઈ શકે છે. આ કારણથી આ જીવભેદને વિષે ચાર લેશ્યા કહેલી છે. તથા કેટલાક ભવનપતિ, વ્યંતરનાં દેવો અને કોઈ મનુષ્ય કે તિર્યંચો ક્વચિત્ તેજોલેશ્યા સાથે એકેન્દ્રિયપણામાં ઉત્પન્ન થતાં હોય ત્યારે આ જીવોને તેજોલેશ્યા હોઈ શકે છે. આ તેજોલેશ્યા પહેલાં અને બીજા બે ગુણસ્થાનકમાંથી કોઈપણ ગુણસ્થાનકમાં હોઈ શકે છે.

૩. સંજ્ઞીઅપર્યાપ્તા અને સંજ્ઞીપર્યાપ્તા જીવોને વિષે છએ છ લેશ્યા હોય છે. તેમાં કૃષ્ણ, નીલ અને કાપોતલેશ્યા સામાન્યથી હોય. તેજો, પદ્મ અને શુક્લલેશ્યા વૈમાનિકનાં બે દેવલોકમાંથી મનુષ્ય અને તિર્યંચમાં ઉત્પન્ન થતાં દેવોને અપર્યાપ્ત અવસ્થામાં હોઈ શકે છે.

## બંધસ્થાન દ્વાર

### (૫) ચૌદ જીવભેદને વિષે મૂળ કર્મના બંધસ્થાન દ્વારનું વર્ણન

કોઈપણ જીવ સમયે સમયે સાત કર્મનો બંધ કર્યા કરે છે. અને પોતાના ભવનાં આયુષ્યકાળમાં એકવાર એક અંતર્મુહૂર્ત સુધી પરભવનું આયુષ્ય બાંધતાં હોય ત્યારે આઠ કર્મનો બંધ કરે છે. એકથી તેર જીવભેદને વિષે એટલે કે સંજ્ઞીપર્યાપ્તા જીવભેદને છોડીને બાકીને તેર જીવભેદને વિષે બે બંધસ્થાન હોય છે. એક આઠનું. (આયુષ્ય બાંધતો હોય ત્યારે.) અને બીજું સાત કર્મનું, (આયુષ્ય કર્મ વિના જાણવું.) સંજ્ઞીપર્યાપ્તા જીવભેદને વિષે ચાર બંધસ્થાન હોય છે. (૧) આઠ કર્મનું - જ્યારે જીવ આયુષ્ય કર્મ બાંધતો હોય ત્યારે હોય છે. (૨) સાત કર્મનું નવ ગુણસ્થાનક સુધી બાંધે છે. તેમાં ત્રીજા, આઠમા અને નવમા ગુણસ્થાનકે નિયમા સાત કર્મનો બંધ કરે છે. અને એક, બે ચાર થી સાત ગુણસ્થાનકને વિષે આયુષ્ય કર્મનાં બંધના કાળ સિવાયના કાળમાં સાત કર્મનો બંધ કરે છે. જ્યારે જીવ દસમા ગુણસ્થાનકને પ્રાપ્ત કરે છે ત્યારે આયુષ્ય અને મોહનીય કર્મ સિવાય છ કર્મનો બંધ કરે છે. અને અગ્યારથી તેર ગુણસ્થાનકમાં રહેલો હોય ત્યારે એક વેદનીય કર્મનો બંધ

કરે છે માટે એક પ્રકૃતિનું બંધસ્થાન ઘટે છે.

**(૬) ચૌદ ગુણસ્થાનકને વિષે મૂળ કર્મના ઉદય સ્થાનનું વર્ણન**

(૧) સંજ્ઞીપર્યાપ્તા સિવાયના બાકીના તેર જીવ ભેદને વિષે એક આઠ કર્મનું ઉદયસ્થાન હોય છે. કારણકે આ જીવોને પહેલું ગુણસ્થાનક હોય અથવા બીજું ગુણસ્થાનક હોય અથવા એક, બે અને ચાર એમ ત્રણ ગુણસ્થાનક હોય છે. જ્યારે આઠ કર્મનો ઉદય દસ ગુણસ્થાનક સુધી કહેલો હોવાથી આ જીવોને આઠનું જ ઉદયસ્થાન ઘટે છે.

(૨) સંજ્ઞીપર્યાપ્તા જીવોને ત્રણ ઉદયસ્થાન હોય છે. જ્યાં સુધી મોહનીય કર્મના ઉદયનો નાશ ન કરે ત્યાં સુધી પહેલું આઠનું ઉદયસ્થાન હોય છે. જ્યારે મોહનીય કર્મનો ઉદયમાંથી નાશ કરે ત્યારે મોહનીય કર્મ સિવાયના સાત કર્મનું બીજુ ઉદયસ્થાન હોય છે. અને જ્યારે તે સાત કર્મના ઉદયમાંથી જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય એ ત્રણ કર્મનો ઉદય વિચ્છેદ કરશે ત્યારે ચાર આઘાતી કર્મરૂપ ચાર કર્મનું ત્રીજું ઉદયસ્થાન હોય છે.

**(૭) ચૌદ જીવભેદને વિષે મૂળ કર્મની ઉદીરણા સ્થાનનુ વર્ણન**

૧. સંજ્ઞીપર્યાપ્તા જીવભેદ સિવાયના બાકીના તેર જીવભેદને વિષે બે ઉદીરણા સ્થાન હોય છે. તે આ પ્રમાણે -

(૧) આઠ કર્મનું ઉદીરણા સ્થાન - આ જીવો પોતાનું આયુષ્ય ઉદયમાં ભોગવતાં હોય છે ત્યારે તેની સાથે તે આયુષ્યની ઉદીરણા પણ ચાલુ હોય છે. તેથી આઠ કર્મની ઉદીરણા ગણાય છે. અને જ્યારે ભોગવાતું આયુષ્ય એક આવલિકા કાળ જેટલું બાકી રહે ત્યારે આયુષ્ય કર્મની ઉદીરણા હોતી નથી. માત્ર ખાલી ઉદય જ હોય છે. તે કારણથી તે છેલ્લા આવલિકા કાળમાં સાત કર્મનું ઉદીરણા સ્થાન હોય છે.

સંજ્ઞીપર્યાપ્તા જીવભેદને વિષે પાંચ ઉદીરણા સ્થાન હોય છે.

૧. આઠ કર્મનું ૨. સાત કર્મનું ૩. છ કર્મનું ૪. પાંચ કર્મનું ૫. બે કર્મનું.

(૧) આઠ કર્મનું ઉદીરણા સ્થાન - એક થી છ ગુણસ્થાનકમાં રહેલા જીવોને આયુષ્ય કર્મના ઉદયની સાથે સતત આઠ કર્મની ઉદીરણા ચાલુ હોય છે. જ્યારે જીવ મરણ પામતો હોય ત્યારે છેલ્લી આવલિકામાં માત્ર આયુષ્ય

કર્મનો ઉદય હોવાથી તે કાળમાં ઉદીરણા હોતી નથી. તેથી સાત કર્મની ઉદીરણા ઘટે છે. આથી સાત કર્મની ઉદીરણા એક આવલિકા કાળ ગણાય છે.

(૩) છ કર્મની ઉદીરણા - જ્યાં સુધી જીવને પ્રમત્ત અવસ્થા રહેલી હોય છે ત્યાં સુધી આઠે કર્મની ઉદીરણા ચાલુ હોય છે. જ્યારે જીવ વિશુદ્ધિની સન્મુખ બનતો બનતો આગળ વધતો હોય છે ત્યારે, અત્યંત વિશુદ્ધિને પ્રાપ્ત કરતાં પહેલાં એક આવલિકા કાળ બાકી રહે ત્યારે, વેદનીય અને આયુષ્ય આ બે કર્મનો માત્ર ઉદય જ હોય છે. પણ ઉદીરણા ઘટતી નથી. તેથી એ કાળથી શરૂ કરીને છ કર્મની ઉદીરણા ચાલુ થાય છે.

(૪) પાંચ કર્મની ઉદીરણા - જ્યારે જીવ મોહનીય કર્મનો ઉદયમાંથી સર્વથા નાશ કરતો હોય ત્યારે, ઉદયમાં ભોગવવા લાયક એક આવલિકા કાળ બાકી રહે ત્યારે, મોહનીય કર્મની ઉદીરણા હોતી નથી. તેથી આયુષ્ય, વેદનીય અને મોહનીય કર્મ સિવાય પાંચ કર્મની ઉદીરણા હોય છે.

(૫) બે કર્મની ઉદીરણા - જ્યારે જીવ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અને અંતરાય એ ત્રણ કર્મનો ઉદયમાંથી વિચ્છેદ કરતાં હોય ત્યારે, એક આવલિકા કાળ બાકી રહે તે વખતે, ત્રણે કર્મની ઉદીરણા વિચ્છેદ થાય છે. આથી આ ત્રણ કર્મ સિવાય નામ અને ગોત્ર એ બે કર્મની ઉદીરણા ચાલુ થાય છે. ત્યારથી બે કર્મની ચાલુ થાય છે.

## (૮) ચૌદ જીવભેદને વિષે મૂળ કર્મનાં સત્તાસ્થાનોનું વર્ણન

સંજ્ઞીપર્યાપ્તા જીવભેદ સિવાય એક થી તેર જીવભેદને વિષે એક સત્તાસ્થાન હોય છે. - આઠ કર્મનું.

સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા જીવભેદને વિષે ત્રણ સત્તા સ્થાન હોય છે.

(૧) આઠ કર્મનું સત્તાસ્થાન (૨) સાત કર્મનું સત્તાસ્થાન (૩) ચાર કર્મનું સત્તાસ્થાન

(૧) આઠ કર્મનું સત્તાસ્થાન - જ્યાં સુધી જીવો મોહનીય કર્મને સત્તામાંથી સંપૂર્ણ ક્ષય ન કરે ત્યાં સુધી આઠ કર્મનું સત્તાસ્થાન હોય છે.

(૨) સાત કર્મનું સત્તાસ્થાન - જ્યારે મોહનીય કર્મનો સંપૂર્ણ ક્ષય કરે છે. ત્યારે મોહનીય કર્મ સિવાય બાકીના સાત કર્મનું સત્તાસ્થાન હોય છે.

(૩) ચાર કર્મનું સત્તાસ્થાન - જ્યારે જીવો જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય એ ત્રણ કર્મનો સાત કર્મમાંથી સંપૂર્ણ ક્ષય કરે છે ત્યારે, તે ત્રણ સિવાયના બાકીના ચાર કર્મનું સત્તાસ્થાન એટલેકે વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર એ ચારનું સત્તાસ્થાન હોય છે.

**ચૌદ જીવભેદને વિષે ગુણસ્થાનક આદિ આઠ દ્વારોનું વર્ણન**

૧. *સૂક્ષ્મ અપર્યાપ્તા એકેન્દ્રિય* - ગુણસ્થાનક એક - મિથ્યાત્વ. યોગ-ત્રણ-કાર્મણ, ઔદારિકદ્વિક. ઉપયોગ ત્રણ - મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, અચક્ષુદર્શન. લેશ્યા ત્રણ - કૃષ્ણ, નીલ અને કાપોત. બંધસ્થાન બે - આઠ - સાત, ઉદયસ્થાન એક - આઠનું. ઉદીરણા સ્થાન બે - આઠ, સાત. સત્તાસ્થાન - એક - આઠનું.

૨. *બાદરઅપર્યાપ્તા એકેન્દ્રિય* - ગુણસ્થાનક બે - મિથ્યાત્વ, સાસ્વાદન.

યોગ ત્રણ કાર્મણ, ઔદારિકદ્વિક, ઉપયોગ ત્રણ - મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, અચક્ષુદર્શન, લેશ્યા ચાર - કૃષ્ણ, નીલ. કાપોત, તેજો - બંધસ્થાન બે - આઠ, સાત, ઉદયસ્થાન એક - આઠનું, ઉદીરણા સ્થાન બે - આઠ, સાત, સત્તાસ્થાન એક - આઠનું.

૩. *બેઈન્દ્રિય અપર્યાપ્તા* - ગુણસ્થાનક બે - મિથ્યાત્વ, સાસ્વાદન.

યોગ ત્રણ અથવા ચાર - કાર્મણ, ઔદારિકદ્વિક અથવા અસત્યામૃષા વચન. ઉપયોગ ત્રણ - મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, અચક્ષુદર્શન, લેશ્યા ત્રણ-કૃષ્ણ, નીલ, કાપોત. બંધસ્થાન બે - આઠ, સાત, ઉદયસ્થાન એક - આઠનું ઉદીરણા સ્થાન બે - આઠ, સાત. સત્તાસ્થાન એક - આઠનું.

૪. *તેઈન્દ્રિય અપર્યાપ્તા* - ગુણસ્થાનક બે - મિથ્યાત્વ. સાસ્વાદન. યોગ - ત્રણ અથવા ચાર - કાર્મણ, ઔદારિકદ્વિક અથવા અસત્યામૃષા વચન. ઉપયોગ ત્રણ - મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, અચક્ષુદર્શન, લેશ્યા ત્રણ - કૃષ્ણ, નીલ, કાપોત, બંધસ્થાન બે - આઠ, સાત. ઉદય સ્થાન એક - આઠનું ઉદીરણા સ્થાન બે - આઠ, સાત સત્તાસ્થાન એક - આઠનું.

૫. *ચઉરીન્દ્રિય અપર્યાપ્તા* - ગુણસ્થાનક બે - મિથ્યાત્વ, સાસ્વાદન. યોગ - ત્રણ અથવા ચાર - કાર્મણ, ઔદારિકદ્વિક અથવા અસત્યામૃષા વચન.

ઉપયોગ - ત્રણ અથવા ચાર મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, અચક્ષુદર્શન અથવા ચક્ષુદર્શન. લેશ્યા ત્રણ - કૃષ્ણ, નીલ, કાપોત. બંધસ્થાન બે - આઠ, સાત. ઉદયસ્થાન એક - આઠનું, ઉદ્દીરણા સ્થાન બે - આઠ, સાત સત્તા સ્થાન - એક આઠનું.

૬. *અસંજ્ઞીપંચેન્દ્રિય અપર્યાપ્તા* - ગુણસ્થાનક બે - મિથ્યાંત્વ, સાસ્વાદન. યોગ ત્રણ અથવા ચાર - કાર્મણ, ઔદારિકદ્વિક અથવા અસત્યામૃષાવચન. ઉપયોગ ત્રણ અથવા ચાર - મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, અચક્ષુદર્શન અથવા ચક્ષુદર્શન. લેશ્યા ત્રણ - કૃષ્ણ, નીલ, કાપોત. બંધસ્થાન બે - આઠ, સાત. ઉદય સ્થાન એક - આઠનું. ઉદ્દીરણા સ્થાન બે - આઠ, સાત, સત્તાસ્થાન એક - આઠનું.

૭. *સંજ્ઞી પંચેન્દ્રિય અપર્યાપ્તા* - ગુણસ્થાનક ત્રણ - મિથ્યાત્વ, સાસ્વાદન, અવિરતિ સમ્યગ્દ્રષ્ટિ. યોગ ત્રણ અથવા ચાર અથવા પાંચ - કાર્મણ, ઔદારિકમિશ્ર, વૈક્રિયમિશ્ર, અથવા કાર્મણ, ઔદારિકદ્વિક, વૈક્રિય મિશ્ર અથવા કાર્મણ, ઔદારિદ્વિક, વૈક્રિયદ્વિક. ઉપયોગ આઠ અથવા નવ - ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન, અચક્ષુદર્શન, અવધિદર્શન અથવા ચક્ષુદર્શન સાથે નવ. લેશ્યા છ - બંધસ્થાન બે - આઠ, સાત. ઉદય સ્થાન એક - આઠનું ઉદ્દીરણા - સ્થાન બે - આઠ, સાત. સત્તાસ્થાન એક - આઠનું.

૮. *સૂક્ષ્મ પર્યાપ્તા એકેન્દ્રિય* - ગુણસ્થાનક એક - મિથ્યાત્વ. યોગ એક - ઔદારિકકાયયોગ ઉપયોગ ત્રણ - મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, અચક્ષુદર્શન. લેશ્યા ત્રણ - કૃષ્ણ, નીલ, કાપોત. બંધસ્થાન બે - આઠ, સાત. ઉદય સ્થાન એક - આઠનું ઉદ્દીરણાસ્થાન બે - આઠ, સાત. સત્તાસ્થાન એક - આઠનું.

૯. *બાદર પર્યાપ્તા એકેન્દ્રિય* - ગુણસ્થાનક એક - મિથ્યાત્વ. યોગ - ત્રણ - ઔદારિકકાયયોગ. વૈક્રિયદ્વિક. ઉપયોગ ત્રણ - મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, અચક્ષુદર્શન. લેશ્યા ત્રણ - કૃષ્ણ, નીલ, કાપોત. બંધસ્થાન બે - આઠ, સાત. ઉદયસ્થાન એક - આઠનું. ઉદ્દીરણાસ્થાન બે - આઠ, સાત. સત્તાસ્થાન એક - આઠનું.

૧૦. *બેઈન્દ્રિયપર્યાપ્તા* - ગુણસ્થાનક એક મિથ્યાત્વ. યોગ બે -

ઔદારિક, અસત્યામૃષા વચન. ઉપયોગ ત્રણ - મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, અચક્ષુદર્શન. લેશ્યા ત્રણ - કૃષ્ણ, નીલ, કાપોત, બંધસ્થાન બે - આઠ, સાત. ઉદય સ્થાન એક - આઠનું ઉદીરણા સ્થાન બે - આઠ, સાત. સત્તાસ્થાન એક - આઠનું.

૧૧. *તેઈન્દ્રિયપર્યાપ્તા* - ગુણસ્થાનક એક મિથ્યાત્વ. યોગ બે - ઔદારિક, અસત્યામૃષાવચન. ઉપયોગ ત્રણ - મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, અચક્ષુદર્શન. લેશ્યા ત્રણ - કૃષ્ણ, નીલ, કાપોત. બંધસ્થાન બે - આઠ, સાત. ઉદયસ્થાન એક - આઠનું. ઉદીરણા સ્થાન બે - આઠ, સાત. સત્તા સ્થાન એક - આઠનું.

૧૨. *ચઉરીન્દ્રિય પર્યાપ્તા* - ગુણસ્થાનક એક - મિથ્યાત્વ. યોગ બે - ઔદારિક, અસત્યામૃષાવચન. ઉપયોગ ચાર - મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, અચક્ષુદર્શન, ચક્ષુદર્શન. લેશ્યા ત્રણ - કૃષ્ણ, નીલ, કાપોત. બંધસ્થાન બે - આઠ, સાત. ઉદયસ્થાન એક - આઠ, ઉદીરણાસ્થાન બે - આઠ, સાત. સત્તાસ્થાન એક - આઠનું.

૧૩. *અસંજ્ઞીપંચેન્દ્રિય પર્યાપ્તા* - ગુણસ્થાનક એક - મિથ્યાત્વ. યોગ બે - ઔદારિક, અસત્યામૃષાવચન. ઉપયોગ ચાર - મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, અચક્ષુદર્શન, ચક્ષુદર્શન. લેશ્યા ત્રણ - કૃષ્ણ, નીલ, કાપોત. બંધસ્થાન બે - આઠ, સાત. ઉદયસ્થાન એક - આઠનું. ઉદીરણા સ્થાન બે - આઠ, સાત. સત્તાસ્થાન એક - આઠનું.

૧૪. *સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાત્મા* - ગુણસ્થાનક ચૌદ. યોગ પંદર. ઉપયોગ બાર. લેશ્યા છ. બંધસ્થાન ચાર. ઉદયસ્થાન ત્રણ, ઉદીરણા સ્થાન પાંચ, સત્તા સ્થાન ત્રણ.

**ચૌદ જીવભેદને વિષે માર્ગણાઓનું વર્ણન**

(૧) સૂક્ષ્મ અપર્યાત્મા એકેન્દ્રિય જીવને વિષે ૨૬ માર્ગણાઓ હોય છે. તિર્યંચગતિ, એકેન્દ્રિયજાતિ, પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય, કાયયોગ, નપુંસકવેદ, ચારકષાય, મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, અવિરતિસંયમ, અચક્ષુદર્શન, કૃષ્ણ, નીલ, કાપોતલેશ્યા, ભવ્ય, અભવ્ય,

મિથ્યાત્વ, અસંજ્ઞી, આહારી અને અણાહારી.

(૨) સૂક્ષ્મ પર્યાપ્તા એકેન્દ્રિય જીવને વિષે ૨૫ અથવા ૨૬ માર્ગણા હોય. તિર્યંચગતિ, એકેન્દ્રિયજાતિ, પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય, કાયયોગ, નપુંસકવેદ, ચારકષાય, મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, અવિરતિસંયમ, અચક્ષુદર્શન, કૃષ્ણ, નીલ અને કાપોતલેશ્યા, ભવ્ય, અભવ્ય, મિથ્યાત્વ, અસંજ્ઞી, આહારી અથવા અણાહરી.

પર્યાપ્તા જીવની અપેક્ષાએ શરીર પર્યાપ્તિથી પર્યાપ્ત તરીકે માનીએ તો અણાહારી માર્ગણા ઘટતી નથી. પણ પર્યાપ્તનામ કર્મનો ઉદય વિગ્રહ ગતિથી માનવામાં આવે તો અણાહારી માર્ગણા ઘટી શકે છે.

(૩) બાદર અપર્યાપ્તા એકેન્દ્રિય જીવને વિષે ૨૮ માર્ગણાઓ હોય છે. તિર્યંચગતિ, એકેન્દ્રિયજાતિ, પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય, કાયયોગ, નપુંસકવેદ, ચારકષાય, મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, અવિરતિસંયમ, અચક્ષુદર્શન, કૃષ્ણ, નીલ, કાપોત અને તેજોલેશ્યા, ભવ્ય, અભવ્ય, મિથ્યાત્વ, સાસ્વાદન, અસંજ્ઞી, આહારી અને અણાહારી.

(૪) બાદર પર્યાપ્તા એકેન્દ્રિયને વિષે ૨૫/૨૭ માર્ગણાઓ હોય છે. તિર્યંચગતિ, એકેન્દ્રિયજાતિ, પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય, કાયયોગ, નપુંસકવેદ, ચારકષાય, મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, અવિરતિસંયમ, અચક્ષુદર્શન, કૃષ્ણ, નીલ અને કાપોતલેશ્યા, ભવ્ય, અભવ્ય, મિથ્યાત્વ, અસંજ્ઞી, આહારી અથવા અણાહારી અને સાસ્વાદન.

શરીર પર્યાપ્તિથી પર્યાપ્ત રૂપે જીવ માનવામાં આવે તો અણાહારી અને સાસ્વાદન બે માર્ગણા ઘટતી નથી. જ્યારે પર્યાપ્ત નામ કર્મના ઉદયને આશ્રયીને વિગ્રહ ગતિથી ગણવામાં આવે તો વિગ્રહ ગતિમાં અણાહારી પણું ઘટી શકે છે અને સાસ્વાદન સમકિત લઈને જીવ આવેલો હોય તો શરીર પર્યાપ્તિથી પર્યાપ્ત ન થાય ત્યાં સુધી ઘટી શકે છે.

આગળ બાદર અપર્યાપ્તા એકેન્દ્રિયને વિષે સાસ્વાદનસમકિત જે કહ્યું છે. તે કરણ અપર્યાપ્તા જીવોને આશ્રયીને જાણવું. તેમજ તેજોલેશ્યા જે જણાવેલી છે તે પણ કરણ અપર્યાપ્તા જીવને આશ્રયીને જાણવી.

(૫) બેઈન્દ્રિય અપર્યાપ્તા જીવને આશ્રયીને ૨૩ અથવા ૨૬ માર્ગણા હોય છે. તિર્યંચગતિ, બેઈન્દ્રિયજાતિ. ત્રસકાય, કાયયોગ અથવા વચન યોગ, નપુંસકવેદ, ચારકષાય, મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અથવા મતિ જ્ઞાન, શ્રુતજ્ઞાન અવિરતિસંયમ, અચક્ષુદર્શન, કૃષ્ણ, નીલ અને કાપોતલેશ્યા, ભવ્ય, અભવ્ય, મિથ્યાત્વ, સાસ્વાદન, અસંજ્ઞી આહારી અને આણાહારી.

૧. કરણ અપર્યાપ્તા જીવોને પહેલું અને બીજું ગુણસ્થાનક હોય છે.

૨. આ અપર્યાપ્તા જીવોને તથા લબ્ધિ અપયર્યાપ્તા જીવોને ભાષા પર્યાપ્તિ શરૂ કરતાં કેટલા આચાર્યોના મતે વચનયોગ પણ માનેલો છે.

૩. સિદ્ધાંતના મતે આ જીવોને બીજા ગુણસ્થાનકે જ્ઞાન માનેલું હોવાથી મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન પણ ગણી શકાય છે.

(૬) બેઈન્દ્રિયપર્યાપ્તા જીવને આશ્રયીને ૨૨ અથવા ૨૬ માર્ગણાઓ હોય છે. તિર્યંચગતિ, બેઈન્દ્રિયજાતિ, ત્રસકાય, કાયયોગ, વચનયોગ, નપુંસકવેદ, ચારકષાય, મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, અવિરતિસંયમ, અચક્ષુદર્શન, કૃષ્ણ, નીલ અને કાપોતલેશ્યા, ભવ્ય અભવ્ય, મિથ્યાત્વ, અસંજ્ઞી અને આહારી અથવા આણાહારી, સાસ્વાદન, મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન.

૧. શરીર પર્યાપ્તિથી પર્યાપ્ત રૂપે ગણતરી કરવામાં આવે તો આણાહારી આદિ ચાર માર્ગણાઓ ઘટતી નથી.

૨. વિગ્રહ ગતિથી પર્યાપ્ત નામ કર્મનો ઉદય માનવમાં આવે તો શરીર પર્યાપ્તિથી પર્યાપ્ત ન થાય ત્યાં સુધી સાસ્વાદનસમકિત અને તે સમકિતના કાળમાં બે જ્ઞાન ઘટી શકે છે. અને વિગ્રહ ગતિમાં અણાહારી પણ ઘટી શકે છે.

(૭) તેઈન્દ્રિય અપર્યાપ્તા જીવોને વિષે ૨૩ અથવા ૨૬ માર્ગણાઓ હોય છે. તિર્યંચગતિ, તેઈન્દ્રિયજાતિ, ત્રસકાય, કાયયોગ, અથાવા વચન યોગ, નપુંસકવેદ, ચારકષાય, મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અથવા મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવિરતિસંયમ, અચક્ષુદર્શન, કૃષ્ણ, નીલ અને કાપોતલેશ્યા, ભવ્ય, અભવ્ય, મિથ્યાત્વ, સાસ્વાદન, અસંજ્ઞી, આહારી અને આણાહારી.

૧. કરણ અપર્યાપ્તા જીવોને આશ્રયીને બીજું સાસ્વાદન ગુણસ્થાનક કહેલું છે અને આ ગુણ સ્થાનકે સિદ્ધાંતના મતે આ જીવોને બે જ્ઞાન હોય છે.

૨. આ જીવોને ભાષા પર્યાપ્તિ શરૂ કરે ત્યારથી, કેટલાક આચાર્યોના મતે વચન યોગ માનેલો હોવાથી વચન યોગ કહેલો છે.

(૮) તેઈન્દ્રિયપર્યાપ્તા જીવને વિષે ૨૨ અથવા ૨૬ માર્ગણાઓ હોય છે.

તિર્યંચગતિ, તેઈન્દ્રિયગતિ, ત્રસકાય, કાયયોગ, વચનયોગ, નપુંસકવેદ, ચારકષાય, મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, અવિરતિસંયમ, અચક્ષુદર્શન, કૃષ્ણ, નીલ, કાપોત લેશ્યા, અભવ્ય, મિથ્યાત્વ, અસંજ્ઞી, આહારી અથવા આણાહારી, મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, સાસ્વાદન.

૧. પર્યાપ્ત નામ કર્મનો ઉદય શરીર પર્યાપ્તિથી પર્યાપ્તો થયા બાદ ગણવામાં આવે તો ૨૨ માર્ગણાઓ ઘટે છે.

૨. વિગ્રહ ગતિથી પર્યાપ્ત નામ કર્મનો ઉદય ગણવામાં આવે તો અપર્યાપ્ત અવસ્થાથી ચાર માર્ગણાઓ અધિક કરતાં છવ્વીસ માર્ગણાઓ ઘટે છે.

(૯) ચઉરીન્દ્રિય અપર્યાપ્તા જીવને વિષે ૨૩ અથવા ૨૭ માર્ગણાઓ હોય છે.

તિર્યંચગતિ, ચઉરીન્દ્રિયજાતિ, ત્રસકાય, કાયયોગ, અથવા વચનયોગ, નપુંસકવેદ, ચારકષાય, મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અથવા મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવિરતિસંયમ, અચક્ષુદર્શન અથવા ચક્ષુદર્શન, કૃષ્ણ, નીલ, કાપોતલેશ્યા, ભવ્ય, અભવ્ય, મિથ્યાત્વ, સાસ્વાદન, અસંજ્ઞી, આહારી અને અણાહારી.

૧. કેટલાક આચાર્યોના મતે ઈન્દ્રિય પર્યાપ્તિ પૂરી થતાં ચક્ષુદર્શન માનતા હોવાથી ચક્ષુદર્શન કહેલું છે.

૨. કેટલાક આચાર્યોના મતે લબ્ધિ અપર્યાપ્તા જીવોને ભાષા પર્યાપ્તિ શરૂ કરે ત્યારથી વચનયોગ ગણેલો હોવાથી વચનયોગ કહેલો છે.

૩. સિદ્ધાંતના મતે સાસ્વાદન ગુણસ્થાનકે જ્ઞાન માનેલું હોવાથી મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન કહેલું છે.

૪. સાસ્વાદન ગુણસ્થાનક કરણ અપર્યાપ્તા જીવોને હોય છે.

(૧૦) ચઉરીન્દ્રિય પર્યાપ્તા જીવને વિષે ૨૩ અથવા ૨૭ માર્ગણા હોય છે. તિર્યંચગતિ, ચઉરીન્દ્રિયજાતિ, ત્રસકાય, કાયયોગ, વચનયોગ,

નપુંસકવેદ, ચારકષાય, મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, અવિરતિસંયમ, ચક્ષુ ...ન, અચક્ષુદર્શન, કૃષ્ણ, નીલ, કાપોતલેશ્યા, ભવ્ય, અભવ્ય, મિથ્યાત્... ...સંજ્ઞી, આહારી અથવા અણાહારી, સાસ્વાદન, મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન.

૧. શરીર પર્યાપ્તિથી પર્યાપ્તા જીવોને પર્યાપ્ત નામ કર્મનો ઉદય માનતા ત્રેવીશ માર્ગણા ઘટે છે.

૨. વિગ્રહ ગતિથી પર્યાપ્ત નામ કર્મનો ઉદય કેટલાક આચાર્યોના મતે ગણતા સત્તાવીશ માર્ગણા ઘટે છે.

(૧૧) અસંજ્ઞીપંચેન્દ્રિય અપર્યાપ્તા જીવને વિષે ૨૪ અથવા ૨૮ માર્ગણા હોય છે. તિર્યંચગતિ, મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસકાય, કાયયોગ અથવા વચનયોગ, નપુંસકવેદ, ચારકષાય, મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અથવા મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવિરતિસંયમ, અચક્ષુદર્શન અથવા ચક્ષુદર્શન, કૃષ્ણ, નીલ, કાપોતલેશ્યા, ભવ્ય, અભવ્ય, મિથ્યાત્વ, સાસ્વાદન, અસંજ્ઞી, આહારી અને અણાહારી.

૧. અસંજ્ઞી મનુષ્યો નિયમા લબ્ધિ અપર્યાપ્તા હોય છે. અને પહેલું ગુણસ્થાનક આ જીવોને હોય છે.

૨. અસંજ્ઞીઅપર્યાપ્તા તિર્યંચોને મિથ્યાત્વ અને સાસ્વાદન બે ગુણસ્થાનક હોય છે.

૩. કેટલાક આચાર્યોના મતે ઈન્દ્રિય પર્યાપ્તિ પૂર્ણ થતાં ચક્ષુદર્શન પેદા થાય છે. તેથી ચક્ષુદર્શન કહેલું છે.

૪. કેટલાક આચાર્યોના મતે ભાષા પર્યાપ્તિ શરૂ થતાં વચનયોગ ગણેલો હોવાથી વચનયોગ માનેલો છે.

૫. સિદ્ધાંતના મતે બીજા ગુણસ્થાનકે જ્ઞાન માનેલું હોવાથી મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન કહેલું છે.

(૧૨) અસંજ્ઞીપંચેન્દ્રિય પર્યાપ્તા જીવોને વિષે ૨૩ અથવા ૨૯ માર્ગણા હોય છે. તિર્યંચગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસકાય, કાયયોગ, વચનયોગ, નપુંસકવેદ અથવા ત્રણવેદ, ચારકષાય, મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, અવિરતિસંયમ, ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, કૃષ્ણ, નીલ, કાપોતલેશ્યા, ભવ્ય,

અભવ્ય, મિથ્યાત્વ, અસંજ્ઞી અને આહારી અથવા અણાહારી, મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, સાસ્વાદન.

૧. શરીર પર્યાપ્તિથી પર્યાપ્તિપણું સ્વીકારવાથી ત્રેવીશ માર્ગણાઓ ઘટે છે.

૨. વિગ્રહ ગતિથી પર્યાપ્ત નામ કર્મનો ઉદય માનવાથી ઓગણત્રીશ માર્ગણા ઘટે છે.

૩. કેટલાક આચાર્યોના મતે આ જીવોને નપુંસકવેદનો ઉદય હોવા છતાં લિંગની અપેક્ષાએ ત્રણે વેદનો ઉદય હોય છે. તેથી ત્રણ વેદ ગણાય છે.

(૧૩) સંજ્ઞીપંચેન્દ્રિય અપર્યાપ્તા જીવને વિષે ૪૦ અથવા ૪૧ માર્ગણાઓ હોય છે. ચારગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસકાય, ત્રણયોગ, ત્રણવેદ, ચારકષાય, ત્રણજ્ઞાન, ત્રણઅજ્ઞાન, અવિરતિસંયમ, અચક્ષુદર્શન, અવધિદર્શન અથવા ચક્ષુદર્શન, છલેશ્યા, ભવ્ય, અભવ્ય, મિથ્યાત્વ, સાસ્વાદન, ક્ષાયિક અને ક્ષયોપશમ સમકિત, સંજ્ઞી, આહારી અને અણાહારી.

૧. કેટલાક આચાર્યોના મતે ઈન્દ્રિય પર્યાપ્તિ પૂર્ણ થતાં ચક્ષુદર્શન માનેલો હોવાથી ચક્ષુદર્શન ઘટે છે.

(૧૪) સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા જીવને વિષે પર માર્ગણાઓ હોય છે. ચારગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસકાય, ત્રણયોગ, ત્રણવેદ, ચારકષાય, પાંચજ્ઞાન, ત્રણઅજ્ઞાન, સાત સંયમ, ચારદર્શન, છલેશ્યા, ભવ્ય, અભવ્ય, છ સમકિત, સંજ્ઞી, આહારી અને અણાહારી.

આ રીતે માર્ગણા દ્વાર સમાપ્ત.

**યોગને વિષે જીવભેદનું વર્ણન.**

૧. ઔદારિકકાયયોગ ચૌદ જીવભેદમાં હોય છે. અથવા સાત પર્યાપ્તા જીવભેદમાં હોય છે.જે આચાર્યોના મતે અપર્યાપ્તા અવસ્થામાં મિશ્ર કાયયોગ માનેલો હોય છે તેમના મતે અપર્યાપ્ત અવસ્થામાં ઔદારિકકાયયોગ હોતો નથી.

૨. ઔદારિકમિશ્રકાયયોગ ને વિષે સાત અપર્યાપ્તા અને એક

સંજ્ઞીપર્યાપ્તા એમ આઠ ભેદ હોય છે.

સંજ્ઞીપર્યાપ્તા જીવને વિષે તેરમા ગુણસ્થાનકે કેવલી સમુદ્ઘાત કરતી વખતે ઔદારિકમિશ્રકાયયોગ હોય છે.

૩. વૈક્રિયકાયયોગ - બે અથવા ત્રણ જીવભેદને હોય.

બે જીવભેદ - બાદર પર્યાપ્તા એકેન્દ્રિય (વાઉકાય) અને સંજ્ઞીપર્યાપ્તા.

ત્રણ જીવભેદ - બાદર પર્યાપ્તા એકેન્દ્રિય, સંજ્ઞીપર્યાપ્તા અને અપર્યાપ્તા. કેટલાક આચાર્યોના મતે દેવતા અને નારકીના જીવો શરીર પર્યાપ્તિથી પર્યાપ્ત થાય ત્યારે વૈક્રિયકાયયોગ માનેલો છે. આથી અપર્યાપ્તામાં વૈક્રિયકાયયોગ કહેલો છે.

૪. વૈક્રિયમિશ્રકાયયોગ - બે અથવા ત્રણ જીવભેદને હોય.

બે જીવભેદ - બાદર પર્યાપ્તા એકેન્દ્રિય (વાઉકાય) અને સંજ્ઞીપર્યાપ્તા.

ત્રણ જીવભેદ - બાદર પર્યાપ્તા એકેન્દ્રિય, સંજ્ઞીપર્યાપ્તા અને અપર્યાપ્તા.

બાદર પર્યાપ્તા જીવો જ્યારે વૈક્રિય શરીર કરતાં હોય ત્યારે વૈક્રિય વર્ગણાનાં પુદ્ગલો ઔદારિક શરીરની સાથે મિશ્ર થતાં હોવાથી વૈક્રિયમિશ્રકાયયોગ ગણાય છે. સંજ્ઞીઅપર્યાપ્તા જીવોને દેવતા, નારકી અપર્યાપ્ત અવસ્થામાં રહેલા હોય ત્યારે ગણાય છે. સંજ્ઞીપર્યાપ્તા જીવો વૈક્રિય લબ્ધિથી વૈક્રિય શરીર બનાવતાં હોય અને વૈક્રિય શરીરનું સંહરણ કરતાં હોય ત્યારે ઔદારિક શરીરની સાથે વૈક્રિય વર્ગણાના પુદ્ગલો જે ગ્રહણ કરેલા હોય છે તે મિશ્રતાને પામે છે તેથી વૈક્રિયમિશ્રકાયયોગ ગણાય છે.

૫. આહારકકાયયોગ અને આહારકમિશ્રકાયયોગ - એક જીવભેદમાં હોય છે. સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તો. આ શરીર ચૌદ પૂર્વધર મુનિઓ કરે છે. જ્યારે આહારકશરીર ફેલાવતાં હોય અને બનાવેલું સંહરણ કરતાં હોય ત્યારે ઔદારિકશરીરની સાથે ગ્રહણ કરેલા આહારક વર્ગણાના પુદ્ગલો મિશ્ર રૂપે પરિણામ પામે છે. ત્યારે આહારકમિશ્રકાયયોગ હોય.

૬. કાર્મણકાયયોગમાં આઠ જીવભેદ હોય છે.

સાત અપર્યાપ્તા અને આઠમો સંજ્ઞીપર્યાપ્તો.

અપર્યાપ્તા જીવોને વિગ્રહ ગતિમાં કાર્મણકાયયોગ હોય છે. સંજ્ઞીપર્યાપ્તા

જીવને કેવલજ્ઞાની કેવલી સમુદ્ઘાત કરતાં હોય ત્યારે ત્રીજા, ચોથા અને પાંચમાં સમયે કાર્મણકાયયોગ હોય છે.

૭. મનના ચાર ભેદને વિષે બે જીવભેદ હોય છે.

સંજ્ઞીપર્યાપ્તો અને અસંજ્ઞીપર્યાપ્તો.

સંજ્ઞીઅપર્યાપ્તા જીવને મન પર્યાપ્તિ શરૂ કરે ત્યારથી ગણાય છે.

૮. સત્યવચનયોગ, અસત્યવચનયોગ અને સત્યાસત્યવચનયોગ ને વિષે બે જીવભેદ હોય છે. સંજ્ઞીપર્યાપ્તો અને અસંજ્ઞીઅપર્યાપ્તો.

૯. અસત્યામૃષાવચનયોગને વિષે ૫ અથવા ૧૦ જીવભેદ હોય છે.

બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરીન્દ્રિય, અસંજ્ઞીપંચેન્દ્રિય, સંજ્ઞીપંચેન્દ્રિય - આ પાંચ પર્યાપ્તા તથા પાંચ અપર્યાપ્તા સાથે દસ ભેદ થાય છે.

પાંચ અપર્યાપ્તાને વિષે ભાષા પર્યાપ્તિ શરૂ થતાં વચનયોગ ગણેલો હોવાથી દસ જીવભેદ ગણાય છે.

**ઉપયોગને વિષે જીવભેદનું વર્ણન**

૧. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાનને વિષે બે જીવભેદ હોય છે. સંજ્ઞીપર્યાપ્તા અને સંજ્ઞીઅપર્યાપ્તા.

૨. મનઃપર્યવજ્ઞાન અને કેવલજ્ઞાનને વિષે એક જીવભેદ હોય છે. સંજ્ઞીપર્યાપ્તો.

૩. મતિઅજ્ઞાન અને શ્રુતઅજ્ઞાન વિષે ચૌદ જીવભેદ હોય છે.

૪. વિભંગજ્ઞાનને વિષે બે જીવભેદ હોય છે. - સંજ્ઞીપર્યાપ્તા અને સંજ્ઞીઅપર્યાપ્તા.

૫. ચક્ષુદર્શનને વિષે છેલ્લા ત્રણ પર્યાપ્તા અથવા અપર્યાપ્તા સાથે છ જીવભેદ હોય છે.

ચઉરીન્દ્રિય, અસંજ્ઞીપંચેન્દ્રિય અને સંજ્ઞીપંચેન્દ્રિયપર્યાપ્તા અથવા ત્રણ અપર્યાપ્તા સાથે છ. કેટલાક આચાર્યોના મતે ઈન્દ્રિય પર્યાપ્તિથી પૂર્ણ થાય ત્યારથી ચક્ષુદર્શન ગણાય છે.

૬. અચક્ષુદર્શનને વિષે ચૌદ જીવભેદ હોય છે.

૭. અવધિદર્શનને વિષે બે જીવભેદ હોય છે. સંજ્ઞીપંચેન્દ્રિયપર્યાપ્તા

અને સંજ્ઞીપંચેન્દ્રિયઅપર્યાપ્તા.

૮. કેવલદર્શનને વિષે એક જીવભેદ હોય છે. સંજ્ઞીપર્યાપ્તા.

**લેશ્યાને વિષે જીવભેદનું વર્ણન**

૧. કૃષ્ણ, નીલ અને કાપોત ત્રણ લેશ્યાને વિષે ચૌદ જીવભેદ હોય છે.

૨. તેજોલેશ્યાને વિષે ત્રણ જીવભેદ હોય છે.

(૧) બાદર અપર્યાપ્તા એકેન્દ્રિય, સંજ્ઞીઅપર્યાપ્તા અને સંજ્ઞીપર્યાપ્તા.

૩. પદ્મ અને શુક્લલેશ્યાને વિષે બે જીવભેદ હોય છે.

સંજ્ઞીઅપર્યાપ્તો અને સંજ્ઞીપર્યાપ્તો.

**બંધસ્થાનને વિષે જીવભેદનું વર્ણન**

૧. આઠકર્મનું અને સાતકર્મનું આ બે બંધસ્થાન ચૌદ જીવભેદને હોય છે.

૨. છ કર્મનું અને એક કર્મનું બંધસ્થાન એક જીવભેદને હોય છે. સંજ્ઞીપર્યાપ્તો.

**ઉદયસ્થાનને વિષે જીવભેદનું વર્ણન.**

૧. આઠ કર્મનું ઉદયસ્થાન ચૌદ જીવભેદને હોય છે.

૨. સાતકર્મનું અને ચારકર્મનું ઉદયસ્થાન એક સંજ્ઞીપર્યાપ્તા જીવભેદને હોય છે.

**ઉદ્દીરણાસ્થાનને વિષે જીવસ્થાનકોનું વર્ણન.**

૧. આઠકર્મનું ઉદ્દીરણા અને સાતનું ઉદ્દીરણાસ્થાન ચૌદ જીવભેદને હોય છે.

૨. છ કર્મનું, પાંચ કર્મનું અને બે કર્મનું ઉદ્દીરણાસ્થાન એક સંજ્ઞીપર્યાપ્તાને હોય છે.

**સત્તાસ્થાનોને વેષિ જીવસ્થાનકોનું વર્ણન.**

૧. આઠકર્મનું સત્તાસ્થાન ચૌદ જીવભેદને હોય છે.

૨. સાતકર્મનું અને ચારકર્મનું સત્તા સ્થાન સંજ્ઞીપર્યાપ્તા જીવભેદને હોય છે.

બાસઠ માર્ગણાને વિષે છ દ્વારોનું વર્ણન.

છ દ્વારોનું નામ આ પ્રમાણે - ૧. જીવસ્થાનક ૨. ગુણસ્થાનક ૩. યોગ ૪. ઉપયોગ ૫. લેશ્યા ૬. અલ્પબહુત્વ.

૧. નરકગતિને વિષે ૧. જીવસ્થાનક બે - સંજ્ઞીઅપર્યાપ્તા, સંજ્ઞીપર્યાપ્તા.

(૧) અત્રે અપર્યાપ્તા જીવો જે કહ્યા છે તે અપર્યાપ્તા અવસ્થા કાળની અપેક્ષાએ એટલે કે કરણ અપર્યાપ્તા જીવરૂપે જાણવા.

(૨) આ જીવો અપર્યાપ્ત અવસ્થામાં મરણ પામતાં નથી.

૨. ગુણસ્થાનક ૧ થી ૪ હોય છે. ૧. મિથ્યાત્વ ૨. સાસ્વાદન ૩. મિશ્ર ૪. અવિરતિ સમ્યગ્દ્રષ્ટિ.

(૧) આ જીવોને અપર્યાપ્ત અવસ્થામાં એકથી ત્રણ નારકી સુધી ક્ષયોપશમ અને ક્ષાયિક બે સમકિત હોય છે.

(૨) સિદ્ધાંતના મતે અપર્યાપ્ત અવસ્થામાં ચાર થી છ નારકીમાં એક ક્ષયોપશમ સમકિત હોય છે.

(૩) આ જીવાન અપર્યાપ્ત અવસ્થામાં પહેલું અને ચોથું એમ બે ગુણસ્થાનક હોય છે.

(૪) સાતમી નારકીમાં અપર્યાપ્ત અવસ્થામાં પહેલું ગુણસ્થાનક હોય છે.

(૫) એકથી ત્રણ નારકીને વિષે પર્યાપ્તા જીવોને ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક ત્રણે સમકિત હોય છે.

(૬) ચારથી સાત નારકીને વિષે પર્યાપ્તા જીવોને ઉપશમ અને ક્ષયોપશમ બે સમકિત હોય છે.

૩. યોગ દ્વાર - અગ્યાર યોગ હોય છે. ચારમનના, ચારવચનના, વૈક્રિયકાયયોગ, વૈક્રિયમિશ્રકાયયોગ અને કાર્મણકાયયોગ.

(૧) આ જીવોને અપર્યાપ્ત અવસ્થામાં કાર્મણકાયયોગ અને વૈક્રિયમિશ્રકાયયોગ હોય છે.

(૨) આ જીવો શરીર પર્યાપ્તિથી પર્યાપ્ત થાય ત્યારે વૈક્રિયકાયયોગ કેટલાક આચાર્યોના મતે હોય છે. અથવા સંપૂર્ણ પર્યાપ્તિથી પર્યાપ્તો થાય ત્યારે

વૈક્રિયકાયયોગ હોય છે.

(૩) આ જીવો પર્યાપ્ત થયા બાદ ઉત્તર વૈક્રિયશરીર કરે ત્યારે વૈક્રિયકાયયોગ હોય છે.

૪. ઉપયોગ દ્વાર - નવ ઉપયોગ હોય છે. ૧. મતિઅજ્ઞાન ૨. શ્રુતઅજ્ઞાન ૩. વિભંગજ્ઞાન ૪. મતિજ્ઞાન ૫. શ્રુતજ્ઞાન ૬. અવધિજ્ઞાન ૭. ચક્ષુદર્શન ૮. અચક્ષુદર્શન ૯. અવધિદર્શન.

(૧) ૧લા ગુણસ્થાનકે આ જીવોને ત્રણ સ્થાન અને ચક્ષુ - અચક્ષુ બે દર્શન એમ પાંચ ઉપયોગ હોય છે.

(૨) બીજા ગુણસ્થાનકે ત્રણ અજ્ઞાન અને બે દર્શન હોય છે.

(૩) ત્રીજા ગુણસ્થાનકે ત્રણ અજ્ઞાન, ત્રણ જ્ઞાન અને ત્રણ દર્શન એમ નવ અથવા ત્રણ અજ્ઞાન, ત્રણ જ્ઞાન અને બે દર્શન એમ આઠ ઉપયોગ પણ હોય છે.

૧. જે જીવો આ ગુણસ્થાનકે મિથ્યાત્વની સન્મુખ રહેલા હોય તેને ત્રણ અજ્ઞાન અને બે દર્શન હોય છે. અને સમ્યક્ત્વ સન્મુખ હોય તો ત્રણ જ્ઞાન અને બે દર્શન અથવા ત્રણ જ્ઞાન અને ત્રણ દર્શન અને પાંચ અથવા છ ઉપયોગ હોય છે.

૨. સિદ્ધાંતના મતે અવધિદર્શન ત્રીજા ગુણસ્થાનકથી માનેલું હોવાથી ત્રીજા ગુણસ્થાનકે પણ અવધિદર્શન હોય છે.

(૪) ચોથા ગુણસ્થાનકે છ ઉપયોગ હોય છે. ત્રણ જ્ઞાન અને ત્રણ દર્શન.

૫. લેશ્યા દ્વાર - આ જીવોને કૃષ્ણ, નીલ અને કાપોત ત્રણ લેશ્યા હોય છે.

(૧) ૧લી અને ૨જી નારકીને વિષે કાપોતલેશ્યા હોય છે.

(૨) ૩જી નારકીને વિષે જઘન્ય આયુષ્ય + પલ્યોપમનાં અસંખ્યાતમાં ભાગ જેટલા અધિક આયુષ્ય વાળા જીવોને કાપોતલેશ્યા હોય છે, બાકીના આયુષ્યવાળા જીવોને નીલલેશ્યા હોય છે.

(૩) ચોથી નારકીમાં રહેલા જીવોને નીલલેશ્યા હોય છે.

(૪) પાંચમી નારકીમાં રહેલા જીવોને જઘન્ય આયુષ્ય સુધી નીલલેશ્યા

હોય છે. અને બાકીનાં આયુષ્યવાળા જીવોને કૃષ્ણલેશ્યા હોય છે.

(૫) છઠ્ઠી અને સાતમી નારકીમાં કૃષ્ણલેશ્યા હોય છે.

૨. તિર્યંચગતિને વિષે - (૧) જીવસ્થાનક દ્વાર - ચૌદ જીવભેદ હોય છે.

(૨) ગુણસ્થાનક દ્વાર - ૧ થી ૫ ગુણસ્થાનક હોય છે.

૧. મિથ્યાત્વ ૨. સાસ્વાદન ૩. મિશ્ર ૪. અવિરતિ સમ્યગ્દ્રષ્ટિ ૫. દેશવિરતિ.

(૧) અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા યુગલિક તિર્યંચોને ૧ થી ૪ ગુણસ્થાનક હોય છે.

(૨) સંખ્યાત વર્ષના આયુષ્યવાળા જીવોને ૧ થી ૫ ગુણસ્થાનક હોય છે.

(૩) સંખ્યાત અને અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા કરણ અપર્યાપ્તા જીવોને પહેલું, બીજું અને ચોથું એમ ત્રણ ગુણસ્થાનક હોય છે.

(૪) લબ્ધિ અપર્યાપ્તા જીવોને નિયમા પહેલું ગુણસ્થાનક હોય છે.

(૫) અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા યુગલિક તિર્યંચોને વિષે ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક ત્રણે સમકિત હોય છે.

(૬) સંખ્યાત વર્ષના આયુષ્યવાળા તિર્યંચોને વિષે ઉપશમ અને ક્ષયોપશમ બે સમકિત હોય છે.

૩. યોગ દ્વાર - તેર યોગ હોય છે. ચાર મનનાં, ચાર વચનનાં, ઔદારિકકાયયોગ, ઔદારિકમિશ્રકાયયોગ, વૈક્રિયકાયયોગ, વૈક્રિયમિશ્ર કાયયોગ અને કાર્મણકાયયોગ.

(૧) સામાન્ય રીતે મોટાભાગના તિર્યંચ જીવોને અસત્યામૃષાવચનયોગ અને અસત્યામૃષામનયોગ હોય છે. પણ ચાર મનના અને ચાર વચનના ભેદ હોતા નથી.

(૨) જે સંજ્ઞી પંચેન્દ્રિય જીવો જાતિસ્મરણવાળા હોય અને પૂર્વ ભવનું જોતાં પૂર્વનું એટલે આગલા ભવનું ભણેલું જ્ઞાન યાદ આવી જાય અથવા સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય તેવા જીવોને ચાર મનના અને ચાર વચનના યોગ

હોય છે. આ વાતની સ્પષ્ટતા શ્રીપન્નવણા સૂત્રમાં જણાવેલી છે.

(૩) ઔદારિકમિશ્રકાયયોગ અપર્યાપ્ત અવસ્થામાં કેટલાક આચાર્યોના મતે શરીર પર્યાપ્તિથી પર્યાપ્તો ન થાય ત્યાં સુધી હોય અને કેટલાક આચાર્યોના મતે સર્વ પર્યાપ્તિથી પર્યાપ્તો ન થાય ત્યાં સુધી હોય છે.

(૪) વૈક્રિયમિશ્રકાય યોગ સંખ્યાત વર્ષના આયુષ્યવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચો વૈક્રિય લબ્ધિથી વૈક્રિય શરીર બનાવતાં હોય ત્યારે અને તેનું સંહરણ કરતાં હોય ત્યારે વૈક્રિયમિશ્રકાયયોગ હોય છે.

(૫) વૈક્રિયકાયયોગ સંખ્યાત વર્ષના આયુષ્યવાળા સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા, વૈક્રિય લબ્ધિથી વૈક્રિય શરીર પર્યાપ્ત કરતાં જીવોને હોય છે.

૪. ઉપયોગ દ્વાર - ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન અને ત્રણ દર્શન એમ નવ ઉપયોગ હોય છે.

૧. પહેલા અને બીજા ગુણસ્થાનકે ત્રણ અજ્ઞાન અને બે દર્શન હોય છે.

૨. ત્રીજા ગુણસ્થાનકે ત્રણ અજ્ઞાન, ત્રણ જ્ઞાન અને બે દર્શન અથવા ત્રણ અજ્ઞાન, ત્રણ જ્ઞાન અને ત્રણ દર્શન હોય છે.

૩. જે જીવો મિથ્યાત્વની સન્મુખ થયેલા હોય તેઓને ત્રણ અજ્ઞાન અને બે દર્શન હોય છે.

૪. જે જીવો સમકિતની સન્મુખ થયેલા હોય તેઓને ત્રણ જ્ઞાન અને બે દર્શન અથવા ત્રણ દર્શન હોય છે.

૫. સિદ્ધાંતના મતે ત્રીજા ગુણસ્થાનકથી અવધિદર્શન માનેલું હોવાથી અત્રે કહેલું છે.

૬. ચોથા અને પાંચમા ગુણસ્થાનકે ત્રણ જ્ઞાન અને ત્રણ દર્શન હોય છે.

૭. અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા તિર્યંચોને વિષે ચોથા ગુણસ્થાનકે ત્રણ જ્ઞાન અને બે દર્શન હોય છે. અને પહેલા, બીજા ગુણસ્થાનકે બે અજ્ઞાન અને બે દર્શન હોય છે.

૮. ત્રીજા ગુણસ્થાનકે આ જીવો મિથ્યાત્વની સન્મુખ હોય તો બે

અજ્ઞાન અને બે દર્શન હોય અને સમ્યક્ત્વની સન્મુખ હોય તો બે જ્ઞાન અને બે દર્શન હોય છે.

૫. લેશ્યા દ્વાર - છ લેશ્યા હોય છે.

**મનુષ્યગતિને વિષે જીવસ્થાનાદિનું વર્ણન**

૧. જીવભેદ - ૩. અસંજ્ઞીપંચેન્દ્રિય અપર્યાપ્તા મનુષ્યો, સંજ્ઞી પંચેન્દ્રિય અપર્યાપ્તા મનુષ્યો અને સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા મનુષ્યો.

૨. ગુણસ્થાનક - ૧૪.

૩. યોગ - ૧૫ અસંજ્ઞીઅપર્યાપ્તા જીવોને કાર્મણકાયયોગ, ઔદારિકમિશ્રકાયયોગ, ઔદારિકકાયયોગ, અને અસત્યામૃષાવચનયોગ એમ ચાર યોગ હોય છે.

શરીર પર્યાપ્તિથી પર્યાપ્તા થયેલા જીવને ઔદારિકકાયયોગની શરૂઆત થાય છે.

ભાષા પર્યાપ્તિની શરૂઆત થતાં અસત્યામૃષાવચનયોગની શરૂઆત થાય છે.

સંજ્ઞીપર્યાપ્તા જીવને વિષે ઔદારિકમિશ્રકાયયોગ તેરમા ગુણસ્થાનકે રહેલા કેવલી ભગવંતો કેવલી સમુદ્ઘાત કરે ત્યારે બીજા અને સાતમા સમયે ઔદારિકમિશ્રકાયયોગ હોય છે તથા બીજા, ચોથા અને પાંચમા સમયે કાર્મણકાયયોગ હોય છે. વૈક્રિય લબ્ધિવાળા મનુષ્યો વૈક્રિય શરીર કરે ત્યારે વૈક્રિયમિશ્રકાયયોગ હોય છે. આહારક લબ્ધિવાલા મનુષ્યો આહારક શરીર કરે ત્યારે આહારકમિશ્રકાયયોગ હોય છે.

૪. ઉપયોગ દ્વાર - ૧૨

૫. લેશ્યા - ૬. અસંજ્ઞીપંચેન્દ્રિય અપર્યાપ્તા મનુષ્યો તથા લબ્ધિ અપર્યાપ્તા સંજ્ઞી મનુષ્યને પહેલી ત્રણ લેશ્યા હોય છે. બાકીના મનુષ્યોને છ લેશ્યા હોય છે.

**દેવગતિને વિષે જીવસ્થાનાદિનું વર્ણન.**

૧. જીવભેદ - ૨. સંજ્ઞીઅપર્યાપ્તો, સંજ્ઞીપર્યાપ્તો.

૨. ગુણસ્થાનક -૪ ૧. મિથ્યાત્વ, ૨. સાસ્વાદન, ૩. મિશ્ર, ૪.

અવિરતિ, સમ્યગ્દ્રષ્ટિ.

૩. યોગ - ૧૧. ૪ મનના ૪ વચનના, વૈક્રિયકાયયોગ, વૈક્રિયમિશ્ર કાયયોગ અને કાર્મણકાયયોગ.

કાર્મણકાયયોગ અપર્યાપ્તા અવસ્થામાં હોય છે. વૈક્રિયમિશ્રકાયયોગ અપર્યાપ્તા અવસ્થામાં તથા ઉત્તરવૈક્રિયશરીર કરતાં હોય છે ત્યારે હોય છે.

૪. ઉપયોગ - ૯. ૩ જ્ઞાન, ૩ અજ્ઞાન, ૩ દર્શન.

અપર્યાપ્ત અવસ્થામાં મિથ્યાદ્રષ્ટિ દેવોને ત્રણ અજ્ઞાન અને બે દર્શન હોય છે.

સમ્યગ્દ્રષ્ટિ દેવોને ત્રણ જ્ઞાન, ત્રણ દર્શન હોય છે. ત્રીજા ગુણસ્થાનકે મિથ્યાત્વની સન્મુખ રહેલા જીવોને ત્રણ અજ્ઞાન, બે દર્શન અથવા સિદ્ધાંતના મતે અવધિદર્શન માનેલું હોવાથી ત્રણ દર્શન ગણાય છે. અને સમ્યક્ત્વની અભિમુખ રહેલો જીવ હોય તો ત્રણ જ્ઞાન, બે દર્શન, અથવા ત્રણ દર્શન હોય છે.

૫. લેશ્યા દ્વાર - ૬. ભવનપતિ, વ્યંતર દેવોને એક થી ચાર લેશ્યા હોય છે. જ્યોતિષી, વૈમાનિકનો પહેલો, બીજો દેવલોક અને પહેલા કિલ્બીષિયાને એક તેજોલેશ્યા હોય છે. ત્રીજા દેવલોકથી છઠ્ઠા દેવલોક સુધી પદ્મલેશ્યા હોય છે. સાતમા દેવલોકથી અનુત્તર સુધીના દેવોને એક શુક્લલેશ્યા હોય છે.

કેટલાક આચાર્યોના મતે સાતમા અને આઠમા દેવલોકે જે શુક્લલેશ્યા કહેલી છે તે પદ્મલેશ્યા જેવી જાણવી. કારણ કે શુક્લલેશ્યામાં આ આચાર્ય ભગવંતો તિર્યંચગતિનો બંધ માનતા નથી. આથી દ્રવ્યથી શુક્લલેશ્યા હોવા છતાં પદ્મલેશ્યા જેવી ગણે છે. આઠમા દેવલોક સુધી તિર્યંચગતિને તિર્યંચ આયુષ્ય બંધમાં કહેલું છે તેથી આ પ્રમાણે કહ્યું છે.

કેટલાક આચાર્યો શુક્લલેશ્યામાં તિર્યંચગતિને તિર્યંચ આયુષ્યનો બંધ માને છે તેથી દેવલોકનાં દેવતાઓ આઠમા દેવલોક સુધી તિર્યંચગતિને તિર્યંચ આયુષ્ય બાંધતા હોવાથી તેમના મતે શુક્લલેશ્યા ઘટી શકે છે.

આ દરેક દેવોને જે લેશ્યાઓ જણાવી તે દ્રવ્યથી જાણવી. ભાવથી દરેક

દેવ અને નારકીને છએ લેશ્યામાંથી કોઈપણ લેશ્યા હોઈ શકે છે. આ કારણથી દેવતા અને નારકીના જીવો જ્યારે સૌ પ્રથમ સમકિતની પ્રાપ્તિ કરે ત્યારે શુભલેશ્યામાં જ કરે છે. તે શુભલેશ્યાભાવથી જાણવી.

(૧) સઘળાયે તિર્યંચોને અને સઘળાયે મનુષ્યોને જે વખતે જે લેશ્યા હોય છે તે દવ્ય અનેભાવથી એક સરખી હોય છે.

**ચારે ગતિને આશ્રયીને અલ્પ બહુત્વનું વર્ણન.**

સૌથી ઓછા જીવો મનુષ્યગતિવાળા હોય છે. ગર્ભજ પર્યાપ્તા - અપર્યાપ્તા મનુષ્યની વિવક્ષાથી વિચારણા કરીએ તો ઓગણત્રીશ આંક જેટલી સંખ્યા મનુષ્યોની હોવાથી સંખ્યાતા મનુષ્યો ગણાય છે. અને સમૂર્ચ્છિમ મનુષ્યોની સંખ્યા ભેગી કરીને વિચારણા કરીએ તો અસંખ્યાતા મનુષ્યોના જીવો થઈ શકે છે. સમૂર્ચ્છિમ મનુષ્યો સદા માટે ઉત્પન્ન થાય જ એવો નિયમ હોતો નથી વધારેમાં વધારે સમૂર્ચ્છિમ મનુષ્યો જગતમાં એકે ન હોય એવો કાળ ચોવીસ મુહૂર્તનો હોય છે. એટલે કે ચોવીસ મૂહૂર્ત સુધી આ મનુષ્યનો વિરહકાળ ગણાય છે. વિરહકાળ બાદ જ્યારે ઉત્પન્ન થાય ત્યારે કોઈવાર એક, કોઈવાર બે યાવત્ કોઈવાર સંખ્યાતા કે અસંખ્યાતા એક સાથે ઉત્પન્ન થઈ શકે છે. આથી જ્યારે અસંખ્યાતા વિદ્યમાન હોય ત્યારની ગણતરીની વિવક્ષા કરીએ તો સૌથી થોડામાં અસંખ્યાતા મનુષ્યો ગણાય છે. તેના કરતાં નારકીના જીવો અસંખ્યાતાગુણા અધિક હોય છે. કારણ કે મનુષ્યને ઉત્પન્ન થવાનું ક્ષેત્ર પિસ્તાલીસ લાખ યોજન જેટલું હોય છે. જ્યારે નારકીને ઉત્પન્ન થવાનું ક્ષેત્ર અસંખ્યાતા કોટાકોટિ યોજન પહોળાઈવાળા એક રાજ યોજનને વિષે સાતે પૃથ્વીમાં એક સાથે એક, બે, સંખ્યાતા કે અસંખ્યાતા ઉત્પન્ન થઈ શકે છે. તથા મનુષ્ય કરતાં આયુષ્ય પણ લાંબુ હોવાથી અસંખ્યાતાગુણા અધિક નારકીના જીવો સદા માટે હોઈ શકે છે. અને કોઈ કાળે સાતે નારકીમાંથી એકે નારકીમાં નારકી રૂપે જીવ ઉત્પન્ન ન થાય તો ચોવીસ મુહૂર્ત સુધી થતાં નથી.

તેના કરતાં દેવતાના જીવો અસંખ્યાતગુણા અધિક હોય છે.

નારકીને વિષે સાતે નારકીને આશ્રયીને સૌથી વધારે નારકીનાં જીવો

પહેલી નારકીમાં દક્ષિણ દિશામાં હોય છે. તેનાથી અસંખ્યાતગુણા અધિક વૈમાનિકના દેવો હોય છે. તેનાથી સૌથી વધારે દેવોની સંખ્યા જ્યોતિષિ દેવોની ગણાય છે. આ દેવોની સંખ્યા કરતાં એક જ્યોતિષિ વિમાનમાં દેવીઓની સંખ્યા બત્રીશ ગુણી અધિક + બત્રીશ હોય છે. આ કારણથી દેવોની સંખ્યા અસંખ્યાત ગુણી કહેલી છે.

તેના કરતાં તિર્યંચગતિમાં રહેલા જીવોની સંખ્યા અનંતગુણી અધિક હોય છે. કારણ કે નિગોદના જીવો પણ તિર્યંચગતિમાં ગણાય છે. એક શરીરમાં અનંતા જીવો રહેલા હોય છે તેથી અનંતગુણ અધિક થઈ શકે છે.

પંચેન્દ્રિય તિર્યંચ જીવોની અપેક્ષાએ, દેવોની સંખ્યા કરતાં પંચેન્દ્રિય તિર્યંચો અસંખ્યાતગુણા અધિક હોય છે. કારણકે આ જીવો મરીને આઠમા દેવલોક સુધી ઉત્પન્ન થઈ શકે છે અને તે દરેક દેવલોકના વિમાનમાં રહેલા દેવોની સંખ્યા અસંખ્યાતી અસંખ્યાતી હોય છે. એ સંખ્યા પંચેન્દ્રિય તિર્યંચો પૂર્ણ કરે છે. આથી દેવોની સંખ્યા કરતાં અસંખ્યાત ગુણી અધિક હોય તો તે સંખ્યાને પૂર્ણ કરી શકે. તેથી અસંખ્યાતગુણા અધિક હોય છે.

**ઈન્દ્રિય માર્ગણાને વિષે જીવસ્થાનક આદિ દ્વારોનું વર્ણન**

૧. એકેન્દ્રિય માર્ગણા = જીવભેદ - ૪. ૧. સૂક્ષ્મઅપર્યાપ્તા ૨. બાદર અપર્યાપ્તા ૩. સૂક્ષ્મપર્યાપ્તા ૪. બાદરપર્યાપ્તા.

ગુણસ્થાનક - ૨. મિથ્યાત્વ, સાસ્વાદન.

સિદ્ધાંતના મતે આ જીવોને એક મિથ્યાત્વ ગુણસ્થાનક હોય છે. કાર્મગ્રંથિક મતે બે ગુણસ્થાનક હોય છે. તેમાં બીજું ગુણસ્થાનક કરણ અપર્યાપ્તા જીવોને શરીર પર્યાપ્તિથી પર્યાપ્ત ન થાય ત્યાં સુધી હોય છે. ત્યાર બાદ દરેક જીવોને પહેલું મિથ્યાત્વ ગુણસ્થાનક હોય છે.

યોગ - ૫. ૧. કાર્મણકાયયોગ ૨. ઔદારિકમિશ્ર ૩. ઔદારિક કાયયોગ ૪. વૈક્રિયમિશ્ર ૫. વૈક્રિયકાયયોગ.

(૧) અપર્યાપ્ત અવસ્થામાં કાર્મણ અને ઔદારિકમિશ્રકાયયોગ હોય છે એટલે કે વિગ્રહ ગતિમાં કાર્મણકાયયોગ અને જેટલી પર્યાપ્તિઓ કહેલી છે

તે પૂર્ણ ન કરે ત્યાં સુધી ઔદારિકમિશ્રકાયયોગ કેટલાક આચાર્યોના મતે હોય છે. તથા કેટલાક આચાર્યોના મતે શરીર પર્યાપ્તિથી પર્યાપ્ત થાય ત્યાં સુધી ઔદારિકમિશ્રકાયયોગ હોય છે. અને શરીર પર્યાપ્તિથી પર્યાપ્ત થયા બાદ એક ઔદારિકકાયયોગ હોય છે.

(૨) બાદર પર્યાપ્તા વાઉકાય જીવોમાંથી કેટલાક વાઉકાય જીવો જ્યારે વૈક્રિય શરીર કરતા હોય ત્યારે ઔદારિકની સાથે વક્રિયના પુદ્ગલો મિશ્રણ થતાં વૈક્રિયમિશ્રકાયયોગ હોય અને ત્યાર પછી વૈક્રિયકાયયોગ હોય.

ઉપયોગ - ૩ (૧) મતિઅજ્ઞાન (૨) શ્રુતઅજ્ઞાન (૩) અચક્ષુદર્શન.

લેશ્યા - ૪. ૧. કૃષ્ણ ૨. નીલ ૩. કાપોત ૪. તેજો.

(૧) જ્યોતિષિઅને વૈમાનિકના પહેલા, બીજા દેવલોકના દેવો મરીને એકેન્દ્રિયમાં ઉત્પન્ન થાય ત્યારે એક અંતર્મુહૂર્ત સુધી એટલે કે શરીર પર્યાપ્તિથી પર્યાપ્ત ન થાય ત્યાં સુધી તેજોલેશ્યા હોય છે. બાકીના જીવોને પહેલી ત્રણ લેશ્યામાંથી કોઈપણ લેશ્યા હોઈ શકે છે.

બેઈન્દ્રિય = જીવભેદ - ૨. ૧. અપર્યાપ્તા બેઈન્દ્રિય ૨. પર્યાપ્તા બેઈન્દ્રિય. ગુણસ્થાનક - ૨ ૧. મિથ્યાત્વ ૨. સાસ્વાદન.

(૧) કાર્મગ્રંથિક મતે બીજું ગુણસ્થાનક મિથ્યાત્વની સન્મુખ ગણાતું હોવાથી આ ગુણસ્થાનકે અજ્ઞાન માનેલું હોય છે.

(૨) સિદ્ધાંતના મતે ચોથા ગુણસ્થાનકથી જીવ આ ગુણસ્થાનકે આવેલો હોવાથી જ્ઞાનનો અંશ રહેલો માનતા હોવાથી જ્ઞાન માને છે.

યોગ - ૪ (૧) કાર્મણકાયયોગ (૨) ઔદારિકમિશ્ર (૩) ઔદારિકકાયયોગ (૪) અસત્યામૃષાવચનયોગ.

વિગ્રહગતિમાં રહેલા જીવોને કાર્મણકાયયોગ. ત્યાર પછી જેટલી પર્યાપ્તિઓ કહેલી છે તે પૂર્ણ ન થાય ત્યાં સુધી ઔદારિકમિશ્રકાયયોગ હોય છે. કેટલાક આચાર્યોના મતે શરીર પર્યાપ્તિથી પર્યાપ્ત ન થાય ત્યાં સુધી ઔદારિકમિશ્રકાયયોગ હોય છે. પર્યાપ્તાને ઔદારિકકાયોગ હોય, અને ભાષા પર્યાપ્તિ શરૂ કરે ત્યારથી, અસત્યામૃષાવચનયોગ હોય છે.

ઉપયોગ = ૩. મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, અચક્ષુદર્શન અથવા

સિદ્ધાંતના મતે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન સાસ્વાદન ગુણસ્થાનકે રહેલા જીવોને તથા અચક્ષુદર્શન અને મિથ્યાત્વ ગુણસ્થાનકે મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, અચક્ષુદર્શન. લેશ્યા - ૩. ૧. કૃષ્ણ ૨. નીલ ૩. કાપોત.

(૧) ચારે નિકાયના દેવતાઓ વિકલેન્દ્રિયપણાનું આયુષ્ય બાંધતા ન હોવાથી તેજોલેશ્યા લઈને ઉત્પન્ન થતાં ન હોવાથી આ માર્ગણામાં તેજોલેશ્યા કહી નથી. તથા મનુષ્ય અને તિર્યંચો શુભલેશ્યામાં વિકલેન્દ્રિયનું આયુષ્ય બાંધતા ન હોવાથી આ જીવો તેજોલેશ્યા લઈને વિકલેન્દ્રિયમાં ઉત્પન્ન થતાં નથી.

તેઈન્દ્રિય = જીવભેદ ૨. (૧) અપર્યાપ્તા તેઈન્દ્રિય (૨) પર્યાપ્તા તેઈન્દ્રિય.

ગુણસ્થાનક - ૨. (૧) મિથ્યાત્વ (૨) સાસ્વાદન.

યોગ - ૪. (૧) કાર્મણકાયયોગ (૨) ઔદારિકમિશ્ર (૩) ઔદારિક કાયયોગ અને (૪) અસત્યામૃષાવચનયોગ.

૧. વિગ્રહગતિમાં કાર્મણકાયયોગ હોય ત્યાર બાદ જેટલી પર્યાપ્તિઓ કહેલી છે તે પર્યાપ્તિઓ પૂર્ણ ન કરે ત્યાં સુધી ઔદારિકમિશ્રકાયયોગ. કેટલાક આચાર્યોના મતે શરીર પર્યાપ્તિથી પર્યાપ્ત ન થાય ત્યાં સુધી ઔદારિકમિશ્રકાયયોગ. પર્યાપ્તા જીવોને ઔદારિકકાયયોગ અને ભાષાપર્યાપ્તિ શરૂ કરે ત્યારથી અસત્યામૃષાવચનયોગ હોય છે.

ઉપયોગ - ૩ અથવા ૫. (૧) મતિઅજ્ઞાન (૨) શ્રુતઅજ્ઞાન (૩) અચક્ષુદર્શન અથવા મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન સાથે પાંચ.

૧. કાર્મગ્રંથિક મતે બીજું ગુણસ્થાનક મિથ્યાત્વની સન્મુખ રૂપે હોવાથી આ ગુણસ્થાનકે અજ્ઞાન માને છે.

૨. સિદ્ધાંતના મતે ચોથા ગુણસ્થાનકથી ઉપશમ સમકિતી જીવ આ ગુણસ્થાનકે આવતો હોવાથી જ્ઞાનનો આસ્વાદ રહેતો હોવાથી જ્ઞાન માને છે.

લેશ્યા - ૩. (૧) કૃષ્ણ (૨) નીલ (૩) કાપોત.

મનુષ્ય અને તિર્યંચો શુભલેશ્યામાં વિકલેન્દ્રિયપણાનું આયુષ્ય બાંધતાં

ન હોવાથી આ જીવોને શુભલેશ્યા હોતી નથી.

ચઉરીન્દ્રિય માર્ગણા = જીવભેદ - ૨. (૧) અપર્યાપ્તા ચઉરીન્દ્રિય (૨) પર્યાપ્તા ચઉરીન્દ્રિય

ગુણસ્થાનક = ૨ (૧) મિથ્યાત્વ (૨) સાસ્વાદન.

યોગ - ૪ (૧) કાર્મણકાયયોગ (૨) ઔદારિકમિશ્ર (૩) ઔદારિકકાયયોગ અને (૪) અસત્યામૃષાવચનયોગ.

વિગ્રહગતિમાં કાર્મણકાયયોગ હોય ત્યારબાદ જ્યાં સુધી સંપૂર્ણ પર્યાપ્તિથી પર્યાપ્તો ન થાય ત્યાં સુધી અથવા શરીર પર્યાપ્તિથી પર્યાપ્તો ન થાય ત્યાં સુધી ઔદારિકમિશ્રકાયયોગ હોય. પર્યાપ્તા જીવને ઔદારિકકાયયોગ અને ભાષા પર્યાપ્તિ શરૂ કરે ત્યારથી અસત્યામૃષાવચનયોગ હોય છે.

ઉપયોગ - ૪ અથવા ૬ (૧) મતિઅજ્ઞાન (૨) શ્રુતઅજ્ઞાન (૩) અચક્ષુદર્શન (૪) ચક્ષુદર્શન અથવા (૫) મતિજ્ઞાન (૬) શ્રુતજ્ઞાન સાથે છ.

(૧) સિધ્ધાંતના મતે બીજા ગુણસ્થાનકે જ્ઞાન માનેલું હોવાથી છ ઉપયોગ હોય છે.

(૨) કાર્મગ્રંથિક મતે બીજા ગુણસ્થાનકે અજ્ઞાન માનેલું હોવાથી ચાર ઉપયોગ હોય છે.

લેશ્યા-૩ (૧) કૃષ્ણ (૨) નીલ (૩) કાપોત.

તિર્યંચ અને મનુષ્યો શુભલેશ્યામાં વિકલેન્દ્રિયપણાનું આયુષ્ય બાંધતા નથી તેમજ શુભલેશ્યા લઈને વિકલેન્દ્રિયપણામાં ઉત્પન્ન થતાં ન હોવાથી આ જીવોને શુભલેશ્યા હોતી નથી.

પંચેન્દ્રિય માર્ગણા = જીવભેદ - (૪) (૧) અસંજ્ઞીપંચેન્દ્રિયઅપર્યાપ્તા (૨) અસંજ્ઞીપંચેન્દ્રિયપર્યાપ્તા (૩) સંજ્ઞીપંચેન્દ્રિયઅપર્યાપ્તા (૪) સંજ્ઞી પંચેન્દ્રિયપર્યાપ્તા.

ગુણસ્થાનક - ૧૪ યોગ ૧૫. ઉપયોગ - ૧૨ લેશ્યા - ૬

(૧) અપર્યાપ્તા અવસ્થામાં કાર્મણ અને ઔદારિકમિશ્રકાયયોગ તેમજ કેવલી સમુદ્ઘાતમાં આ યોગ હોય છે.

(૨) વૈક્રિયમિશ્રકાયયોગ અપર્યાપ્તા અવસ્થામાં તેમજ ઉત્તરવૈક્રિયશરીર

કરતાં પર્યાપ્તા જીવોને હોય છે.

(૩) આહારકમિશ્રકાયયોગ ચૌદ પૂર્વધર મુનિઓ આહારક ઋદ્ધિથી આહારકશરીર કરતાં હોય ત્યારે હોય છે.

(૪) ચાર મનના અને ચાર વચનના યોગ સંજ્ઞીપર્યાપ્તા જીવને હોય છે.

(૫) અસત્યામૃષાવચનયોગ અસંજ્ઞી જીવોને પણ હોય છે.

(૬) સમાકિતી જીવોને જ્ઞાન હોય છે. સર્વવિરતિ જીવોને મનઃપર્યવજ્ઞાન પણ હોઈ શકે છે. ઘાતી કર્મના ક્ષયે જીવોને કેવલજ્ઞાન હોય છે.

(૭) શુભલેશ્યામાં વિદ્યમાન જીવ તથા જ્ઞાનના ઉપયોગમાં વિદ્યમાન જીવ સમ્યક્ત્વની પ્રાપ્તિ કરી શકે છે.

*અલ્પબહુત્વ* - પંચેન્દ્રિય જીવો સૌથી થોડા હોય છે. થોડા એટલે અસંખ્યાતા હોય છે. કારણકે ચારે ગતિના સંજ્ઞી જીવો એક મનુષ્યગતિ સિવાય ત્રણેગતિમાં ભિન્ન ભિન્ન અસંખ્યાતા હોય છે. સંજ્ઞીમનુષ્ય અસંખ્યાતા હોય છે. અસંજ્ઞીજીવો તિર્યંચગતિમાં પર્યાપ્તા અને અપર્યાપ્તા સદા માટે અસંખ્યાતા હોય છે. અસંજ્ઞીઅપર્યાપ્તા મનુષ્યો જ્યારે હોય ત્યારે સંખ્યાતા કે અસંખ્યાતા હોઈ શકે છે. આ કારણથી અસંખ્યાતા હોવા છતાં ચઉરીન્દ્રિય આદિ જીવોની અપેક્ષાએ ઘણા થોડા છે.

તેનાથી ચઉરીન્દ્રિય જીવો વેશેષાધિક હોય છે. કારણકે પંચેન્દ્રિય જીવોના ઉત્પત્તિસ્થાનો જે કહ્યા છે. તે સ્થાનોમાં ચઉરીન્દ્રિય જીવો પણ ઉત્પન્ન થઈ શકે છે. તથા ગર્ભજ મનુષ્યોના અશુચિ પદાર્થોમાં પણ આ જીવો ઉત્પન્ન થઈ શકે છે. તથા આ જીવોનું આયુષ્ય પંચન્દ્રિય જીવો કરતાં ઓછું હોવાથી વારંવાર ઉત્પત્તિના કારણે વિશેષાધિક હોય છે.

તેનાથી તેઈન્દ્રિય જીવો વિશેષાધિક હોય છે.

તેનાથી બેઈન્દ્રિય જીવો વિશેષાધિક હોય છે.

તેનાથી એકેન્દ્રિય જીવો અનંતગુણા અધિક હોય છે. કારણકે નિગોદના જીવો એકેન્દ્રિયમાં ગણાય છે.

(૩) કાય માર્ગણાને વિશે જીવસ્થાનક આદિનું વર્ણન.

૧ - *પૃથ્વીકાય* = જીવભેદ = ૪ (૧) સૂક્ષ્મઅપર્યાપ્તાએકેન્દ્રિય (૨) સૂક્ષ્મપર્યાપ્તાઅકેન્દ્રિય (૩) બાદરઅપર્યાપ્તાએકેન્દ્રિય (૪) બાદરપર્યાપ્તા એકેન્દ્રિય.

૨. ગુણસ્થાનક = (૧) મિથ્યાત્વ (૨) સાસ્વાદન.

સિદ્ધાંતના મતે આ જીવોને એક મિથ્યાત્વ ગુણસ્થાનક હોય છે.

કાર્મગ્રંથિક મતે બે ગુણસ્થાનક હોય છે.

૩. યોગ = (૧) કાર્મણકાયયોગ (૨) ઔદારિકમિશ્ર (૩) ઔદારિકકાયયોગ.

વિગ્રહગતિમાં રહેલા જીવને કાર્મણકાયયોગ હોય છે. જ્યાં સુધી જેટલી પર્યાપ્તિ હોય તેટલી પૂર્ણ ન કરે ત્યાં સુધી અથવા શરીર પર્યાપ્તિથી પર્યાપ્તા ન થાય ત્યાં સુધી ઔદારિકમિશ્રકાયયોગ હોય છે. પર્યાપ્તા જીવોને ઔદારિકકાય યોગ હોય છે.

૪. ઉપયોગ=૩. (૧) મતિઅજ્ઞાન (૨) શ્રુતઅજ્ઞાન (૩) અચક્ષુદર્શન

૫. લેશ્યા = ૪. કૃષ્ણ, નીલ, કાપોત, તેજો.

મોટેભાગે જ્યોતિષિ દેવો અને વૈમાનિકના પહેલા, બીજા દેવલોકનાં દેવો પહેલું કે બીજું ગુણસ્થાનક લઈને પૃથ્વીકાયમાં ઉત્પન્ન થાય તથા કોઈ ભવનપતિ કે વ્યંતરના દેવો તેજોલેશ્યા લઈને પૃથ્વીકાયમાં ઉત્પન્ન થાય ત્યારે શરીર પર્યાપ્તિથી પર્યાપ્તો ન થાય ત્યાં સુધી તેજોલેશ્યા હોય છે.

૨. *અપ્કાય* = જીવભેદ-૪ (૧) સૂક્ષ્મઅપર્યાપ્તાએકેન્દ્રિય (૨) સૂક્ષ્મ પર્યાપ્તાએકેન્દ્રિય (૩) બાદરઅપર્યાપ્તા એકેન્દ્રિય (૪) બાદરપર્યાપ્તાએકેન્દ્રિય

ગુણસ્થાનક = ૨ (૧) મિથ્યાત્વ (૨) સાસ્વાદન.

સિદ્ધાંતના મતે આ જીવોને એક મિથ્યાત્વ ગુણસ્થાનક હોય છે.

કાર્મગ્રંથિક મતે બે ગુણસ્થાનક હોય છે.

૩. યોગ = ૩ (૧) કાર્મણકાયયોગ (૨) ઔદારિકમિશ્ર (૩) ઔદારિકકાયયોગ.

વિગ્રહગતિમાં રહેલા જીવોને કાર્મણકાયયોગ હોય છે. જ્યાં સુધી

જેટલી પર્યાપ્તિ કહેલી હોય ત્યાં સુધી અથવા શરીર પર્યાપ્તિથી પર્યાપ્ત ન થાય ત્યાંસુધી ઔદારિકમિશ્રકાયયોગ હોય છે. પર્યાપ્તા જીવોને ઔદારિકકાયયોગ હોય છે.

ઉપયોગ - ૩ (૧) મતિઅજ્ઞાન (૨) શ્રુતઅજ્ઞાન (૩) અચક્ષુદર્શન.

લેશ્યા - ૪ કૃષ્ણ, નીલ, કાપોત અને તેજો.

જ્યોતિષિ અને વૈમાનિકના પહેલા, બીજા દેવલોકના દેવો પહેલું કે બીજું ગુણસ્થાનક લઈને બાદર અપર્યાપ્તા અપ્કાયમાં ઉત્પન્ન થાય ત્યારે તથા કેટલાંક ભવનપતિ, વ્યંતરના દેવો તેજોલેશ્યા લઈને અપ્કાયમાં ઉત્પન્ન થાય ત્યારે શરીર પર્યાપ્તિથી પર્યાપ્ત ન થાય ત્યાં સુધી તેજોલેશ્યા હોય છે.

*તેઉકાય* = જીવભેદ = ૪. (૧) સૂક્ષ્મઅપર્યાપ્તાએકેન્દ્રિય (૨) સૂક્ષ્મ પર્યાપ્તાએકેન્દ્રિય (૩) બાદરઅપર્યાપ્તાએકેન્દ્રિય (૪) બાદરપર્યાપ્તાએકેન્દ્રિય.

ગુણસ્થાનક = ૧. મિથ્યાત્વ.

યોગ - ૩. (૧) કાર્મણકાયયોગ (૨) ઔદારિકમિશ્રકાયયોગ અને (૩) ઔદારિકકાયયોગ.

વિગ્રહ ગતિમાં કાર્મણકાયયોગ હોય છે. જ્યાં સુધી જેટલી પર્યાપ્તિઓ કહેલી છે તે પૂર્ણ ન થાય ત્યાં સુધી અથવા શરીરપર્યાપ્તિથી પર્યાપ્તો ન થાય ત્યાં સુધી ઔદારિકમિશ્રકાયયોગ હોય છે. પર્યાપ્તા જીવોને ઔદારિકકાયયોગ હોય છે.

ઉપયોગ = ૩ (૧) મતિઅજ્ઞાન (૨) શ્રુતઅજ્ઞાન (૩) અચક્ષુદર્શન.

લેશ્યા = ૩ (૧) કૃષ્ણ (૨) નીલ (૩) કાપોત

૧. આ જીવો ક્લિષ્ટ પરિણામી હોવાથી શુભલેશ્યા હોતી નથી.

૨. ચારે નિકાયના દેવતાઓ ઉત્કૃષ્ટ સંક્લિષ્ટ અધ્યવસાયમાં એકેન્દ્રિયપણાને લાયક પ્રકૃતિઓનો બંધ કરે છે. છતાં પણ ક્લિષ્ટ પરિણામ ન હોવાથી તથા સ્વભાવથી તેઉકાય અને વાઉકાયને લાયક પ્રકૃત્તિઓનો બંધ કરતાં નથી.

૪. *વાઉકાય* = જીવભેદ - ૪. (૧) સૂક્ષ્મઅપર્યાપ્તાએકેન્દ્રિય (૨) સૂક્ષ્મ પર્યાપ્તાએકેન્દ્રિય (૩) બાદરઅપર્યાપ્તાએકેન્દ્રિય (૪) બાદરપર્યાપ્તાએકેન્દ્રિય.

ગુણસ્થાનક - ૧. મિથ્યાત્વ.

યોગ - ૫. (૧) કાર્મણકાયયોગ (૨) ઔદારિકમિશ્રકાયયોગ (૩) ઔદારિકકાયયોગ (૪) વૈક્રિયમિશ્રકાયયોગ (૫) વૈક્રિયકાયયોગ.

૧. કેટલાક બાદર પર્યાપ્તા વાઉકાય જીવો સ્વાભાવિક રીતે વૈક્રિયશરીર કરતાં હોય ત્યારે વૈક્રિયમિશ્રકાયયોગ. ત્યારબાદ વૈક્રિયકાયયોગ હોય છે. બાકીનાં જીવોને વિગ્રહગતિમાં કાર્મણકાયયોગ હોય છે. જ્યાં સુધી જેટલી પર્યાપ્તિઓ કહેલી છે તે પૂર્ણ ન કરે ત્યાં સુધી અથવા શરીર પર્યાપ્તિથી પર્યાપ્ત ન થાય ત્યાં સુધી ઔદારિકમિશ્રકાયયોગ હોય છે. પર્યાપ્તાને ઔદારિકકાયયોગ.

ઉપયોગ = ૩ (૧) મતિઅજ્ઞાન (૨) શ્રુતઅજ્ઞઆન (૩) અચક્ષુદર્શન.

લેશ્યા = ૩ (૧) કૃષ્ણ (૨) નીલ (૩) કાપોત.

૧. આ જીવો ક્લિષ્ટ પરિણામી હોવાથી શુભલેશ્યા હોતી નથી.

*૫. વનસ્પતિકાય*. જીવભેદ = ૪. ૧. સૂક્ષ્મઅપર્યાપ્તાએકેન્દ્રિય ૨. સૂક્ષ્મપર્યાપ્તાએકેન્દ્રિય ૩. બાદરઅપર્યાપ્તાએકેન્દ્રિય ૪. બાદરપર્યાપ્તાએકેન્દ્રિય.

ગુણસ્થાનક = ૨. (૧) મિથ્યાત્વ (૨) સાસ્વાદન.

સિદ્ધાંતના મતે આ જીવોને એક મિથ્યાત્વ ગુણસ્થાનક હોય છે.

કાર્મગ્રંથિક મતે પહેલું, બીજું ગુણસ્થાનક હોય છે.

યોગ = ૩ (૧) કાર્મણકાયયોગ (૨) ઔદારિકમિશ્ર (૩) ઔદારિકકાયયોગ

વિગ્રહ ગતિમાં કાર્મણકાયયોગ હોય ત્યારબાદ જ્યાં સુધી સંપૂર્ણ પર્યાપ્તિથી પર્યાપ્તો ન થાય ત્યાં સુધી અથવા શરીર પર્યાપ્તિથી પર્યાપ્ત ન થાય ત્યાં સુધી ઔદારિકમિશ્રકાયયોગ હોય. પર્યાપ્તા જીવને ઔદારિકકાયયોગ.

ઉપયોગ - ૩. (૧) મતિઅજ્ઞાન (૨) શ્રુતઅજ્ઞાન (૩) અચક્ષુદર્શન.

લેશ્યા = ૪. (૧) કૃષ્ણ (૨) નીલ (૩) કાપોત (૪) તેજો.

મોટેભાગે જ્યોતિષિદેવો અને વૈમાનિકના પહેલા, બીજા દેવલોકનાં દેવો. પહેલું કે બીજું ગુણસ્થાનક લઈને વનસ્પતિકાયમાં ઉત્પન્ન થાય તથા કોઈ ભવનપતિ કે વ્યંતરનાદેવો તેજોલેશ્યા લઈને વનસ્પતિકાયમાં ઉત્પન્ન થાય ત્યારે શરીર પર્યાપ્તિથી પર્યાપ્તો ન થાય ત્યાં સુધી તેજોલેશ્યા હોય છે.

૯. *ત્રસકાય* = જીવભેદ. ૧૦. (૧) બેઈન્દ્રિયઅપર્યાપ્તા (૨) બેઈન્દ્રિયપર્યાપ્તા (૩) તેઈન્દ્રિયઅપર્યાપ્તા (૪) તેઈન્દ્રિયપર્યાપ્તા (૫) ચઉરીન્દ્રિયઅપર્યાપ્તા (૬) ચઉરીન્દ્રિયપર્યાપ્તા (૭) અસંજ્ઞીપંચેન્દ્રિયઅપર્યાપ્તા (૮) અસંજ્ઞીપંચેન્દ્રિયપર્યાપ્તા (૯) સંજ્ઞીપંચેન્દ્રિયઅપર્યાપ્તા (૧૦) સંજ્ઞીપંચેન્દ્રિયપર્યાપ્તા.

ગુણસ્થાનક - ૧૪. યોગ - ૧૫ ઉપયોગ - ૧૨ લેશ્યા - ૬.

*અલ્પબહુત્વ* = સૌથી થોડા ત્રસકાયના જીવો હોય છે. થોડા પણ અસંખ્યાત ગણાય છે. કારણ કે વિકલેન્દ્રિય અને પંચેન્દ્રિય સઘળાયે જીવો ભેગા કરીએ તો અસંખ્યાત થાય છે. તેનાથી અગ્નિકાયના જીવો અસંખ્યાતગુણા અધિક હોય છે. કારણકે બાદર અગ્નિકાય કરતાં સૂક્ષ્મ અગ્નિકાય જીવો ચૌદે રાજલોકને વિષે દરેક આકાશ પ્રદેશ પર અસંખ્યાતા અસંખ્યાતા રહેલા હોય છે. તેથી અસંખ્યાતગુણા અધિક થાય છે. તેના કરતાં પૃથ્વીકાયનાં જીવો વિશેષાધિક હોય છે. કારણકે બાદર અગ્નિકાયનાં જે સ્થાનો હોય છે. તેનાથી આ જીવો વિશેષાધિક હોય છે.

તેના કરતાં અપ્કાયના જીવો વિશેષાધિક હોય છે.

પૃથ્વીકાય જીવો કરતાં અપ્કાયના સ્થાનો વધારે હોય છે.

તેના કરતાં વાઉકાયના જીવો વિશેષાધિક હોય છે. કારણકે બાદર અપ્કાય જીવો કરતાં બાદર પર્યાપ્તા વાઉકાયના સ્થાનો ચૌદે રાજલોકનાં દરેક આકાશ પ્રદેશ ઉપર તથા પોલાણ ભાગમાં વિશેષ હોય છે. તેના કરતાં વનસ્પતિકાય જીવો અનંતગુણા અધિક હોય છે. કારણકે નિગોદનાં જીવો વનસ્પતિકાયની ગણતરીમાં ગણાય છે.

**યોગ માર્ગણાને વિષે જીવસ્થાનકઆદિનું વર્ણન.**

૧. *મનયોગ* = જીવભેદ = ૧/૨. (૧) સંજ્ઞીપર્યાપ્તો અથવા સંજ્ઞીઅપર્યાપ્તા સાથે બે.

(૧) સામાન્ય રીતે મનયોગ પર્યાપ્તા જીવોને હોય છે. પણ કેટલાક આચાર્યોના મતે મન પર્યાપ્તિ શરૂ થતાં મનયોગ માનેલો હોવાથી સંજ્ઞીઅપર્યાપ્તા જીવોને પણ મનયોગ ગણાય છે.

ગુણસ્થાનક = ૧ થી ૩

યોગ = ૧૫.

(૧) કાર્મણ અને ઔદારિકમિશ્રકાયયોગ કેવલી સમુદ્‌ઘાત કરતાં હોય ત્યારે ત્રીજા, ચોથા અને પાંચમા સમયે કાર્મણકાયયોગ હોય અને બીજા અને છઠ્ઠા સમયે ઔદારિકમિશ્રકાયયોગ હોય છે.

ઉપયોગ = ૧૨

લેશ્યા = ૬.

૨. *વચનયોગ* = જીવભેદ = ૫/૧૦. (૧) બેઈન્દ્રિયપર્યાપ્તા (૨) તેઈન્દ્રિયપર્યાપ્તા (૩) ચઉરીન્દ્રિય પર્યાપ્તા (૪) અસંજ્ઞીપંચેન્દ્રિયપર્યાપ્તા (૫) સંજ્ઞીપંચેન્દ્રિયપર્યાપ્તા અથવા આ પાંચે અપર્યાપ્તા સાથે દસ ગણાય છે.

૧. સામાન્ય રીતે જે જીવોને જેટલી પર્યાપ્તિઓ કહેલી છે. તેટલી પર્યાપ્તિઓ ત્રસ જીવો પૂર્ણ કરે ત્યારે વચનયોગ શરૂ થાય છે. આ કારણથી પાંચ જીવો કહ્યાં છે. કેટલાક આચાર્યોના મતે ભાષા પર્યાપ્તિ શરૂ કરે ત્યારથી વચનયોગ માનેલો હોવાથી અપર્યાપ્તા જીવો પણ ગણતરીમાં ગણતા દસ ભેદ થાય છે.

ગુણસ્થાનક = ૧ થી ૧૩. યોગ = ૧૫.

૧. કેવલી સમુદ્‌ઘાત વખતે ત્રીજા, ચોથા અને પાંચમા સમયે કાર્મણકાયયોગ હોય અને બે અને છ સમયે ઔદારિકમિશ્રકાયયોગ હોય છે.

ઉપયોગ = ૧૨. લેશ્યા = ૬.

૩. *કાયયોગ* = જીવસ્થાનક = ૧૪. ગુણસ્થાનક = ૧૩. યોગ = ૧૫.

ઉપયોગ = ૧૨.

લેશ્યા = ૬.

*અલ્પબહુત્વ* = મનયોગી જીવો સૌથી થોડા હોય છે કારણ કે ચારે ગતિમાં રહેલા સંજ્ઞી જીવો મનયોગી ગણાય છે. થોડા પણ અસંખ્યાતા હોય છે.

તેના કરતાં વચનયોગી જીવો અસંખ્યાતગુણા અધિક હોય છે. આ

વચનયોગીમાં વિકલેન્દ્રિય અને અસંજ્ઞીપંચેન્દ્રિય જીવો આવે છે. આગળ જાતિ માર્ગણાને વિષે પંચેન્દ્રિય જીવો કરતાં ચઉરીન્દ્રિય જીવો વિશેષાધિક કહ્યા છે કારણ કે તે પંચેન્દ્રિયમાં સંજ્ઞી અને અસંજ્ઞી બેનો જ સમાવેશ થાય છે જ્યારે અહીંયા અસંખ્યાતગુણા જે કહ્યા છે તે સંજ્ઞી જીવો કરતાં અસંજ્ઞી તિર્યંચો અસંખ્યાતગુણા અધિક હોય છે આથી વચનયોગી અસંખ્યાતગુણા અધિક કહ્યા છે. તેના કરતાં કાયયોગી જીવો અનંતગુણા અધિક હોય છે કારણ કે નિગોદના જીવોનો કાયયોગીમાં સમાવેશ થાય છે.

**વેદ માર્ગણાને વિષે જીવસ્થાનકાદિનું વર્ણન.**

૧. *પુરુષવેદમાર્ગણા* = જીવભેદ - ૨/૪ ૧. સંજ્ઞીઅપર્યાપ્તા ૨. સંજ્ઞીપર્યાપ્તા અથવા અસંજ્ઞીપંચેન્દ્રિયઅપર્યાપ્તા અને અસંજ્ઞીપંચેન્દ્રિયપર્યાપ્તા સાથે ચાર જીવભેદ ગણાય છે.

૧. અત્રે અસંજ્ઞીના બે ભેદો જે કહ્યા છે. તે લિંગની અપેક્ષાએ એટલે કે લિંગાકારની અપેક્ષાએ જાણવા. કારણ કે સામાન્ય રીતે અસંજ્ઞીપંચેન્દ્રિય જીવોને એક નપુંસકવેદનો જ ઉદય હોય છે. પણ લિંગની અપેક્ષાએ પુરુષ, સ્ત્રી અને નપુંસક એમ ત્રણમાંથી કોઈપણ લિંગ હોઈ શકે છે. આથી પુરુષવેદમાં અસંજ્ઞીના ભેદો ગણી શકાય છે.

ગુણસ્થાનક - ૧ થી ૯. યોગ - ૧૫.

૧. વિગ્રહ ગતિમાં રહેલા સંજ્ઞીપર્યાપ્તા જીવોને વેદનો ઉદય ચાલુ થતો હોવાથી કાર્મણકાયયોગ હોય છે. એ જ જીવોને સંજ્ઞીપર્યાપ્તાથી પર્યાપ્તો થાય ત્યારે અથવા સર્વ પર્યાપ્તિથી પર્યાપ્તો ન થાય ત્યાં સુધી ઔદારિકમિશ્રકાયયોગ હોય છે. પર્યાપ્તા જીવોને ચાર મનના, ચાર વચનના, ઔદારિકકાયયોગ અને વૈક્રિયદ્વિક યોગ હોય છે. તેમાં વૈક્રિયમિશ્રકાયયોગ દેવતા, નારકીની અપર્યાપ્ત અવસ્થા તથા ચારે ગતિના જીવોને ઉત્તરવૈક્રિયશરીર કરતાં હોય છે. આહારકદ્વિક ચૌદ પૂર્વધર આહારકકાયયોગ કરતાં હોય ત્યારે હોય છે.

ઉપયોગ - ૧૦. ૪ જ્ઞાન. ૩ અજ્ઞાન, ૩. દર્શન.

લેશ્યા - ૬.

૨. *સ્ત્રીવેદ માર્ગણા* = જીવભેદ ૨/૪.

૧. સંજ્ઞીઅપર્યાપ્તા ૨. સંજ્ઞીપર્યાપ્તા અથવા ૩. અસંજ્ઞીપંચેન્દ્રિય અપર્યાપ્તા અને ૪. અસંજ્ઞીપંચેન્દ્રિયપર્યાપ્તા સાથે ચાર.

૧. આ માર્ગણાને વિષે અસંજ્ઞી જીવો જે કહ્યા છે. તે લિંગાકારની અપેક્ષાએ જાણવા. કારણ કે આ જીવોને એક નપુંસકવેદનો જ ઉદય હોય છે. છતાં પણ પોતાના શરીરને વિષે લિંગની અપેક્ષાએ ત્રણે લિંગ હોઈ શકે છે.

યોગ - ૧૩. ૪ મનના, ૪ વચનના, કાર્મણકાયયોગ, ઔદારિક કાયયોગ, ઔદારિકમિશ્રકાયયોગ, વૈક્રિયકાયયોગ, વૈક્રિયમિશ્રકાયયોગ.

૧. દેવ, તિર્યંચ અને મનુષ્ય જીવોને વિગ્રહ ગતિમાં સ્ત્રીવેદનો ઉદય હોય છે. ત્યાં કાર્મણકાયયોગ શરીર પર્યાપ્તિથી પર્યાપ્તો ન થાય ત્યાં સુધી અથવા સંપૂર્ણ પર્યાપ્તિથી પર્યાપ્તો ન થાય ત્યાં સુધી ઔદારિકમિશ્રકાયયોગ અને દેવતાને વૈક્રિયમિશ્રકાયયોગ હોય છે.

૨. પર્યાપ્તા જીવોને બાકીના યોગ હોઈ શકે છે.

૩. આ વેદના ઉદયવાળા જીવોને દ્રષ્ટિવાદ ભણવાનો નિષેધ હોવાથી ચૌદ પૂર્વનો અભ્યાસ હોતો નથી તેના કારણે આહારકદ્વિક યોગ હોતો નથી.

ઉપયોગ - ૧૦. ૪ જ્ઞાન, ૩ અજ્ઞાન, ૩ દર્શન.

આ માર્ગણાને વિષે સાતમા ગુણસ્થાનકે વિશિષ્ટ લબ્ધિઓને પ્રાપ્ત કરીને મનઃપર્યવજ્ઞાન પ્રાપ્ત થઈ શકે છે. દા.ત. સ્ત્રી તીર્થંકર મલ્લિનાથ ભગવાને સંયમને સ્વીકાર કર્યો ત્યારે સાતમા ગુણસ્થાનકે મનઃપર્યવજ્ઞાનની ઉત્પત્તિ થઈ છે. ત્યારથી ચાર જ્ઞાનવાળા મલ્લિનાથ ભગવાન ગણાય છે. આવી રીતે તીર્થંકર સિવાય સ્ત્રીવેદી જીવોને સાતમા ગુણસ્થાનકે મનઃપર્યવજ્ઞાનની પ્રાપ્તિ થઈ શકે છે.

લેશ્યા - ૬.

*૩. નપુંસકવેદ માર્ગણા* - જીવભેદ - ૧૪.

૧. સંજ્ઞીજીવોમાં નારકીને એક નપુંસકવેદ હોય છે. તિર્યંચ અને મનુષ્યને ત્રણે વેદ હોય છે. દેવોને પુરુષ અને સ્ત્રી બે વેદ હોય છે.

૨. અસંજ્ઞીપંચેન્દ્રિયપર્યાપ્તા સુધીના અસંજ્ઞી જીવોને નિયમા એક

નપુંસકવેદ હોય છે.

ગુણસ્થાનક - ૧ થી ૯.

૧. જન્મ નપુંસક જીવોને એક પહેલું ગુણસ્થાનક હોય છે.

૨. કૃત્રિમ નપુંસક જીવોને ૧ થી ૯ ગુણસ્થાનક હોય છે.

યોગ - ૧૫

ઉપયોગ - ૧૦. ૪ જ્ઞાન, ૩ અજ્ઞાન, ૩ દર્શન.

લેશ્યા - ૬.

*અલ્પબહુત્વ* - પુરુષવેદી સૌથી થોડા પણ અસંખ્યાતા હોય છે. કારણ કે દેવ, તિર્યંચ અને ગર્ભજ મનુષ્યમાં પુરુષવેદીની સંખ્યા સ્ત્રીઓની સંખ્યા કરતા સંખ્યાતગુણ હીન હોય છે.

તેના કરતાં સ્ત્રીવેદી જીવો સંખ્યાતગુણ અધિક હોય છે. કારણ કે તિર્યંચમાં તિર્યંચ પુરુષવેદી કરતાં સ્ત્રીવેદી તિર્યંચો સત્તાવીશગુણી અધિક વત્તા સત્તાવીશ અધિક હોય છે.

મનુષ્યને વિષે પુરુષવેદી મનુષ્યો કરતાં સ્ત્રીવેદી મનુષ્યો ત્રણગુણી અધિક વત્તા ત્રણ અધિક હોય છે.

દેવોને વિષે પુરુષવેદી દેવ કરતાં સ્ત્રીવેદી દેવીઓ બત્રીશગુણી અધિક વત્તા બત્રીશ અધિક હોય છે.

આથી પુરુષવેદી જીવો કરતાં સ્ત્રીવેદી જીવો સંખ્યાતગુણી અધિક ગણાય છે. તેના કરતાં નપુંસકવેદી જીવો અનંતગુણા અધિક હોય છે. કારણ કે નિગોદના જીવો નપુંસકવેદી હોય છે.

**કષાય માર્ગણાને વિષે જીવસ્થાનક આદિનું વર્ણન.**

(૧) ક્રોધકષાય = જીવભેદ - ૧૪. ગુણસ્થાનક - ૧ થી ૯.

યોગ - ૧૫. ઉપયોગ - ૧૦. ૪ જ્ઞાન, ૩ અજ્ઞાન, ૩ દર્શન.

લેશ્યા - ૬.

(૨) માનકષાય = જીવભેદ - ૧૪

ગુણસ્થાનક - ૧ થી ૯. યોગ - ૧૫. ઉપયોગ - ૧૦. ૪ જ્ઞાન, ૩ અજ્ઞાન, ૩ દર્શન. લેશ્યા - ૬

(૩) માયાકષાય = જીવભેદ - ૧૪

ગુણસ્થાનક - ૧ થી ૯. યોગ - ૧૫. ઉપયોગ - ૧૦. ૪ જ્ઞાન, ૩ અજ્ઞાન, ૩ દર્શન. લેશ્યા - ૬.

(૪) લોભકષાય = જીવભેદ - ૧૪

ગુણસ્થાનક - ૧ થી ૧૦. યોગ - ૧૫. ઉપયોગ - ૧૦. ૪ જ્ઞાન, ૩ અજ્ઞાન, ૩ દર્શન. લેશ્યા - ૬.

*અલ્પબહુત્વ* = માન કષાયવાળા જીવો સૌથી થોડા હોય છે. થોડા પણ અનંતા હોય છે. કારણ કે નિગોદમાં ચારે કષાયનો ઉદય રહેલો હોય છે. અહીં જે થોડા કહેવાય છે તે ચાર ગતિમાં મનુષ્યોની સંખ્યા ઓછી હોવાથી થોડા ગણાય છે. તેના કરતાં ક્રોધી જીવો વિશેષાધિક કારણ કે માન કષાયવાળા જીવોને વિષે ક્રોધકષાયવાળા નારકીના જીવો અધિક કરતાં અસંખ્યાત ઉમેરાય છે છતાં પણ અનંતામાં અસંખ્યાતા દાખલ કરીએ તે વિશેષાધિક રૂપે ગણાય છે. તેના કરતાં માયાકષાયવાળા જીવો વિશેષાધિક હોય છે કારણ કે નારકીના જીવો કરતાં તિર્યંચના જીવો માયા કપટ રૂપે ગણાતા હોવાથી તે ઉમેરતા વિશેષાધિક થાય છે.

તેના કરતાં લોભકષાયવાળા જીવો વિશેષાધિક હોય છે કારણ કે દેવોની સંખ્યા અધિક દાખલ કરવાથી વિશેષાધિક થાય છે.

**જ્ઞાન માર્ગણાને વિષે જીવસ્થાનકાદિનું વર્ણન.**

***(૧) મતિજ્ઞાન*** = જીવભેદ - ૨/૬. સંજ્ઞીઅપર્યાપ્તા અને સંજ્ઞીપર્યાપ્તા અથવા બેઈન્દ્રિયઅપર્યાપ્તા, તેઈન્દ્રિયઅપર્યાપ્તા, ચઉરીન્દ્રિયઅપર્યાપ્તા અને અસંજ્ઞીપંચેન્દ્રિઅપર્યાપ્તા.

(૧) કાર્મગ્રંથિક મતે બેઈન્દ્રિય આદિ જીવોને બીજા ગુણસ્થાનકે અજ્ઞાન માનેલું હોવાથી બે જીવભેદ ઘટે છે.

(૨) સિદ્ધાંતના મતે બેઈન્દ્રિય આદિ જીવોને બીજા ગુણસ્થાનકે જ્ઞાન માનેલું હોવાથી બેઈન્દ્રિય આદિ છ જીવભેદ ઘટે છે.

ગુણસ્થાનક - ૪ થી ૧૨ અથવા ૨ થી ૧૨.

(૧) કાર્મગ્રંથિક મતે બેઈન્દ્રિય આદિ જીવોને અજ્ઞાન માનેલું હોવાથી

તથા જ્ઞાન ચોથા ગુણસ્થાનકથી ગણેલું હોવાથી ૪ થી ૧૨ ગુણસ્થાનક ગણાય છે.

(૨) સિદ્ધાંતના મતે બીજા ગુણસ્થાનકે જ્ઞાન ગણેલું હોવાથી ૨ થી ૧૨ ગુણસ્થાનક હોય છે.

યોગ - ૧૫.

(૧) સમકિતી જીવોને અપર્યાપ્ત અવસ્થામાં, મનુષ્ય અને તિર્યંચને કાર્મણ અને ઔદારિકમિશ્રકાયયોગ હોય છે. દેવ અને નારકીને અપર્યાપ્ત અવસ્થામાં કાર્મણ અને વૈક્રિયમિશ્રકાયયોગ હોય છે. બાકીના યોગો પર્યાપ્ત અવસ્થામાં હોય છે.

ઉપયોગ - ૭. ૪ જ્ઞાન, ૩ દર્શન. લેશ્યા - ૬

(૧) સમયક્ત્વની પ્રાપ્તિ વખતે ચારે ગતિના સંજ્ઞીપર્યાપ્તા જીવોને શુભલેશ્યા જ હોય છે. અને સમ્યક્ત્વ પામ્યા બાદ છએ લેશ્યામાંથી કોઈપણ લેશ્યા હોઈ શકે છે.

*(૨) શ્રુતજ્ઞાન* = જીવભેદ - ૨/૬. સંજ્ઞીઅપર્યાપ્તા અને સંજ્ઞીપર્યાપ્તા અથવા બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરીન્દ્રિય અને અસંજ્ઞીપંચેન્દ્રિય આ ચાર અપર્યાપ્તા સાથે છ ગણાય છે.

(૧) કાર્મગ્રંથિક મતે ચોથા ગુણસ્થાનકથી જ્ઞાન માનેલું હોવાથી જીવભેદ બે ગણાય છે.

(૨) સિદ્ધાંતના મતે સાસ્વાદન ગુણસ્થાનકે જ્ઞાન માનેલું હોવાથી જીવભેદ છ ગણાય છે.

ગુણસ્થાનક - ૪ થી ૧૨ અથવા ૨ થી ૧૨.

(૧) કાર્મગ્રંથિક મતે સમકિતીને જ્ઞાન ગણેલું હોવાથી ગુણસ્થાનક ચારથી ગણાય છે.

(૨) સિદ્ધાંતના મતે સાસ્વાદનથી જ્ઞાન માનેલું હોવાથી ગુણસ્થાનક બે થી ગણાય છે.

યોગ - ૧૫.

(૧) તિર્યંચ અને મનુષ્યોને સમક્તિની હાજરીમાં અપર્યાપ્ત અવસ્થામાં

કાર્મણ અને ઔદારિકમિશ્રકાયયોગ હોય છે. અન દેવતા, નારકીને સમકિતની હાજરીમાં અપર્યાપ્ત અવસ્થામાં કાર્મણ અને વૈક્રિયમિશ્ર હોય છે.

ઉપયોગ - ૭ = ૪ જ્ઞાન, ૩ દર્શન. લેશ્યા - ૬.

*(૩) અવધિજ્ઞાન* = જીવભેદ = (૨) ૧. સંજ્ઞીઅપર્યાપ્તા અને ૨. સંજ્ઞીપર્યાપ્તા.

(૧) અવધિજ્ઞાનની પ્રાપ્તિ સંજ્ઞીપર્યાપ્તા જીવને થાય છે. અને અપર્યાપ્ત અવસ્થામાં લઈને જઈ શકે છે. તેથી બે જીવભેદ ઘટે છે.

ગુણસ્થાનક = ૪ થી ૧૨ અથવા ૩ થી ૧૨.

(૧) કાર્મગ્રંથિક મતે ૪ થી ૧૨ હોય છે.

(૨) સિદ્ધાંતના મતે ત્રીજા ગુણસ્થાનકે જ્ઞાનની સાથે અવધિજ્ઞાન માનેલું હોવાથી ૩ થી ૧૨ ગુણસ્થાનક ગણાય છે.

યોગ = ૧૫

(૧) તિર્યંચ અને મનુષ્યને અપર્યાપ્ત અવસ્થામાં કાર્મણ અને ઔદારિકમિશ્રકાયયોગ હોય છે.

(૨) દેવતા અને નારકીને અપર્યાપ્ત અવસ્થામાં કાર્મણ અને વૈક્રિયમિશ્રકાયયોગ હોય છે. બાકીના યોગ પર્યાપ્ત અવસ્થામાં હોય છે.

ઉપયોગ - ૭. ૪ જ્ઞાન, ૩ દર્શન, લેશ્યા - ૬.

*(૪) મનઃપર્યવજ્ઞાન* = જીવભેદ - ૧. સંજ્ઞીપર્યાપ્તો.

ગુણસ્થાનક = ૬ થી ૧૨.

યોગ = ૧૩. ૪ મનના, ૪ વચનના, ઔદારિકકાયયોગ, વૈક્રિયકાયયોગ, વૈક્રિયમિશ્રકાયયોગ, આહારકકાયયોગ, આહારકમિશ્ર કાયયોગ.

(૧) આ જ્ઞાન અપર્યાપ્ત અવસ્થામાં રહેતું ન હોવાથી કાર્મણ અને ઔદારિકમિશ્રકાયયોગ હોતા નથી.

ઉપયોગ - ૭. ૪ જ્ઞાન, ૩ દર્શન. લેશ્યા - ૬.

(૧) આ જ્ઞાનની પ્રાપ્તિ નિયમા સાતમા ગુણસ્થાનકે થાય છે. અને ત્યારપછી જીવ છઠ્ઠા ગુણસ્થાનકે આવે ત્યારે આ જ્ઞાનનો ક્ષયોપશમભાવ ટકી

રહે છે. અને તેની સાથે છઠ્ઠા ગુણસ્થાનકે છ એ લેશ્યામાંથી કોઈપણ લેશ્યા પ્રાપ્ત થઈ શકે છે.

*(૫) કેવલજ્ઞાન* = જીવભેદ- ૧. સંજ્ઞીપર્યાપ્તો.

ગુણસ્થાનક - ૨, ૧૩ અને ૧૪.

યોગ - ૭ - ૧. સત્યમનયોગ, ૨. અસત્યામૃષામનયોગ, ૩. સત્યવચનયોગ, ૪. અસત્યામૃષાવચનયોગ, ૫. ઔદારિકકાયયોગ, ૬. ઔદારિકમિશ્રકાયયોગ અને ૭ કાર્મણકાયયોગ.

(૧) અનુત્તરવાસી દેવોને તત્વોની વિચારણા કરતાં કરતાં કોઈપણ પદાર્થમાં શંકા પડે તો તેનું - સમાધાન કરવા માટે કેવલી ભગવંતો દ્રવ્ય મનનાં બે ભેદનો ઉપયોગ કરીને મનોવર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરી જવાબ રૂપે રૂપી પુદ્‌ગલોની ગોઠવણ કરે તે પુદ્‌ગલોને તે દેવો અવધિજ્ઞાનથી જોઈને ર માધાન નિશ્ચિત કરે છે. આટલા પૂરતું જ કેવલી ભગવંતોને દ્રવ્ય મનયોગ ગણાય છે.

(૨) કેવલી ભગવંતો કોઈ જીવના ઉદ્ધારને માટે અથવા લઘુકર્મી આત્માના તથા ભવ્યત્ત્વને ખીલવવા માટે ભાષા વર્ગણાના પુદ્‌ગલોને લઈને તે વચનયોગ રૂપે પરિણમાવીને જે ભાષાનો ઉપયોગ કરે છે તેટલા પૂરતું વચનયોગની જરૂર હોય છે.

(૩) કેવલી સમુદ્‌ઘાત સિવાયના કેવલી ભગવંતોને ઔદારિકકાયયોગ હોય છે.

(૪) કેવલી સમુદ્‌ઘાત વખતે બીજા અને સાતમા સમયે ઔદારિકમિશ્રકાયયોગ હોય છે. અને ત્રીજા, ચોથા અને પાંચમા સમયે કાર્મણકાયયોગ હોય છે આથી સાત યોગ ગણાય છે.

ઉપયોગ - (૨) ૧. કેવલજ્ઞાન ૨. કેવલદર્શન.

લેશ્યા - ૧. શુક્લલેશ્યા.

*(૬) મતિઅજ્ઞાન* = જીવભેદ - ૧૪.

ગુણસ્થાનક = ૨/૩ ૧. મિથ્યાત્વ ૨. સાસ્વાદન અથવા ૧. મિથ્યાત્વ ૨. સાસ્વાદન ૩. મિશ્ર.

(૧) કાર્મગ્રંથિક મતે ત્રણ ગુણસ્થાનક હોય છે.

(૨) સિદ્ધાંતના મતે ત્રીજા ગુણસ્થાકથી જ્ઞાન માનેલું હોવાથી ત્રીજું ગુણસ્થાનક ગણેલું નથી. તેથી બે ગુણસ્થાનક ગણાય છે.

યોગ - ૧૩. ૪ મનના, ૪ વચનના, ઔદારિકકાયયોગ, ઔદારિકમિશ્રકાયયોગ, વૈક્રિયકાયયોગ, વૈક્રિયમિશ્રકાયયોગ, કાર્મણકાયયોગ.

(૧) તિર્યંચ અને મનુષ્યને અપર્યાપ્તાવસ્થામાં કાર્મણ અને ઔદારિકમિશ્રકાયયોગ હોય છે.

(૨) નારકી અને દેવતાને અપર્યાપ્તાવસ્થામાં કાર્મણ અને વૈક્રિયમિશ્રકાયયોગ હોય છે. બાકીના યોગ પર્યાપ્તાવસ્થામાં હોય છે.

ઉપયોગ = ૯. ૩ જ્ઞાન, ૩ અજ્ઞાન, ૩ દર્શન. લેશ્યા - ૬.

*(૭) શ્રુતઅજ્ઞાન* = જીવભેદ - ૧૪

ગુણસ્થાનક - ૨/૩ ૧. મિથ્યાત્વ ૨. સાસ્વાદન અથવા ૩. મિશ્ર સાથે ત્રણ.

યોગ = ૧૩. ૪ મનના, ૪ વચનના, ઔદારિકકાયયોગ, ઔદારિકમિશ્રકાયયોગ, વૈક્રિયકાયયોગ, વૈક્રિયમિશ્રકાયયોગ, કાર્મણકાયયોગ.

૧. તિર્યંચ અને મનુષ્યને અપર્યાપ્તાવસ્થામાં કાર્મણ અને ઔદારિકમિશ્રકાયયોગ હોય છે.

૨. દેવતા અને નારકીને અપર્યાપ્તાવસ્થામાં કાર્મણ અને વૈક્રિયમિશ્રકાયયોગ હોય છે.

૩. બાકીના યોગ પર્યાપ્તાવસ્થામાં હોય છે.

ઉપયોગ ૯ = ૩ જ્ઞાન, ૩ અજ્ઞાન, ૩ દર્શન. લેશ્યા - ૬.

*(૮) વિભંગજ્ઞાન* = જીવભેદ = ૨. સંજ્ઞીઅપર્યાપ્તો અને સંજ્ઞીપર્યાપ્તો.

ગુણસ્થાનક = ૩. (૧) મિથ્યાત્વ (૨) સાસ્વાદન (૩) મિશ્ર

યોગ = ૧૩. ૪ મનના, ૪ વચનના, ઔદારિકકાયયોગ, ઔદારિકમિશ્રકાયયોગ, વૈક્રિયકાયયોગ, વૈક્રિયમિશ્રકાયયોગ, કાર્મણકાયયોગ.

૧. તિર્યંચ અન મનુષ્યને અપર્યાપ્તાવસ્થામાં કાર્મણ અને ઔદારિકમિશ્રકાયયોગ હોય છે.

૨. દેવતા અને નારકીને અપર્યાપ્તાવસ્થામાં કાર્મણ અને વૈક્રિયમિશ્રકાયયોગ હોય છે.

૩. બાકીના યોગ પર્યાપ્તાવસ્થામાં હોય છે.

ઉપયોગ - ૯. = ૩ જ્ઞાન, ૩ અજ્ઞાન, ૩ દર્શન.

લેશ્યા = ૬.

*અલ્પબહુત્વ* = (૧) મનઃપર્યવજ્ઞાની સોથી થોડા કારણ કે સંખ્યાતા હોય છે.

(૨) તેના કરતાં અવધિજ્ઞાની જીવો વધુ અને અસંખ્યાતા હોય છે. કારણ કે ચાર ગતિમાં સંજ્ઞી સમકિતી જીવો હોય છે. તેમાં દેવતા, નારકીને વિષે આ જ્ઞાનવાળા અસંખ્યાતા હોય, તિર્યંચને વિષે અસંખ્યાતા અને મનુષ્યને વિષે સંખ્યાતા આ જ્ઞાનવાળા જીવો હોય છે.

(૩) તેના કરતાં મતિજ્ઞાની અને શ્રુતજ્ઞાની બંને સરખા પણ વિશેષાધિક હોય છે. કારણ કે દેવતા, નારકી સમકિતી જીવો કરતાં મનુષ્ય અને તિર્યંચને વિષે અવધિજ્ઞાન વગરના સમકિતી જીવો વિશેષાધિક થાય છે. માટે વિશેષાધિક હોય છે.

(૪) તેના કરતાં વિભંગજ્ઞાની અસંખ્યાતાગુણા અધિક હોય છે. કારણ કે દેવતા, નારકીમાં સમકિતી જીવો કરતાં મિથ્યાદ્રષ્ટિ જીવો અસંખ્યાતગુણા અધિક હોય છે આથી વિભંગજ્ઞાની અસંખ્યાતાગુણા અધિક કહ્યાં છે.

(૫) તેના કરતાં કેવલજ્ઞાની અનંતગુણા અધિક હોય છે કારણ કે સિદ્ધના જીવો અનંતા હોય છે.

(૬) તેના કરતાં મતિઅજ્ઞાની અને શ્રુતઅજ્ઞાની અનંતગુણા અધિક હોય છે. કારણ કે સિદ્ધના જીવો કરતાં નિગોદના જીવો અનંતગુણ અધિક હોય છે.

**સંયમ માર્ગણાને વિષે જીવસ્થાનાદિનું વર્ણન**

***(૧) સામાયિક ચારિત્ર*** = જીવભેદ. ૧. સંજ્ઞીપર્યાપ્તો.

ગુણસ્થાનક = ૪. ૧. પ્રમત્તસર્વવિરતિ ૨. અપ્રમત્તસર્વવિરતિ ૩. અપૂર્વકરણ અને ૪. અનિવૃત્તિકરણ.

યોગ = ૧૩. ૪ મનના, ૪ વચનના, ઔદારિકકાયયોગ, વૈક્રિયકાયયોગ, વૈક્રિયમિશ્રકાયયોગ, આહારકકાયયોગ, આહારકમિશ્ર કાયયોગ.

(૧) વૈક્રિય લબ્ધિવાળા સંયમી જીવો છઠ્ઠે ગુણસ્થાનકે વૈક્રિયશરીર બનાવતાં હોય ત્યારે વૈક્રિયમિશ્રકાયયોગ હોય છે.

(૨) કેટલાક ચૌદ પૂર્વધર મહાત્માઓ આહારકશરીર બનાવતા હોય ત્યારે આહારકમિશ્રકાયયોગ હોય છે.

(૩) છઠ્ઠા અને સાતમા ગુણસ્થાનકે વૈક્રિય શરીરી જીવોને વૈક્રિયકાયયોગ હોય છે અને આહારકશરીરી જીવોને આહારકકાયયોગ હોય છે.

(૪) બાકીના સંયમી જીવોને બાકીના કાયયોગો હોય છે.

ઉપયોગ = ૭. ૪ જ્ઞાન, ૩ દર્શન, લેશ્યા = ૬.

*(૨) છેદોપસ્થાપનીય ચારિત્ર* = આ ચારિત્ર ૫ ભરત, અને ૫ ઐરવત ક્ષેત્રને વિષે પહેલા અને છેલ્લા તીર્થંકરના શાસનમાં હોય છે.

જીવભેદ - ૧. સંજ્ઞીપર્યાપ્તો.

ગુણસ્થાનક - ૪. ૧. પ્રમત્તસર્વવિરતિ ૨. અપ્રમત્તસર્વવિરતિ ૩. અપૂર્વકરણ અને ૪. અનિવૃત્તિકરણ.

યોગ = ૧૩. ૪ મનના, ૪ વચનના, ઔદારિકકાયયોગ, વૈક્રિયકાયયોગ, વૈક્રિયમિશ્રકાયયોગ, આહારકકાયયોગ, આહારકમિશ્રકાયયોગ.

૧. વૈક્રિય લબ્ધિવાળા જીવોને વૈક્રિયશરીર કરતાં વૈક્રિયમિશ્રકાયયોગ હોય છે.

૨. કેટલાક ચૌદ પૂર્વધર મહાત્માઓને આહારકશરીર કરતાં આહારક મિશ્રકાયયોગ હોય છે.

(૩) બાકીના સંયમી જીવોને બાકીના યોગો હોય છે.

(૪) છઠ્ઠા, સાતમા ગુણસ્થાનકે રહેલા લબ્ધિધારી મનુષ્યોને વૈક્રિયકાયયોગ અને આહારકકાયયોગ હોય છે.

ઉપયોગ - ૭. ૪ જ્ઞાન, ૩ દર્શન. લેશ્યા - ૬.

*(૩) પરિહારવિશુદ્ધિ ચારિત્ર* = આ ચારિત્ર ૫ ભરત, અને ૫ ઐરવત ક્ષેત્રને વિષે જિનના કાળમાં રહેલા પહેલા અને છેલ્લા તીર્થંકરના શાસનમાં જીવોને હોય છે.

જીવભેદ - ૧ સંજ્ઞીપર્યાપ્તો.

ગુણસ્થાનક - ૨. ૧. પ્રમત્તસર્વવિરતિ અને ૨. અપ્રમત્તસર્વવિરતિ.

યોગ - ૯. ૪ મનના, ૪ વચચના, ઔદારિકકાયયોગ.

૧. લબ્ધિધારી મનુષ્યો આ ચારિત્ર પ્રાપ્ત કરતા નથી. તેથી વૈક્રિય દ્વિક અને આહારકદ્વિકકાયયોગ હોતા નથી.

ઉપયોગ - ૭. ૪ જ્ઞાન, ૩ દર્શન.

૧. આ જીવોને મનઃપર્યવજ્ઞાન જે હોય છે. તે ઋજુમતિ મનઃપર્યવજ્ઞાન હોય એમ લાગે છે. કારણ કે ચરમ શરીરી જીવો આ ચારિત્રને પ્રાયઃ પ્રાપ્ત કરતાં નથી.

લેશ્યા - ૬.

આ જીવોને ચારિત્ર પ્રાપ્ત કરતાં ત્રણ શુભલેશ્યામાંથી કોઈપણ લેશ્યા હોય છે. અને પ્રાપ્ત કર્યા બાદ ત્રણ અશુભમાંથી કોઈપણ લેશ્યા આવતી હોવાથી છ લેશ્યા કહેલી છે.

*(૪) સુક્ષ્મસંપરાયચારિત્ર* = જીવભેદ -૧. સંજ્ઞીપર્યાપ્તો.

ગુણસ્થાનક - ૧. સંક્ષ્મસંપરાય.

યોગ - ૯. ૪ મનના, ૪ વચનના અને ઔદારિકકાયયોગ.

ઉપયોગ - ૭. ૪ જ્ઞાન, ૩ દર્શન. લેશ્યા - ૧ શુક્લલેશ્યા.

(૫) યથાખ્યાત સંયમ = જીવભેદ = ૧ સંજ્ઞીપર્યાપ્તો.

ગુણસ્થાનક = ૪. ૧. ઉપશાંતમોહ ૨. ક્ષીણમોહ. ૩. સયોગીકેવલી ૪. અયોગીકેવલી.

યોગ = ૧૧. ૪ મનના, ૪ વચનના, ઔદારિકકાયયોગ, ઔદારિકમિશ્રકાયયોગ, કાર્મણકાયયોગ.

(૧) અગ્યારમા અને બારમા ગુણસ્થાનકે ૪ મનના, ૪ વચનના અને ઔદારિકકાયયોગ. એ નવમાંથી કોઈપણ યોગ હોય છે.

(૨) તેરમા ગુણસ્થાનકે સાત યોગમાંથી કોઈપણ યોગ હોય છે. તેમાં કેવલી સમુદ્ઘાત વખતે બીજા અને સાતમા સમયે ઔદારિકમિશ્રકાયયોગ અને ત્રણ, ચાર, પાંચ સમયે કાર્મણકાયયોગ હોય છે. બાકીના સમયે પાંચમાંથી કોઈપણ યોગ હોય છે.

(૩) અયોગી કેવલીને એકે યોગ હોતો નથી.

ઉપયોગ = ૯. ૫ જ્ઞાન, ૪ દર્શન. લેશ્યા = ૧ શુક્લલેશ્યા.

*(૬) દેશવિરતિસંયમ* = જીવભેદ = ૧. સંજ્ઞીપર્યાપ્તો.

ગુણસ્થાનક = ૧. દેશવિરતિ. (૫મું)

યોગ = ૧૧. ૪ મનના, ૪ વચનના, ઔદારિકકાયયોગ, વૈક્રિયકાયયોગ, વૈક્રિયમિશ્રકાયયોગ.

૧. સંખ્યાત વર્ષના આયુષ્યવાળા તિર્યંચ અને મનુષ્યને વૈક્રિયલબ્ધિ પ્રાપ્ત થયેલી હોય તે વૈક્રિયશરીર કરતાં હોય ત્યારે વૈક્રિયમિશ્રકાયયોગ હોય છે.

૨. પર્યાપ્તા જીવોને બાકીના દસ યોગમાંથી કોઈપણ યોગ હોય છે.

ઉપયોગ = ૩ જ્ઞાન, ૩ દર્શન. લેશ્યા = ૬.

*(૭) અવિરતિસંયમ* = જીવભેદ = ૧૪.

ગુણસ્થાનક - ૪. મિથ્યાત્વ, સાસ્વાદન, મિશ્ર અને અવિરતિ.

યોગ = ૧૩. ૪ મનના, ૪ વચનના, ઔદારિકકાયયોગ, ઔદારિકમિશ્રકાયયોગ, વૈક્રિયકાયયોગ, વૈક્રિયમિશ્રકાયયોગ, કાર્મણકાયયોગ.

ઉપયોગ = ૯ ૩ જ્ઞાન, ૩ અજ્ઞાન, ૩ દર્શન. લેશ્યા = ૬.

અલ્પબહુત્વ = સૂક્ષ્મ સંપરાયવાળા જીવો સૌથી થોડા હોય છે. કારણ કે ઉપશમશ્રેણિ પ્રાપ્ત કરનારા જીવોની એકસાથે સંખ્યા હોય તો ચોપ્પનની સંખ્યા હોય છે અને ક્ષપકશ્રેણી પ્રાપ્ત કરનારા જીવોની સંખ્યા એક સાથે હોયતો એકસોને આઠની હોય છે. આથી દસમા ગુણસ્થાનકે એટલેકે સૂક્ષ્મસંપરાય ચારિત્રને વિષે સંખ્યાતા જીવો હોય છે. પણ બીજા ચારિત્રી જીવની અપેક્ષાએ થોડા હોય છે.

તેના કરતાં પરિહારવિશુદ્ધિ ચારિત્રવાળા સંખ્યાતગુણા અધિક જીવો

હોય છે. કારણ કે છઠ્ઠો, સાતમા ગુણસ્થાનકે આ ચારિત્રવાળા જીવોની સંખ્યા સંખ્યાતગુણી અધિક હોય છે. પ્રાયઃ કરીને બે હજારથી નવ હજારની સંખ્યાનો વચલો કોઈપણ આંક હોઈ શકે છે. એટલે કે સહસ્રપૃથક્ત્વ જેટલી સંખ્યાવાળા જીવો હોય છે.

તેના કરતાં યથાખ્યાત સંયમવાળા જીવો સંખ્યાતગુણા અધિક હોય છે. કારણ કે બે કરોડ કેવલી ભગવંતોની સંખ્યા સામાન્યથી હોય છે.

તેના કરતાં છેદોપસ્થાપનીય અને સામયિક ચારિત્ર બંનેની પરસ્પર સંખ્યા સરખી પણ યથાખ્યાત કરતાં સંખ્યાતગુણી અધિક હોય છે. કારણ કે એક એક તીર્થંકરોની સાથે સો કરોડ સાધુ અને સો કરોડ સાધ્વી સામાન્યથી હોય છે. તેથી સંખ્યાતગુણ અધિક ગણાય છે.

તેના કરતાં દેશવિરતિ સંયમી જીવો અસંખ્યાતગુણા અધિક હોય છે. કારણ કે તિર્યંચગતિમાં અસંખ્યાતા તિર્યંચો દેશવિરતિધર હોય છે. તેના કરતાં અવિરતિસંયમી જીવો અનંતગુણા અધિક હોય છે. કારણ કે નિગોદના જીવોને અવિરતિનો ઉદય સદા માટે હોય છે.

**દર્શન માર્ગણાને વિષે જીવસ્થાનકાદિનું વર્ણન**

*(૧) ચક્ષુદર્શન* = જીવભેદ = ૩/૬ ૧. ચઉરીન્દ્રિયપર્યાપ્તા ૨. અસંજ્ઞીપંચેન્દ્રિયપર્યાપ્તા અને ૩. સંજ્ઞીપંચેન્દ્રિપર્યાપ્તા અથવા ૪. ચઉરીન્દ્રિયઅપર્યાપ્તા ૫. અસંજ્ઞીપંચેન્દ્રિયઅપર્યાપ્તા અને ૬. સંજ્ઞીપંચેન્દ્રિય અપર્યાપ્તા સાથે છ.

(૧) આ અપર્યાપ્તા જીવોને અપર્યાપ્તા અવસ્થામાં કેટલાક આચાર્યોના મતે ઈન્દ્રિય પર્યાપ્તિ પૂર્ણ થયે ચક્ષુઈન્દ્રિય માનેલી હોવાથી અપર્યાપ્તાના ભેદો ઘટે છે.

ગુણસ્થાનક - ૧ થી ૧૨.

યોગ = ૧૩. ૪ મનના, ૪ વચનના, ઔદારિકકાયયોગ, વૈક્રિયકાયયોગ, વૈક્રિયમિશ્રકાયયોગ, આહારકકાયયોગ, આહારકમિશ્ર કાયયોગ.

(૧) આ જીવોને વિગ્રહગતિથી શરીર પર્યાપ્તિથી પર્યાપ્ત ન થાય ત્યાં

સુધી કાર્મણ અને ઔદારિકમિશ્રકાયયોગ રહેતો હોવાથી ત્યાં ચક્ષુ પેદા થતી ન હોવાથી આ બે યોગ ઘટતા નથી.

(૨) બાકીના યોગો પર્યાપ્તાને આશ્રયીને જાણવા.

ઉપયોગ = ૧૦ ૪ જ્ઞાન, ૩ અજ્ઞાન, ૩ દર્શન.

લેશ્યા = ૬.

*(૨) અચક્ષુદર્શન* = જીવભેદ - ૧૪.

ગુણસ્થાનક - ૧ થી ૧૨. યોગ - ૧૫. ઉપયોગ - ૧૦. ૪ જ્ઞાન, ૩ અજ્ઞાન, ૩ દર્શન. લેશ્યા - ૬.

*(૩) અવધિદર્શન* = જીવભેદ - ૨. (૧) સંજ્ઞીઅપર્યાપ્તો અને (૨) સંજ્ઞીપર્યાપ્તો ગુણસ્થાનક - ૪ થી ૧૨ અથવા ૩ થી ૧૨.

(૧) સિદ્ધાંતના મતે ત્રીજા ગુણસ્થાનકથી અવધિદર્શન માનેલું છે.

યોગ - ૧૫. ઉપયોગ - ૭. ૪ જ્ઞાન, ૩ દર્શન. લેશ્યા - ૬.

કેવલદર્શન - જીવભેદ - ૧. સંજ્ઞીપર્યાપ્તો.

ગુણસ્થાનક - (૨) ૧૩મું અને ૧૪મું સયોગી કેવલી અને અયોગી કેવલી.

યોગ - (૭) ૧. સત્યમનયોગ, ૨. અસત્યામૃષામનયોગ ૩. સત્યવચનયોગ ૪. અસત્યામૃષાવચનયોગ ૫. ઔદારિકકાયયોગ ૬. ઔદારિકમિશ્રકાયયોગ ૭. કાર્મણકાયયોગ.

૧. કેવલી સમુદ્ઘાત વખતે બીજા અને સાતમા સમયે ઔદારિકમિશ્રકાયયોગ હોય છે. અને ત્રણ, ચાર, પાંચ સમયે કાર્મણકાયયોગ હોય છે.

૨. બાકીના પર્યાપ્તા કેવલી જીવને તેરમા ગુણસ્થાનકે બાકીના યોગ હોય છે.

૩. અનુત્તરવાસી દેવોને તત્વનો વિચાર કરતાં જે કંઈ શંકા પડે તેના સમાધાન માટે કેવલી ભગવંતો મનોવર્ગણાના પુદ્ગલો લઈ દ્રવ્ય મનરૂપે પરિણામ પમાડી ગોઠવણ કરે એટલા પૂરતો મનયોગ હોય છે.

૪. કોઈ લઘુકર્મી આત્માને મોક્ષ માર્ગમાં દાખલ કરવા માટે ભાષા વર્ગણાના પુદ્ગલો લઈ ભાષા રૂપે પરિમામ પમાડવા અને તેને વિસર્જન

કરવા વચનયોગ હોય છે.

ઉપયોગ (૨) (૧) કેવલજ્ઞાન અને (૨) કેવલદર્શન.

લેશ્યા - ૧. શુક્લલેશ્યા,

*અલ્પબહુત્વ* = અવધિદર્શની જીવો સૌથી થોડા હોય છે. થોડા પણ અસંખ્યાતા હોય છે. કારણ કે દેવતા અને નારકીમાં સમકિતી જીવો અસંખ્યાતા હોય છે. તેના કરતાં ચક્ષુદર્શની જીવો અસંખ્યાતગુણા અધિક હોય છે. કારણ કે જગતમાં સમકિતી જીવો કરતાં સંજ્ઞી પંચેન્દ્રિય જીવો મિથ્યાદ્રષ્ટિ અસંખ્યાતગુણા અધિક હોય છે તથા અસંજ્ઞીપંચેન્દ્રિય અને ચઉરીન્દ્રિય જીવોને પણ ચક્ષુદર્શન હોવાથી અસંખ્યાતગુણા અધિક થઈ શકે છે.

તેના કરતાં કેવલદર્શની જીવો અનંતગુણા અધિક હોય છે. કારણ કે સિદ્ધનાજીવો અનંતા હોય છે.

તેના કરતાં અચક્ષુદર્શની જીવો અનંતગુણા અધિક હોય છે. કારણ કે સિદ્ધનાજીવો કરતાં નિગોદના જીવો અનંતગુણા અધિક હોય છે.

**લેશ્યા માર્ગણાને વિષે જીવસ્થાનકાદિ દ્વારનું વર્ણન.**

૧. *કૃષ્ણલેશ્યા* = જીવભેદ - ૧૪.

ગુણસ્થાનક - ૧ થી ૪ / ૧ થી ૬.

૧. ત્રીજા કર્મગ્રંથની અપેક્ષાએ એક થી ચાર ગુણસ્થાનક હોય છે. આ કર્મગ્રંથની અત્યારે ટીકા મળતી ન હોવાથી તેની અવચૂરિ મળતી હોવાથી અત્રે ચાર ગુણસ્થાનક કેમ કહેવાય છે તેનો ઉલ્લેખ મળતો નથી.

૨. ચોથા કર્મગ્રંથની અપેક્ષાએ ગુણસ્થાનક ૧ થી ૬ હોવાથી. આ કર્મગ્રંથની ટીકા આચાર્ય ભગવંત દેવેન્દ્રસૂરિ મહારાજ સાહેબની રચેલી મળે છે. તેમાં ઉલ્લેખ છ ગુણસ્થાનકનો છે. તેથી છ ગુણસ્થાનક કહેલ છે.

યોગ - ૧૫.

(૧) આહારકકાયયોગ અને મિશ્રકાયયોગને વિષે કૃષ્ણલેશ્યા આવવાની સંભાવના હોવાથી કૃષ્ણલેશ્યા આવી શકે છે. માટે કીધેલી છે.

ઉપયોગ - ૧૦. ૪ જ્ઞાન, ૩ અજ્ઞાન, ૩ દર્શન.

(૧) મનઃપર્યાવજ્ઞાનની પ્રાપ્તિ કર્યા બાદ તથા અવધિજ્ઞાનની પ્રાપ્તિ

કર્યા બાદ અશુભલેશ્યા પ્રાપ્ત થતી હોવાથી ચાર જ્ઞાન કહેલ છે.
લેશ્યા :- પોતાની કૃષ્ણલેશ્યા.

*(૨) નીલલેશ્યા* = જીવભેદ-૧૪.

ગુણસ્થાનક- ૧ થી ૪ / ૧ થી ૬. યોગ - ૧૫

ઉપયોગ - ૧૦. ૪ જ્ઞાન, ૩ અજ્ઞાન, ૩ દર્શન.

લેશ્યા - પોતાની નીલલેશ્યા.

*(૩) કાપોતલેશ્યા* - જીવભેદ - ૧૪.

ગુણસ્થાનક ૧ થી ૪ / ૧ થી ૬.

યોગ - ૧૫. ઉપયોગ - ૧૦. ૪ જ્ઞાન, ૩ અજ્ઞાન, ૩ દર્શન.

લેશ્યા - પોતની કાપોતલેશ્યા.

*(૪) તેજોલેશ્યા* - જીવભેદ - ૩ (૧) બાદરઅપર્યાપ્તાએકેન્દ્રિય (૨) સંજ્ઞીઅપર્યાપ્તા (૩) સંજ્ઞીપર્યાપ્તા.

ગુણસ્થાનક - ૧ થી ૭

૧. ભવનપતિ, વ્યંતર, જ્યોતિષિ, વૈમાનિકના ૧ લા, ૨જા દેવલોકના દેવતાઓ તેજોલેશ્યા લઈને એકેન્દ્રિયમાં ઉત્પન્ન થાય ત્યારે શરીર પર્યાપ્તિથી પર્યાપ્ત ન થાય ત્યાં સુધી આ લેશ્યા રહેલી હોય છે. તેથી કહી છે.

યોગ - ૧૫. ઉપયોગ - ૧૦. ૪ જ્ઞાન. ૩ અજ્ઞાન, ૩ દર્શન.

લેશ્યા - પોતાની તેજોલેશ્યા.

૫. પદ્મલેશ્યા - જીવભેદ-૨ (૧) સંજ્ઞઅપર્યાપ્તા (૨) સંજ્ઞીપર્યાપ્તા.

ગુણસ્થાનક - ૧ થી ૭

યોગ-૧૫. ઉપયોગ-૧૦. ૪ જ્ઞાન, ૩ અજ્ઞાન, ૩ દર્શન.

લેશ્યા - પોતાની પદ્મલેશ્યા.

૬. *શુક્લલેશ્યા* - જીવભેદ-૨ ૧. સંજ્ઞીઅપર્યાપ્તા ૨. સંજ્ઞીપર્યાપ્તા

ગુણસ્થાનક - ૧ થી ૧૩

યોગ = ૧૫. ઉપયોગ - ૧૨

લેશ્યા - પોતની શુક્લલેશ્યા

*અલ્પબહુત્વ* = શુક્લલેશ્યાવાળા જીવો સૌથી ઓછા હોય છે. ઓછા

એટલે અસંખ્યાતા હોય છે કારણ કે દેવલોકના દેવોની સંખ્યા કરતાં શુક્લલેશ્યાવાળા પંચેન્દ્રિયતિર્યંચો અસંખ્યાતગુણા અધિક હોય છે.

તેના કરતાં પદ્મલેશ્યાવાળા જીવો અસંખ્યાતગુણા અધિક અથવા સંખ્યાતગુણા અધિક હોય છે. કારણ કે પદ્મલેશ્યાવાલા દેવોની સંખ્યા કરતાં પંચેન્દ્રિય તિર્યંચોની સંખ્યા સંખ્યાત ગુણી અધિક થતી હોવાથી સંખ્યાતગુણી અધિક કહેવાય છે. તે આચાર્યનો મત બરાબર જણાય છે. તેના કરતાં તેજોલેશ્યા વાળા જીવો સંખ્યાતગુણા અધિક હોય છે. કારણ કે પંચેન્દ્રિય તિર્યંચો શુક્લલેશ્યા અને પદ્મલેશ્યાવાળા એટલી બધી સંખ્યામાં હોય છે કે તેના કરાણે તેજોલેશ્યાવાળા જીવો સંખ્યાતગુણા અધિક થાય છે પરંતુ અસંખ્યાતગુણા અધિક થતાં નથી.

તેના કરતાં કાપોતલેશ્યાવાળા જીવો અનંતગુણા અધિક હોય છે. કારણ કે નિગોદના જીવો અનંતગુણા અધિક હોય છે.

તેને કરતાં નીલલેશ્યાવાળા જીવો વિશેષાધિક હોય છે કારણ કે નારકીના જીવો અધિક દાખલ કરવાથી વિશેષાધિક થાય.

તેના કરતાં કૃષ્ણલેશ્યાવાળા જીવો વિશેષાધિક હોય છે કારણ કે નારકીના જીવો અધિક દાખલ થવાથી વિશેષાધિક થાય.

ભવ્ય માર્ગણાને વિષે જીવસ્થાનકાદિનું વર્ણન

૧. ભવ્ય = જીવભેદ-૧૪.

ગુણસ્થાનક - ૧૪. યોગ - ૧૫. ઉપયોગ - ૧૨. લેશ્યા - ૬

૨. અભવ્ય = જીવભેદ - ૧૪.

ગુણસ્થાનક - ૧. મિથ્યાત્વ

યોગ = ૧૩. ૪ મનના, ૪ વચનના, ઔદારિકકાયયોગ, ઔદારિકમિશ્રકાયયોગ, વૈક્રિયકાયયોગ, વૈક્રિયમિશ્રકાયયોગ, કાર્મણકાયયોગ.

ઉપયોગ - ૫, ૩ અજ્ઞાન, ૨ દર્શન.

લેશ્યા - ૬.

અલ્પબહુત્વ = અભવ્યજીવો સૌથી થોડા એટલે અનંતા હોય છે. આ જીવોની સંખ્યા ચોથા અનંતાની સંખ્યા જેટલી હોય છે.

તેના કરતાં ભવ્યજીવો અનંતગુણા અધિક હોય છે કારણ કે આ જીવોની સંખ્યા આઠમા અનંતા જેટલી હોય છે.

**સમક્તિ માર્ગણાને વિષે જીવસ્થાનકાદિનું વર્ણન.**

૧. *ઉપશમસમકિત* = જીવભેદ = ૧/૨ સંજ્ઞીપર્યાપ્તો અથવા અસંજ્ઞીપર્યાપ્તા સાથે બે, દસમે ગુણસ્થાનકે અથવા ઉપશમ શ્રેણીથી પડતા અગ્યાર, દસ, નવ અને આઠમા ગુણસ્થાનકે કાળ કરીને દેવલોકમાં ઉત્પન્ન થાય ત્યારે કેટલાક આચાર્યોના મતે અપર્યાપ્ત અવસ્થામાં એક સમય સુધી ઉપશમસમકિત માનેલું હોવાથી સંજ્ઞીઅપર્યાપ્તો જીવ ઘટી શકે છે.

૨. કેટલાક આચાર્યોના મતે ઉપશમ શ્રેણિમાં ચઢતાં કે પડતાં આઠથી અગ્યાર ગુણસ્થાનકમાં કાળ કરીને દેવલોકમાં ઉત્પનન્ન થાય ત્યારે દેવ આયુષ્યનો ઉદય થતાંની સાથે ક્ષયોપશમ સમકિત થઈ જાય છે. આથી સંજ્ઞીઅપર્યાપ્તો જીવ ઉપશમસમકિતમાં ઘટતો નથી.

ગુણસ્થાનક = ૪ થી ૧૧.

૧. ચારથી સાત ગુણસ્થાનકને વિષે અનાદિમિથ્યાત્વી સૌ પ્રથમ ઉપશમસમકિતની પ્રાપ્તિ કરે તેવા જીવો હોય છે. તથા ઉપશમ શ્રેણી માંડનાર જીવને ઉપશમસમકિત હોય. તથા ઉપશમ શ્રેણીથી પડીને આવેલા જીવોને પણ ઉપશમસમકિત હોય છે.

૨. આઠ થી અગ્યાર ગુણસ્થાનકને વિષે ઉપશમ શ્રેણી ચઢનાર તથા પડીને આવનાર જીવોને ઉપશમસમકિત હોય છે.

યોગ = ૧૧. ૪ મનના, ૪ વચનના, ઔદારિકકાયયોગ, વૈક્રિયકાયયોગ, વૈક્રિયમિશ્રકાયયોગ.

(૧) આહારાકકાયયોગ અને આહારમિશ્રકાયયોગ હોતાં નથી કારણ કે આ સમકિતનો કાળ અલ્પ હોય છે તથા આહારકશરીર ચૌદ પૂર્વધર મહાત્માઓ કરે છે. તે જીવોને ઉપશમ શ્રેણી ન હોવાથી ઉપશમસમકિત ઘટતું નથી.

(૨) કોઈ અનાદિ મિથ્યાદ્રષ્ટિ જીવ વૈક્રિયશરીર બનાવતો હોય ત્યારે મિશ્રકાયયોગમાં વિદ્યમાન હોય અને ત્યાં ઉપશમસમકિતની પ્રાપ્તિ કરે ત્યારે

અથવા દેવતા અને નારકીના જીવો ઉત્તર વૈક્રિયશરીર કરતાં ઉપશમ સમકિતના કાળમાં વૈક્રિયમિશ્રકાયયોગ કરતાં હોય ત્યારે તે યોગ ઘટે છે.

ઉપયોગ = ૭. ૪ જ્ઞાન, ૩ દર્શન. લેશ્યા = ૬.

(૧) જ્યારે જીવો નવું ઉપશમસમકિત પ્રાપ્ત કરે ત્યારે અને ઉપશમ શ્રેણીનું ઉપશમસમકિત પ્રાપ્ત કરે ત્યારે ત્રણ શુભલેશ્યામાંથી કોઈપણ શુભલેશ્યા હોય છે. પણ જ્યારે જીવ ઉપશમ શ્રેણીથી પડીને ચાર થી છ ગુણસ્થાનકમાં આવે ત્યારે ત્રણ અશુભલેશ્યામાંથી કોઈપણ અશુભલેશ્યા પ્રાપ્ત થતી હોવાથી છ લેશ્યા કહી છે.

૨. *ક્ષયોપશમ સમકિત* - જીવભેદ = ૨ સંજ્ઞીપર્યાપ્તા અને સંજ્ઞીઅપર્યાપ્તા.

(૧) સિદ્ધાંતના મતે ક્ષયોપશમ સમકિત લઈને જીવ ચારે ગતિમાં જઈ શકે છે. તેમાં નરકમાં સમકિત લઈને જાય તો એક થી છ નરક સુધી જાય છે. તિર્યંચમાં સંખ્યાત વર્ષના આયુષ્યવાળા મનુષ્યમાં જઈ શકે છે. દેવમાં ચારે નિકાયના દેવોમાં જઈ શકે છે.

(૨) કાર્મગ્રંથિક મતે આ સમકિત લઈને વૈમાનિક દેવમાં જ જઈ શકે છે. ગુણસ્થાનક = ૪ થી ૭.

૧. આ સમકિતના કાળમાં જ જીવ ઉપશમશ્રેણી તથા ક્ષપકશ્રેણી પ્રાપ્ત કરી શકે છે.

૨. ઉપશમશ્રેણી અને ક્ષપકશ્રેણીની શરૂઆત ચાર થી સાત ગુણસ્થાનકમાં થઈ શકે છે.

યોગ = ૧૫. ઉપયોગ = ૭. ૪ જ્ઞાન, ૩ દર્શન. લેશ્યા = ૬.

(૧) આ સમકિતની પ્રાપ્તિમાં જીવને શુભલેશ્યા હોય છે. પ્રાપ્ત કર્યા બાદ કોઈપણ અશુભલેશ્યા આવવાની યોગ્યતા હોવાથી છ લેશ્યા કહેલી છે. કારણ કે આ સમકિતનો કાળ ઉત્કૃષ્ટ છાસઠ સાગરોપમ હોય છે.

૩. ***ક્ષાયિકસમકિત*** = જીવભેદ = ૨. સંજ્ઞીપર્યાપ્તા અને સંજ્ઞીઅપર્યાપ્તા.

યોગ - ૧૫. ઉપયોગ - ૯ - ૫ જ્ઞાન, ૪ દર્શન. લેશ્યા - ૬

૧. કૃષ્ણલેશ્યા અને નીલલેશ્યા ક્ષાયિકસમકિત પ્રાપ્ત કર્યા પછી ચોથા,

પાંચમા, છઠ્ઠા ગુણસ્થાનકે રહેલા મનુષ્યોને પ્રાપ્ત થઈ શકે છે. માટે કહેલી છે.

૨. કાપોતલેશ્યા ચોથા, પાંચમા, છઠ્ઠા ગુણસ્થાનકે રહેલા મનુષ્યોને પ્રાપ્ત થઈ શકે છે તથા કાપોતલેશ્યા લઈને એક થી ત્રણ નરકને વિષે ઉત્પન્ન થઈ શકે છે. તેમાં બીજી નારકીમાં જઘન્ય આયુષ્ય + પલ્યોપમના અસંખ્યાતમાં ભાગ જેટલા અધિક આયુષ્ય સુધી જ ક્ષાયિકસમકિતી જીવો ઉત્પન્ન થઈ શકે છે.

૩. તેજો, પદ્મ અને શુક્લલેશ્યામાં રહેલા મનુષ્યો ક્ષાયિકસમકિતની પ્રાપ્તિ કરી શકે છે અને ક્ષાયિકસમકિત લઈ શકે છે. તથા વૈમાનિક દેવલોકમાં ક્ષાયિકસમકિત સાથે આ ત્રણ લેશ્યા લઈને ઉત્પન્ન થઈ શકે છે તેમ જ અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા મનુષ્યોને વિષે ઉત્પન્ન થઈ શકે છે. અને તેજોલેશ્યા લઈને અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા તિર્યંચને વિષે ઉત્પન્ન થઈ શકે છે.

૪. *મિશ્રસમકિત* = જીવભેદ - ૧. સંજ્ઞીપર્યાપ્તો.

ગુણસ્થાનક - ૧. મિશ્રસમકિત

યોગ-૧૦. ૪ મનના, ૪ વચનના, ઔદારિકકાયયોગ, વૈક્રિયકાયયોગ.

ઉપયોગ-૯ ૩ જ્ઞાન, ૩ અજ્ઞાન, ૩ દર્શન. લેશ્યા - ૬

(૧) પહેલા ગુણસ્થાનકે રહેલા જીવો મોહનીય કર્મની અઠ્ઠાવીસ પ્રકૃતિની કે સત્તાવીસ પ્રકૃતિની સત્તાવાળો જીવ મિશ્ર મોહનીયનો ઉદય થતાં ત્રીજા ગુણસ્થાનકને પ્રાપ્ત કરે ત્યારે છએ લેશ્યામાંથી કોઈપણ લેશ્યા હોઈ શકે છે.

(૨) કોઈ ક્ષયોપશમ સમકિતી જીવ અઠ્ઠાવીસ કે ચોવીસની સત્તાવાળો મિશ્રમોહનીયનો ઉદય થતાં ત્રીજા ગુણસ્થાનકને પ્રાપ્ત કરે ત્યારે મોટે ભાગે શુભલેશ્યામાં પ્રાપ્ત કરે છે. કવચિત કોઈ જીવ અશુભલેશ્યામાં પણ પ્રાપ્ત કરી શકે છે.

૫. *સાસ્વાદનસમકિત* = જીવભેદ - ૭. છ અપર્યાપ્તા અને એક સંજ્ઞીપર્યાપ્તો.

૧. બાદરઅપર્યાપ્તાએકેન્દ્રિય ૨. બેઈન્દ્રિયઅપર્યાપ્તા ૩. તેઈન્દ્રિય

અપર્યાપ્તા ૪. ચઉરીન્દ્રિય અપર્યાપ્તા ૫. અસંજ્ઞીપંચેન્દ્રિય અપર્યાપ્તા ૬. સંજ્ઞી પંચેન્દ્રિયઅપર્યાપ્તા.

ગુણસ્થાનક - બીજું, સાસ્વાદનસમકિત.

યોગ - ૧૩ ૪ મનના, ૪ વચનના, ઔદારિકકાયયોગ, ઔદારિકમિશ્રકાયયોગ, વૈક્રિયકાયયોગ, વૈક્રિયમિશ્રકાયયોગ અને કાર્મણકાયયોગ.

ઉપયોગ - ૫ અથવા ૬. ૩ અજ્ઞાન, ચક્ષુદર્શન, અચક્ષુદર્શન અથવા અવધિદર્શન સાથે છે.

૧. કેટલાક આચાર્યોના મતે જ્યારે જીવોને વિભંગજ્ઞાનની પ્રાપ્તિ થાય ત્યારે સામાન્ય બોધ રૂપે અવધિદર્શન પણ ગણેલું હોવાથી છ ઉપયોગ ગણાય છે.

લેશ્યા - ૬.

૬. *મિથ્યાત્વ સમકિત* = જીવભેદ - ૧૪.

ગુણસ્થાનક - પહેલું, મિથ્યાત્વ.

યોગ - ૧૩. ૪ મનના, ૪ વચનના, ઔદારિકકાયયોગ, ઔદારિકમિશ્રકાયયોગ, વૈક્રિયકાયયોગ, વૈક્રિયમિશ્રકાયયોગ અને કાર્મણકાયયોગ.

ઉપયોગ - ૫/૬. ૩ અજ્ઞાન, બે દર્શન અથવા ત્રણ દર્શન.

લેશ્યા - ૬.

*અલ્પબહુત્વ* = સાસ્વાદન સમકિતી જીવો સૌથી થોડા હોય. થોડા એટલે અસંખ્યાતગુણા હોય છે. ચારે ગતિના સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા અને નરકગતિ સિવાયના ત્રણ ગતિના સંજ્ઞીઅપર્યાપ્તા જીવો તથા બાદર અપર્યાપ્તા એકેન્દ્રિય, વિકલેન્દ્રિય અને અસંજ્ઞીપંચેન્દ્રિય જીવો સાસ્વાદનસમકિતિ હોઈ શકે છે. આ બધાનો સરવાળો કરીએ ત્યારે અસંખ્યાતા થાય છે. અને બધા સમકિતિ જીવો કરતાં આ સમકિતનો કાળ વધારેમાં વધારે છ આવાલિકા જેટલો અલ્પ હોવાથી સૌથી થોડા કહ્યા છે. તેના કરતાં ઉપશમસમકિતિ જીવો સંખ્યાતગુણા અધિક હોય છે. કારણ કે આ સમકિતનો કાળ

સાસ્વાદનસમકિત કરતાં વધારે હોય છે. તેના કરતાં મિશ્ર સમકિતિ જીવો સંખ્યાતગુણા અધિક હોય છે. કારણ કે તેનો કાળ ઉપશમ સમકિતિ કરતાં વધારે હોય છે.

તેના કરતાં ક્ષયોપશમ સમકિતિ જીવો અસંખ્યાતગુણા અધિક હોય છે કારણ કે આ સમકિતિનો વધારેમાં વધારે કાળ છાસઠ સાગરોપમ હોય છે. અને આ સમકિતિ જીવો જગતમાં સદા માટે રહેતાં હોવાથી અસંખ્યાતગુણા અધિક થઈ શકે છે. તેના કરતાં ક્ષાયિક સમકિતિ જીવો અનંતગુણા અધિક હોય છે. કારણ કે સિદ્ધના જીવોને ક્ષાયિકસમકિત રહેલું હોવાથી અનંતગુણા અધિક થઈ શકે છે. તેના કરતાં મિથ્યાદ્રષ્ટિ જીવો અનંતગુણા અધિક હોય છે કારણ કે સિદ્ધના જીવ કરતાં નિગોદના જીવો અનંતગુણા અધિક હોય છે.

**સંજ્ઞી માર્ગણાને વિષે જીવસ્થાનકાદિનું વર્ણન.**

૧. સંજ્ઞી માર્ગણા - જીવભેદ - ૨. (૧) સંજ્ઞીઅપર્યાપ્તા (૨) સંજ્ઞીપર્યાપ્તા.

ગુણસ્થાનક - ૧ થી ૧૪.

યોગ - ૧૫. ઉપયોગ - ૧૨. લેશ્યા - ૬.

૨. અસંજ્ઞી માર્ગણા - જીવભેદ - ૧ થી ૧૨.

૧. સૂક્ષ્મ અપર્યાપ્તાએકેન્દ્રિય ૨. સૂક્ષ્મપર્યાપ્તાએકેન્દ્રિય ૩. બાદર અપર્યાપ્તાએકેન્દ્રિય ૪. બાદરપર્યાપ્તાએકેન્દ્રિય ૫. બેઈન્દ્રિયઅપર્યાપ્તા ૬. બેઈન્દ્રિયર્યાપ્તા ૭. તેઈન્દ્રિયઅપર્યાપ્તા ૮. તેઈન્દ્રિયપર્યાપ્તા ૯. ચઉરીન્દ્રિય અપર્યાપ્તા ૧૦. ચઉરીન્દ્રિયપર્યાપ્તા ૧૧. અસંજ્ઞીપંચેન્દ્રિયઅપર્યાપ્તા ૧૨. અસંજ્ઞીપંચેન્દ્રિયપર્યાપ્તા.

ગુણસ્થાનક - ૧, ૨. (૧) મિથ્યાત્વ (૨) સાસ્વાદન.

યોગ - ૬. અસત્યામૃષાવચનયોગ, ઔદારિકકાયયોગ, ઔદારિકમિશ્રકાયયોગ, વૈક્રિયકાયયોગ, વૈક્રિયમિશ્રકાયયોગ અને કાર્મણકાયયોગ.

ઉપયોગ - ૪. ૨ અજ્ઞાન, ૨. દર્શન.

લેશ્યા - ૪. કૃષ્ણ, નીલ, કાપોત, તેજો.

(૧) તેજોલેશ્યા ભવનપતિ આદિ દેવતાઓ તેજોલેશ્યા લઈને બાદર અપર્યાપ્તા એકેન્દ્રિયમાં ઉત્પન્ન થાય ત્યારે શરીર પર્યાપ્તિથી પર્યાપ્ત ન થાય ત્યાં સુધી હોય છે.

*અલ્પબહુત્વ* = સંજ્ઞી જીવો સૌથી થોડા પણ અસંખ્યાતા હોય છે. કારણ કે ચારે ગતિમાં રહેલા સંજ્ઞી જીવોની સંખ્યા અસંખ્યાતી હોય છે. તેના કરતાં અસંજ્ઞી જીવો અનંતગુણા અધિક હોય છે.

**આહારી માર્ગણાને વિષે જીવસ્થાનકાદિનું વર્ણન.**

૧. *આહારી માર્ગણા* - જીવભેદ - ૧૪.

ગુણસ્થાનક - ૧ થી ૧૩

યોગ - ૧૫. ઉપયોગ - ૧૨. લેશ્યા - ૬.

૨. *અણાહારી માર્ગણા* - જીવભેદ - ૮. સાત અપર્યાપ્તા અને એક સંજ્ઞીપર્યાપ્તો.

૧. સૂક્ષ્મઅપર્યાપ્તાએકેન્દ્રિય ૨. બાદરઅપર્યાપ્તાએકેન્દ્રિય ૩. બેઈન્દ્રિય અપર્યાપ્તા ૪. તેઈન્દ્રિયઅપર્યાપ્તા ૫. ચઉરીન્દ્રિયઅપર્યાપ્તા ૬. અસંજ્ઞીપંચેન્દ્રિય અપર્યાપ્તા ૭. સંજ્ઞીપંચેન્દ્રિયઅપર્યાપ્તા ૮. સંજ્ઞીપંચેન્દ્રિયપર્યાપ્તા.

ગુણસ્થાનક = ૫. ૧, ૨, ૪, ૧૩, ૧૪

(૧) મિથ્યાત્વ (૨) સાસ્વાદન (૪) અવિરતિ (૧૩) સયોગી કેવલી (૧૪) અયોગીકેવલી

યોગ = ૧. કાર્મણકાયયોગ

ઉપયોગ = ૧૦. ૧. મતિજ્ઞાન ૨. શ્રુતજ્ઞાન ૩. અવધિજ્ઞાન ૪. કેવલજ્ઞાન ૫. અચક્ષુદર્શન ૬. અવધિદર્શન ૭. કેવલદર્શન અને ત્રણ અજ્ઞાન સાથે દસ.

લેશ્યા - ૬.

*અલ્પબહુત્વ* = અણાહારી જીવો સૌથી થોડા હોય છે. થોડા પણ અનંતા હોય છે. કારણ કે સિધ્ધિગતિમાં રહેલા જીવો અણાહારી હોય છે તથા સંસારી જીવો વિગ્રહગતિમાં રહેલા હોય છે ત્યારે અણાહારી હોય છે. અને વિગ્રહ

ગતિમાં સિધ્ધના જીવો કરતાં અસંખ્યાતગુણા અધિક વિગ્રહગતિમાં સંસારી જીવો સદા માટે રહેલા હોય છે. તેના કરતાં આહારી જીવો અસંખ્યાતગુણા અધિક હોય છે. કારણ કે વિગ્રહ ગતિમાં આઠમાં અનંતા જેટલા જીવો સદા માટે રહેલા હોવાથી આહારી જીવો અસંખ્યાતગુણા અધિક થઈ શકે છે.

**માર્ગણાઓને વિષે જીવસ્થાનકાદિનું વર્ણન.**

(૧) દેવગતિ, નરકગતિ, વિભંગજ્ઞાન, મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, અવધિદર્શન, ક્ષયોપશમ, ક્ષાયિક અને ઉપશમસમકિત, પદ્મલેશ્યા, શુક્લલેશ્યા અને સંજ્ઞી માર્ગણા આ તેર માર્ગણાને વિષે બે જીવભેદ હોય છે. ૧. સંજ્ઞીઅપર્યાપ્તા અને. ૨. સંજ્ઞીપર્યાપ્તા.

(૨) મનુષ્યગતિને વિષે ત્રણ જીવભેદ હોય છે. (૧) અસંજ્ઞીપંચેન્દ્રિય અપર્યાપ્તા (૨) સંજ્ઞીપંચેન્દ્રિય અપર્યાપ્તા (૩) સંજ્ઞીપંચેન્દ્રિયપર્યાપ્તા.

(૩) તેજોલેશ્યાને વિષે ત્રણ જીવભેદ હોય છે. (૧) બાદરઅપર્યાપ્તા એકેન્દ્રિય (૨) સંજ્ઞીપંચેન્દ્રિયઅપર્યાપ્તા (૩) સંજ્ઞીપંચેન્દ્રિયપર્યાપ્તા.

(૪) એકેન્દ્રિય, પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાઉકાય અને વનસ્પતિકાય આ છ માર્ગણાને વિષે પહેલા બાર જીવભેદ હોય છે.

(૫) અસંજ્ઞી માર્ગણાને વિષે પહેલા બાર જીવભેદ હોય છે.

(૬) બેઈન્દ્રિય માર્ગણાને વિષે પોતાના બે જીવભેદ હોય છે.

(૭) તેઈન્દ્રિય માર્ગણાને વિષે પોતાના બે જીવભેદ હોય છે.

(૮) ચઉરીન્દ્રિય માર્ગણાને વિષે પોતાના બે જીવભેદ હોય છે.

(૯) ત્રસકાય માર્ગણાને વિષે છેલ્લા દસ જીવભેદ હોય છે.

(૧૦) અવિરતિ, આહારી, તિર્યંચગતિ, કાયયોગ, ચારકષાય, બે અજ્ઞાન, પહેલી ત્રણ લેશ્યા, ભવ્ય, અભવ્ય, અચક્ષુદર્શન, નપુંસકવેદ અને મિથ્યાત્વ. આ અઢાર માર્ગણાને વિષે ચૌદ જીવભેદ હોય છે.

(૧૧) કેવલજ્ઞાન અને કેવલદર્શન, સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય, યથાખ્યાત, દેશવિરતિ, મનઃપર્યવજ્ઞાન, મનયોગ, મિશ્રસમકિત. આ અગ્યાર માર્ગણાને વિષે એક છેલ્લો જીવભેદ હોય છે.

(૧૨) વચનયોગ માર્ગણાને વિષે છેલ્લા પાંચ પર્યાપ્તા જીવભેદ હોય છે.

(૧૩) ચક્ષુદર્શન માર્ગણાને વિષે છેલ્લા ત્રણ પર્યાપ્તા અથવા અપર્યાપ્તા સાથે છ જીવભેદ હોય છે.

(૧૪) સ્ત્રીવેદ, પુરુષવેદ, પંચેન્દ્રિયજાતિ આ ત્રણને વિષે છેલ્લા ચાર જીવભેદ હોય છે.

(૧૫) અણાહારીને વિષે છ અપર્યાપ્તા અને છેલ્લા બે જીવભેદ હોય છે.

(૧૬) સાસ્વાદનને વિષે સૂક્ષ્મ અપર્યાપ્તા સિવાય છ અપર્યાપ્તા અને એક સંજ્ઞીપર્યાપ્તો એમ સાત જીવભેદ હોય છે.

**માર્ગણાઓને વિષે ગુણસ્થાનકાદિનું વર્ણન**

૧. તિર્યંચગતિમાં ૧ થી ૫ ગુણસ્થાનક હોય છે.

૨. દેવગતિ, નરકગતિ ૧ થી ૪ ગુણસ્થાનક.

૩. મનુષ્યગતિ, સંજ્ઞી, પંચેન્દ્રિય, ભવ્ય, ત્રસકાય, આ પાંચ માર્ગણાને વિષે ૧ થી ૧૪ ગુણસ્થાનક.

૪. એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, પૃથ્વીકાય, અપ્કાય અને વનસ્પતિકાય આ સાત માર્ગણાને વિષે ૧લું અને ૨જું ગુણસ્થાનક.

૫. તેઉકાય, વાયુકાય અને અભવ્ય આ ત્રણ માર્ગણાને વિષે ૧લું ગુણસ્થાનક.

૬. ત્રણ વેદ, ક્રોધ, માન, માયા આ છ માર્ગણાને વિષે ૧ થી ૯ ગુણસ્થાનક.

૭. લોભકષાય માર્ગણાને વિષે ૧ થી ૧૦ ગુણસ્થાનક.

૮. અવિરતિસંયમ માર્ગણાને વિષે ૧ થી ૪ ગુણસ્થાનક.

૯. ત્રણઅજ્ઞાન = ને વિષે ૧લું, ૨જું અથવા ૧ થી ૩ ગુણસ્થાનક.

૧૦. ચક્ષુદર્શન, અચક્ષુદર્શનને વિષે ૧ થી ૧૨ ગુણસ્થાનક.

૧૧. યથાખ્યાતસંયમને વિષે ૧૧ થી ૧૪ ગુણસ્થાનક.

૧૨. મનઃપર્યવજ્ઞાનને વિષે ૬ થી ૧૨ ગુણસ્થાનક.

૧૩. સામાયિક અને છેદોપસ્થાપનીયને વિષે ૬ થી ૯ ગુણસ્થાનક.

૧૪. પરિહારવિશુદ્ધિચારિત્રને વિષે ૬ અને ૭ ગુણસ્થાનક.

૧૫. કેવલજ્ઞાન, કેવલદર્શન વિષે ૧૩ અને ૧૪ ગુણસ્થાનક.

૧૬. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, અવધિદર્શન આ ચાર માર્ગણાને વિષે ૪ થી ૧૨ ગુણસ્થાનક.

૧૭. ઉપશમસમકિતને વિષે ૪ થી ૧૧ ગુણસ્થાનક.

૧૮. ક્ષયોપશમ સમકિતને વિષે ૪ થી ૭ ગુણસ્થાનક.

૧૯. ક્ષાયિકસમકિતને વિષે ૪ થી ૧૪ ગુણસ્થાનક.

૨૦. મિથ્યાત્વ, સાસ્વાદન, મિશ્ર, દેશવિરતિ અને સૂક્ષ્મસંપરાય આ પાંચ માર્ગણાને વિષે પોત પોતાનું ગુણસ્થાનક હોય છે.

૨૧. ત્રણ યોગ, આહારી અને શુક્લલેશ્યા આ પાંચ માર્ગણાને વિષે ૧ થી ૧૩ ગુણસ્થાનક.

૨૨. અસંજ્ઞી માર્ગણાને વિષે ૧લું અને ૨જું ગુણસ્થાનક.

૨૭. પહેલી ત્રણ લેશ્યાને વિષે ૧ થી ૬ ગુણસ્થાનક.

૨૮. તેજોલેશ્યા અન પદ્મલેશ્યાને વિષે ૧ થી ૭ ગુણસ્થાનક.

૨૯. અણાહારીને વિષે ૧, ૨, ૪, ૧૩ અને ૧૪ આ પાંચ ગુણસ્થાનક હોય..

**માર્ગણાને વિષે યોગ.**

(૧) અણાહારી માર્ગણાને વિષે એક કાર્મણકાયયોગ.

(૨) મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસકાય, કાયયોગ, અચક્ષુદર્શન, પુરુષવેદ, નપુંસકવેદ, ચારકષાય, ક્ષયોપશમ અને ક્ષાયિકસમકિત, સંજ્ઞી, ૬ લેશ્યા, આહારી, ભવ્ય, મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, અવધિદર્શન. આ છવ્વીસ માર્ગણાને વિષે ૧૫ યોગ હોય છે.

(૩) તિર્યંચગતિ, સ્ત્રીવેદ, અવિરતિસંયમ, સાસ્વાદનસમકિત, ત્રણ અજ્ઞાન, અભવ્ય, મિથ્યાત્વ, ઉપશમસમકિત. આ દશ માર્ગણાને વિષે આહારકદ્વિક સિવાય ૧૩ યોગ હોય છે.

(૪) દેવગતિ, નરકગતિ, આ બે માર્ગણાને વિષે આહારકદ્વિક અને

ઔદારિકદ્વિક સિવાય અગ્યાર યોગ હોય છે.

(૫) પૃથ્વીકાય, અપ્‌કાય, તેઉકાય અને વનસ્પતિકાય આ ચાર માર્ગણાને વિષે કાર્મણ અને ઔદારિકદ્વિક ત્રણયોગ હોય.

(૬) એકેન્દ્રિયજાતિ અને વાઉકાયને વિષે કાર્મણ, ઔદારિકદ્વિક અને વૈક્રિયદ્વિક પાંચ યોગ હોય છે.

(૭) અસંજ્ઞી માર્ગણાને વિષે છ યોગ હોય છે.

(૮) વિકલેન્દ્રિયને વિષે ચાર યોગ હોય છે.

(૯) મનયોગ, વચનયોગ, સામાયિક, છેદોપસ્થાપનીય, ચક્ષુદર્શન, મનઃપર્યવજ્ઞાન, વિષે કાર્મણ અને ઔદારિકમિશ્રકાયયોગ સિવાય ૧૩ યોગ હોય છે.

(૧૦) કેવલજ્ઞાન કેવલદર્શનને વિષે સાત યોગ હોય છે.

(૧૧) પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય ને વિષે નવ યોગ.

(૧૨) મિશ્રસમકિતને વિષે દશ યોગ.

(૧૩) દેશવિરતિને વિષે અગ્યાર યોગ.

(૧૪) યથાખ્યાતચારિત્રને વિષે અગ્યાર યોગ.

**માર્ગણાને વિષે ઉપયોગ.**

૧. દેવગતિ, તિર્યંચગતિ, નરકગતિ અને અવિરતિને વિષે મનઃપર્યવજ્ઞાન, કેવલજ્ઞાન, કેવલદર્શન વિના નવ ઉપયોગ હોય છે.

૨. ત્રસકાય, ત્રણયોગ, ત્રણવેદ, શુક્લલેશ્યા, આહારી, મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, સંજ્ઞી, ભવ્ય આ તેર માર્ગણાને વિષે બધા ઉપયોગ હોય છે.

૩. અચક્ષુદર્શન, પાંચ લેશ્યા, ચારકષાય, આ દશ માર્ગણાને વિષે કેવલદ્વિક સિવાય દશ ઉપયોગ હોય છે.

૪. ચઉરીન્દ્રિય અને અસંજ્ઞી માર્ગણાને વિષે બે અજ્ઞાન અને બે દર્શન ચાર ઉપયોગ હોય છે.

૫. એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય અને પાંચ સ્થાવર આ આઠ માર્ગણાને વિષે બે અજ્ઞાન, અને અચક્ષુદર્શન ત્રણ ઉપયોગ હોય છે.

૬. ત્રણ અજ્ઞાન, અભવ્ય, મિથ્યાત્વ, સાસ્વાદન આ છ માર્ગણાને વિષે ત્રણ અજ્ઞાન અને બે દર્શન એમ પાંચ ઉપયોગ હોય છે.

૭. કેવલજ્ઞાન, કેવલદર્શન માર્ગણાને વિષે પોતપોતાનાં બે ઉપયોગ હોય છે.

૮. ક્ષાયિક અને યથાખ્યાતને વિષે ત્રણ અજ્ઞાન સિવાય નવ ઉપયોગ હોય છે.

૯. દેશવિરતિને વિષે ત્રણજ્ઞાન, ત્રણદર્શન હોય છે.

૧૦. મિશ્રસમકિતને વિષે ત્રણજ્ઞાન, ત્રણઅજ્ઞાન, ત્રણદર્શન હોય છે.

૧૧. અણાહારીને વિષે મનઃપર્યવજ્ઞાન અને ચક્ષુદર્શન વિના દશ ઉપયોગ હોય છે.

૧૨. ચારજ્ઞાન, સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહારવિશુદ્ધિ અને સૂક્ષ્મસંપરાય સંયમ, ઉપશમ અને ક્ષયોપશમ સમકિત, અવધિદર્શન આ અગ્યાર માર્ગણાને વિષે ચારજ્ઞાન અને ત્રણદર્શન એમ સાત ઉપયોગ હોય છે.

૧૩. ચક્ષુદર્શન માર્ગણાને વિષે કેવલજ્ઞાન અને કેવલદર્શન સિવાય દશ ઉપયોગ હોય છે.

**માર્ગણાને વિષે લેશ્યા.**

(૧) એકેન્દ્રિય, અસંજ્ઞી, પૃથ્વીકાય, અપ્કાય અને વનસ્પતિકાય આ પાંચ માર્ગણાને વિષે પહેલી ચાર લેશ્યા હોય છે.

(૨) નરકગતિ, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરીન્દ્રિય, તેઉકાય, વાઉકાય, આ છ માર્ગણાને વિષે પહેલી ત્રણ લેશ્યા હોય છે.

(૩) યથાખ્યાત, સૂક્ષ્મસંપરાય, કેવલજ્ઞાન, કેવલદર્શન અને શુક્લલેશ્યા આ પાંચ માર્ગણાને વિષે એક શુક્લલેશ્યા હોય છે.

(૪) તિર્યંચગતિ, મનુષ્યગતિ, દેવગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસકાય, ત્રણયોગ, ત્રણવેદ, ચારકષાય, ચારજ્ઞાન, ત્રણઅજ્ઞાન, પાંચસંયમ, ત્રણદર્શન, ભવ્ય, અભવ્ય, છ સમકિત, સંજ્ઞી, આહારી અને અણાહારી. આ એકતાલીસ માર્ગણાને વિષે છ લેશ્યા હોય છે.

(૫) કૃષ્ણ, નીલ, કાપોત, તેજો અને પદ્મ આ પાંચ માર્ગણાને વિષે એક પોત પોતાની લેશ્યા હોય છે.

**ચૌદ ગુણસ્થાનકને વિષે જીવસ્થાનકાદિ દ્વારોનું વર્ણન**

૧. મિથ્યાત્વ ગુણસ્થાનકે - જીવભેદ - ૧૪

*યોગ* - ૧૩. ૪ મનના, ૪ વચનના, ઔદારિકકાયયોગ, ઔદારિકમિશ્રકાયયોગ, વૈક્રિયકાયયોગ, વૈક્રિયમિશ્રકાયયોગ, કાર્મણકાયયોગ.

*ઉપયોગ* - ૫. ૩ અજ્ઞાન અને ૨ દર્શન. ૧ મતિઅજ્ઞાન, ૨. શ્રુતઅજ્ઞાન, ૩. વિભંગજ્ઞાન, અચક્ષુદર્શન, ચક્ષુદર્શન.

*લેશ્યા* - ૬.

*બંધ હેતુ* - મૂળ બંધ હેતુ - ૪. મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ.

*ઉત્તર બંધહેતુ* - ૫૫. મિથ્યાત્વના પાંચ, અવિરતિના બાર, કષાયના પચ્ચીસ, યોગના તેર = પંચાવન

*મિથ્યાત્વના પાંચ* - ૧. અભિગ્રહિક ૨. અનભિગ્રહિક ૩. અભિનિવેષિક ૪. સાંશયિક ૫. અનાભોગ.

*અવિરતિના બાર* - પાંચ ઈન્દ્રિય અને છઠ્ઠું મન, તેને પોત પોતાના અનુકૂળ વિષયોમાં જોડવા અને પ્રતિકૂળ વિષયોમાં ન જોડવા તે છ અવિરતિ. પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય અને ત્રસકાય આ છ કાયનો વધ તે છ અવિરતિ = બાર.

*કષાયનાં પચ્ચીસ* = અનંતાનુબંધી આદિ સોળ કષાય, હાસ્યાદિ છ, ત્રણવેદ.

*યોગનાં તેર* = ૪ મનના, ૪ વચનના, ઔદારિકકાયયોગ, ઔદારિકમિશ્રકાયયોગ, વૈક્રિયકાયયોગ, વૈક્રિયમિશ્રકાયયોગ અને કાર્મણકાયયોગ.

*મૂળ કર્મના બંધસ્થાન* - બે, ૧. સાતકર્મનું આયુષ્ય કર્મ સિવાય. ૨. આઠ કર્મનું જ્યારે આયુષ્ય બાંધતો હોય ત્યારે એક અંતર્મુહૂર્ત સુધી બંધમાં હોય છે.

*મૂળ કર્મના ઉદયસ્થાન* - એક આઠ કર્મનું.

*મૂળ કર્મના ઉદીરણાસ્થાન* - બે, ૧. આઠ કર્મનું સદા માટે હોય છે. એક અંતર્મુહૂર્ત સિવાય. ૨. સાત કર્મનું. એક અંતર્મુહૂર્ત સુધી હોય છે. આયુષ્ય પૂર્ણ થતાં એક આવલિકા બાકી રહે ત્યાં સુધી આઠ કર્મની ઉદીરણા અને એક આવલિકામાં સાત કર્મની ઉદીરણા હોય છે.

*મૂળ કર્મના સત્તાસ્થાન* - એક, આઠ કર્મનું.

*મૂળ ભાવ* - ત્રણ. ૧. ક્ષયોપશમિક ૨. ઔદયિક અને પારિણામિક.

*ઉત્તરભાવ* - ૩૪. ક્ષયોપશમિકના દશ. ઔદયિકના એકવીસ. પારિણામિકના ત્રણ.

*ક્ષયોપશમિકના દશ* - ત્રણ અજ્ઞાન, બે દર્શન, પાંચ દાનાદિલબ્ધિ.

*ઔદયિકના એકવીસ* - ચારગતિ, ચારકષાય, છલેશ્યા, ત્રણવેદ, અજ્ઞાન, અસંયમ, મિથ્યાત્વ અને સિદ્ધપણું.

*પારિણામિકના ત્રણ* - ભવ્યત્વ, અભવ્યત્વ, જીવત્વ.

૨. સાસ્વાદન ગુણસ્થાનકને વિષે - જીવભેદ - ૭.

(૧) બાદરઅપર્યાપ્તાએકેન્દ્રિય (૨) અપર્યાપ્તાબેઈન્દ્રિય (૩) અપર્યાપ્તાતેઈન્દ્રિય (૪) અપર્યાપ્તાચઉરીન્દ્રિય (૫) અપર્યાપ્તાઅસન્નીપંચેન્દ્રિય (૬) અપર્યાપ્તાસંજ્ઞીપંચેન્દ્રિય અને (૭) પર્યાપ્તાસંજ્ઞીપંચેન્દ્રિય.

*યોગ* = ૧૩. ૪ મનના, ૪ વચનના, ઔદારિકકાયયોગ, ઔદારિકમિશ્રકાયયોગ, વૈક્રિયકાયયોગ, વૈક્રિયમિશ્રકાયયોગ અને કાર્મણકાયયોગ.

*ઉપયોગ* - ૫ (૧) મતિઅજ્ઞાન (૨) શ્રુતઅજ્ઞાન (૩) વિભંગજ્ઞાન (૪) ચક્ષુદર્શન (૫) અચક્ષુદર્શન.

*લેશ્યા* - ૬ કૃષ્ણ, નીલ, કાપોત, તેજો, પદ્મ, શુક્લ.

*બંધહેતુ* - મૂલ બંધહેતુ - ૩. અવિરતિ, કષાય, યોગ.

*ઉત્તર બંધહેતુ*. ૫૦. અવિરતિના બાર, કષાયના પચ્ચીસ, યોગના તેર.

*મૂળકર્મના બંધસ્થાન* - ૨, આઠકર્મનું અને સાતકર્મનું.

*આઠકર્મનું બંધસ્થાન* એક અંતર્મુહૂર્ત હોય છે.

*મૂળકર્મના ઉદયસ્થાન* - ૧, આઠકર્મનું.

*મૂળ કર્મના ઉદીરણા સ્થાન* - ૨. આઠકર્મની અને સાતકર્મની.

*સાતકર્મની ઉદીરણા* આયુષ્ય પૂર્ણ થતાં જીવોને છેલ્લી એક આવલીકામાં હોય છે.

*મૂળ કર્મના સત્તાસ્થાન* - ૧. આઠનું.

*ભાવ - મૂળ ભાવ* - ૩. ક્ષયોપશમિકનાં - દશ, ઔદયિકના વીસ પારિણામિકના બે.

*ક્ષયોપશમિકના દશ* - ૩ અજ્ઞાન, ૨ દર્શન, ૫ દાનાદિલબ્ધિ.

*ઔદયિકના વીસ* - ૪ ગતિ, ૪ કષાય, ૬ લેશ્યા, ૩ વેદ, અજ્ઞાન, અસંયમ, અસિધ્ધપણું.

*પારિણામિકના બે* - ભવ્યત્વ, જીવત્વ.

*૩. મિશ્ર ગુણસ્થાનકને વિષે* - જીવભેદ - ૧. સંજ્ઞીપર્યાપ્તો.

યોગ-૧૦. ૪ મનના, ૪ વચનના, ઔદારિકકાયયોગ, વૈક્રિયકાયયોગ.

ઉપયોગ - ૯. ૩ જ્ઞાન, ૩ અજ્ઞાન અને ૩ દર્શન.

૧. આ ગુણસ્થાનકથી જીવ મિથ્યાત્વને અભિમુખ હોય તો ત્રણઅજ્ઞાન અને ત્રણદર્શન હોય છે અને સમ્યક્ત્વને અભિમુખ હોય તો ત્રણજ્ઞાન અને ત્રણદર્શન હોય છે.

લેશ્યા - ૬. કૃષ્ણ, નીલ, કાપોત, તેજો, પદ્મ, શુક્લ.

*બંધહેતુ* - મૂળ બંધહેતુ - ૩. અવિરતિ, કષાય, યોગ.

*ઉત્તર બંધહેતુ* - ૪૩. અવિરતિના બાર. કષાયના એકવીશ. યોગના દસ.

*કષાયના એકવીશ* - અનંતાનુબંધી ચાર સિવાયના એકવીશ.

*મૂળ કર્મના બંધસ્થાન* - એક, સાત કર્મનું.

*મૂળ કર્મના ઉદયસ્થાન* - એક આઠ કર્મનું.

*મૂળ કર્મના ઉદીરણા સ્થાન* - એક આઠ કર્મનું.

*મૂળ કર્મના સત્તા સ્થાન* - એક આઠ કર્મનું.

*ભાવ - મૂળ ભાવ* = ૩. ક્ષયોપશમિક, ઔદયિક અને પારિણામિક.

*ઉત્તરભાવ* = ૩૬/૩૭. ક્ષયોપશમિકના ચૌદ અથવા પંદર ઔદયિકના વીસ, પારિણામિક બે.

*ક્ષયોપશમિક* - ૧૪/૧૫ = ૩ જ્ઞાન, ૩ અજ્ઞાન, ૩ દર્શન, ૫ દાનાલબ્ધિ અને મિશ્રસમકિત.

*ઔદયિક* = ૨૦. ૪ ગતિ, ૪ કષાય, ૬ લેશ્યા, ૩ વેદ, અજ્ઞાન, અસંયમ, અસિદ્ધપણું.

*પારિણામિક* - ૨ જીવત્વ, ભવ્યત્વ.

(૪) અવિરતિ ગુણસ્થાનકને વિષે

*જીવભેદ* = ૨, *સંજ્ઞીપર્યાપ્તા, અને સંજ્ઞીઅપર્યાપ્તા.*

*યોગ* - ૧૩, ૪ મનના, ૪ વચનના, ઔદારિકકાયયોગ, ઔદારિક મિશ્રકાયયોગ, વૈક્રિયકાયયોગ, વૈક્રિયમિશ્રકાયયોગ અને કાર્મણકાયયોગ.

*ઉપયોગ* - ૬. ૩ જ્ઞાન, ૩ દર્શન.

*લેશ્યા* - ૬. કૃષ્ણ, નીલ, કાપોત, તેજો, પદ્મ, શુક્લ.

*બંધ હેતુ* - *મૂળ બંધ હેતુ* - ૩. અવિરતિ, કષાય, યોગ.

*ઉત્તર બંધ હેતુ* - ૪૬. અવિરતિના બાર, કષાયના એકવીસ. યોગનાતેર.

*મૂળ કર્મના બંધસ્થાન* - ૨, આઠ કર્મનું અને સાત કર્મનું.

*મૂળ કર્મના ઉદયસ્થાન* - ૧, આઠ કર્મનું.

*મૂળ કર્મના ઉદીરણા સ્થાન* - ૧, આઠ કર્મનું, સાત કર્મનું.

*મૂળ કર્મના સત્તાસ્થાન* - ૧, આઠ કર્મનું.

*ભાવ* - *મૂળ ભાવ* = ૫. *ઉપશમ, ક્ષાયિક, ક્ષયોપશમિક, ઔદયિક, પારિણામિક.*

*ઉત્તરભાવ* = *૩૫/૩૬. ઉપશમ* - ૧. *ક્ષાયિક* - ૧. *ક્ષયોપશમિક* - ૧૨, *ઔદયિક* - *૧૯/૨૦ પારિણામિક* - ૨.

*ઉપશમ* = ૧. ઉપશમસમકિત.

*ક્ષાયિક* = ૧. ક્ષાયિકસમકિત.

*ક્ષયોપશમ* = ૧૨. ૩ જ્ઞાન, ૩ દર્શન, ૫ દાનાદિલબ્ધિ અને

ક્ષયોપશમ સમકિત.

*ઔદયિક* = ૧૯/૨૦. ૪ ગતિ, ૪ કષાય, ૬ લેશ્યા, ૩ વેદ, અસંયમ, અસિધ્ધિપણું અથવા અજ્ઞાન.

*પારિણામિક* - ૨ જીવત્વ, ભવ્યત્વ.

(૫) દેશવિરતિ ગુણસ્થાનકને વિષે

*જીવભેદ* - ૧ *સંજ્ઞીપર્યાપ્તો.*

*યોગ* - ૧૧. ૪ મનના, ૪ વચનના, ઔદારિકકાયયોગ, વૈક્રિયકાયયોગ, વૈક્રિયમિશ્રકાયયોગ.

*ઉપયોગ* - ૬. ૩ જ્ઞાન, ૩ દર્શન.

*લેશ્યા* - ૬. કૃષ્ણ, નીલ, કાપોત, તેજો, પદ્મ, શુક્લ.

*બંધહેતુ* - મૂળ બંધહેતુ - ૩. અવિરતિ, કષાય, યોગ.

*ઉત્તર બંધહેતુ* = ૩૯. અવિરતિ ૧૧ કષાય ૧૭ યોગ ૧૧.

*અવિરતિ* - ૧૧ ત્રસકાયની અવિરતિ સિવાયની જાણવી.

*કષાય* - ૧૭. પ્રત્યાખ્યાનીય ચાર, સંજવલન ચાર, હાસ્યાદિ છ, ત્રણ વેદ.

*મૂળ કર્મના બંધસ્થાન* - ૨, આઠકર્મનું અને સાતકર્મનું.

*મૂળ કર્મના ઉદયસ્થાન* - ૧, આઠકર્મનું.

*મૂળ કર્મના ઉદીરણાસ્થાન* = ૨, આઠકર્મનું અને સાતકર્મનું.

*સાતકર્મનું ઉદીરણા સ્થાન* આયુષ્ય પૂર્ણ થતાં છેલ્લી એક આવલિકા કાળ હોય છે.

*મૂળ કર્મના સત્તાસ્થાન* - ૧, આઠ કર્મનું.

*ભાવ* - *મૂળ ભાવ* - ૫. ઉપશમ, ક્ષાયિક, ક્ષયોપશમિક, ઔદયિક, પારિણામિક.

*ઉત્તરભાવ* - ૩૪/૩૫. ઉપશમ - ૧. ક્ષાયિક - ૧. ક્ષયોપશમિક - ૧૩. ઔદયિક - ૧૭/૧૮ પારિણામિક - ૨.

*ઉપશમ* - ૧. ઉપશમસમકિત.

*ક્ષાયિક* - ૧. ક્ષાયિકસમકિત.

*ક્ષયોપશમિક* - ૧૩. ૩ જ્ઞાન, ૩ દર્શન, ૫ દાનાદિલબ્ધિ, ક્ષયોપશમ

સમકિત અને દેશવિરતિ.

*ઔદયિક* - ૧૭/૧૮ તિર્યંચ અને મનુષ્યગતિ, ૪ કષાય, ૬ લેશ્યા, ૩ વેદ, અસંયમ, અસિધ્ધપણું અથવા અજ્ઞાન.

*પારિણામિક* - ૨. જીવત્વ અને ભવ્યત્વ.

*(૬) સર્વવિરતિ ગુણસ્થાનક* - જીવભેદ - ૧. સંજ્ઞીપર્યાપ્તો.

યોગ-૧૩. ૪ મનના, ૪ વચનના, ઔદારિકકાયયોગ, વૈક્રિય કાયયોગ, વૈક્રિયમિશ્રકાયયોગ, આહારકકાયયોગ, આહારકમિશ્રકાયયોગ.

*ઉપયોગ* - ૭. ૪ જ્ઞાન, ૩ દર્શન.

*મતિજ્ઞાન*, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન.

*લેશ્યા* - ૬ કૃષ્ણ, નીલ, કાપોત, તેજો, પદ્મ, શુક્લ

*બંધહેતુ* - મૂળ બંધહેતુ - ૨. કષાય, યોગ.

*ઉત્તર બંધહેતુ* - ૨૬. કષાયના તેર યોગના તેર.

*કષાય* = ૧૩ સંજવલનચારકષાય, હાસ્યાદિ છ, ત્રણવેદ.

*મૂળ કર્મના બંધસ્થાન* - ૨, આઠકર્મનું અને સાતકર્મનું.

*મૂળ કર્મના ઉદયસ્થાન* - ૧, આઠકર્મનું.

*મૂળ કર્મના ઉદીરણાસ્થાન* - ૩, આઠ કર્મની, સાત કર્મની અને છ કર્મની.

૧. આઠની ઉદીરણા એક આવલિકા કાળ આયુષ્યની બાકી ન રહે ત્યાં સુધી હોય છે.

૨. સાતની ઉદીરણા આયુષ્ય પૂર્ણ થતાં છેલ્લી આવલિકા કાળમાં હોય છે.

૩ છ કર્મની ઉદીરણા જે જીવો અપ્રમત્ત ગુણસ્થાનકને પ્રાપ્ત કરવાના હોય એ જીવોને છઠ્ઠા ગુણસ્થાનકે આવલિકા કાળમાં આયુષ્ય અને વેદનીય આ બે કર્મની ઉદીરણા હોતી નથી. તેથી છ કર્મની ઉદીરણા ગણાય છે.

*મૂળ કર્મના સત્તા સ્થાન* ૧, આઠ કર્મનું.

*ભાવ* = મૂળ ભાવ - ૫. ઉપશમ, ક્ષાયિક, ક્ષયોપશમિક, ઔદયિક,

પારિણામિક.

*ઉત્તરભાવ* = ૩૩/૩૪ ઉપશમ = ૧૧ ક્ષાયિક - ૧ ક્ષયોપશમિક - ૧૪ ઔદયિક = ૧૫/૧૬ પારિણામિક - ૨.

*ઉપશમ* - ૧. ઉપશમસમકિત. ક્ષાયિક - ૧, ક્ષાયિકસમકિત.

*ક્ષયોપશમિક* = ૧૪. ૪ જ્ઞાન, ૩ દર્શન, ૫ દાનાદિલબ્ધિ, ક્ષયોપશમ સમકિત, સર્વવિરતિ.

*ઔદયિક* = ૧૫/૧૬ મનુષ્યગતિ, ૪ કષાય, ૬ લેશ્યા, ૩ વેદ, અસિધ્ધપણુ અથવા અજ્ઞાન.

*પારિણામિક* - ૨ જીવત્વ, ભવ્યત્વ.

*(૭) અપ્રમત્ત ગુણસ્થાનક*

*જીવભેદ* - ૧. સંજ્ઞીપર્યાપ્તો.

*યોગ* = ૧૧, ૪ મનના, ૪ વચનના, ઔદારિકકાયયોગ, વૈક્રિયકાયયોગ, આહારકકાયયોગ.

*ઉપયોગ* - ૭. ૪ જ્ઞાન, ૩ દર્શન.

*લેશ્યા* - ૩ તેજો, પદ્મ, શુક્લ.

*બંધહેતુ* = મૂળ બંધહેતુ = ૨. કષાય અન યોગ.

*ઉત્તર બંધહેતુ* = ૨૪. કષાય - ૧૩ યોગ -૧૧.

*મૂળ કર્મના બંધસ્થાન* - ૧/૨. ૭ કર્મનું અથવા ૮ કર્મનું.

*મૂળ કર્મના ઉદયસ્થાન* - ૧. ૮ કર્મનું.

*મૂળ કર્મના ઉદીરણાસ્થાન* - ૧. ૭ કર્મની.

*મૂળ કર્મના સત્તાસ્થાન* - ૧. ૮ કર્મનું.

*મૂળ ભાવ* - ૫. ઉપશમ, ક્ષાયિક, ક્ષયોપશમિક, ઔદયિક, પારિણામિક.

*ઉત્તરભાવ* = ૩૦/૩૧ ઉપશમ - ૧, ક્ષાયિક - ૧, ક્ષયોપશમિક - ૧૪, ઔદયિક = ૧૨/૧૩ પારિણામિક - ૨.

*ઉપશમ* - ૧. ઉપશમસમકિત. ક્ષાયિક - ૧. ક્ષાયિકસમકિત.

*ક્ષયોપશમિક* - ૧૪. ૪ જ્ઞાન, ૩ દર્શન, ૫ દાનાદિલબ્ધિ, ક્ષયોપશમ સમકિત, ક્ષયોપશમ ચારિત્ર.

*ઔદયિક* = ૧૨/૧૩, મનુષ્યગતિ, ૪ કષાય, છેલ્લી ૩ લેશ્યા, ૩ વેદ, અસિધ્ધપણું અથવા અજ્ઞાન.

*પારિણામિક* = ૨ જીવત્વ, ભવ્યત્વ.

*(૮) અપૂર્વકરણ ગુણસ્થાનક* - જીવભેદ - ૧ સંજ્ઞીપર્યાપ્તો.

*યોગ* - ૯, ૪ મનના, ૪ વચનના, ઔદારિકકાયયોગ.

*ઉપયોગ* = ૭. ૪ જ્ઞાન, ૩ દર્શન.

*લેશ્યા* = ૧. શુક્લ

*બંધહેતુ* = મૂળ બંધહેતુ = ૨. કષાય અને યોગ.

*ઉત્તર બંધહેતુ* = ૨૨. કષાય - ૧૩. યોગ - ૯.

*મૂળ કર્મના બંધસ્થાન* - ૧. સાતકર્મનું.

*મૂળ કર્મના ઉદયસ્થાન* - ૧. આઠકર્મનું.

*મૂળ કર્મના ઉદીરણાસ્થાન* - ૧. છકર્મનું

*મૂળ કર્મના સત્તા સ્થાન* - ૧, આઠકર્મનું.

*ભાવ* - *મૂળભાવ* - ૫. ઉપશમ-ક્ષાયિક-ક્ષયોપશમિક-ઔદયિક-પારિમાણિક.

*ઉત્તરભાવ* = ૨૭/૨૯. ઉપશમ - ૧/૨. ક્ષાયિક - ૧ ક્ષયોપશમિક - ૧૩. ઔદયિક - ૧૦/૧૧. પારિણામિક - ૨.

*ઉપશમ* - ૧/૨. ઉપશમસમકિત અથવા ઉપશમચારિત્ર.

*ક્ષાયિક* - ૧. ક્ષાયિકસમકિત.

*ક્ષયોપશમિક* = ૧૩. ૪ જ્ઞાન, ૩ દર્શન, ૫ દાનાદિલબ્ધિ, સર્વવિરતિ.

*ઔદયિક* = ૧૦/૧૧. મનુષ્યગતિ, ૪ કષાય, શુક્લલેશ્યા, ૩ વેદ, અસિધ્ધપણું અથવા અજ્ઞાન.

*પારિણામિક* - ૨. જીવત્વ, ભવ્યત્વ.

*(૯) અનિવૃત્તિકરણ ગુણસ્થાનક* - જીવભેદ - ૧. સંજ્ઞીપર્યાપ્તો.

*યોગ* - ૯. ૪ મનના, ૪ વચનના, ઔદારિકકાયયોગ.

*ઉપયોગ* - ૭. ૪ જ્ઞાન, ૩ દર્શન.

*લેશ્યા* - ૧. શુક્લ

*બંધહેતુ* - મૂળ બંધહેતુ - ૨ કષાય અને યોગ.

*ઉત્તર બંધહેતુ* - ૧૬. કષાય - ૭ યોગ - ૯.

*કષાય* - ૭. સંજવલનચારકષાય, ત્રણવેદ.

*મૂળ કર્મના બંધસ્થાન* - ૧, સાતકર્મનું.

*મૂળ કર્મના ઉદયસ્થાન* - ૧, આઠકર્મનું.

*મૂળ કર્મના ઉદીરણાસ્થાન* - ૧, છકર્મની.

*મૂળ કર્મના સત્તાસ્થાન* - ૧, આઠકર્મનું.

*ભાવ* = *મૂળ ભાવ* = ૫. ઉપશમ-ક્ષાયિક-ક્ષયોપશમિક-ઔદયિક-પારિણામિક.

*ઉત્તરભાવ* = ૨૭/૨૯. ઉપશમ - ૧/૨ ક્ષાયિક - ૧ ક્ષયોપશમિક - ૧૩ ઔદયિક - ૧૦/૧૧. પારિણામિક - ૨.

*ઉપશમ* - ૧/૨ ઉપશમસમકિત અથવા ઉપશમ ચારિત્ર.

*ક્ષાયિક* - ૧. ક્ષાયિકસમકિત.

*ક્ષયોપશમિક* - ૧૩. ૪ જ્ઞાન, ૩ દર્શન. ૫.દાનાદિલબ્ધિ, સર્વવિરતિ.

*ઔદયિક* = ૧૦/૧૧. મનુષ્યગતિ, ૪ કષાય, ૩ વેદ, શુક્લલેશ્યા, અસિધ્ધપણું અથવા અજ્ઞાન.

*પારિણામિક* = ૨ જીવત્વ, ભવ્તત્વ.

*(૧૦) સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકે*

*જીવભેદ* - ૧. સંજ્ઞીપર્યાપ્તો.

*યોગ* - ૯. ૪ મનના, ૪ વચનના, ઔદારિકકાયયોગ.

*ઉપયોગ* - ૭. ૪ જ્ઞાન, ૩ દર્શન.

*લેશ્યા* = ૧. શુક્લલેશ્યા.

*બંધહેતુ* = મૂળબંધહેતુ = ૨. કષાય અને યોગ.

*ઉત્તર બંધહેતુ* - ૧૦. કષાય - ૧ યોગ - ૯

*કષાય* - ૧ લોભકષાય.

*મૂળ કર્મના બંધસ્થાન*-૧ છ કર્મનું, (આયુષ્ય અને મોહનીય સિવાય)

*મૂળ કર્મના ઉદયસ્થાન* - ૧. આઠ કર્મનું.

*મૂળ કર્મના ઉદ્દીરણાસ્થાન* -૨ છ કર્મનું અને પાંચ કર્મનું.

૧. મોહનીય કર્મનો ઉદય પૂર્ણ થતાં છેલ્લી આવલિકામાં એકલો ઉદય જ હોય છે. તેથી ત્યાં પાંચ કર્મની ઉદ્દીરણા હોય છે.

*મૂળ કર્મના સત્તાસ્થાન* - ૧ આઠ કર્મનું.

*ભાવ* - મૂળ ભાવ = ૫. ઉપશમ, ક્ષાયિક, ક્ષયોપશમિક, ઔદયિક, પારિણામિક.

*ઉતરભાવ* = ૨૧/૨૨ ઉપશમ=૨ ક્ષાયિક - ૧. ક્ષયોપશમિક - ૧૨,

*ઔદયિક* = ૪/૫, પારિણામિક - ૨

*ઉપશમ* - ૨ ઉપશમસમકિત અન ઉપશમ ચારિત્ર.

*ક્ષાયિક* - ૧. ક્ષાયિકસમકિત.

*ક્ષયોપશમિક* - ૧૨. ૪ જ્ઞાન, ૩ દર્શન, ૫ દાનાદિલબ્ધિ.

*ઔદયિક* - ૪/૫. મનુષ્યગતિ, સંજવલનલોભકષાય, શુક્લલેશ્યા, અસિદ્ધપણું અથવા અજ્ઞાન.

પારિણામિક - ૨ જીવત્વ, ભવ્યત્વ.

*૧૧. ઉપશાંતમોહ ગુણસ્થાનકે.*

*જીવભેદ* - ૧. સંજ્ઞીપર્યાપ્તો.

*યોગ* - ૯. ૪ મનના, ૪ વચનના, ઔદારિકકાયયોગ.

*ઉપયોગ* - ૭. ૪ જ્ઞાન, ૩ દર્શન.

*લેશ્યા* - ૧ શુક્લ.

*બંધહેતુ* = મૂળ બંધ હેતુ - ૧ યોગ

*ઉતર બંધહેતુ* = ૯. યોગનાં નવ.

*મૂળ કર્મના બંધસ્થાન* - ૧. એકકર્મનું - વેદનીય.

*મૂળ કર્મના ઉદયસ્થાન* - ૧ સાતકર્મનું.

*મૂળ કર્મના ઉદ્દીરણાસ્થાન* - ૧ પાંચકર્મનું.

*મૂળ કર્મના સત્તાસ્થાન* - ૧ આઠ કર્મનું.

*ભાવ* - મૂળ ભાવ = ૫. ઉપશમ, ક્ષાયિક, ક્ષયોપશમિક, ઔદયિક, પારિણામિક.

*ઉત્તરભાવ* = ૨૦/૨૧. ઉપશમ - ૨. ક્ષાયિક-૧. ક્ષયોપશમિક-૧૨. ઔદયિક-૩/૪. પારિણામિક - ૨.

*ઉપશમ* - ૨ - ઉપશમસમકિત, ઉપશમ ચારિત્ર.

*ક્ષાયિક* - ૧ - ક્ષાયિકસમકિત.

*ક્ષયોપશમિક* - ૧૨ ૪ જ્ઞાન, ૩ દર્શન, ૫ દાનાદિલબ્ધિ.

*ઔદયિક* - ૩/૪ મનુષ્યગતિ, શુક્લલેશ્યા, અસિદ્ધપણું અથવા અજ્ઞાન.

*પારિણામિક* - ૨ જીવત્વ, ભવ્યત્વ.

*૧૨. ક્ષીણમોહ ગુણસ્થાનકે*

*જીવભેદ* - ૧. સંજ્ઞીપર્યાપ્તો.

*યોગ* - ૯. ૪ મનના, ૪ વચનના, ઔદારિકકાયયોગ.

*ઉપોયગ* ૭. ૪ જ્ઞાન, ૩ દર્શન.

*લેશ્યા* - ૧ શુક્લલેશ્યા

*બંધહેતુ* - *મૂળ બંધહેતુ* - ૧. યોગ.

*ઉત્તર બંધહેતુ* - ૯. યોગના નવ.

*મૂળ કર્મના બંધસ્થાન* - ૧, એક પ્રકૃતિનું.

*મૂળ કર્મના ઉદયસ્થાન* - ૧, સાત કર્મનું.

*મૂળ કર્મના ઉદીરણાસ્થાન* - ૨, પાંચ કર્મનું અને બે કર્મનું.

૧. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અંતરાય આ ત્રણ કર્મનો નાશ થતાં છેલ્લી આવલિકામાં એકલો ઉદય હોય છે. ઉદીરણા હોતી નથી. તેથી તે કાળમાં વેદનીય અને નામ એ બે કર્મની ઉદીરણા હોય છે.

*મૂળ કર્મના સતાસ્થાન* - ૧ સાત કર્મનું.

*ભાવ-મૂળ ભાવ*-૪. ક્ષાયિક, ક્ષયોપશમિક, ઔદયિક, પારિણામિક.

ઉત્તરભાવ - ૧૯/૨૦ ક્ષાયિક - ૨. ક્ષયોપશમિક-૧૨, ઔદયિક ૩/૪ પારિણામિક-૨.

ક્ષાયિક - ૨. ક્ષાયિકસમકિત અને ક્ષાયિકચારિત્ર

ક્ષયોપશમિક - ૧૨. ૪ જ્ઞાન, ૩ દર્શન, ૫ દાનાદિલબ્ધિ.

ઔદયિક - ૩/૪ મનુષ્યગતિ, શુક્લલેશ્યા, અસિદ્ધપણું અથવા અજ્ઞાન વિકલ્પે.

પારિણામિક - ૨ જીવત્વ, ભવ્યત્વ.

*૧૩. સયોગી કેવલી ગુણસ્થાનકે*

જીવભેદ - ૧. સંજ્ઞીપર્યાપ્તો.

*યોગ* - ૭ સત્યમનયોગ, સત્યાસત્યમનયોગ, સત્યવચનયોગ, સત્યાસત્યવચનયોગ, ઔદારિકકાયયોગ, ઔદારિકમિશ્રકાયયોગ, કાર્મણકાયયોગ.

*ઉપયોગ*-૨, કેવલજ્ઞાન, કેવલદર્શન.

*લેશ્યા*-૧, શુક્લ.

*બંધહેતુ* - મૂળ બંધહેતુ - ૧. યોગ

*ઉતર બંધહેતુ* - ૭ યોગના સાત

*મૂળ કર્મના બંધસ્થાન* - ૧. એક પ્રકૃતિનું

*મૂળ કર્મના ઉદયસ્થાન* - ૧. ચાર પ્રકૃતિનું.

*મૂળ કર્મના ઉદીરણાસ્થાન* - ૧. બે પ્રકૃતિનું.

*મૂળ કર્મના સત્તાસ્થાન* - ૧. ચાર પ્રકૃતિનું.

*મૂળ ભાવ* - ૩. ક્ષાયિક, ઔદયિક, પારિણામિક.

*ઉતરભાવ* - ૧૪. ક્ષાયિક-૯. ઔદયિક. ૩. પારિણામિક-૨

*ક્ષાયિક-૯*, કેવલજ્ઞાન, કેવલદર્શન, ૫. દાનાદિલબ્ધિ, ક્ષાયિકસમકિત, ક્ષાયિકચારિત્ર.

*ઔદયિક-૩*. મનુષ્યગતિ, શુક્લલેશ્યા, અસિદ્ધપણું.

*પારિણામિક* ૨. જીવત્વ, ભવ્યત્વ.

*૧૪. અયોગી કેવલી ગુણસ્થાનકે*

જીવભેદ - ૧. સંજ્ઞીપર્યાપ્તો.

*યોગ* - ૦

*ઉપયોગ* - ૨ કેવલજ્ઞાન, કેવલદર્શન.

*લેશ્યા* - ૦

બંધહેતુ - મૂળબંધહેતુ - ૦ - ઉત્તરબંધહેતુ - ૦.

મૂળ કર્મના બંધસ્થાન - ૦

મૂળ કર્મના ઉદયસ્થાન - ૪ કર્મનું.

મૂળ કર્મના ઉદીરણાસ્થાન - ૦

મૂળ કર્મના સત્તાસ્થાન - ૪ કર્મનું.

ભાવ - મૂળભાવ - ૩. ક્ષાયિક, ઔદયિક, પારિણામિક.

ઉત્તરભાવ - ૧૩. ક્ષાયિક - ૯. ઔદયિક - ૨. પારિણામિક - ૨.

ક્ષાયિક - ૯. કેવલજ્ઞાન, કેવલદર્શન, ૫. દાનાદિલબ્ધિ, ક્ષાયિકસમકિત, ક્ષાયિકચારિત્ર.

ઔદયિક - ૨. મનુષ્યગતિ, અસિધ્ધપણું.

પારિણામિક - ૨. જીવત્વ, ભવ્યત્વ.

સિદ્ધિગતિને વિષે - જીવભેદ - ૦.

યોગ - ૦

ઉપયોગ - ૨ કેવલજ્ઞાન, કેવલદર્શન.

લેશ્યા - ૦

બંધહેતુ - ૦

મૂળ કર્મના બંધસ્થાન - ૦

મૂળ કર્મના ઉદયસ્થાન - ૦

મૂળ કર્મના ઉદીરણાસ્થાન - ૦

મૂળ કર્મના સત્તાસ્થાન - ૦

ભાવ - મૂળ ભાવ - ૨. ક્ષાયિક, પારિણામિક.

ઉત્તરભાવ - ૧૦. ક્ષાયિક - ૯ પારિણામિક - ૧.

ક્ષાયિક - ૯. કેવલજ્ઞાન, કેવલદર્શન, ૫ દાનાદિલબ્ધિ, ક્ષાયિકસમકિત, ક્ષાયિકચારિત્ર.

પારિણામિક - ૧. જીવત્વ.

**સિધ્ધાંતના મતે ચોથા કર્મગ્રંથના પદાર્થોનું વર્ણન**

૧. સાસ્વાદન ગુણસ્થાનકને વિષે જ્ઞાન માને છે. આ કારણથી

મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન એ બે જ્ઞાન ગણાય છે.

૨. વૈક્રિયકાયયોગ અને આહારકકાયયોગના પ્રારંભ વખતે ઔદારિકમિશ્રકાયયોગ હોય છે. તથા વૈક્રિયકાયયોગ અને આહારકકાયયોગમાંથી ઔદારિકકાયયોગ પ્રાપ્ત કરતી વખતે વૈક્રિયમિશ્ર અને આહારકમિશ્રકાયયોગ હોય છે.

૩. એકેન્દ્રિય જીવોને સાસ્વાદન ગુણસ્થાનક હોતું નથી. નિયમા પહેલું મિથ્યાત્વ ગુણસ્થાનક હોય છે.

**ચૌદ જીવભેદને આશ્રયીને યોગાદિનું વર્ણન.**

૧. સૂક્ષ્મ અપર્યાપ્તા એકેન્દ્રિયને ત્રણ યોગ.

૨. બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરીન્દ્રિય, અસંજ્ઞીપંચેન્દ્રિય અપર્યાપ્તા જીવોને વિષે બીજે ગુણસ્થાનકે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન ગણાતું હોવાથી બેઈન્દ્રિય અને તેઈન્દ્રિય અપર્યાપ્તામાં પાંચ ઉપયોગ - ૨ અજ્ઞાન, ૨ જ્ઞા ન, ૧ અચક્ષુદર્શન અને ચઉરીન્દ્રિય અપર્યાપ્તા અને અસંજ્ઞીપંચેન્દ્રિય અપર્યાપ્તામાં છ ઉપયોગ હોય છે. ૨ જ્ઞાન, ૨ અજ્ઞાન, ૨ દર્શન.

**માર્ગણાને વિષે ગુણસ્થાનકાદિનું વર્ણન**

૧. તિર્યંચગતિમાં સામાન્યથી તેર યોગ હોય છે. વૈક્રિયશરીર કરનારા તિર્યંચોને અગ્યાર હોય છે. ૪ મનના, ૪ વચનના, ઔદારિકકાયયોગ, વૈક્રિયકાયયોગ, વૈક્રિયમિશ્રકાયયોગ.

સિદ્ધાંતને અનુસરીને વૈક્રિયનાં પ્રારંભ કાળે ઔદારિકમિશ્રકાયયોગ ગણાતો હોવાથી બાર યોગ ગણાય છે. ઔદારિકમિશ્રકાયયોગ સાથે બાર.

૨. મનયોગ, વચનયોગ માર્ગણાને વિષે અપર્યાપ્તા અવસ્થામાં કાર્મણ અને ઔદારિકમિશ્ર બે યોગ વિના તેર યોગ હોય છે. તેમાં સિદ્ધાંતના મતે વૈક્રિય અને આહારકના પ્રારંભ કાળે ઔદારિકમિશ્રકાયયોગ ગણેલો હોવાથી ચૌદ યોગ ગણાય છે.

૩. મન:પર્યવજ્ઞાન માર્ગણાને વિષે તેર યોગ હોય છે. તેમાં સિદ્ધાંતના મતે પ્રારંભકાળે ઔદારિકમિશ્રયોગ માનેલો હોવાથી ચૌદ યોગ ગણાય છે.

૪. સામાયિક, છેદોપસ્થાપનીય માર્ગણાને વિષે તેર યોગ હો . છે. સિદ્ધાંતના મતે ચૌદ યોગ હોય છે.

૫. દેશવિરતિ માર્ગણાને વિષે અગ્યાર યોગ હોય છે. સિદ્ધાંતના મતે બાર યોગ હોય છે. ઔદારિકમિશ્રયોગ સાથે.

૬. ચક્ષુદર્શન માર્ગણાને વિષે તેર યોગ હોય છે. સિદ્ધાંતના મતે ચૌદ યોગ હોય છે.

૭. બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, માર્ગણાને વિષે પાંચ ઉપયોગ હોય છે. ૨ અજ્ઞાન, ૨ જ્ઞાન, અચક્ષુદર્શન.

૮. ચઉરીન્દ્રિય માર્ગણાને વિષે છ ઉપયોગ હોય છે. ૨ જ્ઞાન, ૨ અજ્ઞાન, ૨ દર્શન.

૯. પૃથ્વીકાય, અપ્‌કાય અને વનસ્પતિકાય માર્ગણાને વિષે પહેલું મિથ્યાત્વ ગુણસ્થાનક હોય છે.

૧૦. સાસ્વાદનસમકિત માર્ગણાને વિષે સાત ઉપયોગ હોય છે.

૩ અજ્ઞાન, ૨ જ્ઞાન, ૨ દર્શન.

૧૧ અસંજ્ઞી માર્ગણાને વિષે છ ઉપયોગ હોય છે.

૨ જ્ઞાન, ૨ અજ્ઞાન, ૨ દર્શન.

**ગુણસ્થાનક્ને વિષે યોગાદિનું વર્ણન**

૧. પાંચમા ગુણસ્થાનકે સામાન્ય રીતે અગ્યાર યોગ હોય છે. સિદ્ધાંતના મતે ઔદારિકમિશ્ર સાથે બાર યોગ હોય છે.

૨. છઠ્ઠા ગુણસ્થાનકે કાર્મણ અને ઔદારિકમિશ્ર વિના તેર યોગ હોય છે.

સિદ્ધાંતના મતે ઔદારિકમિશ્ર સાથે ચૌદ યોગ હોય છે.

**સંખ્યાતાદિનું વર્ણન**

(૧) ૧. જઘન્ય સંખ્યાતુ ૨. મધ્યમ સંખ્યાતુ ૩. ઉત્કૃષ્ટ સંખ્યાતુ.

(૨) ૧. જઘન્ય પરિત્ત અસંખ્યાતુ ૨. મધ્યમ પરિત્ત અસંખ્યાતુ ૩. ઉત્કૃષ્ટ પરિત્ત અસંખ્યાતુ ૪. જઘન્ય યુક્ત અસંખ્યાતુ ૫. મધ્યમ યુક્ત અસંખ્યાતુ ૬. ઉત્કૃષ્ટ યુક્ત અસંખ્યાતુ ૭. જઘન્ય અસંખ્ય અસંખ્યાતુ ૮.

મધ્યમ અસંખ્ય અસંખ્યાતુ ૯. ઉત્કૃષ્ટ અસંખ્ય અસંખ્યાતુ.

(૩) ૧. જઘન્ય પરિત્ત અનંતુ ૨. મધ્યમ પરિત્ત અનંતુ ૩. ઉત્કૃષ્ટ પરિત્ત અનંતુ. ૪. જઘન્ય યુક્ત અનંતુ ૫. મધ્યમ યુક્ત અનંતુ ૬. ઉત્કૃષ્ટ યુક્ત અનંતુ. ૭. જઘન્ય અનંત અનંતુ. ૮. મધ્યમ અનંત અનંતુ. ૯. ઉત્કૃષ્ટ અનંત અનંતુ.

(૧) જઘન્ય સંખ્યાને વિષે, જે સંખ્યાનો ભાગ થઈ શકે એવી જે સંખ્યા તે જઘન્ય સંખ્યા રૂપે ગણાય છે, જેમકે, બેની સંખ્યામાંથી ભાગ થતાં એક થઈ શકે છે. જ્યારે એકનો ભાગ થતો નથી, તેથી એકની સંખ્યા જઘન્ય સંખ્યા રૂપે ગણાતી નથી. પણ બેની સંખ્યા તેના ભાગ થતાં હોવાથી જઘન્ય સંખ્યારૂપે ગણાય છે.

(૨) મધ્યમ સંખ્યાતુ - ત્રણની સંખ્યાથી શરૂ કરીને એટલે કે જઘન્ય સંખ્યામાં એક અધિક કરતાં મધ્યમ સંખ્યાની શરૂઆત થાય છે. અને તે ઉત્કૃષ્ટ સંખ્યા પ્રાપ્ત ન થાય એટલે કે ઉત્કૃષ્ટ સંખ્યામાંથી એક ન્યૂન કરીએ ત્યાં સુધીની જે સંખ્યાનાં આંક આવે તે બધી સંખ્યાઓ મધ્યમ સંખ્યા રૂપે ગણાય છે.

(૩) ઉત્કૃષ્ટ સંખ્યાતાનું વર્ણન

અત્રે અસત્ કલ્પનાથી એટલે કે હવે જે રીત કહેવાશે તે રીત જગતમાં કોઈએ કરી નથી પણ જ્ઞાનીની દ્રષ્ટિથી તે રીત જોવાયેલી હોવા છતાં કોઈએ કરેલી ન હોવાથી અસત્રૂપે ગણાય છે. આ રીત ભૂતકાળમાં કોઈ કાળે કોઈએ કરી નથી, વર્તમાનમાં કોઈ કરતું નથી અને ભવિષ્યમાં કોઈ કાળે કોઈ કરવાનું નથી. માટે તે રીત અસત્ કહેવાય છે.

સામાન્ય રીતે જંબૂદ્વીપ જેવડા એક લાખ યોજન લાંબા, પહોળા અને એક હજાર યોજન ઊંડા ચાર પ્યાલા બનાવવા. તે ચાર પ્યાલાનાં નામ આ પ્રમાણે જાણવા.

૧. અવસ્થિત પ્યાલો. ૨. શલાકા પ્યાલો. ૩ પ્રતિશલાકા પ્યાલો. ૪. મહાશલાકાપ્યાલો.

૧. અવસ્થિત પ્યાલાનું વર્ણન - આ પ્યાલો એક લાખ યોજન લાંબો,

પહોળો, એક હજાર યોજન ઊંડો, આઠ યોજન જગતિવાળો અને બે ગાઉની વેદિકા સાથે હોય છે. એટલે કુલ એક હજાર યોજન અને સાડા આઠ યોજન શિખા સાથે થાય છે. આ પ્યાલાને સરસવના દાણાથી શિખા સાથે સંપૂર્ણ ભરવો. જે ભર્યા પછી તેમાં એક દાણો આવી ન શકે તેવી રીતે ભરવો.

આવા એક પ્યાલામાં કેટલા સરસવના દાણા સમાય છે તેનું ગણિત આ પ્રમાણે છે.

એક યવની પહોળાઈમાં આઠ સરસવ સમાય છે. ૮ યવ બરાબર એક અંગુલ. એટલે એક અંગુલમાં ૬૪ સરસવ સમાય છે. તે આ રીતે ૮ યવ X ૮ સરસવ = ૬૪ થયા. ૨૪ અંગુલ = ૧ હાથ થાય છે. માટે એક અંગુલમાં ૬૪ સરસવને કારણે ૬૪ X ૨૪ અંગુલ કરતાં ૧૫૩૬ સરસવ થયાં.

૪ હાથનો એક ધનૂષ થાય છે. તેથી ૧૫૩૬ સરસવને ૪ થી ગુણતાં ૬૧૪૪ સરસવ થાય છે. બે હજાર ધનુષ્યનો ૧ ગાઉ થાય છે. તેતી ૬૧૪૪ સરસવ X ૨૦૦૦ કરવાથી = ૧૨૨૮૮૦૦૦ સરસવ થાય.

એટલે ૧ ગાઉમાં ૧૨૨૮૮૦૦૦ સરસવ સમાય છે.

ચાર ગાઉ = ૧ યોજન થાય છે તે કારણથી

૧૨૨૮૮૦૦૦ X ૪ = ૪૯૧૫૨૦૦૦ સરસવ થાય છે.

આટલા સરસવો એક સૂચિ યોજનમાં આવે છે.

સૂચિનો વર્ગ કરવાથી પ્રતરનું ગણિત થાય છે તે આ પ્રમાણે :

| | |
|---|---|
| ૪૯૧૫૨૦૦૦ | ૨૪ કોડાકોડિ, ૧૫ લાખ, ૯૧ હજાર |
| X ૪૯૧૫૨૦૦૦ | ૯૧૦ કરોડ અને ૪૦ લાખ સરસવ થાય છે. |
| ૯૮૩૦૪૦૦૦૦૦૦ | |

૨૪૫૭૬૦ X ૦૦૦૦૦૦
૪૯૧૫૨ XX ૦૦૦૦૦૦
૪૪૨૩૬૮ XXX ૦૦૦૦૦૦
૧૯૬૬૦૮ XXXX ૦૦૦૦૦૦
૨૪૧૫૯૧૯૧૦૪૦૦૦૦૦૦

આટલા એક પ્રતર યોજનના સરસવ થાય છે.

૧ ઘન યોજનમાં સરસવ શોધવાની રીત આ પ્રમાણે.

```
૨૪૧૫૯૧૯૧૦૪૦૦૦૦૦૦
            X ૪૯૧૫૨૦૦૦
---------------------------
      ૪૮૩૧૮૩૮૨૦૮૦૦૦૦૦૦૦૦૦
     ૧૨૦૭૯૫૯૫૫૨૦  X ૦૦૦૦૦૦૦૦૦
     ૨૪૧૫૯૧૯૧૦૪  XX ૦૦૦૦૦૦૦૦૦
   ૨૧૭૪૩૨૭૧૯૩૬  XXX ૦૦૦૦૦૦૦૦૦
   ૯૬૬૩૬૭૬૪૧૬  XXXX ૦૦૦૦૦૦૦૦૦
---------------------------
   ૧૧૮૭૪૭૨૫૫૭૯૯૮૦૮૦૦૦૦૦૦૦૦૦૦
```

આટલા સરસવો થાય છે. તે રકમ આ રીતે બોલાય છે.

૧૧૮ કોડાકોડી, ચુમોતેર લાખ, બ્હોંતેર હજાર, પાંચસો સત્તાવન કોડાકોડી, નવ્વાણું લાખ, એંશી હજાર, આઠસો કરોડ થાય છે. આ પ્યાલામાં ઘનયોજન સગ સહિતનાં ૮૭૮૨૨૫૯૩૨૪૦૪૧૦ થાય. સત્યાશી લાખ, બ્યાશી હજાર, બસો ઓગણસાઠ કરોડ બત્રીશ લાખ ચાલીશ હજાર ચારસોને દશ. આટલા એક પ્યાલામાં ઘનયોજન સગ સહિત સરસવો થાય છે.

```
          ૧૧૮૭૪૭૨૫૫૭૯૯૮૦૮૦૦૦૦૦૦૦૦૦
                 X ૮૭૮૨૨૫૯૩૨૪૦૪૧૦
-----------------------------------------
          ૧૧૮૭૪૭૨૫૫૭૯૯૮૦૮૦૦૦૦૦૦૦૦૦૦
         ૪૭૪૯૮૯૦૨૩૧૯૯૨૩૨૦૦૦૦૦૦૦૦૦૦૦
  ૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦
        ૪૯૪૯૮૯૦૨૩૧૯૯૨૩૨૦૦૦૦૦૦૦૦૦૦૦૦
      ૨૩૭૪૯૪૯૧૧૫૯૯૬૧૬૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦
     ૩૫૬૨૪૧૭૬૩૩૯૯૪૨૪૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦
   ૧૦૬૮૭૨૫૩૦૨૧૯૮૨૭૨૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦
   ૫૯૩૭૩૬૨૭૮૯૯૯૦૪૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦
   ૨૪૭૪૯૪૫૧૧૫૯૯૬૧૬૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦
```

૨૩૭૪૯૪૫૧૧૫૯૯૭૧૬0000000000000000000

૯૪૯૯૭૮૦૪૬૩૯૮૪૬૪00000000000000000000

૮૩૧૨૩૦૭૯૦૫૯૮૬૫૬000000000000000000000

૯૪૯૯૭૮૦૪૬૩૦૮૪૬૪0000000000000000000000

---

૧૦૪૨૮૬૯૧૯૪૪૫૨૧૪૫૫૨૨૮૯૭૫૮૪૧૨૮0000000000

આટલી સંખ્યાવાળા સરસવો શિખા સહિત પ્યાલાના થાય છે.

આડત્રીશ આંક કુલ થાય છે તેને આ પ્રમાણે બોલાય છે.

એકસો ચાર કોડાકોડિ, કોડાકોડી કોડી, અઠ્ઠાવીસ લાખ, ઓગણોસિત્તેર હજાર, એકસો ચારાણું કોડા કોડી કોડા કોડી, પિસ્તાલીસ લાખ, એકવીસ હજાર, ચારસો પંચાવન કોડાકોડી, બાવીશ લાખ, નેવ્યાસી હજાર, સાતસો અઠ્ઠાવન હજાર કોડ.

જ્યાં જ્યાં જંબુદ્વીપ જેવડા પ્યાલા કહ્યા હોય તે પ્યાલામાં સરસવની સંખ્યા ઉપર મુજબની સમજવી.

આ રીતે પહેલો અવસ્થિત પ્યાલો શિખા સાથે સંપૂર્ણ ભરાઈ જાય ત્યાર પછી કોઈ દેવ તેને ઉપાડીને એક દ્વીપ અને સમુદ્રને વિષે ક્રમસર એક એક દાણો નાંખતા નાંખતા જે દ્વીપ કે સમુદ્રમાં છેલ્લો દાણો નંખાય તે દ્વીપ કે સમુદ્ર જેવડો લાંબો, પહોળો, અને એક હજાર યોજન ઊંડો જગતિ અને શિખા સાથે પ્યાલો બનાવવો. આ પ્યાલાનું નામ અનવસ્થિત કહેવાય છે. આ અનવસ્થિત પ્યાલાઓથી શલાકા, પ્રતિશલાકા અને મહાશલાકા પ્યાલા ભરવાના હોવાથી અવસ્થિત પ્યાલો જ્યાં ખાલી થાય તેનો દાણો ગણતરીમાં લેવાતો નથી.

જે અનવસ્થિત પ્યાલો બનાવ્યો તે પ્યાલો શિખા સાથે સરસવના દાણાથી સંપૂર્ણ ભરવો. તે ભર્યા બાદ જે દ્વીપ કે સમુદ્રમાં છેલ્લો દાણો પડેલો છે તેનાથી આગળના દ્વીપ અને સમુદ્રને વિષે આ પ્યાલાનો એક એક દાણો નાંખતા નાંખતા સંપૂર્ણ ખાલી કરવો જે દ્વીપ કે સમુદ્ર આગળ આ પ્યાલો ખાલી થાય ત્યારે બીજો સરસવનો એક દાણો લઈને શલાકા પ્યાલામાં નાંખવો અથવા અનવસ્થિત પ્યાલાનો છેલ્લા દાણો શલાકામાં નાંખવો અને જે દ્વીપ

કે સમુદ્રને વિષે અનવસ્થિત પ્યાલાનો છેલ્લો દાણો જે નાંખેલો છે, તે દ્વીપ કે સમુદ્ર જેવડો બીજો અનવસ્થિત પ્યાલો બનાવી સરસવથી ભરી તેને ઉપાડીને તેનાથી આગળના દ્વીપ અને સમુદ્રને વિષે એક એક દાણો નાંખી નાંખીને ખાલી કરવો. જ્યાં ખાલી થાય તે દ્વીપ કે સમુદ્ર જેવડો અનવસ્થિત પ્યાલો બનાવી સરસવથી ભરી મૂકી રાખવો અને બીજો એક દાણો લઈને શલાકા પ્યાલામાં નાંખવો. તાત્પર્યાર્થ એ થયો કે શલાકા પ્યાલામાં બે દાણા છે. પ્રતિશલાકા ખાલી છે. મહાશલાકા ખાલી છે અને અનવસ્થિત ભરેલો છે.

ભરેલા અનવસ્થિત પ્યાલામાં આગળના દ્વીપ અને સમુદ્રને વિષે એક એક દાણો નાંખી નાંખીને ખાલી કરતાં જવો. જે દ્વીપ કે સમુદ્રને વિષે એ પ્યાલો ખાલી થાય તેના માપનો અનવસ્તિત પ્યાલો બનાવી સરસવથી ભરવો અને એક ત્રીજો દાણો શલાકામાં નાંખવો. આ રીતે અનવસ્થિત પ્યાલા બનાવી બનાવી સરસવથી ભરી ભરીને દ્વીપ અને સમુદ્રને વિષે ખાલી કરી કરીને શલાકા પ્યાલો ભરવો. જ્યારે શલાકા પ્યાલો શિખા સાથે સંપૂર્ણ ભરાઈ જાય ત્યારે જે દ્વીપ કે સમુદ્રમાં છેલ્લો દાણો નાંખેલો હોય તે માપનો અવસ્થિત પ્યાલો બનાવી સંપૂર્ણ સરસવથી ભરવો. ત્યાર બાદ જે શલાકા પ્યાલો ભરેલો છે તેને ઊપાડી આગળના દ્વીપ અને સમુદ્રને વિષે એક એક દાણો નાંખી નાંખીને ખાલી કરવો. જ્યાં ખાલી થાય તેનાથી આગળના દ્વીપ, સમુદ્રને વિષે ભરેલા અનવસ્થિત પ્યાલાનાં દાણાને ક્રમસર આગળના દ્વીપ અને સમુદ્ર વિષે દાણા નાંખી નાંખીને ખાલી કરવો. આ રીતે અનવસ્થિત પ્યાલા બનાવી સરસવથી ભરી ખાલી કરી શલાકામાં એક એક દાણો નાંખી ફરીથી આખો શલાકા પ્યાલો ભરવો. જ્યારે પહેલો શલાકા પ્યાલો ખાલી થયો ત્યારે એક દાણો લઈને પ્રતિશલાકામાં નાંખવો આ રીતે અનવસ્થિત પ્યાલા બનાવી ભરી ખાલી કરતાં એક એક દાણાથી શલાકા ભરવો. સંપૂર્ણ શલાકા ભરાઈ જાય ત્યારે ખાલી કરી એક એક દાણો પ્રતિ શલાકામાં નાંખવો. આ રીતે અનવસ્થિત પ્યાલાથી શલાકા પ્યાલા ભરવા અને અનવસ્થિત અને શલાકા પ્યાલાથી ભરીને ખાલી કરતાં પ્રતિશલાકા ભરવો. અનવસ્થિત, શલાકા પ્યાલાને ભરતાં ભરતાં અને ખાલી કરતાં કરતાં સંપૂર્ણ પ્રતિશલાકા પ્યાલો

ભરાઈ જાય ત્યારે શલાકા પ્યાલો ખાલી છે, અનવસ્થિત ભરેલો છે. હવે પ્રતિશલાકા પ્યાલાને ઊપાડીને એક એક દાણો દ્વીપ અને સમુદ્રને વિશે નાંખવો તે ખાલી થાય ત્યારે બીજો એક દાણો મહાશલાકા પ્યાલામાં નાંખવો આ રીત અનવસ્થિત, શલાકા, પ્રતિશલાકા પ્યાલા ભરી ભરીને, ખાલી કરી કરીને મહાશલાકા પ્યાલો શિખા સાથે સંપૂર્ણ ભરવો. જ્યારે સંપૂર્ણ ભરાઈ જાય ત્યારે અનવસ્થિત અને શલાકા પ્યાલાથી પ્રતિશલાકા પ્યાલો સંપૂર્ણ ભરવો અને જ્યારે એ પણ સંપૂર્ણ ભરાઈ જાય ત્યારે અનવસ્થિત પ્યાલા બનાવી બનાવી સરસવથી ભરી ભરીને ખાલી કરતાં સંપૂર્ણ શલાકા પ્યાલો ભરવો. જ્યારે આ ત્રણ પ્યાલા સંપૂર્ણ ભરાઈ જાય અને જે દ્વીપ કે સમુદ્ર વિષે છેલ્લો દાણો પડેલો હોય તે દ્વીપ કે સમુદ્ર જેવડો અનવસ્થિત પ્યાલો બનાવી શિખા સાથે સંપૂર્ણ સરસવથી ભરવો.

આ રીતે ચારે પ્યાલા સરસવથી ભરાઈ જાય ત્યારે તેને એક જગ્યાએ ઢગલો કરીને ખાલી કરવાં અને જેટલા દ્વીપ, સમુદ્રને વિષે દાણા નાંખ્યા તે બધાએ પાછા લઈ આવવા અને તે ઢગલામાં ઉમેરવા આ બધાની સંખ્યા ગણતરી રૂપે કરીએ તો પહેલું જઘન્ય પરિત્ત અસંખ્યાતાના આંક જેટલી થાય છે. તેમાંથી એક દાણો ઓછો કરીએ ત્યારે ઉત્કૃષ્ટ સંખ્યાતુ પ્રાપ્ત થાય છે. તે ઉત્કૃષ્ટ સંખ્યામાંથી એક દાણો ન્યૂન કરીએ ત્યારે મધ્યમ સંખ્યાનો ઉત્કૃષ્ટ આંક આવે છે.

*જઘન્ય યુક્ત અસંખ્યાતાનું વર્ણન :*

જઘન્ય પરિત્ત અસંખ્યાતાને વિષે જેટલી સંખ્યા છે તેટલી સંખ્યાવાળા તેટલા તેટલા દાણાનાં ઢગલા કરવા અને તેનો પરસ્પર ગુણાકાર કરતા છેલ્લો ગુણાકારનો જે આંક આવે એટલે કે સંખ્યા આવે તે ચોથું જઘન્ય યુક્ત અસંખ્યાતુ કહેવાય છે. આ રીતે ગુણાકાર કરીએ અને સંખ્યા પ્રાપ્ત તે રાશિ અભ્યાસની સંખ્યા કહેવાય છે. આ જઘન્ય યુક્ત અસંખ્યાતામાંથી એક દાણો ઓછો કરીએ ત્યારે ઉત્કૃષ્ટ પરિત્ત અસંખ્યાતુ પ્રાપ્ત થાય છે.

જઘન્ય પરિત્ત અસંખ્યાતામાં એક દાણો અધિક કરીએ ત્યારથી મધ્યમ પરિત્ત અસંખ્યાતાની શરૂઆત થાય છે. અને ઉત્કૃષ્ટ પરિત્ત અસંખ્યાતામાંથી

એક દાણો ઓછો કરીએ ત્યારે મધ્યમ પરિત્ત અસંખ્યાતાનો છેલ્લો આંક પ્રાપ્ત થાય છે.

જઘન્ય યુક્ત અસંખ્યાતાને વિષે જેટલા સરસવના દાણા છે. તેટલા દાણાની સંખ્યા જેટલા અસંખ્યાતા એક આવલિકાના સમયો થાય છે. અથવા ચોથા અસંખ્યાતાની સંખ્યા જેટલા એક આવલિકાના સમયો ગણાય છે.

જઘન્ય યુક્ત અસંખ્યાતામાં જેટલી સંખ્યા છે. તેટલી સંખ્યાવાલા તેટલા તેટલા દાણાના ઢગલા કરવા તેનો પરસ્પર ગુણાકાર કરવો અન છેલ્લે જે સંખ્યા આવે તે સાતમું જઘન્ય અસંખ્યાત અસંખ્યાતુ ગણાય છે. આ જઘન્ય અસંખ્યાત અસંખ્યાતામાંથી એક દાણો ઓછો કરે ત્યારે છઠ્ઠું ઉત્કૃષ્ટ યુક્ત અસંખ્યાતુ પ્રાપ્ત થાય છે. જઘન્ય યુક્ત અસંખ્યાતામાં એક દાણો અધિક કરીએ એટલે મધ્યમ યુક્ત અસંખ્યાતાની શરૂઆત થાય છે અને ઉત્કૃષ્ટ યુક્ત અસંખ્યાતામાંથી એક દાણો ન્યૂન કરીએ ત્યારે મધ્યમ યુક્ત અસંખ્યાતાની છેલ્લી સંખ્યા આવે છે.

જઘન્ય અસંખ્યાત અસંખ્યાતામાં જેટલા દાણા રહેલા છે તેટલા દાણાની તેટલી સંખ્યાવાળા ઢગલા કરવા અને પરસ્પર ગુણાકાર કરવો છેલ્લે જે સંખ્યા આવે તે પહેલું જઘન્ય પરિત્ત અનંતુ કહેવાય છે.

જઘન્ય પરિત્ત અસંખ્યાતામાંથી એક દાણો ઓછો કરીએ ત્યારે ઉત્કૃષ્ટ અસંખ્યાત અસંખ્યાતુ પ્રાપ્ત થાય છે. અને જઘન્ય અસંખ્યાત અસંખ્યાતામાં એક દાણો અધિક કરીએ ત્યારે મધ્યમ અસંખ્યાત અસંખ્યાતાની શરૂઆત થાય છે. તથા ઉત્કૃષ્ટ અસંખ્યાત અસંખ્યાતામાંથી એક દાણો ઓછો કરીએ ત્યારે મધ્યમ અસંખ્યાત અસંખ્યાતાની છેલ્લી સંખ્યા આવે છે.

જઘન્ય પરિત્ત અનંતામાં જેટલી સંખ્યા રહેલી છે તેટલી સંખ્યાવાળા તેટલા ઢગલા કરવા અને તેનો પરસ્પર ગુણાકાર કરવો જે સંખ્યા આવે તે ચોથું જઘન્ય યુક્ત અનંતુ થાય છે. આ અનંતાની સંખ્યા જેટલા જગતમાં અભવ્ય જીવોની સંખ્યા હોય છે.

જઘન્ય યુક્ત અનંતામાં જે સંખ્યા છે, તેમાંથી એક દાણો ઓછો કરીએ ત્યારે ઉત્કૃષ્ટ પરિત્ત અનંતુ પ્રાપ્ત થાય છે. અને જઘન્ય યુક્ત અનંતામાં એક

દાણો અધિક કરીએ ત્યારે મધ્યમ યુક્ત અનંતાની શરૂઆત થાય છે. તથા ઉત્કૃષ્ટ યુક્ત અનંતામાંથી એક દાણો ઓછો કરીએ ત્યારે મધ્યમ યુક્ત અનંતાની છેલ્લી સંખ્યા આવે છે.

જઘન્ય યુક્ત અનંતામાં જેટલી સંખ્યા છે તેટલી સંખ્યાવાળા તેટલા ઢગલા કરવા અને તેનો પરસ્પર ગુણાકાર કરવો. છેલ્લે જે સંખ્યા આવે તે સાતમું જઘન્ય અનંતાનંતુ થાય છે.

જઘન્ય અનંતાનંતામાં જે સંખ્યા છે. તેમાંથી એક દાણો ઓછો કરીએ ત્યારે ઉત્કૃષ્ટ યુક્ત અનંતુ પ્રાપ્ત થાય છે.

જઘન્ય અનંતાનંતામાં જે સંખ્યા છે તેમાં એક દાણો અધિક કરીએ ત્યારે મધ્યમ અનંતાનંતાની સંખ્યાની શરૂઆત થાય છે. આ આઠમુ મધ્યમ અનંતાનંતુ કોઈ કાળે પૂર્ણ થતું નથી. આથી નવમુ ઉત્કૃષ્ટ અનંતાનંતુ પ્રાપ્ત થઈ શકતું નથી.

કેટલાક આચાર્યોના મતે જઘન્ય યુક્ત અસંખ્યાત જે ચોથુ કહેલું છે. ત્યાં સુધી જે સંખ્યા આવે છે ત્યાં સુધી એક મતે હોય છે. તે પછીથી આ રીતે અસંખ્યાતુ અને અનંતુ જાણવું.

જઘન્ય યુક્ત અસંખ્યાતામાં જેટલી સંખ્યા રહેલી હોય છે. તેનો વર્ગ કરીએ ત્યારે સાતમુ અસંખ્યાત અસંખ્યાતુ પ્રાપ્ત થાય છે.

જઘન્ય અસંખ્યાત અસંખ્યાતામાં જેટલી સંખ્યા છે તેટલી સંખ્યાનો ત્રણ વાર વર્ગ કરવો અને તેમાં દશ અસંખ્યાતી ચીજો ઉમેરવી. તે દશનાં નામ આ પ્રમાણે - ૧. લોકાકાશના પ્રદેશો. ૨. ધર્માસ્તિકાયના પ્રદેશો ૩. અધર્માસ્તિકાયના પ્રદેશો ૪. એક જીવના આત્મ પ્રદેશો ૫. સ્થિતિબંધના અધ્યવસાયના સ્થાનો ૬. રસબંધના અધ્યવસાયના સ્થાનો ૭. યોગના પલિચ્છેદો ૮. ઉત્સર્પિણી અને અવસર્પિણીના સમયો ૯. પ્રત્યેક જીવનાં શરીરો ૧૦. નિગોદનાં જીવનાં શરીરો. આ દશ વસ્તુ ઉમેરીને ૩ વાર વર્ગ કરીએ ત્યારે પહેલું જઘન્ય પરિત્ત અનંતુ પ્રાપ્ત થાય છે.

જઘન્ય પરિત્ત અનંતામાં જેટલી સંખ્યા છે તેટલી સંખ્યાવાળા તેટલા ઢગલા કરી પરસ્પર ગુણાકાર કરવો અને જે સંખ્યા આવે તે ચોથુ જઘન્ય

યુક્ત અનંતુ થાય છે.

જઘન્ય યુક્ત અનંતામાં જે સંખ્યા છે તેનો ત્રણ વાર વર્ગ કરવો અને જે સંખ્યા આવે તે સાતમુ જઘન્ય અનંતાનંતુ પ્રાપ્ત થાય છે. જઘન્ય અનંતાનંતમાં જે સંખ્યા છે. તે સંખ્યાનો ત્રણ વાર વર્ગ કરવો અને તેમાં છ અનંતી ચીજો ઉમેરવી.

૧. સિધ્ધના જીવો ૨. નિગોદના જીવો ૩. વનસ્પતિકાયના જીવો ૪. અતીત, અનાગત અને વર્તમાન ત્રણે કાળના સમયો ૫. સઘળાયે પુદ્ગલો ૬. લોકઅલોકનાં પ્રદેશો.

આ છ અનંતી ચીજો ઉમેરીને ત્રણવાર વર્ગ કરવો અને પછી તેમાં કેવલજ્ઞાન અને કેવલદર્શનના પર્યાપ્તો ઉમેરવા. આટલી ચીજો ઉમેરીએ ત્યારે જે સંખ્યા બને તે નવમુ ઉત્કૃષ્ટ અનંતાનંતુ પ્રાપ્ત થાય છે. પણ આ અનંતુ વ્યવહારમાં ઉપયોગી થતું ન હોવાથી ગણાતું નથી. આથી નવમાં અનંતે જગતમાં કોઈ પદાર્થો હોતાં નથી. માત્ર આઠમુ અનંતુ જગતમાં ઉપયોગી હોય છે અને આ આઠમા અનંતે બાવીશ ચીજો રહેલી હોય છે.

૧. સિધ્ધના જીવોથી બાદર પર્યાપ્તા વનસ્પતિ જીવો અનંતુગુણા અધિક તેનાથી

૨. બાદર પર્યાપ્તા જીવો વિશેષાધિક તેનાાથી

૩. બાદર અપર્યાપ્તા વનસ્પતિ જીવો અસંખ્યાતગુણા અધિક તેનાથી

૪. બાદર અપર્યાપ્તા જીવો વિશેષાધિક તેનાથી

૫. બાદર જીવો વિશેષાધિક તેનાથી

૬. અપર્યાપ્તા સૂક્ષ્મ વનસ્પતિ અસંખ્યાતગુણા અધિક તેનાથી

૭. અપર્યાપ્તા સૂક્ષ્મજીવો વિશેષાધિક તેનાથી

૮. પર્યાપ્તા સૂક્ષ્મ વનસ્પતિ સંખ્યાતગુણા અધિક તેનાથી

૯. પર્યાપ્તા સૂક્ષ્મજીવો વિશેષાધિક તેનાથી

૧૦. સૂક્ષ્મજીવો વિશેષાધિક તેનાથી

૧૧. ભવ્યજીવો વિશેષાધિક તેનાથી

૧૨. નિગોદજીવો વિશેષાધિક તેનાથી

૧૩. વનસ્પતિજીવો વિશેષાધિક તેનાથી
૧૪. એકેન્દ્રિયજીવો વિશેષાધિક તેનાથી
૧૫. તિર્યંચજીવો વિશેષાધિક તેનાથી
૧૬. મિથ્યાદ્રષ્ટિજીવો વિશેષાધિક તેનાથી
૧૭. અવિરતિજીવો વિશેષાધિક તેનાથી
૧૮. સકષાથીજીવો વિશેષાધિક તેનાથી
૧૯. છદ્મસ્થજીવો વિશેષાધિક તેનાથી
૨૦. સયોગીજીવો વિશેષાધિક તેનાથી
૨૧. સંસારીજીવો વિશેષાધિક તેનાથી
૨૨. સર્વજીવો વિશેષાધિક તેનાથી

સિદ્ધના જીવોને આઠમા અનંતે ગણીએ તો બાવીશને બદલે ત્રેવીસ બોલ થાય છે.

**મૂલ આઠ કર્મને વિશે અને તેની ઉત્તર પ્રકૃત્તિઓ ૧૪૮ અથવા ૧૫૮ ને વિષે પાંચભાવોનું વર્ણન**

*(૧) જ્ઞાનાવરણીય કર્મ* - મૂલભાવ ચાર. ૧. ક્ષાયિકભાવ, ૨. ક્ષયોપશમભાવ ૩. ઔદયિકભાવ અને ૪. પારિણામિકભાવ

(૧) ક્ષાયિકભાવ - તેરમા ગુણસ્થાનકથી શરૂ થાય.

(૨) ક્ષયોપશમભાવ - એકથી બાર ગુણસ્થાનક સુધી હોય છે.

(૩) ઔદયિકભાવ અને (૪) પારિણામિકભાવ - એકથી બાર ગુણસ્થાનક સુધી હોય છે.

*(૨) મતિજ્ઞાનાવરણીય, શ્રુતજ્ઞાનાવરણીય* આ બે પ્રકૃત્તિઓને વિષે મૂળ ૪ ભાવ હોય છે.

૧. ક્ષાયિક ભાવ ૨. ક્ષયોપશમભાવ ૩. ઔદયિકભાવ ૪. પારિણામિકભાવ.

(૧) ક્ષાયિકભાવ - ૧૩મા ગુણસ્થાનકથી શરૂ થાય છે.

(૨) ક્ષયોપશમભાવ - ૧ થી ૧૨ ગુણસ્થાનક સુધી હોય છે.

તેમાં ૧ થી ૩ ગુણસ્થાનક સુધી અજ્ઞાનરૂપે ક્ષયોપશમભાવ હોય છે.

૪ થી ૧૨ ગુણસ્થાનક સુધી જ્ઞાન રૂપે ક્ષયોપશમભાવ હોય છે.

(૩) ઔદયિક અને (૪) પારિણામિકભાવ ૧ થી ૧૨ ગુણસ્થાનક સુધી હોય છે.

મતિજ્ઞાનાવરણીય, શ્રુતજ્ઞાનાવરણીય આ બે પ્રકૃત્તિઓને વિષે ક્ષયોપશમભાવ ત્રણ પ્રકારે હોય છે.

૧. અનાદિઅનંત - અજ્ઞાન રૂપે ક્ષયોપશમભાવ અભવ્યજીવોને હોય છે.

૨. અનાદિસાંત - ભવ્યજીવોને સમકિતની પ્રાપ્તિ થાય ત્યારે જ્ઞાન રૂપે અને પહેલા ગુણસ્થાનકે અજ્ઞાન રૂપે ક્ષયોપશમભાવ હોય છે.

૩. સાદિસાંત - ભવ્ય જીવો સમકિતથી પડેલા જે હોય તેઓને જ્ઞાન રૂપે ક્ષયોપશમભાવ હોય છે.

*૩. અવધિજ્ઞાનાવરણીયને* વિષે મૂળ ચારભાવ હોય છે.

ક્ષયોપશમ, ક્ષાયિક, ઔદયિક, પારિણામિક.

ક્ષાયિક ભાવ - ૧૩મા ગુણસ્થાનકથી હોય છે.

ક્ષયોપશમભાવ - જ્યાં સુધી અવધિજ્ઞાન અને વિભંગજ્ઞાન ન થાય ત્યાં સુધી ઔદયિકભાવ હોય છે. અને જ્યારે જીવને અવધિજ્ઞાન કે વિભંગજ્ઞાન પ્રાપ્ત થાય ત્યારે ક્ષયોપશમભાવની શરૂઆત થાય છે. તેને ઉદયાનુવિદ્ધભાવ હોય છે.

ઔદયિકભાવ અને પારિણામિકભાવ - ૧ થી ૧૨ ગુણસ્થાનક સુધી હોય છે.

ઉદયાનુવિધ્ધ ક્ષયોપશમભાવ ૧ થી ૧૨ ગુણસ્થાનક સુધી હોય છે.

*(૪) મનઃપર્યવજ્ઞાનાવરણીયને* વિષે મૂળ ચારભાવ હોય છે.

ક્ષાયિક, ક્ષયોપશમકિ, ઔદયિક, પારિણામિક.

ક્ષાયિકભાવ ૧૩મા ગુણસ્થાનકથી શરૂ થાય છે.

ક્ષયોપશમભાવ ૧ થી ૫ ગુણસ્થાનક સુધી દેશઘાતીના અધિક રસવાળા દલિકો ઉદયમાં હોવાથી શુદ્ધ ઔદયિકભાવ કહેવાય છે. અને ૬ થી ૧૨ ગુણસ્થાનક સુધી ઉદયાનુવિધ્ધ ક્ષયોપશમભાવ હોય છે.

ઔદયિક અને પારિણામિકભાવ ૧ થી ૧૨ ગુણસ્થાનક સુધી હોય છે.

*(૫) કેવલજ્ઞાનાવરણીયને વિષે* - મૂળ ત્રણભાવ હોય છે.

૧. ક્ષાયિક ૨. ઔદયિક ૩. પારિણામિક.

૧. ક્ષાયિકભાવ ૧૩મા ગુણસ્થાનકથી.

૨. ઔદયિક અને પારિણામિકભાવ ૧ થી ૧૨ ગુણસ્થાનક સુધી.

*(૬) દર્શનાવરણીય કર્મને વિષે* - મૂળ ચારભાવ હોય છે.

૧. ક્ષાયિક ૨. ક્ષયોપશમિક ૩. ઔદયિક ૪. પારિણામિક.

૧. ક્ષાયિકભાવ ૧૩મા ગુણસ્થાનકથી.

૨. ક્ષયોપશમિક, ઔદયિક અને પારિણામિક ૧ થી ૧૨ ગુણસ્થાનક સુધી.

*(૭) ચક્ષુદર્શનાવરણીય* - મૂળ ચારભાવ હોય છે.

૧. ક્ષાયિક ૨. ક્ષયોપશમિક ૩. ઔદયિક ૪. પારિણામિક.

૧. ક્ષાયિક ભાવ ૧૩મા ગુણસ્થાનકથી

૨. ઔદયિક અને પારિણામિકભાવ - ૧ થી ૧૨ ગુણસ્થાનક સુધી.

૩. ક્ષયોપશમિક - એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય જીવોને ચક્ષુ ન હોવાથી.

ચક્ષુદર્શનાવરણીય કર્મના દેશઘાતી રસના અધિક પુદ્ગલોનો રસ ઉદયમાં હોય છે. તેથી શુદ્ધ ઔદયિકભાવ કહેવાય છે. અને ચઉરીન્દ્રિય જીવથી શરૂ કરીને ૧૨મા ગુણસ્થાનક સુધી ઉદયાનુવિધ્ધ ક્ષયોપશમભાવ કહેવાય છે.

*(૮) અચક્ષુદર્શનાવરણીય* - મૂળ ચારભાવ હોય છે.

૧. ક્ષાયિક ૨. ક્ષયોપશમિક ૩. ઔદયિક ૪. પારિણામિક.

૧. ક્ષાયિક ભાવ ૧૩ મા ગુણસ્થાનકથી

૨. ઔદયિક અને પારિણામિકભાવ - ૧ થી ૧૨ ગુણસ્થાનક સુધી.

૩. ક્ષયોપશમિક ૧ થી ૧૨ ગુણસ્થાનક સુધી.

*(૯) અવધિદર્શનાવરણીય* - મૂળ ચારભાવ હોય છે.

૧. ક્ષાયિક ૨. ક્ષયોપશમિક ૩. ઔદયિક ૪. પારિણામિક

૧. ક્ષાયિકભાવ ૧૩ મા ગુણસ્થાનકથી

૨. ઔદયિક અને પારિણામિક ૧ થી ૧૨ ગુણસ્થાનક સુધી.

૩. ક્ષયોપશમિકભાવ ૪ થી ૧૨ ગુણસ્થાનક સુધી.

સિદ્ધાંતના મતે ૧ થી ૧૨ ગુણસ્થાનક સુધી.

*(૧૦) કેવલદર્શનાવરણીય* - મૂળ ભાવ ૩ હોય છે.

ક્ષાયિક, ઔદયિક, પારિણામિક.

૧. ક્ષાયિકભાવ ૧૩મા ગુણસ્થાનકથી.

૨. ઔદયિક અને પારિણામિકભાવ ૧ થી ૧૨ ગુણસ્થાનક સુધી.

*(૧૧) થીણદ્ધિત્રિક* - મૂળ ભાવત્રણ હોય છે.

ક્ષાયિક, ઔદયિક, પારિણામિક.

ક્ષાયિકભાવ ક્ષપક આશ્રયી નવમાના બીજા ભાગથી.

ઔદયિકભાવ - ૧ થી ૬ ગુણસ્થાનક સુધી.

પારિણામિકભાવ - ઉપશમ આશ્રયી ૧ થી ૧૧ ગુણસ્થાનક સુધી.

ક્ષપક આશ્રયી ૧ થી ૯માના ૨જા ભાગ સુધી.

*(૧૨) નિદ્રાદ્વિક* - મૂળ ભાવત્રણ હોય છે.

ક્ષાયિક, ઔદયિક અને પારિણામિકભાવ.

ક્ષાયિકભાવ ૧૨માના છેલ્લા સમયથી.

ઔદયિક અને પારિણામિકભાવ - ૧ થી ૧૨માના ઉપાન્ત્ય સમય સુધી.

*(૧૩) વેદનીય કર્મ અને શાતા, અશાતા વેદનીય* - મૂળ ભાવ ૩ હોય છે.

ક્ષાયિક, ઔદયિક અને પારિણામિક.

ક્ષાયિકભાવ સિદ્ધ ભગવંતોને હોય.

ઔદયિક અને પારિણામિકભાવ ૧ થી ૧૪ ગુણસ્થાનક સુધી.

*(૧૪) મોહનીય કર્મ* - મૂળ ભાવપાંચ હોય છે.

ક્ષાયિકભાવ ૧૨મા ગુણસ્થાનકથી.

ક્ષયોપશમભાવ ૧ થી ૧૦ ગુણસ્થાનક સુધી.

ઉપશમભાવ ૧૧ મા ગુણસ્થાનકે.

ઔદયિક અને પારિણામિકભાવ - ૧ થી ૧૧ ગુણસ્થાનક સુધી.

*(૧૫) મિથ્યાત્વ મોહનીય કર્મ* - મૂળ ભાવ ૫ હોય છે.

ક્ષાયિકભાવ ૪ થી ૧૪ ગુણસ્થાનક સુધી.

ઉપશમભાવ ૪ થી ૧૧ ગુણસ્થાનક સુધી.

ક્ષયોપશમભાવ ૪ થી ૭ ગુણસ્થાનક સુધી.

ઔદયિકભાવ ૧લા ગુણસ્થાનકે.

પારિણામિકભાવ ૧ થી ૧૧ ગુણસ્થાનક સુધી.

*(૧૬) મિશ્રમોહનીય* - મૂળ ભાવ ૪ હોય છે.

ઉપશમ, ક્ષાયિક ઔદયિક અને પારિણામિક.

ઉપશમભાવ - ૪ થી ૭ ગુણસ્થાનક સુધી.

ક્ષાયિકભાવ - ૪ થી ૧૪ ગુણસ્થાનક સુધી.

ઔદયિકભાવ - ૩જા ગુણસ્થાનકે જ.

પારિણામિકભાવ - ૧ થી ૧૧ ગુણસ્થાનક સુધી.

*(૧૭) સમ્યક્ત્વ મોહનીય* - મૂળ ભાવ ૪ હોય છે.

ઉપશમ, ક્ષાયિક, ઔદયિક અને પારિણામિક.

ઉપશમભાવ - ૪ થી ૧૧ ગુણસ્થાનક સુધી.

ક્ષાયિકભાવ - ૪ થી ૧૪ ગુણસ્થાનક સુધી.

ઔદયિકભાવ - ૪ થી ૭ ગુણસ્થાનક સુધી.

સમ્યક્ત્વ મોહનીય પોતે જ ઉદય રૂપે હોવાથી તેનો ક્ષયોપશમભાવ કહેવાતો નથી.

પારિણામિકભાવ - ૧ થી ૧૧ ગુણસ્થાનક સુધી.

*(૧૮) અનંતાનુબંધી ચારકષાય* - મૂળ ભાવ ૫ હોય છે.

ઉપશમભાવ - ૩ થી ૧૧ સુધી.

ક્ષાયિકભાવ - ૩ થી ૧૪ સુધી.

ક્ષયોપશમભાવ - ૩ થી ૭ સુધી.

ઔદયિકભાવ - ૧લે અને ૨જે હોય છે.
પારિણામિકભાવ - ૧ થી ૧૧ સુધી.
*(૧૯) અપ્રત્યાખ્યાનીય ચારકષાય* - મૂળ ભાવ - ૫.
ઉપશમભાવ - ૯માના ૩જા ભાગથી ૧૧મા સુધી.
ક્ષાયિકભાવ - ૯માના ૩જા ભાગથી શરૂ થાય.
ક્ષયોપશમભાવ - ૫માથી ૯મા સુધી.
ઔદયિકભાવ - ૧ થી ૪ સુધી.
પારિણામિકભાવ - ૧ થી ૧૧ સુધી.
*(૨૦) પ્રત્યાખ્યાનીય ચારકષાય* - મૂળ ૫ ભાવ હોય.
ઉપશમભાવ - ૯માના ૩જા ભાગથી ૧૧મા સુધી
ક્ષાયિકભાવ - ૬ થી ૯માના ૨જા ભાગ સુધી.
ઔદયિકભાવ - ૧ થી ૫ સુધી.
પારિણામિકભાવ - ૧ થી ૧૧ સુધી.
*(૨૧) સંજવલન ક્રોધ, માન, માયા* - મૂળ ભાવ ૫.
ઉપશમભાવ - ૯માના અમુક ભાગોથી ૧૧મા સુધી
ક્ષાયિકભાવ - ૯માના અમુક ભાગોથી શરૂ થાય છે.
ક્ષયોપશમભાવ - ૧ થી ૯માના અમુક ભાગ સુધી.
ઔદયિકભાવ - ૧ થી ૯માના અમુક ભાગ સુધી.
પારિણામિકભાવ - ૧ થી ૧૧ સુધી.
*(૨૨) સંજવલન લોભ* - મૂળ ભાવ ૫.
ઉપશમભાવ - ૧૧મે જ.
ક્ષાયિકભાવ - ૧૨માથી શરૂ થાય છે.
ક્ષયોપશમભાવ - ૧ થી ૧૧ સુધી.
ઔદયિકભાવ - ૧ થી ૧૦ સુધી.
પારિણામિકભાવ - ૧ થી ૧૧.
*(૨૩) હાસ્યાદિ છ ને વિષે* - મૂળ ભાવપાંચ.
ઉપશમભાવ - ૯ થી ૧૧ સુધી.

ક્ષાયિકભાવ - ૯માના ૫ ભાગથી શરૂ થાય છે.
ક્ષયોપશમ અને ઔદયિકભાવ - ૧ થી ૮ સુધી.
પારિણામિક - ૧ થી ૧૧ સુધી.
*(૨૪) ત્રણ વેદને વિષે* - મૂળ ભાવ પાંચ.
ઉપશમભાવ -૯માના અમુક ભાગ થી ૧૧ મા સુધી.
ક્ષાયિકભાવ - ૯માના ૭મા ભાગથી શરૂ થાય છે.
ઔદયિક અને ક્ષયોપશમભાવ - ૧ થી ૯ સુધી.
પારિણામિક - ૧ થી ૧૧ સુધી.
*(૨૫) આયુષ્ય કર્મ* - મૂળ ભાવ ત્રણ
ક્ષાયિક, ઔદયિક, પારિણામિકભાવ
ક્ષાયિકભાવ સિધ્ધ ભગવંતોને
ઔદયિક અને પારિણામિકભાવ - ૧ થી ૧૪ સુધી.
*(૨૬) નરકઆયુષ્ય* - મૂળ ભાવ ત્રણ.
ક્ષાયિક ઔદયિક, પારિણામિક
ક્ષાયિકભાવ ૮ થી ૧૪ સુધી.
પારિણામિકભાવ ૧ થી ૭ સુધી.
*(૨૭) તિર્યંચઆયુષ્ય* - મૂળ ભાવ ત્રણ.
ક્ષાયિક, ઔદયિક, પારિણામિક.
ક્ષાયિકભાવ - ૮ થી ૧૪ સુધી.
ઔદયિકભાવ - ૧ થી ૫ સુધી
પારિણામિકભાવ - ૧ થી ૭ સુધી.
*૨૧. મનુષ્યગતિ ભાવને વિષે ૫૦ માર્ગણા હોય છે.*

મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસકાય, ૩ યોગ, ૩ વેદ, ૪ કષાય, ૫ જ્ઞાન, ૩ અજ્ઞાન, ૭ સંયમ, ૪ દર્શન, ૬ લેશ્યા, ભવ્ય, અભવ્ય, ૬ સમકિત, સંજ્ઞી, અસંજ્ઞી, આહારી, અણાહારી.

*૨૨. દેવગતિભાવને વિષે ૩૯ માર્ગણા હોય છે.*

દેવગતિ પંચેન્દ્રિયજાતિ, ત્રસકાય, ૩ યોગ, પુરુષવેદ, સ્ત્રીવદે, ૪ કષાય, ૩ જ્ઞાન, ૩ અજ્ઞાન, અવિરતિસંયમ, ૩ દર્શન, ૬ લેશ્યા, ભવ્ય, અભવ્ય, ૬ સમકિત, સંજ્ઞી, આહારી, અણાહારી.

૨૩. ક્રોધ, માન, માયાકષાય, ભાવને વિષે ૫૫ માર્ગણા હોય છે.

૪ ગતિ, ૫ જાતિ, ૬ કાય, ૩ યોગ, ૩ વેદ, પોતપોતાનો એક કષાય, ૪ જ્ઞાન, ૩ અજ્ઞાન, ૫ સંયમ, ૩ દર્શન, ૬ લેશ્યા, ભવ્ય, અભવ્ય, ૬ સમકિત, સંજ્ઞી, અસંજ્ઞી, આહારી, અણાહારી.

*૨૪. લોભકષાયભાવને વિષે ૫૬ માર્ગણા હોય છે.*

૪ ગતિ, ૫ જાતિ, ૬ કાય, ૩ યોગ, ૩ વેદ, લોભકષાય, ૪ જ્ઞાન, ૩ અજ્ઞાન, ૬ સંયમ, ૩ દર્શન, ૬ લેશ્યા, ભવ્ય, અભવ્ય, ૬ સમકિત, સંજ્ઞી, અસંજ્ઞી, આહારી, અણાહારી.

*૨૫. પુરુષવેદભાવને વિષે ૪૫ માર્ગણા હોય છે.*

તિર્યંચ, મનુષ્ય, દેવગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસકાય, ૩ યોગ, પુરુષવેદ, ૪ કષાય, ૪ જ્ઞાન, ૩ અજ્ઞાન, ૫ સંયમ, ૩ દર્શન, ૬ લેશ્યા, ભવ્, અભવ્ય, ૬ સમકિત, સંજ્ઞી, આહારી, અણાહારી.

*૨૬. સ્ત્રીવેદભાવને વિષે ૪૪ માર્ગણા હોય છે.*

તિર્યંચ, મનુષ્ય, દેવગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસકાય, ૩ યોગ, સ્ત્રીવેદ, ૪ કષાય, ૪ જ્ઞાન, ૩ અજ્ઞાન, ૪ સંયમ, (સામાયિક, છેદોપસ્થાપનીય, દેશવિરતિ, અવિરતિ) ૩ દર્શન, ૬ લેશ્યા, ભવ્ય, અભવ્ય, ૬ સમકિત, સંજ્ઞી, આહારી અણાહારી.

*૨૭. નપુંસકવેદભાવને વિષે ૫૫ માર્ગણા હોય છે.*

નરક, તિર્યંચ, મનુષ્યગતિ, ૫ જાતિ, ૬ કાય, ૩ યોગ, નપુંસકવેદ, ૪ કષાય, ૪ જ્ઞાન, ૩ અજ્ઞાન, ૫ સંયમ, ૩ દર્શન, ૬ લેશ્યા, ભવ્ય, અભવ્ય, ૬ સમકિત, સંજ્ઞી, અસંજ્ઞી, આહારી, અણાહારી.

*૨૮. પહેલી ૩ લેશ્યાભાવમાં ૫૩ માર્ગણા હોય છે.*

૪ ગતિ, ૫ જાતિ, ૬ કાય, ૩ યોગ, ૩ વેદ, ૪ કષાય, ૪ જ્ઞાન, ૩ અજ્ઞાન, ૫ સંયમ, ૩ દર્શન, પોતપોતાની એક લેશ્યા,ભવ્ય, અભવ્ય, ૬ સમકિત, સંજ્ઞી, અસંજ્ઞી, આહારી, અણાહારી.

*૨૯. તેજોલેશ્યાભાવને વિષે ૪૭ માર્ગણા હોય છે.*

તિર્યંચ, મનુષ્ય, દેવગતિ, એકેન્દ્રિય, પંચેન્દ્રિયજાતિ, પૃથ્વીકાય, અપ્કાય, વનસ્પતિકાય, ત્રસકાય, ૩ યોગ, ૩ વેદ, ૪ કષાય, ૪ જ્ઞાન, ૩ અજ્ઞાન, ૫ સંયમ, ૩ દર્શન, તેજોલેશ્યા, ભવ્ય, અભવ્ય, ૬ સમકિત, સંજ્ઞી અસંજ્ઞી, આહારી, અણાહારી.

*૩૦. પદ્મલેશ્યાભાવને વિષે ૪૨ માર્ગણા હોય છે.*

તિર્યંચ, મનુષ્ય, દેવગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસકાય, ૩ યોગ, ૩ વેદ, ૪ કષાય, ૪ જ્ઞાન, ૩ અજ્ઞાન, ૫ સંયમ, ૩ દર્શન, પદ્મલેસ્યા, ભવ્ય, અભવ્ય, ૬ સમકિત, સંજ્ઞી, આહારી, અણાહારી.

*૩૧. શુક્લલેશ્યાભાવને વિષે ૪૬ માર્ગણા હોય છે.*

તિર્યંચ, મનુષ્ય, દેવગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસકાય, ૩ યોગ, ૩ વેદ. ૪ કષાય, ૫ જ્ઞાન, ૩ અજ્ઞાન, ૭ સંયમ, ૪ દર્શન, શુક્લલેશ્યા, ભવ્ય, અભવ્ય, ૬ સમકિત, સંજ્ઞી, આહારી, અણાહારી.

*૩૨. ભવ્યત્વભાવને વિષે ૬૧ માર્ગણા હોય છે.*

૪ ગતિ, ૫ જાતિ, ૬ કાય, ૩ યોગ, ૩ વેદ, ૪ કષાય, ૫ જ્ઞાન, ૩ અજ્ઞાન, ૭ સંયમ, ૪ દર્શન, ૬ લેશ્યા, ભવ્ય, ૬ સમકિત, સંજ્ઞી, અસંજ્ઞી, આહાર, અણાહારી.

*૩૩. અભવ્યત્વભાવને વિષે ૪૩ માર્ગણા હોય છે:*

૪ ગતિ, ૫ જાતિ, ૬ કાય, ૩ યોગ, ૩ વેદ, ૪ કષાય, ૩ અજ્ઞાન, અવિરતિસંયમ, ૨ દર્શન, ૬ લેશ્યા, અભવ્ય, મિથ્યાત્વસમકિત, સંજ્ઞી,

અસંજ્ઞી, આહાર, અણાહારી.

*૩૪. જીવત્વભાવને વિષે ૬૨ માર્ગણા હોય છે.*

(૧) ૬૦ માર્ગણાવાળા ૬ ભાવ હોય છે.

અચક્ષુદર્શન, ક્ષયોપશમભાવની ૫ દાનાદિલબ્ધિ.

(૨) ૫૫ માર્ગણાવાળા ૪ ભાવ - ક્રોધ, માન, માયાકષાય, નપુંસકવેદ.

(૩) ૫૩ માર્ગણાવાળા ૩ ભાવ - કૃષ્ણ, નીલ, કાપોતલેશ્યા.

(૪) ૫૧ માર્ગણાવાળા ૨ ભાવ - તિર્યંચગતિ, ચક્ષુદર્શન.

(૫) ૪૬ માર્ગણાવાળા ૩ ભાવ - મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, શુક્લલેશ્યા.

(૬) ૪૫ માર્ગણાવાળા ૨/૪ ભાવ - અજ્ઞાન, પુરુષવેદ મતાંતરે મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન.

(૭) ૪૫ માર્ગણાવાળા ૬ ભાવ - ૩ જ્ઞાન, અવધિદર્શન, મિથ્યાત્વ, સ્ત્રીવેદ.

(૮) ૪૩ માર્ગણાવાળા ૬ ભાવ - ૩ જ્ઞાન, અવધિદર્શન, ક્ષાયિકસમકિત, અભવ્ય.

(૯) ૩૯ માર્ગણાવાળા ૨ ભાવ - ક્ષયોપશમસમકિત, દેવગતિ.

(૧૦) ૩૭ માર્ગણાવાળા ૨ ભાવ - મનઃપર્યવજ્ઞાન, સર્વવિરતિ.

(૧૧) ૩૫ માર્ગણાવાળા ૨ ભાવ - નરકગતિ, વિભંગજ્ઞાન.

(૧૨) ૧૫ માર્ગણાવાળા ૭ ભાવ - કેવલજ્ઞાન, કેવલદર્શન, ૫ લબ્ધિ ક્ષાયિકભાવે.

(૧૩) ૬૧ માર્ગણાવાળો ૧ ભાવ - ભવ્ય.

(૧૪) ૫૬ માર્ગણાવાળો ૧ ભાવ - લોભકષાય

(૧૫) ૫૪ માર્ગણાવાળો ૧ ભાવ - અસંયમ

(૧૬) ૫૦ માર્ગણાવાળો ૧ ભાવ - મનુષ્યગતિ

(૧૭) ૪૭ માર્ગણાવાળો ૧ ભાવ - તેજોલેશ્યા.

(૧૮) ૪૨ માર્ગણાવાળો ૧ ભાવ - પદ્મલેશ્યા

(૧૯) ૪૦ માર્ગણાવાળો ૧ ભાવ - ઉપશમસમકિત

(૨૦) ૩૩ માર્ગણાવાળો ૧ ભાવ - દેશવિરતિ.

(૨૧) ૩૦ માર્ગણાવાળો ૧ ભાવ - ઉપશમચારિત્ર.

(૨૨) ૨૨ માર્ગણાવાળો ૧ ભાવ - ક્ષાયિકચારિત્ર.

(૨૩) ૨૦ માર્ગણાવાળો ૧ ભાવ - ઉપશમચારિત્ર.

આ રીતે માર્ગણાઓને વિષેભાવનું વર્ણન સમાપ્ત તથા ભાવને વિષે માર્ગણાઓનું વર્ણન સમાપ્ત.

**સાન્નિપાતિકભાવોનું વર્ણન.**

૫ ભાવોનાં સાન્નિપાતિકભાવોમાં ભેદ ૨૬ થાય છે.

સાન્નિપાતિક એટલે એક બીજાભાવનાં સંયોગથી જે વિકલ્પો પેદા થાય તેને સાન્નિપાતિકભાવ કહેવાય છે.

એક સંયોગી ૫ ભાંગા થાય છે.

૧. ઉપશમભાવ ૨. ક્ષાયિકભાવ ૩. ક્ષયોપશમભાવ ૪. ઔદયિક ભાવ ૫. પારિણામિકભાવ.

એક ૧ = ઉપશમભાવ. ૨ = ક્ષાયિકભાવ. ૩ = ક્ષયોપશમભાવ. ૪ = ઔદયિકભાવ. ૫ = પારિણામિકભાવ.

*દ્વિક સંયોગી ૧૦ ભાંગા થાય છે. તે આ પ્રમાણે,*

(૧) ૧-૨ ઉપશમભાવ - ક્ષાયિકભાવ

(૨) ૧-૩ ઉપશમભાવ - ક્ષયોપશમભાવ

(૩) ૧-૪ ઉપશમભાવ - ઔદયિકભાવ

(૪) ૧-૫ ઉપશમભાવ - પારિણામિકભાવ

(૫) ૨-૩ ક્ષાયિકભાવ - ક્ષયોપશમભાવ

(૬) ૨-૪ ક્ષાયિકભાવ - ઔદયિકભાવ

(૭) ૨-૫ ક્ષાયિકભાવ - પારિણામિકભાવ

(૮) ૩-૪ ક્ષયોપશમભાવ - ઔદયિકભાવ

(૯) ૩-૫ ક્ષયોપશમભાવ - પારિણામિકભાવ

(૧૦) ૪-૫ ઔદયિકભાવ - પારિણામિકભાવ

આ ૧૦ ભાંગામાંથી એક જ સાતમો બાંગો ક્ષાયિક અને પારિમામિક

જીવને માટે ઉપયોગી થાય છે. સિદ્ધિગતિમાં રહેલા જીવોને ક્ષાયિકભાવે કેવલજ્ઞાનાદિ હોય છે. અને પારિણામિકભાવે જીવત્વ રહેલું હોય છે. આ સિવાયના બાકીનાં નવ ભાંગા સંસારી જીવોને વિષે તેમજ સિધ્ધના જીવો વિષે ઘટતાં નથી. કારણ કે સંસારી જીવોને સામાન્ય રીતે ત્રણભાવ તો હોય જ છે. ક્ષયોપશમ, ઔદયિક અને પારિણામિક. ક્ષયોપશમભાવે જ્ઞાનાદિ, ઔદયિકભાવે ગતિ આદિ, પારિણામિકભાવે જીવત્વ આદિ અથવા સમકિતી જીવને આશ્રયીને ૪ ભાવ હોય છે. માટે દ્વિક સંયોગી નવ ભાંગામાંથી એકેય ભાંગો ઘટતો નથી.

*ત્રિક સંયોગી ભાંગાઓનું વર્ણન - ૧૦ ભાંગા હોય છે.*

(૧) ૧-૨-૩ ઉપશમભાવ - ક્ષાયિકભાવ - ક્ષયોપશમભાવ

(૨) ૧-૨-૪ ઉપશમભાવ - ક્ષાયિકભાવ - ઔદયિકભાવ.

(૩) ૧-૨-૫ ઉપશમભાવ - ક્ષાયિકભાવ - પારિણામિકભાવ.

(૪) ૧-૩-૪ ઉપશમભાવ - ક્ષયોપશમભાવ - ઔદયિકભાવ

(૫) ૧-૩-૫ ઉપશમભાવ - ક્ષયોપશમભાવ - પારિણામિકભાવ.

(૬) ૧-૪-૫ ઉપશમભાવ - ઔદિયકભાવ - પારિણામિકભાવ.

(૭) ૨-૩-૪ ક્ષાયિકભાવ - ક્ષયોપશમભાવ - ઔદયિકભાવ.

(૮) ૨-૩-૫ ક્ષાયિકભાવ - ક્ષયોપશમભાવ - પારિણામિકભાવ.

(૯) ૨-૪-૫ ક્ષાયિકભાવ - ઔદયિકભાવ - પારિમામિકભાવ.

(૧૦) ૩-૪-૫ ક્ષયોપશમભાવ - ઔદયિકભાવ - પારિણામિકભાવ.

આ ૧૦ ભાંગામાંથી છેલ્લા બે ભાંગા એટલે કે ૯મો ક્ષાયિક - ઔદયિક - પારિણામિક ૧૩મા અને ૧૪મા ગુણસ્થાનકે રહેલાં જીવોને હોય છે. તેમાં ક્ષાયિકભાવે કેલવજ્ઞાનાદિ, ઔદયિકભાવે ગતિઆદિ અને પારિણામિકભાવે જીવત્વાદિ રહેલાં હોય છે. તથા ૧૦મો ભાંગો ક્ષયોપશમ - ઔદયિક - પારિણામિક તેમાં ક્ષયોપશમભાવે જ્ઞાનાદિ, ઔદયિકભાવે ગતિ આદિ અને પારિણામિકભાવે જીવત્વ આદિ. આ ભાંગો ચારે ગતિમાં રહેલાં સંસારી જીવોને હોય છે. આથી ચાર ગતિને આશ્રયીને તેનાં ચાર ભાંગા ગણાય છે.

*ચતુઃસંયોગી ભાંગાઓનું વર્ણન - ૫ ભાંગા હોય છે.*

(૧) ૧-૨-૩-૪ ઉપશમભાવ - ક્ષાયિકભાવ - ક્ષયોપશમભાવ - ઔદયિકભાવ.

(૨) ૧-૨-૩-૫ ઉપશમભાવ - ક્ષાયિકભાવ - ક્ષયોપશમભાવ - પારિણામિકભાવ.

(૩) ૧-૨-૪-૫ ઉપશમભાવ - ક્ષાયિકભાવ - ઔદયિકભાવ - પારિણામિકભાવ.

(૪) ૧-૩-૪-૫ ઉપશમભાવ - ક્ષયોપશમભાવ - ઔદયિકભાવ - પારિણામિકભાવ.

(૫) ૨-૩-૪-૫ ક્ષાયિકભાવ - ક્ષયોપશમભાવ - ઔદયિકભાવ - પારિણામિકભાવ.

આ ૫ ભાંગામાંથી છેલ્લા બે ભાંગા એટલે કે ૪થો ઉપશમ - ક્ષયોપશમ - ઔદયિક - પારિણામિક ભાંગો ઘટે છે. તે આ રીતે, ઉપશમભાવે સમક્તિ, ક્ષયોપશમભાવે જ્ઞાનાદિ, ઔદયિકભાવે ગતિ આદિ અને પારિણામિકભાવે જીવત્વ આદિ. આ ભાંગો ચારે ગતિમાં સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા ઉપશમસમક્તિમાં વિદ્યમાન જીવોને હોય છે. માટે ચારે ગતિને આશ્રયીને ચાર ભાંગા ઘટે છે. ૫મો ક્ષાયિક - ક્ષયોપશમ - ઔદયિક - પારિણામિક ભાંગો ઘટે છે. તે આ રીતે, ક્ષાયિકભાવે સમકિત, ક્ષયોપશમભાવે જ્ઞાનાદિ, ઔદયિકભાવે ગતિઆદિ અને પારિણામિકભાવે જીવત્વઆદિ. આ ભાંગો ચારે ગતિમાં રહેલા ક્ષાયિકસમક્તિી જીવોને હોય છે. નારકીમાં ૧ થી ૩ નારકીમાં, તિર્યંચમાં અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા તિર્યંચો, મનુષ્યમાં સંખ્યાત, અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા મનુષ્યો, દેવમાં વૈમાનિક દેવલોક હોય છે. આ કારણથી ચાર ગતિને આશ્રયીને ચાર ભાંગા ગણાય છે.

*પંચ સંયોગી ભાંગાઓનું વર્ણન - એક ભાંગો હોય છે.*

૧-૨-૩-૪-૫. ઉપશમ - ક્ષાયિક - ક્ષયોપશમ - ઔદયિક - પારિણામિક.

આ ભાંગો ૧૧મા ગુણસ્થાનકે રહેલા ક્ષાયિકસમકિતી જીવે ઉપશમ

શ્રેણી પ્રાપ્ત કરેલી હોય અને ૧૧મા ગુણસ્થાનકને પ્રાપ્ત કરેલું હોય તેવા જીવને ઉપશમભાવે ઉપશમચારિત્ર, ક્ષાયિકભાવે ક્ષાયિકસમકિત, ક્ષયોપશમભાવે જ્ઞાનાદિ, ઔદયિકભાવે ગતિ આદિ. પારિણામિકભાવે જીવત્વ ઘટે છે.

આ રીતે, દ્વીક સંયોગી - ૧૦, ત્રિક સંયોગી - ૧૧, ચતુઃ સંયોગી - ૫, અને પંચ સંયોગી - ૧. એમ ૨૬ ભાંગામાંથી દ્વિક સંયોગીનું એક સાતમું, ત્રિક સંયોગીના બે - નવ અને દશમો, ચતુઃસંયોગી બે ચાર અને પાંચમો, અને પંચ સંયોગી - એક એમ કુલ છ ભાંગા સાન્નિપાતિકભાવના ઘટે છે. તેનાં ગતિને આશ્રયીને પંદર ભાંગા થાય છે. દ્વિક સંયોગી સિદ્ધિ ગતિમાં રહેલા જીવોને હોવાથી એક ભાંગો ઘટે છે. ત્રિકસંયોગીનો નવમો ભાંગો ૧૩મા, ૧૪મા ગુણસ્થાનકે રહેલા જીવોને ઘટતો હોવાથી મનુષ્યગતિનો એક ભાંગો ગણાય છે. તથા ત્રિકસંયોગીને દશમો ભાંગો ચારે ગતિમાં રહેલા સંસારી જીવોને ઘટતો હોવાથી ચાર ગતિને આશ્રયીને ૪ ભાંગા ગણાય છે. આ રીતે ત્રિક સંયોગીનાં ૫ ભાંગા થાય છે. ચતુઃ સંયોગીનો ચોથો ભાંગો ચારે ગતિમાં રહેલા સંસારી જીવોને ઘટતો હોવાથી ૪ ભાંગા ગણાય છે. અને પાંચમો ભાંગો ચારે ગતિમાં ઘટતો હોવાથી ૪ ભાંગા ગણાય છે આથી ચતુઃ સંયોગી આઠ ભાંગા થાય છે. પંચ સંયોગી મનુષ્યગતિમાં ઘટતો હોવાથી એક ભાંગો ગણાય છે. આથી, ૧ + ૫ + ૮ + ૧ = ૧૫ ભાંગા ગતિઆદિને આશ્રયીને થાય છે. બાકીના ૨૦ ભાંગા દ્વિક સંયોગીના ૯, ત્રિક સંયોગીના ૮, ચતુઃ સંયોગીના ૩ = ૨૦ ભાંગા કોઈ પણ જીવના ઘટતાં નથી માટે અસંભવિત ગણાય છે.

*૬૨ માર્ગણાને વિષે સાન્નિપાતિકભાવોનું વર્ણન*

૧. ક્ષાયિક અને પારિણામિક આ દ્વિક સંયોગી ભાંગો ૬૨ માર્ગણામાંથી ૪ માર્ગણામાં ઘટે છે. કેવલજ્ઞાન, કેવલ દર્શન, ક્ષાયિકસમકિત અન અણાહારી.

૨. ક્ષાયિક - ઔદયિક - પારિણામિક આ ત્રિક સંયોગી ભાંગો ૧૫ માર્ગણામાં ઘટે છે. મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસકાય, ૩ યોગ,

કેવલજ્ઞાન, યથાખ્યાતસંયમ, કેવલદર્શન, શુક્લલેશ્યા, ભવ્ય, ક્ષાયિકસમકિત, સંજ્ઞી, આહારી, અણાહારી.

૩. ક્ષયોપશમિક - ઔદયિક - પારિણામિક આ ત્રિક સંયોગી ભાંગો ૫૬ માર્ગણામાં ઘટે છે. ૪ ગતિ, ૫ જાતિ, ૬ કાય, ૩ યોગ, ૩ વેદ, ૪ કષાય, ૪ જ્ઞાન, ૩ અજ્ઞાન, ૫ સંયમ, ૩ દર્શન, ૬ લેશ્યા, ભવ્ય, અભવ્ય, ૪ સમકિત (ઉપશમ, ક્ષાયિક સિવાય) સંજ્ઞી, અસંજ્ઞી, આહારી, અણાહારી.

૪. ઉપશમ - ક્ષયોપશમ - ઔદયિક - પારિણામિક. આ ચતુઃ સંયોગી ભાંગો ૪૦ માર્ગણામાં ઘટે છે.

૪ ગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસકાય, ૩ યોગ, ૩ વેદ, ૪ કષાય, ૪ જ્ઞાન, ૭ સંયમ, ૩ દર્શન, ૬ લેશ્યા, ભવ્ય, ઉપશમસમકિત, સંજ્ઞી, આહારી.

૫. ક્ષાયિક - ક્ષયોપશમિક - ઔદયિક - પારિણામિક. આ ચતુઃ સંયોગી ભાંગાને વિષે ૪૧ માર્ગણા હોય છે.

૪ ગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસકાય, ૩ યોગ, ૩ વેદ, ૪ કષાય, ૪ જ્ઞાન, ૭ સંયમ, ૩ દર્શન, ૬ લેશ્યા, ભવ્ય, ક્ષાયિકસમકિત, સંજ્ઞી, આહારી, અણાહારી.

૬. પંચ સંયોગી ભાંગાને વિષે ૨૦ માર્ગણા હોય છે.

મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસકાય, ૩ યોગ, ૪ જ્ઞાન, યથાખ્યાત સંયમ, ૩ દર્શન, શુક્લલેશ્યા, ભવ્ય, ક્ષાયિક, ઉપશમસમકિત, સંજ્ઞી, આહારી.

૧. નરકગતિ, તિર્યંચગતિ, દેવગતિને વિષે ૩ ભાંગા - ત્રિક સંયોગી - ૧, ચતુઃ સંયોગી -૨.

૧. ક્ષયોપશમ - ઔદયિક - પારિણામિક.

૨. ઉપશમ - ક્ષયોપસમ - ઔદયિક - પારિણામિક.

૩. ક્ષાયિક - ક્ષયોપશમ - ઔદયિક - પારિણામિક.

૨. મનુષ્યગતિને વિષે ૬ ભાંગા હોય છે.

૩. એકેન્દ્રિયાદી ૪ જાતિ, પૃથ્વીકાય આદિ ૫ આ ૯ માર્ગણાને વિષે

૧ ભાંગો - ત્રિક સંયોગી

૧. ક્ષયોપશમ - ઔદયિક - પારિણામિક.

૪. પંચેન્દ્રિયજાતિ, ત્રસકાય, ૩ યોગ, શુક્લલેશ્યા, ભવ્ય, સંજ્ઞી, આહારી. આ ૯ માર્ગણાને વિષે-સિદ્ધિગતિ એક ભાંગા સિવાય ૫ ભાંગા હોય છે. ત્રિક સંયોગી - ૨, ચતુઃ સંયોગી ૨, પંચસંયોગી - ૧.

૫. ૩ વેદ, ૪ કષાય ને વિષે ૩ ભાંગા - ત્રિક સંયોગી - ૧ ચતુઃ સંયોગી - ૨.

૧. ક્ષયોપશમ - ઔદયિક - પારિણામિક (ત્રિકસંયોગી)

૨. ઉપશમ - ક્ષયોપશમ - ઔદયિક - પારિણામિક (ચતુઃ સંયોગી)

૩. ક્ષાયિક - ક્ષયોપશમ - ઔદયિક - પારિણામિક (ચતુઃ સંયોગી)

૬. ૪ જ્ઞાનને વિષે ૪ ભાંગા - ત્રિકસંયોગી ૨. ચતુઃ સંયોગી - ૨

૭. ૩ અજ્ઞાનને વિષે ૧ ભાંગો - ત્રિક સંયોગી - ૧.

૧. ક્ષયોપશમ - ઔદયિક - પારિણામિક.

૮. સામાયિક, છેદોપસ્થાપનીય, દેશવિરતિ, અવિરતિને વિષે ૩ ભાંગા - ત્રિકસંયોગી - ૧, ચતુઃસંયોગી - ૨.

૯. પરિહારવિશુદ્ધિને વિષે ૧ ભાંગો - ત્રિકસંયોગી - ૧.

ક્ષયોપશમ - ઔદયિક - પારિણામિક.

૧૦. સૂક્ષ્મસંપરાયને વિષે ૨ ભાંગા - ચતુઃસંયોગી ૨.

૧૧. યથાખ્યાતને વિષે ૪ ભાંગા - ત્રિકસંયોગી ૧ કેવલીનો, ચતુઃસંયોગી ૨, પંચ સંયોગી - ૧.

૧૨. ૩ દર્શનને વિષે ૪ ભાંગા - ત્રિકસંયોગી ૧ ચતુઃસંયોગી ૨ પંચસંયોગી - ૧.

૧૩. કેવલજ્ઞાન, કેવલદર્શનને વિષે ૨ ભાંગા - દ્વિકસંયોગી - ૧, ત્રિક સંયોગી - ૧ કેવલીનો.

૧૪. ૧લી ૫ લેશ્યાને વિષે ૩ ભાંગા - ત્રિકસંયોગી - ૧, ચતુઃસંયોગી - ૨.

૧૫. અભવ્ય, મિથ્યાત્વ, સાસ્વાદન, મિશ્ર ને વિષે ૧ ભાંગો - ત્રિક

સંયોગી - ૧ સંસારીનો.

૧૬. ઉપશમસમકિતને વિષે ૧ ભાંગો - ચતુઃસંયોગી ૧. ઉપશમ સમકિતવાળો

૧૭. ક્ષયોપશમ સમકિતને વિષે ૧ ભાંગો - ત્રિકસંયોગી - ૧ સંસારીનો.

૧૮. ક્ષાયિકસમક્તિને વિષે ૪ ભાંગા - દ્વિકસંયોગી - ૧, ત્રિકસંયોગી - ૧ કેવલીનો. ચતુઃસંયોગી - ૧, ક્ષાયિકનો પંચસંયોગી - ૧.

૧૯. અસંજ્ઞીને વિષે ૧ ભાંગો - ત્રિકસંયોગી - ૧ સંસારીનો.

૨૦. અણાહારીને વિષે ૪ ભાંગા - દ્વિકસંયોગી - ૧, ત્રિકસંયોગી- ૨, કેવલીનો - સંસારીનો, ચતુઃસંયોગી - ૧ ક્ષાયિકસમકિતનો.

*૧. કોઈપણ પાંચ ભાંગા હોય એવી ૧૦ માર્ગણા હોય છે.*

મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસકાય, ૩ યોગ, શુક્લલેશ્યા, ભવ્ય, સંજ્ઞી, આહારી.

*૨. કોઈપણ ચાર ભાંગા હોય એવી ૧૦ માર્ગણા હોય છે.*

૪ જ્ઞાન, યથાખ્યાતસંયમ, ૩ દર્શન, ક્ષાયિક્સમકિત, અણાહારી.

*૩. કોઈપણ ત્રણ ભાંગા હોય એવી ૨૦ માર્ગણા હોય છે.*

૩ ગતિ, ૩ વેદ, ૪ કષાય, સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહારવિશુદ્ધિ, દેશવિરતિ, અવિરતિ, કૃષ્ણાદિ ૫ લેશ્યા.

*૪. કોઈપણ બે ભાંગા હોય એવી ૩ માર્ગણા હોય છે.*

કેવલજ્ઞાન, કેવલદર્શન, સૂક્ષ્મસંપરાય.

*૫. કોઈપણ એક ભાંગો હોય એવી ૨૦ માર્ગણા હોય છે.*

એકેન્દ્રિયાદિ ૪ જાતિ, પૃથ્વીકાયાદિ ૫ કાય, ૩ અજ્ઞાન, અભવ્ય, મિથ્યાત્વ, સાસ્વાદન, મિશ્ર, ઉપશમ, ક્ષયોપશમ સમક્તિ, અસંજ્ઞી.

**૮. કર્મને વિષે ભાવનું વર્ણન.**

૧. મોહનીય કર્મને વિષે ૫ ભાવ હોય છે.

૨. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અંતરાય ને વિષે ૪ ભાવ હોય છે. ક્ષાયિક, ક્ષયોપશમિક, ઔદયિક, પારિણામિક.

૩. વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્રને વિષે ૩ ભાવ હોય છે.

ક્ષાયિક, ઔદયિક, પારિણામિક.

**૧૪. જીવસ્થાનકને વિષે ૫ ભાવોનું વર્ણન.**

(૧) સૂક્ષ્મઅપર્યાપ્તા, સૂક્ષ્મપર્યાપ્તા, બાદરપર્યાપ્તા, બેઈન્દ્રિયઅપર્યાપ્તા-પર્યાપ્તા, તેઈન્દ્રિયઅપર્યાપ્તા - પર્યાપ્તા, ચઉરીન્દ્રિયઅપર્યાપ્તા - આ ૮ જીવભેદને વિષે મૂળ ભાવ ૩ અને ઉત્તર ભાવ ૨૪ હોય છે.

૧. ત્રિકસંયોગી ૧ ભાંગા રૂપે ક્ષયોપશમિક - ઔદયિક - પારિણામિક.

ક્ષયોપશમના ૮, ઔદયિકના ૧૩, પારિણામિક ૩ = ૨૪.

ક્ષયોપશમ - ૨ અજ્ઞાન, અચક્ષુ દર્શન, ૫ દાનાદિલબ્ધિ.

ઔદયિક - ૧૩. તિર્યંચગતિ, અજ્ઞાન, અસિદ્ધપણું, અસંયમ, મિથ્યાત્વ, નપુંસકવેદ, પહેલી ૩ - લેશ્યા, ૪ કષાય.

*(૨) બાદરઅપર્યાપ્તા જીવોને મૂળ ભાવ ૩ અને ઉત્તરભાવ ૨૫ હોય છે.*

૧. ત્રિક સંયોગી ૧. ભાંગો - ક્ષયોપશમ - ઔદયિક - પારિણામિક.

ક્ષયોપશમ - ૮, ઔદયિક - ૧૪, પારિણામિક - ૩ = ૨૫.

ક્ષયોપશમના ૮ - ૨ અજ્ઞાન, અચક્ષુદર્શન, ૫ દાનાદિલબ્ધિ.

ઔદયિક ૧૪ - તિર્યંચગતિ, અજ્ઞાન, અસંયમ, અસિદ્ધપણું, મિથ્યાત્વ, નપુંસકવેદ, ૧ થી ૪ લેશ્યા, ૪ કષાય.

*(૩) ચઉરીન્દ્રિય પર્યાપ્તા, અસંજ્ઞીઅપર્યાપ્તા - પર્યાપ્તા = આ ત્રણ જીવભેદને વિષે મૂળ ભાવ ૩ અને ઉત્તરભાવ ૨૫ હોય છે.*

ત્રિક સંયોગી ૧ ભાવ રૂપે ક્ષયોપશમ - ઔદયિક - પારિણામિક.

ક્ષયોપશમ - ૯, ઔદયિક - ૧૩, પારિણામિક - ૩ = ૨૫.

ક્ષયોપશમ - ૯, ૨ અજ્ઞાન, ચક્ષુ, અચક્ષુદર્શન, ૫ દાનાદિલબ્ધિ.

ઔદયિક - ૧૩, તિર્યંચગતિ, અજ્ઞાન, અસંયમ, અસિધ્ધપણું, મિથ્યાત્વ, નપુંસકવેદ, ૧ થી ૩ લેશ્યા, ૪ કષાય.

*(૪) સંજ્ઞીઅપર્યાપ્તા જીવને મૂળ ભાવ ૪ અને ઉત્તરભાવ - ૩૮ હોય છે.*

ચતુ:સંયોગી ૧ ભાવ રૂપે ક્ષાયિક - ક્ષયોપશમિક - ઔદયિક - પારિણામિક.

ક્ષાયિક - ૧. ક્ષાયિકસમકિત.

ક્ષયોપશમ - ૧૪. ૩ જ્ઞાન, ૩ અજ્ઞાન, અચક્ષુ, અવધિદર્શન, ૫ દાનાદિલબ્ધિ, ક્ષયોપશમ સમકિત.

ઔદયિક - ૨૧. પારિણામિક - ૩.

*(૫) સંજ્ઞી પર્યાપ્તાને વિષે મૂળ ભાવ ૫ અને ઉત્તરભાવ ૫૩ હોય છે.*

ઉપશમ - ૨ ક્ષાયિક - ૯ ક્ષયોપશમિક - ૧૮ ઔદયિક - ૨૧ પારિણામિક - ૩.

નમિઅ જિણં જિઅમગ્ગણ, - ગુણઠાણુવઓગજોગલેસાઓ ।
બંધપ્પબહૂભાવે, સંખિજ્જાઈ કિમવિ વુચ્છં. ॥ ૧ ॥

ભાવાર્થ - જિનેશ્વર પરમાત્માને નમસ્કાર કરીને જીવસ્થાનક માર્ગણા ગુણસ્થાનક, ઉપયોગ, યોગ, લેશ્યા, બંધતત્વ, બંધદ્વાર, અલ્પબહુત્વ, ભાવ દ્વાર અને સંખ્યાતાદિ દ્વારોને વિષે કાંઈક વર્ણન કહીશ.

નમય જિણં વત્તવ્વા, ચઉદસ - જિઅઠાણેસુ ગુણઠાણા ।
જોગુવઓગો લેસા, બંધોદઓદીરણ. સત્તા. ॥ ૨ ॥

ભાવાર્થ - જિનેશ્વર ભગવંતને નમસ્કાર કરીને ચૌદ જીવસ્થાનકને વિષે ગુણસ્થાનક, યોગ, ઉપયોગ, લેશ્યા, બંધ, ઉદય, ઉદીરણા, સત્તા. કેટલા કેટલા હોય તે જણાવીશ.

તહ મૂલ ચઉદ મગ્ગણ - ઠાણેસુ બાસટ્ઠિ ઉત્તરેસું ચ. ।
જિઅ - ગુણ જોગુવઓગા, લેસપ્પબહું ચ છટ્ઠાણા. ॥ ૩ ॥

ભાવાર્થ - તથા ચૌદ મૂલમાર્ગણા અને ઉત્તર બાસઠમાર્ગણાઓને વિષે.

જીવસ્થાનક, ગુણસ્થાનક, યોગ, ઉપયોગ, લેશ્યા અને અલ્પબહુત્વ દ્વારોને કહીશું.

ચઉદસગુણેસુ જિઅજોગુ, વઓગલેસા ય બંધહેઊ ય ।
બંધાઈચઉ અપ્પા, - બહું, ચ તોભાવસંખાઈ. ॥ ૪ ॥

ભાવાર્થ - ચૌદ ગુણસ્થાનકને વિષે જીવસ્થાનક, યોગ, ઉપયોગ, લેશ્યા, બંધહેતુ, બંધ, ઉદય, ઉદીરણા, સત્તા, અલ્પબહુત્વ, ભાવ અને સંખ્યાતાદિનો વિચાર કરીશું.

ઈહ સુહુમ બાયરેગિંદિ, બિતિચઉ - અસન્નિસન્નિપંચિંદી ।
અપજ્જત્તા પજ્જત્તા, કમેણ ચઉદસ જિઅઠ્ઠાણા ॥ ૫ ॥

ભાવાર્થ - અહીં સૂક્ષ્મ, બાદર એકેન્દ્રિય જીવો, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરીન્દ્રિય, અસંજ્ઞી તથા સંજ્ઞીપંચેન્દ્રિય આ અપર્યાપ્તા તથા પર્યાપ્તા સાથે ગણતાં ચૌદ જીવભેદ થાય છે.

બાયરઅસન્નિવિગલે, અપજ્જિ પઢમબિઅ સન્નિઅપજત્તે ।
અજયજુઅસન્નિ પજ્જે, સવ્વગુણા મિચ્છ સેસેસુ ॥ ૬ ॥

ભાવાર્થ - બાદરએકેન્દ્રિય, અસંજ્ઞીપંચેન્દ્રિય, વિકલેન્દ્રિયઅપર્યાપ્તાને વિષે પહેલું અને બીજું બે ગુણસ્થાનક હોય છે. સંજ્ઞીઅપર્યાપ્તાને વિષે અવિરતિથી યુક્ત ત્રણ ગુણસ્થાનક હોય છે. સંજ્ઞીપર્યાપ્તાને સઘળા અને બાકીના શેષ જીવોને પહેલું મિથ્યાત્વ ગુણસ્થાનક હોય છે.

અપજત્તછક્કિ કમ્મુરલ, - મીસ જોગા અપજ્જ - સન્નિસુ ।
તે સવિઉવ્વમીસએસુ, તણુપજ્જેસુ ઉરલ મન્ને ॥ ૭ ॥

ભાવાર્થ-પહેલા છ અપર્યાપ્તા જીવોને કાર્મણ અને ઔદારિકમિશ્રકાયયોગ હોય. સંજ્ઞીઅપર્યાપ્તાને વૈક્રિયમિશ્ર સાથે ત્રણ યોગ હોય. શરીર પર્યાપ્તિથી પર્યાપ્તા જીવોને વિષે કેટલાક આચાર્યોના મતે ઔદારિકકાયયોગ માને છે.

સવ્વે સન્નિપજત્તે, ઉરલં સુહુમે સભાસુ તં ચઉસુ ।
બાયરિ સવિઉવ્વિદુગં, પજ્જસન્નિસુ બાર ઉવઓગા ॥ ૮ ॥

ભાવાર્થ - સંજ્ઞીપર્યાપ્તાને બધાએ યોગ. સૂક્ષ્મપર્યાપ્તાને ઔદારિક યોગ, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરીન્દ્રિય, અસંજ્ઞીપંચેન્દ્રિયને ભાષા સહિત એટલે કે અસત્યામૃષાવચનયોગ સહિત બે યોગ. બાદરપર્યાપ્તાને વૈક્રિય દ્વિક સહિત ત્રણ યોગ પર્યાપ્તા સંજ્ઞીને બાર ઉપયોગ હોય છે.

પજ્જચઉરિંદિ - અસન્નિસુ, દુદંસ દુ અનાણ દસસુ ચકખુવિણા ।
સન્નિ અપજ્જે મણનાણ, - ચકખુકેવલદુગ વિહૂણા ॥ ૯ ॥

ભાવાર્થ - ચઉરીન્દ્રિય, અસંજ્ઞીપંચેન્દ્રિય પર્યાપ્તા જીવોને વિષે બે અજ્ઞાન, બે દર્શન. દસ જીવભેદને વિષે ચક્ષુદર્શન વિના ત્રણ ઉપયોગ, સંજ્ઞીઅપર્યાપ્તાને વિષે મનઃપર્યવજ્ઞાન, ચક્ષુદર્શન, કેવલદ્વિક વિના આઠ ઉપયોગ હોય છે.

સન્નિદુગિ છલેસ, અપજ્જ બાયરે પઢમચઉતિ સેસેસુ ।
સત્તટ્ઠ બંધુદીરણ, સંતુદયા અટ્ઠ તેરસસુ ॥ ૧૦ ॥

ભાવાર્થ - સંજ્ઞીદ્વિક જીવોને વિષે છ લેશ્યા. અપર્યાપ્તાબાદર એકેન્દ્રિયને વિષે ચારલેશ્યા. બાકીના અગ્યાર જીવભેદને વિષે ત્રણલેશ્યા હોય છે. એક થી તેર જીવભેદને વિષે સાત અને આઠ બે બંધસ્થાન. આઠનો ઉદય અને સત્તા અને સાત અને આઠ કર્મની ઉદ્દીરણા હોય છે.

સત્તટ્ઠ છેગ બંધા, સંતુદયા સત્ત અટ્ઠ ચત્તારિ ।
સત્તટ્ઠ છ પંચ દુગં, ઉદીરણા સન્નિપજ્જત્તે ॥ ૧૧ ॥

ભાવાર્થ - સંજ્ઞી પર્યાપ્તા જીવને વિષે આઠ, સાત, છ અને એક બંધસ્થાન હોય. આઠ, સાત, ચાર ઉદયસ્થાન અને સત્તાસ્થાન તથા આઠ, સાત, છ, પાંચ એ બે ઉદ્દીરણાસ્થાનો હોય છે.

ગઈ - ઈંદિએ ય કાએ, જોએ વેએ કસાય - નાણેસુ ।
સંજમ દંસણ લેસા, ભવ સમ્મે સન્નિ આહારે ॥ ૧૨ ॥

ભાવાર્થ - ગતિચાર, જાતિપાંચ, કાયછ, યોગત્રણ વેદત્રણ, કષાયચાર, જ્ઞાનઆઠ, સંયમસાત, દર્શનચાર, લેશ્યા છ, ભવ્ય, અભવ્ય, સમકિત છ, સંજ્ઞી, અસંજ્ઞી, આહારી અને અણાહારી. ચૌદ મૂળ માર્ગણા અને તેના ઉત્તરભેદ બાસઠ થાય છે.

સુરનરતિરિનિરયગઈ, ઈગબિઅતિઅ - ચઇપણિદિ છક્કાયા ।
ભૂજલજલણઆનિલવણ, તસાય મણ - વયણ - તણુ જોગા ॥ ૧૩ ॥
વેઅ નરિત્થિ - નપુંસા, કસાય કોહ - મય - માય - લોભત્તિ ।
મઈ-સુઅવહિ-મણ-કેવલ, વિભંગ-મઈ સુઅનાણ સાગારા. ॥ ૧૪ ॥
સામાઈઅછેઅ પરિહાર, સુહુમ અહકખાય દેસ જયઅજયા ।
ચકખુઅચકખુ ઓહી, - કેવલ દસણ અણાગારા ॥ ૧૫ ॥

કિણ્હા નીલા કાઊ તેઊ પમ્હાય સુક્ક ભવ્વિઅરા ।

વેઅગ ખઈગુવસમ મિચ્છ, મીસ સાસણ અન્નિઅરે ॥ ૧૬ ॥

ભાવાર્થ - દેવ, મનુષ્ય, તિર્યંચ, નરકગતિ, એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરીન્દ્રિય, પંચેન્દ્રિયજાતિ, પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, ત્રસકાય, મનયોગ, વચનયોગ, કાયયોગ, પુરુષવેદ, સ્ત્રીવેદ, નપુંસકવેદ, ક્રોધકષાય, માનકષાય, માયાકષાય, લોભકષાય, મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવલજ્ઞાન, મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, વિભંગજ્ઞાન, આ સાકાર ઉપયોગ કહેવાય છે. સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય, યથાખ્યાત, દેશવિરતિ, અવિરતિ, ચક્ષુ, અચક્ષુ, અવધિ, કેવલદર્શન - આ નિરાકાર ઉપયોગ કહેવાય છે. કૃષ્ણ, નીલ, કાપોત, તેજો, પદ્મ, શુક્લ, ભવ્ય, અભવ્ય, ક્ષયોપશમ, ક્ષાયિક, ઉપશમ, મિથ્યાત્વ, મિશ્ર, સાસ્વાદન, સંજ્ઞી અને અસંજ્ઞી માર્ગણાઓ હોય છે. ॥ ૧૪ થી ૧૬ ॥

આહારેઅર ભેઆ, સુરનિરયવિભંગ - મઈસુઓહિદુગે ।

સમ્મત્તતિગે પમ્હા, સુક્કા સન્નીસુ સન્નિદુગં ॥ ૧૭ ॥

ભાવાર્થ - આહારી, અણાહારી, આ ચૌદમી માર્ગણા.

દેવગતિ, નરકગતિ, વિભંગજ્ઞાન, મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, અવધિદર્શન, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકસમકિત, પદ્મલેશ્યા, શુક્લલેશ્યા અને સંજ્ઞી આ તેર માર્ગણાને વિષે સંજ્ઞીપર્યાપ્ત અને અપર્યાપ્ત બે જીવભેદ હોય છે.

તમસન્નિ અપજ્જજુયં, નરે સબાયર અપજ્જ તેઊએ ।

થાવરઈગિંદિ પઢમા ચઉ, બાર સઅન્નિ દુ દુ વિગલે ॥ ૧૮ ॥

ભાવાર્થ - તેમાં અસંજ્ઞીઅપર્યાપ્ત સાથે મનુષ્યને વિષે ત્રણ. બાદર અપર્યાપ્ત સહિત તેજોલેશ્યામાં ત્રણ. પાંચસ્થાવર અને એકેન્દ્રિયને વિષે પહેલા ચાર અસંજ્ઞિમાર્ગણાને વિષે પહેલા બાર વિકન્દ્રિયને વિષે પોતપોતાના બબ્બે જીવભેદ હોય છે.

દસચરિમ તસે અજયા, હારગ તિરિતણુ, કસાય, દુઅનાણે ।

પઢમતિલેસા - ભવિઅર, અચકખુનપુ મિચ્છિ સવ્વેવિ. ॥ ૧૯ ॥

ભાવર્થ - ત્રસકાયને વિષે છેલ્લા દશ. અવિરતિ, આહારી, તિર્યંચગતિ, કાયયોગ, ૪ કષાય, બે અજ્ઞાન, પહેલી ત્રણલેશ્યા, ભવ્ય, અભવ્ય, અચક્ષુદર્શન, નપુંસકવેદ અને મિથ્યાત્વ આટલી માર્ગણામાં બધાએ જીવભેદ હોય છે.

પજસન્ની કેવલદુગે, સંજમ - મણનાણ - દેસ - મણ - મીસે ।
પણચરિમ પજજવયણે, તિય છ વ પજ્જિઅર ચકખુંમિ ॥ ૨૦ ॥

ભાવાર્થ - કેવલજ્ઞાન, કેવલદર્શન, પાંચસંયમ, મનઃપર્યવજ્ઞાન, દેશવિરતિ, મનયોગ, મિશ્રસમક્તિ. આ અગ્યાર માર્ગણામાં સંજ્ઞીપર્યાપ્તો એક જીવભેદ. વચનયોગમાં છેલ્લા પાંચ પર્યાપ્તા - ચક્ષુદર્શનમાં છેલ્લા ત્રણ અથવા છેલ્લા છ જીવભેદ હોય છે.

થીનરપણિંદિચરમા ચઉ, અણહારે દુસન્નિ છ અપજ્જા ।
તે સહુમઅપજ્જ વિણા, સાસણિ ઈત્તો ગુણે વુચ્છ ॥ ૨૧ ॥

ભાવાર્થ - સ્ત્રીવેદ, પુરુષવેદ અને પંચેન્દ્રિયજાતિને વિષે છેલ્લા ચાર અણાહારીને વિષે છ અપર્યાપ્તા અને છેલ્લા બે એમ આઠ સાસ્વાદનને વિષે આઠમાંથી સૂક્ષ્મ અપર્યાપ્તા વિના સાત જીવ ભેદ હોય છે. માર્ગણાને વિષે ગુણસ્થાનક હવે કહીશું.

પણ તિરિ ચઉ સુરનિરએ, નરસન્નિપણિંદિ ભવ્વતસિસવ્વે ।
ઈગવિગલ - ભૂદગવણે, દુ દુ એગં ગઈતસ - અભવ્વે ॥ ૨૨ ॥
વેઅતિકસાય નવ દસ, લોભે ચઉ અજઈ દુતિ અનાણતિગે ।
બારસ અચકખુ ચકખુસુ, પઢમા અહખાઈ ચરિમચઉ. ॥ ૨૩ ॥
મણનાણિ સગ જયાઈ, સમઈઅ છેઅ ચઉ દુન્નિ પરિહારે ।
કેવલ દુગિ દો ચરિમા, - જયાઈ નવ મઈસુઓહિ દુગે ॥ ૨૪ ॥
અડઉવસમિ ચઉવેઅગિ, ખઈએ ઈક્કાર મિચ્છતિગિ દેસે ।
સુહુમે અ સઠાણં તેર, જોગ - આહાર - સુક્કાએ ॥ ૨૫ ॥
અસન્નિસુ પઢમદુગં, પઢમતિલેસાસુ છચ્ચ દુસુ સત્ત ।
પઢમંતિમદુગ અજયા, અણહારે મગ્ગણાસુ ગુણા ॥ ૨૬ ॥

ભાવાર્થ - તિર્યંચને વિષે પાંચ, દેવ અને નરકને વિષે ચાર, મનુષ્ય, સંજ્ઞી, પંચેન્દ્રિય, ભવ્ય, ત્રસ ને વિષે બધા, એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, પૃથ્વી, પાણી, વનસ્પતિને વિષે બે, તેઉકાય, વાઉકાય, અભવ્યને વિષે એક, ત્રણ વેદ, ત્રણ કષાયને વિષે નવ, લોભને વિષે દશ, અવિરતિને વિષે ચાર, અજ્ઞાનત્રિકમાં બે અથવા ત્રણ, ચક્ષુ, અચક્ષુદર્શનમાં બાર, યથાખ્યાતમાં છેલ્લા ચાર, મનઃપર્યવજ્ઞાનને વિષે છ થી બાર સામાયિક અને છેદોપસ્થાપનીયને વિષે છ થી નવ, પરિહારવિશુદ્ધિને વિષે છ અને સાત, કેવલદ્વિકને વિષે છેલ્લા બે, મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિદ્વિકને વિષે ચારથી બાર, ઉપશમને વિષે ચારથી અગ્યાર, ક્ષયોપશમને વિષે ચારથી સાત, મિથ્યાત્વ, સાસ્વાદન, મિશ્ર, દેશવિરતિ અને સૂક્ષ્મસંપરાય પોતપોતાનું, આહારી, શુક્લલેશ્યા અને ત્રણ યોગને વિષે એકથી તેર, અસંજ્ઞીને વિષે પહેલું, બીજું, પહેલી ત્રણ લેશ્યાને વિષે એક થી છ, તેજો, પદ્મને વિષે ૧ થી ૭, અણાહારીને વિષે પહેલું, બીજું, ચોથું, તેરમું, અને ચૌદમું ગુણસ્થાનક હોય છે. ॥ ૨૨ થી ૨૬ ॥

સચ્ચેરઅર મીસ અસચ્ચ, મોસ મણ વય વિઉવ્વિઆહારા ।
ઉરલં મીસા કમ્મણ, ઈઅ જોગા કમ્મ અણહારે. ॥ ૨૭ ॥

ભાવાર્થ - સત્ય, અસત્ય, સત્યાસત્ય, અસત્યામૃષા, ચારમનના, ચાર વચનના, વૈક્રિય, આહારક, ઔદારિક તથા તે ત્રણના મિશ્ર અને કાર્મણકાયયોગ એમ પંદર યોગ હોય છે. અણાહારીને વિષે કાર્મણકાયયોગ હોય છે.

નરગઈ પણિંદિતસ તણુ, અચકખું નર નપુ કસાય સમ્મદુગે ।
સન્નિ છલેસા - હારગ, ભવ મઈ સુઅ ઓહિ દુગિ સવ્વે. ॥ ૨૮ ॥

ભાવાર્થ - મનુષ્યગતિ, પંચેદન્દ્રિયજાતિ, ત્રસકાય, કાયયોગ, પુરુષવેદ, નપુંસકવેદ, ક્રોધ - માન - માયા - લોભ - ક્ષાયિક - ક્ષયોપશમ સમકિત સંજ્ઞી, ૬ લેશ્યા, આહારી, ભવ્ય, મતિ - શ્રુત - અવધિજ્ઞાન - અવધિદર્શન - અચક્ષુદર્શન આ ૨૬ માર્ગણાને વિષે પંદર યોગ હોય.

તિરિ ઈત્થિ અજય સાસણ અનાણ ઉવશમ અભવ્વ મિચ્છેસુ ।

તેરાહાર દૂગુણા તે ઉરલદુગુણ સુર નિરએ ॥ ૨૯ ॥

ભાવાર્થ : તિર્યંચગતિ, સ્ત્રીવેદ, અવિરતિ, સાસ્વાદન, ત્રણઅજ્ઞાન ઉપશમસમકિત, અભવ્ય અને મિથ્યાત્વ આ દશ માર્ગણાઓમાં આહારકદ્વિક વિના તેર યોગ હોય છે. ॥ ૨૯ ॥

કમ્મુરલ દુગં થાવરિ તે સવિઉવ્વિ દુગ પંચ ઈગિપવણે ।
છ અસન્નિ ચરિમ વઈ જુય તે વિઉવદુગૂણ ચઉ વિગલે ॥ ૩૦ ॥

ભાવાર્થ : કાર્મણ અને ઔદારિકધ્વિક એ ત્રણ યોગ પૃથ્વી - અપ્ - તેઉ વનસ્પતિકાયમાં હોય તથા વૈક્રિયધ્વિક સહિત કરતાં એ પાંચ યોગ એકેન્દ્રિય અને વાયુકાયમાં હોય અસંજ્ઞી જીવોને છેલ્લો વચનયોગ યુક્ત કરતાં છ યોગ હોય તથા તેમાંથી વૈક્રિય ધ્વિક યોગને બાદ કરવાથી બાકીના ચાર યોગો વિકલેન્દ્રિયને હોય છે. ॥ ૩૦ ॥

કમ્મુરલમીસ વિણુ મણ વઇ સમઈસ છેઅ ચકખુ મણ નાણે ।
ઉરલ દુગ કમ્મ પઢમં તિણ મણ વઇ કેવલ દુગંમિ ॥ ૩૧ ॥

ભાવાર્થ : કાર્મણ અને ઔદારિકમિશ્ર યોગ વિના તેર યોગ - મન - વચન. સામાયિક, છેદોપસ્થાપનીય, ચક્ષુદર્શન અને મનઃપર્યવજ્ઞાન માર્ગણામાં હોય. ઔદારિકધ્વિક - કાર્મણ, પહેલો - છેલ્લો મનયોગ તથા વચનયોગ, કેવલજ્ઞાન - કેવલદર્શન માર્ગણામાં હોય છે. ॥ ૩૧ ॥

મણવઈ ઉરલા પરિહારિ સુહુમિ નવ તેઉ મીસિ સવિઉવ્વા ।
દેસે સવિઉવ્વિદુગા સકમ્મુરલ મીસ અહકખાએ ॥ ૩૨ ॥

ભાવાર્થ : ચાર મનના, ચાર વચનના અને ઔદારિકકાયયોગ એ નવ યોગો પરિહારવિશુધ્ધિ તથા સૂક્ષ્મસંપરાય ચારિત્રને વિષે હોય. તે નવમાં વૈક્રિયકાયયોગ સહિત કરતાં મિશ્રસમકિત માર્ગણામાં હોય અને તે નવમાં વૈક્રિયધ્વિક સહિત કરતાં દેશવિરતિ માર્ગણામાં હોય તથા કાર્મણ ઔદારિકમિશ્ર સહિત કરતાં અગ્યાર યોગ યથાખ્યાતચારિત્રમાં હોય છે. ॥ ૩૨ ॥

તિઅનાણનાણ પણ ચઉ દંસણ બાર જિઅ લકખણુવઓગા ।
વિણુ મણનાણ દુકેવલ નવ સુરતિરિ નિરય અજએસુ ॥ ૩૩ ॥

ભાવાર્થ - ત્રણઅજ્ઞાન, પાંચજ્ઞાન, ચારદર્શન એ બાર જીવના લક્ષણ રૂપ ઉપયોગ કહેવાય છે. મનઃપર્યવજ્ઞાન, કેવલજ્ઞાન, કેવલદર્શન સિવાયનાં નવ ઉપયોગ દેવતા, નારકી, તિર્યંચ તથા અવિરતિમાં હોય છે. ॥ ૩૩ ॥

તસ જોઅ વેઅ સુક્કાહાર નર પણિંદિ સન્નિભાવિ સવ્વે ।
નયણે અર પણ લેસા કસાય દશ કેવલ દુગૂણા ॥ ૩૪ ॥

ભાવાર્થ : ત્રસકાય, ૩ યોગ, ૩ વેદ, શુક્લલેશ્યા, આહારી, મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, સંજ્ઞી તથા ભવ્ય આ તેર માર્ગણામાં બાર ઉપયોગ હોય. ચક્ષુદર્શન, અચક્ષુદર્શન પાંચ લેશ્યા ચારકષાય આ અગ્યાર માર્ગણામાં કેવલજ્ઞાન, કેવલદર્શન વિના દશ ઉપયોગ હોય છે. ॥ ૩૪ ॥

ચઉરીંદિ અસન્નિ દુ અન્નાણ દુદંસ ઈગબિતિ થાવરિ અચકખુ ।
તિ અનાણ દંસણ દુગં અનાણ તિગિ અભવિ મિચ્છ દુગે ॥ ૩૫ ॥

ભાવાર્થ : ચઉરીન્દ્રિય અને અસંજ્ઞી માર્ગણામાં બે અજ્ઞાન - બે દર્શન હોય. એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય પાંચ સ્થાવરમાં ત્રણ ઉપયોગ તથા ત્રણ અજ્ઞાન, અભવ્ય, મિથ્યાત્વ, સાસ્વાદન આ છ માર્ગણામાં ત્રણ અજ્ઞાન અને બે દર્શન ઉપયોગ હોય છે. ॥ ૩૫ ॥

કેવલ દુગે નિય દુગં નવ તિઅનાણ વિણુ ખઈય અહકખાએ ।
દંસણ નાણ તિગં દેસિ મીસિ અન્નાણ મીસંતં ॥ ૩૬ ॥

ભાવાર્થ : કેવલજ્ઞાન, કેવલદર્શન માર્ગણામાં બે ઉપયોગ ક્ષાયિક. યથાખ્યાતમાં ત્રણ અજ્ઞાન વિના નવ. ત્રણ જ્ઞાન - ત્રણ દર્શન-દેશ વિરતિમાં અને ત્રણ અજ્ઞાન સહિત મિશ્રસમકિત માર્ગણામાં હોય. ॥ ૩૬ ॥

મણ નાણ ચકખુ વજ્જા અણહારે તિન્નિ દંસ ચઉનાણા ।
ચઉનાણ સંજમોવસમ વેઅગે ઓહિ દંસે અ ॥ ૩૭ ॥

ભાવાર્થ : મનઃ પર્યવજ્ઞાન અને ચક્ષુદર્શન વર્જીને અણાહારીમાં ઉપયોગ હોય. ત્રણદર્શન, ચારજ્ઞાન એ સાત. ચારજ્ઞાન-ચાર સંયમ તથા ઉપશમસમકિતમાં હોય અને ક્ષયોપશમ-અવધિદર્શનમાં પણ હોય છે. ॥ ૩૭ ॥

દો તેર તેર બારસ મણે કમા અઠ દુ ચઉ ચઉ વયણે ।
ચઉ દુ પણ તિન્નિ કાએ જિઅ ગુણ જોગો વઓ ગન્ને ॥ ૩૮ ॥

ભાવાર્થ - એકલા મનયોગને વિષે બે જીવભેદ, તેર ગુણસ્થાનક, તેરયોગ અને બારઉપયોગ હોય. વચનયોગને વિષે આઠ જીવભેદ, બે ગુણસ્થાનક ચારયોગ અને ચારઉપયોગ હોય. કાયયોગને વિષે ચાર જીવભેદ બે ગુણસ્થાનક પાંચ યોગ અને ત્રણ ઉપયોગ હોય એમ અન્ય આચાર્યોના મતે કહેલ છે. ॥ ૩૮ ॥

છસુ લેસાસુ સઠાણં એગિંદિ અસન્નિ ભૂદગ વણેસુ ।
પઢમા ચઉરો તિન્નિઉ નારય વિગલગ્ગિ પવણેસુ ॥ ૩૯ ॥

ભાવાર્થ - છએ લેશ્યાઓને વિષે પોત પોતાની લેશ્યા હોય. એકેન્દ્રિય અસંજ્ઞી પૃથ્વી - અપ્ - વનસ્પતિકાયને વિષે પહેલી ચાર લેશ્યા, હોય ॥ ૩૯ ॥

અહકખાય સુહુમ કેવલ દુગિ સુક્કા છાવિ સેસ ઠાણેસુ ।
નર નિરય દેવ તિરિઆ થોવા દુ અસંખ - ણંત ગુણા ॥ ૪૦ ॥

ભાવાર્થ - યથાખ્યાત, સૂક્ષ્મસંપરાય, કેવલજ્ઞાન, કેવલદર્શન આ ચારને વિષે એક શુક્લલેશ્યા બાકીની એકતાલીશ માર્ગણાને વિષે છ લેશ્યા હોય. ચારગતિની અપેક્ષાએ મનુષ્ય થોડા તેનાથી નરક ગતિવાળા અસંખ્યગુણા તેનાથી દેવગતિવાળા અસંખ્યગુણા તેનાથી તિર્યંચગતિવાળા અનંતગુણા જીવો હોય છે. ॥ ૪૦ ॥

પણ ચઉ તિ દુ એગિંદી થોવા તિન્નિ અહિયા અણંત ગુણા ।
તસ થોવ અસંખગ્ગી ભૂજલનિલ અહિય વણણંતા ॥ ૪૧ ॥

ભાવાર્થ : પંચેન્દ્રિય જીવો થોડા, તેનાથી ચઉરીન્દ્રિય, તેઈન્દ્રિય, બેઈન્દ્રિય અનુક્રમે વિશેષાધિક તેનાથી એકેન્દ્રિય જીવો અનંતા હોય. ત્રસકાય થોડા તેનાથી અગ્નિકાય અસંખ્યાતગુણા, તેનાથી પૃથ્વીકાય-અપ્કાય-વાયુકાય અનુક્રમે વિશેષાધિક અને તેનાથી વનસ્પતિકાય જીવો અનંતગુણા હોય છે. ॥ ૪૧ ॥

મણ વયણ કાય જોગી થોવા અસંખ ગુણ અનંતગુણા ।
પુરિસા થોવા ઈત્થી સંખ ગુણાણંત ગુણ કીવા ॥ ૪૨ ॥

ભાવાર્થ : મનયોગવાળા થોડા, તેનાથી વચન યોગવાળા અસંખ્યગુણા

તેનાથી કાયયોગવાળા અનંતગુણા હોય. પુરુષવેદી થોડા તેનાથી સ્ત્રીવેદી સંખ્યાતગુણા તેનાથી નપુંસકવેદી અનંતગુણા હોય ॥ ૪૨ ॥

માણી કોહી માઈ લોભી અહિય મણ નાણિણો થોવા ।
ઓહી અસંખા મઈસુય અહિય સમ અસંખ વિબ્ભંગા ॥ ૪૩ ॥

ભાવર્થ : માની થોડા, તેનાથી ક્રોધી વિશેષાધિક તેનાથી માયાવી વિશેષાધિક, તેનાથી લોભી વિશેષાધિક હોય, મનઃપર્યવજ્ઞાની થોડા, તેનાથી અવધિજ્ઞાની અસંખ્યાતગુણા, તેનાથી મતિ - શ્રુત જ્ઞાની સરખા પણ વિશેષાધિક, તેનાથી વિભંગ જ્ઞાની અસંખ્યાતગુણા હોય છે. ॥ ૪૩ ॥

કેવલિણો ણંત ગુણા મઈસુહ અન્નાણિ ણંતગુણ તુલ્લા ।
સુહુમા થોવા પરિહાર સંખ અહકખાય સંખગુણા ॥ ૪૪ ॥

ભાવાર્થ - તેનાથી કેવલજ્ઞાની અનંતગુણા તેનાથી મતિ - શ્રુતઅજ્ઞાની સરખા પણ અનંતગુણા હોય. સૂક્ષ્મસંપરાયવાળા થોડા, તેનાથી પરિહારવિશુદ્ધિવાળા સંખ્યાતગુણા. તેનાથી યથાખ્યાતચારિત્રી સંખ્યાતગુંણા જાણવા ॥ ૪૪ ॥

છેય સમઈય સંખા દેસ અસંખ્યગુણણંત ગુણ અજયા ।
થોવ અસંખ દુણંતા ઓહિ નયણ કેવલ અચકખુ ॥ ૪૫ ॥

ભાવાર્થ : છેદોપસ્થાપનીય, સામાયિક ચારિત્રવાળા બંને ક્રમસર સંખ્યાતગુણા તેનાથી દેશવિરતિ અસંખ્યાતગુણા તેનાથી અવિરતિ અનંતગુણા જાણવા ॥ ૪૫ ॥

પચ્છાણુ પુવ્વિ લેસા થોવા દો સંખણંત દો અહિયા ।
અભવિયર થોવણંતા સાસણ થોવોવસમ સંખા ॥ ૪૬ ॥

ભાવાર્થ - શુક્લલેશ્યાવાળા થોડા તેનાથી પદ્મ લેશ્યાવાળા સંખ્યાતગુણા, તેનાથી તેજોલેશ્યાવાળા સંખ્યાતગુણા, તેનાથી કાપોતલેશ્યાવાળા અનંતગુણા, તેનાથી નીલ લેશ્યાવાળા વિશેષાધિક, તેનાથી કૃષ્ણલેશ્યાવાળા વિશેષાધિક હોય. અભવ્ય જીવો થોડા, તેનાથી ભવ્ય અનંતગુણા જાણવા. સાસ્વાદની થોડા તેનાતી ઉપશમસમકિતી જીવો સંખ્યાતગુણા જાણવા. ॥ ૪૬ ॥

મીસા સંખા વેઅગ અસંખગુણ ખઈઅ મિચ્છ દુ અણંતા ।
સન્નિઅર થોવણંતા - ણહાર થોવેઅર અસંખા ॥ ૪૭ ॥

ભાવાર્થ : તેનાથી મિશ્ર સમકિતિ સંખ્યાતગુણા, તેનાતી ક્ષયોપશમ સમકિતિ અસંખ્યાતગુણા, તેનાથી ક્ષાયિકસમકિતિ અનંતગુણા, તેનાથી મિથ્યાત્વી અનંતગુણા જાણવા. સંજ્ઞી જીવો થોડા, તેનાથી અસંજ્ઞી જીવો અનંતગુણા હોય. અણાહારી જીવો થોડા તેનાથી આહારી અસંખ્યાતગુણાઅધિક હોય છે. ॥ ૪૭ ॥

સવ્વ જીઅઠાણ મિચ્છે સગ સાસણિપણ અપજ્જ સન્નિદુગં ।
સમ્મે સન્નિ દુવિહો સેસેસું સન્નિ પજ્જત્તો ॥ ૪૮ ॥

ભાવાર્થ : મિથ્યાત્વે બધાય જીવભેદ, સાસ્વાદને પાંચ અપર્યાપ્તા અને સંજ્ઞીધ્વિક સાથે સાત, સમ્યક્ત્વે સંજ્ઞીધ્વિક બાકીના ગુણઠાવે એક સંજ્ઞી પર્યાપ્તા જીવભેદ હોય છે. ॥ ૪૮ ॥

મિચ્છ દુગિ અજઈ જોગા-હાર દુ ગૂણા અપુવ્વપણગેઉ ।
મણવઈ ઉરલં સવિઉવ્વિ મીસિ સવિઉવ્વિ દુગ દેસે ॥ ૪૯ ॥

ભાવાર્થ : મિથ્યાત્વ, સાસ્વાદન, અવિરતિ આ ત્રણે આહારકધ્વિક વિના તેર યોગ, અપૂર્વકરણ આદિ પાંચમાં ૪ મનનાં, ૪ વચનનાં, ઔદારિકકાયયોગ હોય. મિશ્રે વૈક્રિય સહિત જાણવા. દેશ વિરતિએ વૈક્રિયધ્વિક સહિત અગ્યાર જાણવા. ॥ ૪૯ ॥

સાહાર દુગ પમત્તે તે વિઉવાહાર મીસ વિણુ ઈયરે ।
કમ્મુરલ દુગંતા ઈમ મણ વયણ સજોગિ ન અજોગિ ॥ ૫૦ ॥

ભાવાર્થ : પ્રમત્ત ગુણસ્થાનકે આહારકધ્વિક સહિત તેર યોગ, વૈક્રિય, આહારકમિશ્ર વિના અપ્રમતે અગ્યાર યોગ, કાર્મણ, ઔદારિકમિશ્ર, પહેલા છેલ્લા મન, વચનયોગો સયોગિકેવલીએ, અયોગિકેવલીએ ન હોય. ॥ ૫૦ ॥

તિ અનાણ દુ દંસાઈમ દુગે અજઈ દેસિ નાણ દંસતિગં ।
તેમીસિ મીસા સમણા જયાઈ કેવલ દુ અંત દુગે ॥ ૫૧ ॥

ભાવાર્થ : પહેલા બે ગુણઠાણે ત્રણ અજ્ઞાન - બે દર્શન, અવિરતિ - દેશવિરતિએ ત્રણ જ્ઞાન-ત્રણ દર્શન, મિશ્રે ત્રણજ્ઞાન. ત્રણઅજ્ઞાન ત્રણ દર્શન

પ્રમત્તથી ક્ષીણમોહ સુધી મનઃપર્યવજ્ઞાન સહિત એટલે ચાર જ્ઞાન - ત્રણ દર્શન અને છેલ્લા બે ગુણસ્થાનકે કેવલજ્ઞાન, કેવલદર્શન એ બે ઉપયોગ હોય છે. ॥ ૫૧ ॥

સાસણભાવે નાણં વિઉવ્વાહારગે ઉરલ મિસ્સં ।
નેગિંદિસુ સાસાણો નેહાહિગયં સુયમયંપિ ॥ ૫૨ ॥

ભાવાર્થ : સાસ્વાદનમાં જ્ઞાન, વૈક્રિય - આહારકના પ્રારંભ કાલે ઔદારિકમિશ્ર યોગ, એકેન્દ્રિય જીવોને સાસ્વાદન ન હોય. આ ત્રણ બોલ સિદ્ધાંતમાં કહેલ છે. કાર્મગ્રંથિક મતે માન્યતા નથી. ॥ ૫૨ ॥

છસુ સવ્વા તેઉ તિગં ઈગિ છસુ સુક્કા અજોગિ અલ્લેસા ।
બંધરસ મિચ્છ અવિરઈ કસાય જોગત્તિ ચઉ હે ઉ ॥ ૫૩ ॥

ભાવાર્થ : એકથી છ ગુણઠાણે છ લેશ્યા, તેજો આદિ ત્રણ એક સાતમા ગુણઠાણે, આઠથી તેર ગુણઠાણે એક શુક્લલેશ્યા. અયોગિઅલેશી હોય છે. બંધના ચાર હેતુઓ હોય. મિથ્યાત્વ અવિરતિ કષાય અને યોગ. ॥ ૫૩ ॥

અભિગહિય - મણભિગહિયા - ભિનિવેસિઅ સંસઈય મણા ભોગં ।
પણ મિચ્છ બાર અવિરઈ મણ કરણા નિઅમુ છજિઅવહો ॥ ૫૪ ॥
નવ સોલ કસાયા પનર જોગ ઈઅ ઉત્તરાઉ સગવન્ના ।
ઈઅ ચઉ પણ તિ ગુણેસુ ચઉ તિ દુ ઈગ પચ્ચઓ બંધો ॥ ૫૫ ॥

ભાવાર્થ : અભિગ્રહિક, અનભિગ્રહિક, આભિનિવેશિક, સાંશયિક, અને અનાભોગિક આ પાંચ પ્રકારના મિથ્યાત્વ હોય, પાંચ ઈન્દ્રિય અને મન એ છનું અનિયમન અને છ કાયનો વધ એ બાર અવિરતિ કહેલી છે. નવ નો કષાય, સોળ કષાય આ પચ્ચીશ કષાયો તથા પંદર પ્રકારના યોગ હોય એમ સત્તાવન બંધ હેતૂઓ હોય છે. ॥ ૫૪ ॥ ૫૫ ॥

ચઉ મિચ્છ મિચ્છ અવિરઈ પચ્ચઈઆ સાય સોલ પણતીસા ।
જોગ વિણુ તિપ્પચ્ચઈઆ હારગ જિણ વજ્જ સેસાઓ ॥ ૫૬ ॥

ભાવાર્થ : ચાર બંધ હેતુવાળી એક શાતાવેદનીય, મિથ્યાત્વ હેતુવાળી સોળ, મિથ્યાત્વ - અવિરતિવાળી પાંત્રીશ, યોગવિના ત્રણ હેતુવાળી પાંસઠ, આહારકધ્વિક જિનનામ વર્જીને જાણવી. ॥ ૫૬ ॥

પણ પન્ના પન્ના તિય છહિય ચત્ત ગુણચત્ત છ ચઉ દુગ વીસા ।
સોલસ દસ નવ નવ સત્ત હેઉણો ન ઉ અ જોગિમ્મિ ॥ ૫૭ ॥

ભાવાર્થ : અનુક્રમે મિથ્યાતાદિ ગુણસ્થાનકે ૫૫ - ૫૦ - ૪૩ - ૪૬ - ૩૯ - ૨૬ - ૨૪ - ૨૨ - ૧૬ - ૧૦ - ૯ - ૯ તથા ૭ અને ૦ બંધહેતુઓ જાણવા યોગ્ય છે. ॥ ૫૭ ॥

પણ પન્ન મિચ્છિ હારગ દુગૂણ સાસણિ પન્ન મિચ્છ વિણા ।
મિસ દુગ કમ્મઅણ વિણુ તિચત્ત મીસે અહ છ ચત્તા ॥ ૫૮ ॥
સદુમીસ કમ્મ અજએ અવિરઈ કમ્મુરલ મીસ બી કસાએ ।
મુત્તુ ગુણચત્ત દેસે છ વીસ સાહાર દુ પમત્તે ॥ ૩૯ ॥
અવિરઈ ઈગાર તિ કસાય વજ્જ અપમત્તિ મીસ દુગ રહિયા ।
ચઉવીસ અપુવ્વે પુણ દુવીસ અવિઉવ્વિયાહારે ॥ ૬૦ ॥
અછ હાસ સોલ બાયરિ સુહુમે દસ વેય સંજલણ તિ વિણા ।
ખીણુ વસંતિ અ લોભા સજોગિ પુવ્વુત્ત સગ જોગા ॥ ૬૧ ॥

ભાવાર્થ : મિથ્યાત્વે આહારકધ્વિક વિના - પંચાવન, પાંચ મિથ્યાત્વ વિના સાસ્વાદને પચાસ, ઔદરિક-વૈક્રિયમિશ્ર-કાર્મણ-અનંતાનુબંધી વિના મિશ્રે તેંતાલીશ, ત્રણ યોગ સહિત અવિરતિએ છેંતાલીશ, એક છેલ્લી અવિરતિ-કાર્મણ-ઔદારિકમિશ્ર-અપ્રત્યાખ્યાનીયચારકષાય એમ સાત વિના દેશ વિરતિએ ઓગણચાલીશ, અગ્યાર અવિરતિ, પ્રત્યાખ્યાનીય ચાર પંદરવર્જી અને આહારકધ્વિક સહિત પ્રમત્તે છવ્વીશ, બે મિશ્રયોગ વિના અપ્રમતે ચોવીશ, વૈક્રિય-આહારક યોગ વિના અપૂર્વકરણે બાવીશ, હાસ્ય છ વિના અનિવૃત્તિએ સોળ, ત્રણવેદ-ત્રણકષાય વિના સૂક્ષ્મ સંપરાયે દશ, લોભ વિના ઉપશાંતમોહ-ક્ષીણ નવ, સયોગિ કેવલીએ સાત બંધહેતુઓ હોય છે. ॥ ૫૮ ॥ ૫૯ ॥ ૬૦ ॥ ૬૧ ॥

અપમતંતા સત્તટ્ઠ મીસ અપુવ્વ બાયરા સત્ત ।
બંધઈ છસ્સુહુમો એગમુવરિમા બંધગા જોગી ॥ ૬૨ ॥

ભાવાર્થ - અપ્રમત્ત ગુણઠાણા સુધી સાત અથવા આઠ કર્મનો બંધ મિશ્ર - અપૂર્વકરણ - અનિવૃત્તિકરણે. સાત કર્મનો બંધ, સૂક્ષ્મસંપરાયે છ

કર્મનોબંધ. અગ્યારથી તેર ગુણઠાણે એક કર્મનો બંધ અયોગિ ગુણઠાણે અબંધક હોય છે. ॥ ૬૨ ॥

આ સુહુમં સંતુદએ અટ્ઠવિ મોહવિણુ સત્ત ખીણમ્મિ ।
ચઉ ચરિમદુગે અટ્ઠઉ સંતે ઉવસંતિ સત્તુદએ ॥ ૬૩ ॥

ભાવાર્થ - એકથી દસ ગુણઠાણે આઠનો ઉદય. અગ્યાર બારમે સાતનો ઉદય, તેરમે ચૌદમે ચારનો ઉદય હોય. ૧ થી ૧૧ સુધી આઠની સત્તા. બારમે મોહનીય વિના સાતની સત્તા હોય ॥ ૬૪ ॥

ઉઇરંતિ પમતંતા સગટ્ઠ મીસટ્ઠ વેય આઉ વિણા ।
છગ અપમત્તાઈ તઓ છ પંચ સુહુમો પણુવસંતો ।
પણ દો ખીણદુ જોગી ણુદીરગુ અજોગી થોવ ઉવસંતા ।
સંખગુણ ખીણ સુહુમા નિયટ્ટિ અપુવ્વ સમ અહિયા ॥ ૬૫ ॥

ભાવાર્થ - છ ગુણઠાણા સુધી સાત-આઠ કર્મની ઉદીરણા, મિશ્રે આઠ કર્મની, વેદનીય - આયુ વિના અપ્રમત્તાદિમાં છ ની ઉદીરણા, સૂક્ષ્મ સંપરાયે છ અને પાંચની, ઉપશાંતે પાંચની, ક્ષીણમોહે પાંચ અને બેની, સયોગિએ બેની ઉદીરણા હોય ચૌદમે અણુદીરગ હોય ॥ ૬૪ ॥ ૬૫ ॥

જોગિ અપમત્ત ઇયરે સંખગુણા દેસ સાસણા મીસા ।
અવિરઇ અજોગિ મિચ્છા અસંખ ચઉરો દુવેણંતા ॥ ૬૬ ॥

ભાવાર્થ - ઉપશાંતમોહી થોડા, ક્ષીણમોહી સંખ્યાતગુણા, સૂક્ષ્મસંપરાય અનિવૃત્તિ-અપૂર્વકરણ વિશેષાધિક અને સરખા જાણાવા. તેના કરતા સયોગિ કેવલિ સંખ્યાતગુણા. તેનાથી અપ્રમત્ત સંયત સંખ્યાતગુણા તેનાથી દેશવિરતિ જીવો અસંખ્યાતગુણા તેનાથી સાસ્વાદની અસંખ્યાતગુણા. તેનાથી મિશ્ર જીવો અસંખ્યાતગુણા તેનાથી અવિરતિ સમ્યગ્દ્રષ્ટિ જીવો અસંખ્યાત ગુણા તેનાથી અયોગિકેવલી જીવો અનંતગુણા અને તેનાથી મિથ્યાદ્રષ્ટિ જીવો અનંત ગુણા જાણાવા. ॥ ૬૫ ॥ ૬૬ ॥

ઉવસય ખય મીસોદય પરિણામા દુનવ ટ્ઠાર ઈગ વીસા ।
તિય ભેય સન્નિ વાઈય સમ્મં ચરણં પઢમભાવે ॥ ૬૭ ॥

ભાવાર્થ - ઉપશમ - ક્ષાયિક - ક્ષયોપશમિક - ઔદયિક તથા

પારિણામિક એ પાંચ ભાવો છે તેના અનુક્રમે ૨-૯-૧૮-૨૧-૩ ભેદો છે તથા સાન્નિપાતિકભાવ છઠ્ઠો છે. પહેલાભાવના સમકિત અને ચારિત્ર એ બે ભેદો છે. ॥ ૬૭ ॥

બી કેવલ જુઅલં સમ્મં દાણાઇ લધ્ધિ પણ ચરણં ।
તઈએ સેસુવઓગા પણલધ્ધિ સમ્મવિરઈ દુગં ॥ ૬૮ ॥

ભાવાર્થ - બીજાભાવના કેવલધ્વિક - ક્ષાયિકસમકિત દાનાદિ પાંચ લબ્ધિ તથા ક્ષાયિક ચારિત્ર આ ભેદે હોય છે. ત્રીજા ભાવમાં બાકીના દશ ઉપયોગો પાંચ દાનાદિલબ્ધિઓ સમ્યક્ત્વ તથા બે વિરતિઓ સાથે અઢાર ભેદો થાય છે. ॥ ૬૮ ॥

અન્નાણમ સિધ્ધત્તા સંજમ લેસા કસાય ગઈ વેયા ।
મિચ્છં તુરિએ ભવ્વા ભવ્વત્ત જિયત પરિણામે ॥ ૬૯ ॥

ભાવાર્થ - અક્ષાન, અસિદ્ધપણું, અસંયમ, છલેશ્યા, ચારકષાય, ચાર ગતિ, ત્રણવેદ અને મિથ્યાતત્વ આ એકવીશ ચોથા ઔદયિકભાવના ભેદો છે. ભવ્યત્વ અભવ્યત્વ તથા જીવત્વ એ ત્રણ પારિણામિકભાવના ભેદો જાણવા. ॥ ૬૯ ॥

ચઉ ચઉ ગઈસુ મીસગ પરિણામુદએહિં ચઉ સખઈએ હિં ।
ઉવસમજુએહિં વા ચઉ, કેવલી પરિણામુદય ખઈએ ॥ ૭૦ ॥
ખય પરિણામિ સિદ્ધા નરાણપણ જોગુવસમ સેઢીએ ।
ઈય પનર સન્નિવાઈય ભેયા વીસં અસંભવિણો ॥ ૭૧ ॥

ભાવાર્થ - ચારે ચાર ગતિને વિષે ક્ષયોપશમ - પારિણામિક - ઔદયિક આ ત્રીક ભાંગો હોય. ક્ષાયિક સાથે ચતુઃસંયોગી અથવા ઉપશમ સહિત ચતુઃ સંયોગી ચાર ગતિને વિષે હોય. ક્ષાયિક - ઔદયિક - પારિણામિક કેવલીને વિષે હોય. ક્ષાયિક - પારિણામિક સિદ્ધ ભગવંતોને હોય. મનુષ્યોને ઉપશમ શ્રેણિમાં પાંચેભાવનો ભાંગો હોય. આ પંદર ભાંગા સાન્નિપાતિકભાવના હોય બાકીના વીશ બાંગા અસંભવિત હોય છે. ॥ ૭૦ ॥ ૭૧ ॥

મોહે વ સમો મીસો ચઉ ધાઈસુ અટ્ઠકમ્મસુ ય સેસા ।
ધમ્માઈ પારિણામિયભાવે ખંધા ઉદઈ એ વિ ॥ ૭૨ ॥

ભાવાર્થ - મોહનીય કર્મમાં ઉપશમભાવ હોય, ચારઘાતી કર્મને વિષે ક્ષયોપશમભાવ હોય, આઠ કર્મને વિષે બાકીનાભાવ હોય, ધર્માસ્તિકાયા દિને વિષે પારિણામિકભાવ હોય અને સ્કંધોને વિષે ઔદયિકભાવપણ હોય છે. ॥ ૭૨ ॥

સમ્માઈ ચઉસુ તિગ ચઉભાવા ચઉ પણુવ સામગુવ સંતે ।
ચઉખીણાપુવ્વે તિન્નિ સેસ ગુણઠાણગેગજિએ ॥ ૭૩ ॥

ભાવાર્થ - ચારથી સાત ગુણઠાણે ત્રણ અથવા ચારભાવો હોય. નવથી અગ્યાર ગુણઠાણે ચાર અથવા પાંચભાવો હોય આઠ અને બારમા ગુણ ઠાણે ચારભાવો, બાકીના પાંચ ગુણઠાણે ત્રણભાવો હોય છે. ॥ ૭૩ ॥

સંખિજ્જે ગમ સંખં પરિત જુત્ત નિયપય જુયં તિવિહં ।
એવમણંતં પિ તિહા જહન્ન મજ્ઝુક્કસા સવ્વે ॥ ૭૪ ॥

ભાવાર્થ - સંખ્યાતોકાળ એક જાણવો. અસંખ્યાતા અને અનંતાકાળાના ત્રણ ત્રણ ભેદ પરિત્ત યુક્ત તથા પોતાના પદ સાથેના જાણવા. એ બધાયનાં જઘન્ય મધ્યમ તથા ઉત્કૃષ્ટ એમ ત્રણ ત્રણ ભેદો જાણવા. ॥ ૭૪ ॥

લહુ સંખિજ્જં દુચ્ચિય અઓ પરં મજ્ઝિમં તુ જા ગુરૂયં ।
જંબૂદીવ પમાણય ચઉપલ્લ પરૂવણાઈ ઇમં ॥ ૭૫ ॥

ભાવાર્થ - જઘન્ય સંખ્યા બે ગણાય ઉત્કૃષ્ટ સંખ્યાથી પૂર્વ સુધીની સંખ્યા અને જઘન્યથી ઉપરની સંખ્યા તે મધ્યમ સંખ્યા ગણાય અને ઉત્કૃષ્ટ સંખ્યા જંબુધ્વીપ પ્રમાણ ચાર પ્યાલાની પ્રરૂપણા વડે જાણવી. ॥ ૭૫ ॥

પલ્લાણવટ્ઠિઅસલાગ પડિસલાગ મહાસલાગકખા ।
જોઅણ સહસો ગાઢા સવેઈ અંતા સસિહ ભરિઆ ॥ ૭૬ ॥

ભાવાર્થ - અનવિસ્થિત, શલાકા, પ્રતિશલાકા, મહાશલાકા એમ ચાર પ્યાલા જંબૂધ્વીપ જેવડા લાખ યોજનની લંબાઈ - પહોળાઈવાળા ગોળ આકારના એક હજાર યોજન ઉંડાઈવાળા આઠ યોજનની જગતિવાળા તથા બે ગાઉની વેદિકાવાળા કલ્પીને સરસવના દાણાથી ભરવાના હોય છે. ॥ ૭૬ ॥

તો દીવુ દહિસુ ઇકિકક્ક સરિસવં ખિવિય નિટ્ઠિએ પઢમે ।

પઢમં વ તદંતં ચિય પુણ ભરિ તમ્મિ તહ ખીણે ॥ ૭૭ ॥
ખિપ્પઈ સલાગ પલ્લેગુ સરિસવો ઈય સલાગ ખવણેણં ।
પુન્નો બીઓ ય તઓ પુવ્વંપિ વ તમ્મિ ઉદ્ધરિએ ॥ ૭૮ ॥
ખીણે સલાગ તઈએ એવં પઢમેહિં બીયયં ભરસુ ।
તેહિં તઈયં તેહિય તુરિયં જા કિર ફુડા ચઉરો ॥ ૭૯ ॥
પઢમતિ પલ્લુધરિયા દીવુદહી પલ્લચઉ સરિસવા ય ।
સવ્વોવિ એગરાસી રુવૂણો  પરમ સંખિજ્જં ॥ ૮૦ ॥

ભાવાર્થ - તે ભરેલા અવસ્થિત પ્યાલાને કોઈ દેવ ઉપાડીને પોતાના ડાબા હાથ ઉપર સ્થાપીને તેમાંથી એક સરસવ લઈ એક એક દ્વિપ અને સમુદ્રને વિશે મુક્તો જાય. જ્યારે પ્યાલો ખાલી થાય ત્યારે તે દ્વિપ અથવા સમુદ્ર જેટલો પ્યાલો બનાવી શિખા સહિત સરસવથી ભરે અને આગળ ખાલી કરે. જ્યારે અનવસ્થિત ખાલી થાય ત્યારે સાક્ષીરૂપે એક દાણો શલાકામાં નાંખવો. આ રીતે અનવસ્થિત ભરી ખાલી કરતા કરતા શલાકા ભરવો. શલાકાપૂર્ણ ભરાયા બાદ ખાલી કરવો તે ખાલી થયો તેની સાક્ષી રૂપે એક દાણો પ્રતિશલાકામાં નાંખવો. આમ અનવિસ્થિતથી શલાકા ભરવો અને અનવસ્થિત - શલાકા - પ્રતિશલાકા ભરતાં - ખાલી કરતાં મહાશલાકા ભરવો. આ રીતે ચારેય પ્યાલા ભરાઈ જાય પછી જે દ્વિપ - સમુદ્રમાં સરસવાના દાણા મૂકેલ છે તે બધા ભેગા કરવા એની જે સંખ્યા થાય તેમાંથી એક ન્યુન કરીએ ત્યારે ઉત્કૃષ્ટ સંખ્યાતુ થાય છે. ૭૭-૭૮-૭૯-૮૦ ॥

રુવજુઅં તુ પરિત્તા સંખં લહુ અસ્સરાસિ - અબ્ભાસે ।
જુત્તા સંખિજ્જં લહુ આવલિયા સમય પરિમાણં ॥ ૮૧ ॥
બિતિ ચઉપંચમ ગુણણે કમા સગા સંખ પઢમ ચઉસત્તા ।
ણંતા તે રુવજુઆ મજ્ઝારુવૂણ ગુરુ પચ્છા ॥ ૮૨ ॥

ભાવાર્થ - ઉત્કૃષ્ટ સંખ્યાતામાં એક ઉમેરીએ એટલે જઘન્ય પરિત્ત અસંખ્યાતુ થાય છે. તે સંખ્યાનો રાશિ અભ્યાસ કરીએ  એટલે જઘન્ય યુક્ત અસંખ્યાતુ આવે. એટલા એક આવલિકાના સમયો થાય છે. બીજીવાર ત્રીજીવાર, ચોથીવાર, પાંચમીવાર રાશિ અભ્યાસ કરવાથી ક્રમે કરીને સાતમું

અસંખ્યાતુ, પહેલુ અનંતુ, ચોથુ અનંતુ, અને સાતમું અનંતુ આવે છે. તેમાં એક ઉમેરવાથી મધ્યમ થાય છે. અને એક ઓછું કરતાં પાછલું ઉત્કૃષ્ટ થાય છે. ॥ ૮૧-૮૨ ॥

ઈય સુતુત્તં અન્ને વગ્ગિય મિક્કસિ ચઉત્થયમસંખં ।
હોઈ અસંખા સંખં લહુ રુવજુઅં તુ તં મજ્ઝં ॥ ૮૩ ॥
રુવૂણ માઈમં ગુરું તિવગ્ગિઉં તત્થિમે દસકખેવે ।
લોગાગાસ પએસા ધમ્માધમ્મેગ જિઅ દેસા ॥ ૮૪ ॥
ઠિઈ બંધજ્ઝવસાયા અણુભાગા જોગછેઅપલિભાગા ।
દુણ્હય સમાણ સમયા પત્તેય નિગોયએ ખિવસુ ॥ ૮૫ ॥
પુણ તંમિ તિ વગ્ગિયએ પરિત્તણંત લહુ તસ્સ રાસીણં ।
અબ્ભાસે લહુ જુત્તા ણં તં અભવ્વ જિય માણં ॥ ૮૬ ॥
તવ્વગ્ગે પુણ જાયઈ ણંતાણંત લહુ તં ચ તિકખુત્તો ।
વગ્ગસુ તહવિ ન તં હોઈ ણંત ખેવે ખિવસુ છ ઈમે ॥ ૮૭ ॥
સિધ્ધા નિગોઅજીવા વણસ્સઈ કાલ પુગ્ગલા ચેવ ।
સવ્વમલોગ નહં પુણ તિવગ્ગિઉં કેવલ દુગમ્મિ ॥ ૮૮ ॥
ખિત્તેણંતાણંત હવેઈ જિટ્ઠં તુ વવહરઈ મજ્ઝં ।
ઈય સુહુમત્થ વિયારો લિહિઓ દેવિંદસૂરીહી ॥ ૮૯ ॥

ભાવાર્થ - સૂત્રોમાં નવ અસંખ્યાતા અને નવ અનંતા એ રીતે કહ્યા છે. અન્ય આચાર્યોના મતે ચોથા જઘન્ય યુકત અસંખ્યાતાનો વર્ગ કરીએ ત્યારે જઘન્ય અસંખ્યાત અસંખ્યાતુ થાય તેમાં એક ઉમેરીએ એટલે મધ્યમ અસંખ્યાત અસંખ્યાતું થાય છે. ॥ ૮૩ ॥

એક ઉણુ કરીએ તો આદિનું ગુરૂ (ઉત્કૃષ્ટ) થાય. ત્રણ વાર વર્ગ કરી તેમાં દસ અસંખ્યાતી ચીજો ઉમેરવી. લોકાકાશના પ્રદેશો, ધર્માસ્તિકાયના પ્રદેશો, અધર્માસ્તિકાયના પ્રદેશો, એક જીવના પ્રદેશો, સ્થિતબંધના અધ્યવસાય સ્થાનો, રસંબધના અધ્યવસાય સ્થાનો, યોગના પલિચ્છેદો, ઉત્સરપિણી તથા અવસરપિણીના સમયો, પ્રત્યેક જીવના શરીરો તથા નિગોદના જીવના શરીરો આ દસ ઉમેરી ફરીથી ત્રણ વાર વર્ગ કરવો ત્યારે

પહેલું જઘન્ય પરિત્ત અનંતુ થાય. તે જઘન્ય પરિત્ત અનંતનો રાશિ અભ્યાસ કરી ત્યારે ચોથું જઘન્ય યુકત અનંતુ પ્રાપ્ત થાય છે આટલા અભવ્ય જીવો જગતમાં હોય છે. ॥ ૮૪ ॥ ૮૪ ॥ ૮૬ ॥

જઘન્ય યુકત અનંતને ત્રણવાર વર્ગ કરવો ત્યારે જઘન્ય અનંતાનંત સાતમું થાય છે. ત્યારબાદ ત્રણ વાર વર્ગ કરવો તો પણ ઉત્કૃષ્ટ અનંતાનંત થતું નથી. તેમાં આ છ અનંતી ચીજો ભેળવી સિદ્ધનાં જીવો, નિગોદના જીવો, વનસ્પતિકાયના જીવો, અતીત - અનાગત અને વર્તમાન કાળના સમયો સઘળાં ય પુદ્ગલો તથા સઘળાં લોક-અલોકના પ્રદેશો ભેળળીને તેનો ત્રણ વાર વર્ગ કરીને કેવલજ્ઞાન તથા કેવલદર્શનના પર્યાયો ભેળવવા એ ભેળવીએ ત્યારે ઉત્કૃષ્ટ અનંતાનંતુ થાય છે. પણ વ્યવહારમાં મધ્યમ અનંતુ હોય છે. આ સૂક્ષ્માર્થ વિચાર શ્રીમાન પૂજ્ય દેવેન્દ્રસૂરિ મહારાજએ લખ્યો છે. ॥ ૮૭ ॥ ૮૮ ॥ ૮૯ ॥

# પૂજ્ય આચાર્યશ્રીના પ્રકાશિત થયેલા પ્રકાશનો

| ક્રમ | પુસ્તક | | રૂા. પૈસા |
|---|---|---|---|
| ૧. | જીવવિચાર (બીજી આવૃત્તિ) | પ્રશ્નોત્તરી | ૨૦-૦૦ |
| ૨. | દંડક ★ | પ્રશ્નોત્તરી | ૪-૦૦ |
| ૩. | નવતત્વ (બીજી આવૃત્તિ) | પ્રશ્નોત્તરી | ૨૬-૦૦ |
| ૪. | કર્મગ્રંથ-૧ ★ | પ્રશ્નોત્તરી | ૬-૦૦ |
| ૫. | કર્મગ્રંથ-૨ ★ | પ્રશ્નોત્તરી | ૭-૦૦ |
| ૬. | કર્મગ્રંથ-૩ (બીજી આવૃત્તિ) | પ્રશ્નોત્તરી | ૨૩-૦૦ |
| ૭. | કર્મગ્રંથ સત્તાપ્રકરણ ★ | પ્રશ્નોત્તરી | ૧૦-૦૦ |
| ૮. | ઉદય સ્વામિત્વ ★ | પ્રશ્નોત્તરી | ૧૫-૦૦ |
| ૯. | કર્મગ્રંથ-૪ ભાગ-૧ ★ | પ્રશ્નોત્તરી | ૧૫-૦૦ |
| ૧૦. | કર્મગ્રંથ-૪ ભાગ-૨ | પ્રશ્નોત્તરી | ૧૫-૦૦ |
| ૧૧. | કર્મગ્રંથ-૫ ભાગ-૧ | પ્રશ્નોત્તરી | ૧૫-૦૦ |
| ૧૨. | કર્મગ્રંથ-૫ ભાગ-૨ | પ્રશ્નોત્તરી | ૧૫-૦૦ |
| ૧૩. | લઘુ સંગ્રહણી ★ | પ્રશ્નોત્તરી | ૬-૦૦ |
| ૧૪. | જીવવિચાર-દંડક-લઘુ સંગ્રહણી(બીજી આવૃત્તિ) | પ્રશ્નોત્તરી | ૪૦-૦૦ |
| ૧૫. | કર્મગ્રંથ-૫ ભાગ-૩ | પ્રશ્નોત્તરી | ૨૫-૦૦ |
| ૧૬. | કર્મગ્રંથ-૫ ભાગ-૪ | પ્રશ્નોત્તરી | ૧૮-૦૦ |
| ૧૭. | કર્મગ્રંથ-૧ તથા ૨ | પ્રશ્નોત્તરી | ૨૫-૦૦ |
| ૧૮. | કર્મગ્રંથ-૬ ભાગ-૧ | પ્રશ્નોત્તરી | ૨૧-૦૦ |
| ૧૯. | કર્મગ્રંથ-૬ ભાગ-૨ | પ્રશ્નોત્તરી | ૪૦-૦૦ |
| ૨૦. | કર્મગ્રંથ-૬ ભાગ-૩ | પ્રશ્નોત્તરી | ૩૧-૦૦ |
| ૨૧. | કર્મગ્રંથ-૬ ભાગ-૪ | પ્રશ્નોત્તરી | ૩૫-૦૦ |
| ૨૨. | કર્મગ્રંથ-૬ ભાગ-૫ | પ્રશ્નોત્તરી | ૩૮-૦૦ |
| ૨૩. | કર્મગ્રંથ-૬ - ભાગ-૬ | પ્રશ્નોત્તરી | ૩૫-૦૦ |
| ૨૪. | કર્મગ્રંથ-૬ ભાગ-૭+૮ | પ્રશ્નોત્તરી | ૨૪-૦૦ |
| ૧. | જીવવિચાર (બીજી આવૃત્તિ) | વિવેચન | ૧૬-૦૦ |
| ૨. | નવતત્વ (બીજી આવૃત્તિ) | વિવેચન | ૨૦-૦૦ |

| ક્રમ | પુસ્તક | | રૂા. પૈસા |
|---|---|---|---|
| ૩. | કર્મગ્રંથ-૧ | વિવેચન | ૧૫-૦૦ |
| ૪. | ચૌદ ગુણસ્થાનક | વિવેચન | ૧૬-૦૦ |
| ૫. | શ્રી જ્ઞાનાચાર | | ૧૬-૦૦ |
| ૬. | શ્રી જંબૂસ્વામી ચરિત્ર | | ૨૧-૦૦ |
| ૭. | દુર્ધ્યાન સ્વરૂપ દર્શન (બીજી આવૃત્તિ) | | ૨૬-૦૦ |
| ૮. | શ્રી જિનપૂજા | | ૪-૦૦ |
| ૯. | શ્રી શત્રુંજય માહાત્મ્ય-સર્ગ-૧ | | ૭-૦૦ |
| ૧૦. | આંતરશત્રુઓ | | ૧૪-૦૦ |
| ૧૧. | ધર્મને ભજો આશાતના તજો | | ૭-૦૦ |
| ૧૨. | અનુભવવાણી સૂરિરામની ભાગ-૧ | | ૩૮-૦૦ |
| ૧૩. | અનુભવવાણી સૂરિરામની ભાગ-૨ | | ૩૮-૦૦ |
| ૧૪. | કલિકાળના કોહિનૂર (જૈનેતરની દૃષ્ટિએ) | | ૧૪-૦૦ |
| ૧૫. | કર્મગ્રંથ-૬ : વિવેચન - ભાગ-૧ | | ૪૮-૦૦ |
| ૧૬. | બાસઠ માર્ગણાને વિષે નામકર્મ સંવેધ વર્ણન ભાગ-૧ | | ૫૦-૦૦ |
| ૧૭. | બાસઠ માર્ગણાને વિષે નામકર્મ સંવેધ વર્ણન ભાગ-૨ | | ૫૦-૦૦ |
| ૧૮. | શ્રી અરિહંત પરમાત્માનું સ્વરૂપ | | ૧૨-૦૦ |
| ૧૯. | કર્મગ્રંથ-૨ : વિવેચન | | ૨૦-૦૦ |
| ૨૦. | કર્મગ્રંથ-૩ : વિવેચન | | ૧૮-૦૦ |
| ૨૧. | કર્મગ્રંથ-૪ : વિવેચન | | ૩૨-૦૦ |

★ **આ નિશાનીવાળા પુસ્તકો અલભ્ય છે.**

પદાર્થ દર્શન ટ્રસ્ટ
આશ્રમ રોડ, અમદાવાદ